Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસાઈની વાતો

ચન્દ્ર

સાહિત્ય વર્ધક કાર્યાલય - અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ८०ग/९६

पञ्जिका संख्या २६०२२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

માણસાઈની વાતો

८० ग
96
२६० २३
१ - २ - ७

સંપાદક :

પીતાંબર પટેલ

CH... D 1973
Initial

ભિક્ષુ અખંડાનંદ ની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે. અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ ૨

★

બે રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંવત ૨૦૦૮ :: આવૃત્તિ ૧લી :: પ્રત ૩૫૦૦

[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક. ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ :: અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

સ્વ૦ ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીની યાદગીરીમાં તેમના મિત્રો તરફથી અમુક નાણું ભેગાં થયેલાં તે શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા દ્વારા આ સંસ્થાને આપવામાં આવ્યાં છે.

ડૉ. મેઘાણીનો, મનુષ્યના ઊંચા ભાવો બહાર નીકળે તેવી વાર્તાઓનો સંગ્રહ 'આળાં હૈયાં' એ નામે બહાર પડ્યો હતો. એમણે મરણ સુધી ફરજ બજાવી છે અને ફરજ બજાવતાં બજાવતાં એમનો દેહ પડ્યો.

સ્વ. ડૉ. મેઘાણીના જીવનનું ધ્યેય અને લેખક તરીકેનું ધ્યેય જળવાય એ રીતે ગુજરાતના જાણીતા લેખકોની જૂની વાર્તાઓમાંથી સંગ્રહ તૈયાર કરવામાં અને બને તો નવી લખાવવામાં એ નાણુંનો ઉપયોગ કરવાનો બોજો આ સંસ્થા ઉપર નાખવામાં આવ્યો છે. એ હેતુ બર આવે એ રીતે આ પુસ્તકનું સંપાદન કરવા માટે ભાઈ પીતાંબરદાસ પટેલને પૂછતાં તેમણે હર્ષથી આ કામ માથે લઈને સારી રીતે પૂરું કરી આપ્યું છે, તે માટે તેમને ટ્રસ્ટીઓ તરફથી ધન્યવાદ આપું છું.

આમાં આપેલી પ્રત્યેક વાર્તા પાછળ રહેલું, આર્તજનોની દુનિયા વિષેનું દરદ અનુભવાય અને એ દરદના નિવારણ માટે બને તેટલું અમલી કાર્ય કરવાની વાચકબંધુઓને પ્રેરણા મળે, એવી આશા છે.

મુંબઈ,
તા. ૫-૩-'૫૨

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

'સસ્તું સાહિત્યનું એક કામ કરવાનું છે-જો તમે કરો તો...'

'એવી સંસ્થા માટે કામ કરવાનો ઉમળકો જ હોય. પણ કયું કામ છે?'

'જુદા જુદા લેખકોની વાર્તાઓનો એક સંગ્રહ તૈયાર કરવો છે.'

'કેવી વાર્તાઓ પસંદ કરવાની છે?'

'એ હું તમને વિગતથી કહું. અમારે ચોક્કસ ધ્વનિની, હેતુપ્રધાન વાર્તાઓ જોઈએ છે. માનવતા, ઉદારતા, પરોપકાર જેવા ઉદાત્ત ભાવોને અભિવ્યક્ત કરતી, વ્યવહારમાં શુદ્ધિ દર્શાવતી, જીવનસુગંધ પ્રસરાવતી...'

'ટૂંકમાં જીવનમાંગલ્યને પ્રગટ કરતી વાર્તાઓ જોઈએ છે ને?'

'હા, નીતિ, સદાચાર, પ્રામાણિકતા, ભલાઈ અને એવી મંગલ ભાવના દર્શાવે તેવી વાર્તાઓનો એક સંગ્રહ કરવો છે. હું માનું છું કે તમને તે ફાવશે; તો એ કામ શરૂ કરો.'

શ્રી. મનુ સુબેદારે મને આ કામ સોંપ્યું અને મેં સહર્ષ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊછળતા ઉમળકાથી તે કામ સ્વીકાર્યું. ઉમળકો તો એટલા માટે કે આ સંપાદનના નિમિત્તે મને ગુજરાતી સાહિત્યની ટૂંકી વાર્તાઓ વાંચવાની તક મળશે. ભિન્નભિન્ન વાર્તાકારોની કલાનો પરિચય થશે... અને સરવાળે કંઈક શીખવાનું, જાણવાનું મળશે. બીજું કંઈ નહિ તો કલાકૃતિઓનો રસાસ્વાદ કરવાનું પુણ્ય તો મળશે જ ને!

આ કામ પહેલાં તો સરળ લાગતું હતું. જીવનમાંગલ્યને પ્રગટ કરતી વાર્તાઓ વીણી કાઢવી એમાં શી મોટી ધાડ મારવી હતી? પણ એ 'માંગલ્ય' શબ્દ ધીમેધીમે મને ગૂંચવતો ગયો. મનમાં સવાલ થયો: કલા માંગલ્યને પ્રગટ કરતી નથી તો શું કરે છે? જો કલામાં જીવનમંગલનું સૂચન ન હોય તો એ કલા જીવે ય શાની? માંગલ્ય તો કલામાત્રમાં, ફૂલમાં સુગંધ હોય છે તે પ્રમાણે, સ્પષ્ટ કે અસ્પષ્ટ રીતે પણ ગોપાયેલું હોય છે. ટૂંકી વાર્તાના પ્રકાર પાડવા હોય તો ગ્રામકથાઓ, સમાજ-કથાઓ, ઐતિહાસિક કથાઓ, પ્રેમકથાઓ, યુદ્ધકથાઓ અને રસની દૃષ્ટિએ શૃંગારકથાઓ, વીરકથાઓ, હાસ્યકથાઓ, કરુણ કથાઓ એવા પ્રકાર પડી શકે, પણ જીવનમાંગલ્યની વાર્તાઓ–એવો પ્રકાર કેમ પડી શકે? હું આવી ગૂંચવણમાં પડી ગયો હતો, ત્યાં મારા અધ્યાપક અને વિદ્વાન સાહિત્યકારે મારી કાનબુટ્ટી પકડી: 'જૂના સમયમાં ધાર્મિક વાર્તાઓ–બોધ-કથાઓ–કહેતા, તેમ અત્યારે 'માંગલ્ય' વાર્તાઓ તો કહેતા નથી ને!' અને જેમ જેમ ઝળહળતા પાસાદાર હીરા જેવી, લોલવિલોલ તેજકિરણોથી સોહાતી વાર્તાઓ વાંચતો ગયો, તેમ તેમ પ્રતીતિ પણ થતી ગઈ કે માંગલ્ય વગરની તો કોઈ સાચી કલાકૃતિ સંભવી શકે જ નહિ. એટલે વાર્તાઓને માપવાનો 'માંગલ્ય'નો ગજ પડતો મૂક્યો.

ખરું જોતાં તો ગૂંચવાડો મેં કર્યો હતો. સસ્તું સાહિત્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો વ્યવહારશુદ્ધિની, ઉદારતાની, ભલાઈની, નીતિની, સદાચારની, પરોપકારની, માણુસાઈની...જીવનના આવા શ્રેયસ્ ગુણોની વાર્તાઓ જોઈતી હતી. આવી ચોક્કસ હેતુપ્રધાન વાર્તાઓ શોધવાનું કામ સરળ છે તેમ મુશ્કેલ પણ છે. સરળ એ અર્થમાં કે બોધપ્રધાન વાર્તાઓ ઠેરઠેર પથરાયેલી દેખાય છે, પણ તેમાંથી કલાકૃતિ શોધી કાઢવી મુશ્કેલ છે. અત્યારે તો ગુજરાત પાસે 'કથાસરિતસાગર' જેટલી વાર્તાઓ એકઠી થઈ છે. એ સાગરમાં સાલેરા મારે કામ પાર ન પડે, એને માટે તો તળિયેથી મોતી શોધી લાવે છે તેમ ઊંડા ઊતરી મોતી જેવી વાર્તાઓ શોધવી જોઈએ.

આ વાર્તાસાગરમાં ડૂબકીઓ મારવાની પણ ઓર લિજ્જત આવી. પહેલાં મુગ્ધભાવે, કથારસથી વાર્તાઓ વાંચી હતી તેને આ નિમિત્તે અભ્યાસની દૃષ્ટિએ વાંચી. વાર્તાઓને વિવેચનની કસોટીએ ચડાવી...અને જાણે મૂલ્યો બદલાતાં દેખાયાં. દાયકા દોઢ દાયકા પહેલાં હું જેમની વાર્તાઓ હોંશે હોંશે વાંચતો હતો અને જેમને સારા વાર્તાકાર માનતો હતો, તેમાંના કેટલાક સામાન્ય વાર્તાકારો દેખાયા. જેમને હું વાર્તાઓ ગણતો હતો તે નર્યાં પ્રસંગચિત્રો જ નીકળ્યાં, ને જે વાર્તાઓનો રસાસ્વાદ એ વખતે નહોતો કરી શક્યો તે વાર્તાઓનો રસાસ્વાદ આ ફેરે સિસકારા મારતાં મારતાં જેમ ચટકદાર ભજિયાંનો આસ્વાદ કરતા હોઈએ, તેવી લિજ્જતથી કર્યો.

આપણે ત્યાં સાહિત્યના બધા પ્રકારોમાં ટૂંકી વાર્તાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ખેડાયું છે. વાર્તાકલાના નવા નવા પ્રયોગો થયા છે. નવા નવા વિષયો આવ્યા છે. જાતજાતનાં, મલકપારનાં પાત્રો પણ આવ્યાં છે. વાર્તાઓમાં મેઘધનુષ્યના રંગો આવ્યા છે તો ધરતીની નયનમનોહર હરિયાળી પણ આવી છે. કેટલાક વાર્તામાં કવિતાની છટા લાવે છે, તો કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ વર્ષા પછીની ધરતીમાંથી ફૂટતી સુગંધ પકડી લાવે છે. કેટલાક કસબીની અદાથી નવા નવા રૂપના અને રંગના પ્રયોગો કરે છે, તો કેટલાક જીવનની ભાત ઉપસાવે છે. આપણી વાર્તાનું ઝરણું વનમાં અને જનમાં, શહેરોમાં અને ગામડાંઓમાં, કારખાનાંઓમાં અને ખેતરોમાં, મહેલમાં અને ઝૂંપડામાં...બધે જ અનિરુદ્ધપણે કલકલ કરતું વહે જાય છે. વાર્તામાં માનવીના જીવનને વણી લેવામાં ઠીક ઠીક સફળ પ્રયત્નો થયા છે. વાર્તાની નાની રેખામાંથી સમસ્ત જીવનના પરિઘને આંબી લેવાના સુભગ યત્નો સારા પ્રમાણમાં થયેલા દેખાય છે. કોઈ ફૂલોથી લળી રહેલા બાગમાં પેઠા હોઈએ તેવો આ વાર્તાઓ વાંચતાં અનુભવ થાય છે. ઘડીકમાં રંગબેરંગી ફૂલ આકર્ષે તો ઘડીકમાં કલામય, સુરેખ, તેજના લખલખાટથી હસી રહેલાં ફૂલડાં ખેંચે. કેટલીક વાર્તાઓ સૌંદર્યભોમમાં લઈ જાય તેવી રંગદર્શી છે, કેટલીક વાર્તાઓ જમીન પર પરાણે પગ મંડાવે તેવી વાસ્તવદર્શી છે. આવી બ્રહ્માની સૃષ્ટિ જેવી કલાની સૃષ્ટિમાં ઘૂમવું એ ય એક લ્હાવો છે!

આપણી વાર્તાઓ હિંદી, મરાઠી, બંગાળી જેવી ભાગની ભાષાઓની સરખામણીમાં કેવી છે એ કહેવું મુશ્કેલ છે. પણ આપણા બધા સાહિત્ય–પ્રકારોમાં વાર્તાકલાએ જરૂર સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પહેલાં સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કરનાર કવિતાથી એકડો ઘૂંટતો; હવે નવલિકાથી આરંભ કરે છે. ટૂંકી વાર્તા વગર આપણાં સામયિકોને ચાલતું નથી ને દીપોત્સવી અંકોનું તો એ નજરાણું બની રહે છે. ટૂંકી વાર્તાનો ફાલ પણ ઠીક ઠીક ઊતરે છે. તેમાં બધી જ કૃતિઓ ‘મોતી’ જેવી તો ક્યાંથી હોય! પણ આયોજન પરત્વે તેમ જીવનરહસ્ય પરત્વે આપણી કેટલીક વાર્તાઓ બીજી ભાષાઓમાં ગૌરવપૂર્વક ઊભી રહી શકે તેવી છે, એમ બેધડક કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા કેટલાક વાર્તાકારો જેટલું લક્ષ આયોજન (ટેકનિક), રીતિ અને શૈલી પરત્વે આપે છે, તેટલું લક્ષ જીવન તરફ આપતા હોય એમ લાગતું નથી. જાણે સાદી, સરળ વાતને પણ શૈલીના વાઘા પહેરાવી વરરાજાની પેઠે શણગારવા પ્રયત્નો કરે છે. શબ્દોની ભભકમાં અને નવી રીતે વાર્તા કહેવાની સભાનતામાં કેટલાકના હાથમાંથી 'જીવન' હાથતાલી આપીને ક્યારે સરકી જાય છે, તેની તેમને ય ખબર પડતી નથી. એ શબ્દોના રંગો આતશબાજીમાં ઊડતા તેજરંગો જેવા લલચાવનારા હોય છે; તેનાથી સજાગ રહેવા જેવું છે.

આ સંગ્રહમાં હેતુપ્રધાન વાર્તાઓ લેવાની હોઈ ઘણી વાર્તાઓ ફેરવી ફેરવીને જોઈ છે. વાર્તા હેતુલક્ષી જોઈએ, તેમાં મંગલ ભાવનાનું ઉદ્બોધન જોઈએ, વાચક શીરાની પેઠે ગળક દઈને ઉતારી શકે તેવો અર્થબોધ જોઈએ; પણ તે સાથે તે 'વાર્તા' પણ જોઈએ. શબરીની પેઠે વીણી વીણીને, ચાખી ચાખીને અહીં વાર્તાઓ મૂકી છે. આ સંગ્રહમાં લેવામાં આવેલી વાર્તા નિજ નિજ લેખકની શ્રેષ્ઠ કૃતિ તો નથી, પણ સારી કૃતિ તો છે જ. સંગ્રહમાં સારી વાર્તાઓ, અલબત્ત હેતુપ્રધાન સારી વાર્તાઓ આવે તેને માટે ચીવટ રાખી છે, તે માટે ઠીક ઠીક સમય અને શ્રમ પણ લીધો છે. ઘણા સંગ્રહો ઉથલાવી ગયો છું. ઘણાની સલાહસૂચના લીધી છે. ઘણી ચર્ચા પણ કરી છે. વિષય અને સંખ્યાની મર્યાદાના કારણે કેટલાક લેવા જેવા વાર્તાકારોને હું લઈ શકયો નથી, તેનો અફસોસ પણ છે. જેમની વાર્તાઓ આવી શકી નથી તે બીજા કોઈ કારણે નહિ પણ માત્ર સંગ્રહની ચોક્કસ મર્યાદાઓના કારણે. પાનાંની સંખ્યા વધી શકી હોત તો થોડાક નવીન વાર્તાકારોને પણ લેવાની ઉમેદ હતી. હવે તો એ ઉમેદ પાર પડે ત્યારે ખરી!

આ સંગ્રહમાં નામી વાર્તાકાર શ્રી. ધૂમકેતુની વાર્તા લેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ હતી, પણ તેમણે સર્વસ્વીકૃત પુરસ્કારનું ધોરણ નકારી ઘણી વધારે માગણી કરી. એથી નાછૂટકે તેમની વાર્તા છોડી દેવી પડી છે. તેનો મને અફસોસ છે.

અહીં વાર્તાઓનો ક્રમ અનુકૂળતા ખાતર લેખકોની કક્કાવારી પ્રમાણે રાખ્યો છે.

ગુજરાતના વીસ વાર્તાકારોનો આ સંગ્રહ વાચકોને ગમશે, એ નિમિત્તે તેઓ સારી વાર્તાઓ વાંચવા પ્રેરાશે, તો હું મારી જહેમત લેખે ગણીશ.

સંપાદનના કાર્યમાં જે સાહિત્યિક મિત્રોએ માર્ગદર્શન કર્યું છે, મદદ કરી છે, તેમનો અને પોતાની ગમે તે વાર્તા લેવાનો 'પરવાનો' આપી મારા કાર્યને સરળ બનાવ્યું છે તે વાર્તાકારોનો હું હાર્દિક આભાર માનું છું. તેમાં ય પોતાનું જ કામ હોય તેવો ઉત્સાહ બતાવી આરંભથી જ આ કાર્યમાં સહકાર આપનાર મારા પરમ મિત્ર શ્રી. ગુલાબદાસ બ્રોકર અને શ્રી. પ્રશાંતનો ઉલ્લેખ ન કરું તો નગુણો જ ગણાઉં. સસ્તું સાહિત્યે મને સંપાદનની આ તક આપી તેને માટે તો હું આનંદ વ્યક્ત કર્યા સિવાય રહી શકતો નથી.

મુંબઈ
૨૦–૧૨–'૫૧

પીતાંબર પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

માત્ર દસ આનાથી દોઢ રૂપિયામાં મનપસંદ પુસ્તક મેળવો:

૧ **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લે૦ શ્રી કરસનદાસ માણેક : ૦–૧૦
૨ **રાખની ઢગલી :** (સચિત્ર) લે૦ શ્રી 'સૌજન્ય' : ૦–૧૦
૩ **હાસ્ય-તરંગ :** (સચિત્ર) લે૦ શ્રી જ્યોતીન્દ્ર દવે : ૦–૧૦
૪ **જીવનની કલા :** લે૦ શ્રી રવિશંકર વિ. મહેતા : ૦–૧૦
૫ **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લે૦ છોટાલાલ કામદાર : ૦–૧૨
૬ **જીવન-પરિવર્તન :** (સચિત્ર) લે૦ શ્રી સોપાન : ૦–૧૦
૭ **ઇતિહાસને અજવાળે :** (સચિત્ર, આ. ૨જી) ૦–૧૨
૮ **ગામડું બોલે છે :** (સચિત્ર) લે૦ શ્રી ચૂનીલાલ મડિયા ૦–૧૦
૯ **ગૃહજીવનની કલા :** (સચિત્ર, આવૃત્તિ બીજી) ૦–૧૦
૧૦ **ગૃહજીવનનાં દશ્યો :** (સચિત્ર) લેખિકા : શ્રી કુમુદ શેઠ : ૦–૧૦
૧૧ **મારો ભારત દેશ :** (સચિત્ર) લે૦ શ્રી કાંતિલાલ પરીખ : ૦–૧૦
×૧૨ **આરોગ્યસાધના :** લે૦ શ્રી ડુંગરશી ધરમશી સંપટ : ૦–૧૦
૧૩ **ભગવાનનાં છોરું :** (સચિત્ર) લે૦ શ્રી પુરાતન બુચ : ૦–૧૦
૧૪ **સાહસકથાઓ :** (આ. ૨જી) લે૦ શ્રી રમણીક અરાલવાળા : ૦–૧૨
૧૫ **ગુજરાતના સેવકો :** લે૦ શ્રી ચંદ્રકાંત શાહ : ૦–૧૨
૧૬ **પટલાઈના પેચ ભા. ૧લો :** લે૦ શ્રી ઈશ્વર પેટલીકર : ૦–૧૦
૧૭ **પટલાઈના પેચ ભા. ૨જો :** લે૦ શ્રી ઈશ્વર પેટલીકર : ૦–૧૦
×૧૮ **ગીતહોરી અને બીજાં નાટકો :** લે૦ સુરેશ ગાંધી : ૦–૧૦
૧૯–૨૦ **ગ્રામરચના :** (સચિત્ર) લે૦ શ્રી રવિશંકર મહારાજ : ૧–૪
૨૧–૨૨ **કંકુ ને કન્યા :** લે૦ શ્રી. ઈશ્વર પેટલીકર : ૧–૪
૨૩ **પરમ પૂજ્ય બાપુ :** શ્રી સોપાન તથા શ્રી જી. રામચંદ્રન્ : ૧–૦
૨૪ **બાળકોની માવજત :** શ્રીમતી જી. કે. ઉપાધ્યાય : ૦–૧૦
૨૫ **ખોળાનો ખૂંદનાર :** લે૦ શ્રી પીતાંબર પટેલ : ૦–૧૦
૨૬–૨૭ **પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ :** (સચિત્ર) ૧–૪
૨૮–૨૯ **ગૃહ, ગૃહિણી અને ગૃહસ્થ :** લે૦ લાલભાઈ દેસાઈ : ૧–૪

× આ પુસ્તકો ખલાસ થયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦-૩૧ **મહાત્મા ટૉલ્સ્ટૉય** : લે૦ શ્રી રામનારાયણ ના૦ પાઠક : ૧-૪
૩૨-૩૩ **બાળક** : અનુ : શ્રી કુસુમબહેન ચીનુભાઈ શાહ : ૧-૪
૩૪-૩૫ **ભીમનાં પરાક્રમો** : લે૦ શ્રી માધવજી ગો. પટેલ : ૧-૮
૩૬ **વિશ્વની વિચિત્રતાઓ** : લે૦ શ્રી છોટાલાલ મા. કામદાર : ૦-૧૦
૩૭-૩૮ **ગૌતમ બુદ્ધ** : લે૦ શ્રી રામનારાયણ ના. પાઠક : ૧-૪
૩૯ **મીરાં દાસી જનમ જનમકી** : લે૦ શ્રી રેવાશંકર ૦-૧૨
૪૦-૪૧ **ગુજરાતનાં તીર્થસ્થાનો** : લે૦ શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી : ૧-૪
૪૨-૪૩ **સોનાનો સૂરજ** : લે૦ શ્રી પીતાંબર પટેલ : ૧-૪
૪૪-૪૫ **હિતોપદેશ** : સં૦ શ્રી સીતારામ શર્મા : ૧-૪
૪૬-૪૭ **ઇન્સાન મિટા દૂંગા** : લે૦ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી : ૧-૪
૪૮-૪૯ **ગુજરાતનાં લોકગીતો** : લે૦ શ્રી મધુભાઈ પટેલ : ૧-૪
૫૦ **કોઈને કહેશો નહિ** : લેખિકા રંભાબહેન ગાંધી : ૧-૪
૫૧ **શ્રીમત્ શંકરાચાર્ય** : લે૦ શ્રી વામનરાવ પ્રા. પટેલ : ૦-૧૦
૫૨ **જગન્નાથપુરી ને ઓરિસ્સાના પુરાતન અવશેષો** : ૦-૧૦
૫૩-૫૪ **આરોગ્યની બારમાસી** : લે૦ શ્રી પ્રાગજી મો. રાઠોડ ૧-૮
૫૫ **શાકભાજી અને બીજા લેખો** (બાગાયત તૂલો) : ૦-૧૨
૫૬ **વનવગડામાં વસનારાં** : લે૦ શ્રી પ્રદ્યુમ્ન કં. દેસાઈ : ૦-૧૨
૫૭ **આંખનું આરોગ્ય** : અનુ : શ્રી કુંદનિકા કાપડિયા : ૧-૪
૫૮-૫૯ **અદાલતને આંગણે** : લે૦ શ્રી કેશવલાલ મ. શાહ : ૧-૮
૬૦ **પૃથ્વીની કથા** : લે૦ શ્રી ચંદ્રભાઈ કા. ભટ્ટ : ૦-૧૨
૬૧-૬૨ **રશિયા** : લે૦ શ્રી પ્રાણજીવન દોશી : ... ૧-૮
૬૩-૬૪ **અમેરિકા** : લે૦ શ્રી પ્રાણજીવન દોશી : ... ૧-૮
૬૫-૬૬ **સૌભાગ્ય સુંદરી અને બીજાં નાટકોનું નવનીત** : ૧-૮
૬૭-૬૮ **વૈતાલની વાતો** : લે૦ ડૉ. બિપિન ઝવેરી : ૧-૮
૬૯ **માટીની મૂર્તિઓ** : લે૦ મોહમ્મદ માંકડ : ૦-૧૨
૭૦-૭૧ **અક્ષયપાત્ર** : લે૦ 'સારંગ' બારોટ : વાર્તાસંગ્રહ ૧-૮
૭૨-૭૩ **ધર્મકથાઓ** : લે૦ વામનરાવ પ્રા. પટેલ : ... ૧-૮

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ ને મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

વાર્તા	લેખક	પૃષ્ઠ
ડાંગે માર્યાં	ઈશ્વર પેટલીકર ...	૧૧
હીલ્લી	ઉમાશંકર જોશી ...	૨૩
અગ્નિદીક્ષા	કરસનદાસ માણેક ...	૪૫
પાણી મૂક!	કિસનસિંહ ચાવડા ...	૬૭
પંડિતજી	ગુલાબદાસ બ્રોકર ...	૭૪
માનપત્ર	ચૂનીલાલ વર્ધમાન શાહ	૮૬
વેળાવેળાની છાંયડી	ચૂનીલાલ મડિયા ...	૯૯
માનવ અને માનસ	ચંદુલાલ પટેલ... ...	૧૧૯
આનંદનું મોત	ડૉ. જયંત ખત્રી ...	૧૩૪
મજીદ અને મુન્ની	જયંતી દલાલ ...	૧૫૦
કારભારી	ઝવેરચંદ મેઘાણી ...	૧૫૫
જાત્રા ફળી	ધનસુખલાલ મહેતા ...	૧૬૬
ઘડાતો તલાટી	પન્નાલાલ પટેલ ...	૧૭૮
દત્તક પિતા	પીતાંબર પટેલ... ...	૧૯૫
ખરી મા	રમણલાલ વ. દેસાઈ	૨૦૯
કોદર	રામનારાયણ વિ. પાઠક	૨૨૧
સોમ અને મંગળ	વિનોદિની નીલકંઠ ...	૨૪૦
લીલી વાડી	સુન્દરમ્	૨૫૨
અંતરનાં આંદોલનો	સોપાન	૨૭૩
એંજિનડ્રાઇવર	સ્નેહરશ્મિ	૨૯૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસાઈની વાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંગે માર્યાં

લે૦ ઈશ્વર પેટલીકર

સ્ટેશન આવ્યું એટલે ગાડી ઊભી રહી. દસેક માણસોને હાથકડી કરી પોલીસ લાવી હતી, એ પ્લૅટફૉર્મ પરના દૃશ્ય તરફ ગાડીમાંના ઉતારુઓની નજર જતાં જે તે ડોકિયું કરી જોવા લાગ્યા—પૂછવા લાગ્યા: 'કોણ છે? શું છે?'

છેલ્લો ડબ્બો પ્લૅટફૉર્મની બહાર હતો, એટલે નવા ઉતારુઓનો ધસારો એટલે સુધી ન ગયો. ડબ્બામાં જે ચાર મુસલમાન હતા એ ઊતર્યા એટલે જગા મળશે એમ માની ત્રણ નવા ઉતારુઓ પ્લૅટફૉર્મ ઊતરી ત્યાં બેસવા જઈ પહોંચ્યા.

મુસલમાન ઉતારુઓ ઊતરી રહ્યા ને નવા ચડી રહ્યા એટલે બીજા નવીન ચડી આવવા લલચાય નહિ એ માટે એક ઉતારુ પાણી લેવા ગયો હતો છતાં બારણા પાસે બેઠેલા ઉતારુએ બારણું જોરથી બંધ કર્યું. અંદર નજર કરી તો એના ખાનામાં, પાછલા ખાનામાં પણ કોઈ મુસલમાન હોય તેમ લાગ્યું નહિ. એટલે પેલા ઊતરી ગયેલા મુસલમાન ઉતારુઓએ કેળાં અને મોસંબી ખાઈ જે છોતરાં ડબ્બામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યાં હતાં તે તરફ આંગળી કરી એણે કહ્યું: 'એમના બાપની ગાડી હોય તેમ કેટલી ગંદકી કરી મૂકી અહીં!'

એ મુસલમાન ભાઈઓએ જ્યારે એ કચરો પાડેલો, ગંદકી કરેલી ત્યારે બધા જોઈ રહ્યા હતા, પણ કોઈએ વાંધો લીધો ન હતો. વળી એવી ગંદકી મુસલમાનો કરે છે ને હિંદુઓ નથી કરતા એવું પણ નથી, પરંતુ એ બહાનું બીજી કોમ પ્રત્યે પોતાનો ધિક્કાર વ્યક્ત કરવાનું એક નિમિત્ત હતું એટલું જ.

નવા આવેલા ઉતારુઓમાંથી એક તરત બોલી ઊઠ્યો: 'હિંદુ–મુસલમાનની તકરારને લીધે આ ગાડીમાં જ પોલીસ દસ જણને પકડી જાય છે ને'!

પાણી લેવા ગયેલો ઉતારુ બહારથી જ બારીમાં ડોકું ઘાલતાં બોલ્યો: 'જોડેના ગામમાં મસ્જિદ આગળ વાજાં વગાડવાના કારણે તોફાન થયું છે. ચાર હિંદુ ને છ મુસલમાનને પોલીસ પકડી લાવી છે. આ ગાડીમાં જ એમને લીધા છે.'

નવા આવેલા ઉતારુઓએ બીજું કારણ સાંભળ્યું હતું, એટલે એક જણે કહ્યું: 'મસ્જિદની તકરાર તમને કોણે કહી? અમે પ્લૅટફૉર્મ ઉપર અર્ધા કલાકથી સાથે હતા. ખેતરની સરહદની તકરારને લીધે અંદર અંદર વેરઝેરને લીધે મારામારી થઈ, એવું અમે તો સાંભળ્યું હતું.'

બારણા પાસે બેઠેલા, જેમણે પ્રથમ વાત ઉપાડી હતી, તે બોલ્યા: 'ગમે તે કારણ હોય, પણ મુસલમાનો પાપ છે તે તો ચોક્કસ હકીકત છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ભાઈ એના અનુસંધાનમાં બોલ્યા : 'આપણી કૉંગ્રેસ બાયલી છે ત્યાં આપણે શું કરીએ? એકએક મિયાં-ભાઈ 'પાકિસ્તાન લેકે રહેંગે' બોલતો હતો. હવે પાકિસ્તાન આવ્યું તો હિંદુસ્તાનમાં એક પણ મિયાંભાઈ શું કામ જોઈએ?'

ત્રીજા ભાઈ: 'બરાબર છે. પાકિસ્તાનમાં હિંદુઓને રહેવું સહીસલામત નથી. ત્યાં આપણા લાખો-કરોડો હિંદુ ભાઈઓ ઘરબાર મૂકીને આ દેશમાં ભિખારી તરીકે આવ્યા ને અહીં મુસલમાનો અમનચમન કરે છે!'

ચોથા ભાઈ: 'એ સાપના કણાને દૂધ પાઈ ઉછેરવા જેવું આ કૉંગ્રેસ સરકાર કરે છે. હમણાં એ લોકો નરમ લાગે છે તેનું કારણ એ નહિ કે એમનો હૃદયપલટો થયો છે. બધા આગેવાનો પાકિસ્તાનમાં ગયા એટલે નવા પેદા થતાં સુધી એ દબાઈ રહેશે. પછી એ સાપ કરડવાનું શરૂ કરશે!'

વાતને આમ એક બાજુ, અને તેય પ્રત્યાઘાતી બનતી જતી જોઈ, મૌન રહી સાંભળી રહેલા એક ભાઈ બોલ્યા: 'જો આમ આપણે અરસપરસ ઝેર રાખ્યા કરીશું, ઝેર ઓક્યા કરીશું, તો દેશનું ભલું નહિ થાય. દેશમાં જે લોહી રેડાયું તે તો ભાગલા પાડીને રાજ્ય કરવાની નીતિ અંગે બંનેને પાયેલું ઝેર હતું. એ ઝેરનું છેલ્લી કક્ષાનું વૉમિટ થઈ ગયું. એ ગયો, ઝેર નીકળી ગયું, હોજરી ચોખ્ખી થઈ. હવે આપણે ભૂતકાળ ભૂલી નવું ઝેર ન પેદા કરીએ તો જ દેશનો જયવારો છે.'

બધાની નજર એ ભાઈ તરફ મંડાઈ હતી. કાળી ટોપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મિલનાં કપડાં એણે પહેરેલાં હતાં. જો ખાદીધારી હોત તો વચ્ચે જ કોઈ બોલી ઊઠ્યું હોત કે તમે કૉંગ્રેસીઓ જ દેશનું સત્યાનાશ વાળવા બેઠા છો. પણ એવો હુમલો થાય એમ ન હતો એટલે સૌ વચ્ચે બોલ્યા વગર વાતને પૂરી સાંભળી રહ્યા.

એના જવાબમાં, બારણા પાસે બેઠેલા, જેમણે ચર્ચા ઉપાડી હતી તે પહેલા ભાઈ બોલ્યા: 'તમે, મિસ્ટર, ગુજરાતમાં બેઠા છો અને તોફાનોની તડકી–છાંયડી જોઈ નથી એટલે પરોપદેશે પાંડિત્યમ્ કરો છો. મારી જેમ પાકિસ્તાનમાં હોત, લૂંટાયા હોત અને આવું બોલતા હોત તો મરદ બકત.'

પેલા ભાઈ એનો કંઈ જવાબ આપે તે પહેલાં બેત્રણ જણ સામટા બોલી ઊઠ્યા: 'હેં! તમે પાકિસ્તાનમાં હતા? જરા ત્યાંની વાત તો કરો?

એ ભાઈ બોલ્યા: શું વાત કરું? આ ભાઈ જે ડહાપણની વાત કરે છે તેવું મનેય બોલતાં આવડે છે, પણ પાકિસ્તાનના પાપે લાખોની મિલકત લૂંટાઈ ગઈ. ત્રણ પેઢીનો ધંધો ગયો, બંગલાઓ ગયા, સાત લાખ રૂપિયાની મિલકત ફના થઈ ગઈ, હજારોની આવકનો ધંધો ગયો!'

ડબ્બાનું વાતાવરણ એકદમ ગંભીર બની ગયું. બોલનાર ભાઈના મોં ઉપર દુઃખનાં વાદળ છવાઈ ગયાં. જાણે હમણાં એમની આંખોમાંથી આંસુ વહી આવશે એવી કરુણા આંખોને ઘેરી વળી. એકે સવાલ કર્યો: 'ક્યાં હતા તમે?'

પેલા ભાઈ: 'કરાંચીમાં. ત્યાં અમારો ત્રણ પેઢીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપાર. એને જ અમે અમારું વતન માનેલું. ગુજરાતમાં આમ આવવું પડશે એની કલ્પનાયે નહિ. કમાતા ગયા તેમ વેપાર ત્યાં વધાર્યો. મિલકત વસાવી, બંગલા ત્યાં બંધાવ્યા. એ બધું મૂકીને અહીં આવ્યા હોઈશું તે અમારા દિલમાં શું થતું હશે?'

'ખરું છે,' એમને ટેકો આપતાં એક ભાઈ બોલ્યાઃ 'પેટનું છોકરું પૈસા માટે રડી મરે તોય એને આપતા નથી, અને આમ મિલકત લૂંટાઈ જાય એ શેં વેઠાય? હું તમારા મતનો છું. આ દેશમાં ખરી રીતે એકે મુસલમાનને રહેવા દેવો ન જોઈએ. કોંગ્રેસને બહુ દયા આવતી હોય તો ઢંઢેરો બહાર પાડે કે અમુક તારીખ સુધીમાં મુસ્લિમોએ હિંદ છોડી જવું. અને તે પછી જે કોઈ અહીં હશે તેની કતલ કરવામાં આવશે.'

'સરકાર તો ઢંઢેરો બહાર પાડી રહી;' કરાંચીવાળા ભાઈએ કહ્યું, 'પણ મેં તો ઢંઢેરો બહાર પાડ્યો છે....' આગળ બોલતાં એ ભાઈ અટકયા. એમની નજર ચોમેર ફરી.

એમનું મન કળી જતાં વળી એક ભાઈ બોલ્યાઃ 'તમારા પહેલાં મેં ખાતરી કરી છે, કોઈ મિયાંભાઈ ડબ્બામાં નથી. કહી નાખોને; તમારો ઢંઢેરો અમે પણ સાંભળીએ તો ખરા.'

બીજા ભાઈ વચ્ચે બોલ્યા: 'આપણે લોકો આમ બી બી ને વાત કરીશું ત્યાં સુધી માર જ ખાવાના છીએ. ડબ્બામાં મુસલમાન હોય તોપણ આપણે એમની શું કામ સાડાબારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવી જોઈએ? પાકિસ્તાન મુસલમાનોનું છે, તેમ હિંદુસ્તાન હિંદુઓનું છે. હિંદુઓના બોલ સંભળાય તો તેઓ અહીં રહે, નહિ તો ચાલ્યા જાય એમના પાકિસ્તાનમાં!'

'તમારું કહેવું ખરું છે,' ત્રીજા ભાઈએ ટેકો આપ્યો, અને આ વિચારસરણીનો વિરોધ કરનાર પેલા ભાઈ તરફ કટાક્ષ કરતાં કહ્યું: 'એમ હોય તો મિસ્ટર, તમે કાનમાં આંગળીઓ ઘાલી દો એટલે તમારા દયાવાળા હૃદયને દુઃખ ન થાય!'

પેલા ભાઈએ એ કટાક્ષનો જવાબ ન આપતાં મોં મલકાવ્યું.

એનો અર્થ પોતાની રીતે કરતાં એક ભાઈ બોલ્યા: 'એય છેવટ તો હિંદુ જ છે ને? ન્યાયની રીતે ભલે એ ઉદારતાની વાત કરે, પણ લોહીના સંબંધે એમને પણ હિંદુઓનું જ લાગે.' અને કરાંચીવાળા ભાઈને યાદ દેતાં જણાવ્યું, 'તમારો ઢંઢેરો તો જણાવો.' સૌની નજર વળી એ ભાઈના તરફ ગઈ.

પેલા ભાઈ ધીમેથી અચકાતાં બોલ્યા: 'મોટી મિલકત-માંથી જે બે લાખ રૂપિયા બચ્યા છે, તે પણ ફના કરી નાખવાની મારી તૈયારી છે. જે કોઈ એક મુસલમાનને મારી નાખે તેને એક હજારનું ઇનામ આપવા હું એ બેય લાખ રૂપિયા ખર્ચી નાખવા તૈયાર છું.'

ગાડીએ વળાંક લીધો એટલે સૌને ધક્કો લાગ્યો. વિચારનો ધક્કો વાગે એવું વાતાવરણ પણ હતું અને ખટખટ કરતો ગાડીનો કર્કશ અવાજ વાતાવરણને ઘેરો બનાવતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ભાઈએ ટેકો આપતાં કહ્યું: 'તમારો ઢંઢેરો ખોટો નથી. માલદાર બધા જો આમ કરે તો એક મુસલમાન આ દેશમાં જીવતો ન રહે.'

વિરોધમાં પડનાર પેલા ભાઈ એમની જગાએથી ઊભા થયા, બધાંની નજર એ બાજુ ખેંચાઈ. એ બે ડગલાં ખસીને બારણા પાસે બેઠેલા કરાંચીવાળા ભાઈની નજીક આવ્યા. એમની સામી પાટલીએ બેઠેલા ભાઈને ઇશારત કરી જગા આપવા કહ્યું. દરેક થોડુંથોડું ખસ્યા. કરાંચીવાળાભાઈની બરાબર સામે બેઠક લીધી.

બધા સમજ્યા કે એ ભાઈ પોતાની દલીલથી હિંસા ખોટી છે, વેરઝેર ખોટું છે, એમ સમજાવવા એટલા નજીક ગયા હશે. એટલે સ્વાભાવિક રીતે સૌ એ ભાઈ હવે શી દલીલ કરે છે, તે સાંભળવા એમના ભણી ઉત્સુકતાથી તાકી રહ્યા.

એ બોલ્યા: 'તમારા હજાર રૂપિયા અકબંધ રહે, ખર્ચ ન થાય ને તમારા મનની મુરાદ પૂરી થાય એવો હું રસ્તો બતાવું!'

બધાના ડોળા ફાટી ગયા. આવું એ ભાઈ કહેશે તેમ કોઈએ કલ્પ્યું ન હતું. કરાંચીવાળા ભાઈ પણ ગભરાયા. કંઈ જવાબ ન આપી શક્યા.

પેલા ભાઈ આગળ બોલ્યા: 'હું તમારી સામે જ બેઠો છું; કોઈને કામ સોંપવાની જરૂર નથી. હું મુસલમાન છું. મને તમે જ મારી નાંખો. ડબામાં બધા ય હિંદુઓ છે એટલે તમને કોઈ પકડાવનાર નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધા પૂતળાની માફક પોતપોતાની જગાએ જડાઈ જ ગયા! કોઈના મોંમાંથી વાચા ન ખૂલી. પણ સૌ કરતાં અજાયબ એ બન્યું કે કરાંચીવાળા ભાઈએ સામો જવાબ આપવાને બદલે છૂટે મોંએ પોક મૂકી.

પેલા ભાઈએ આશ્વાસન આપતાં કહ્યું: 'રડો નહિ. તમારી માલમિલકત લૂંટાઈ ગઈ એટલે તમને ઝેર આવે તે હું સમજું છું. વેર ઉત્પન્ન થાય ત્યારે માણસ ગમે તેવું પગલું ભરે છે, પણ મારે જે કહેવાનું છે તે એટલું જ કે થોડા લોકોએ ગાંડપણ કર્યું, તેનો દાખલો લઈ આપણે સૌ ગાંડપણ કરીએ તો દેશ ખલાસ થઈ જાય, સ્વરાજ્ય આવ્યું-ન આવ્યું થઈ જાય અને એક નહિ તો બીજી પરદેશી સત્તા આપણા માથે આવી ગુલામી આપણા કપાળમાં કાયમ કરે.'

હજુ કોઈ કોઈને એ ભાઈનો હિંદુ જેવો પોશાક જોઈને શંકા જતી હતી કે આમ કરી એ પોતાનો પક્ષ જીતી તો નહિ લેતા હોય? એ દૃષ્ટિને પારખી જતાં એ મુસલમાન ભાઈ બધાંના સામે જોઈ બોલ્યા: 'મારો પહેરવેશ અને બોલી હિંદુ જેવી છે એટલે હું હિંદુ હોવા છતાં મુસલમાનનો વેશ ભજવી રહ્યો છું તેમ ન માનતા. હું મુસલમાન જ છું.'

કોઈ કોઈને ચટપટી થવા લાગી કે રખે ને આવતા સ્ટેશને ગાડી ઊભી રહેશે ત્યારે આ ભાઈ પોલીસને ફરિયાદ કરશે તો! બધા એકબીજા સામે તાકી રહ્યા. ઘડી પહેલાં મુસલમાન હોય તોપણ નબીવાની વાત કરનાર ભાઈ પણ મોંમાંથી એક શબ્દ સરખોયે બોલી ન શક્યા.

કરાંચીવાળા ભાઈ આંસુ લૂછી નાખી દયાપૂર્ણ સ્વરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલ્યા : 'સાચે જ ભાઈ, મને મુસલમાનો પ્રત્યે પહેલાં બિલકુલ ધિક્કાર ન હતો. કરાંચીમાં તો અમે ભાઈભાઈની જેમ રહેતા હતા, પણ માણસને ઘરબાર અને માલમિલકત છોડવી પડે ત્યારે એના હૃદયમાં વેર વસ્યા વગર નથી રહેતું.'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું : 'તમારા કરતાં વધારે કડવો અનુભવ મને થયેલો છે. તમારી મિલકત ગઈ છે, ત્યારે મારું તો સર્વસ્વ ગયું છે. એટલે વેરઝેર અંતરમાં આવી વસે તે હું સમજું છું, પણ એ વેરઝેર તમે ને હું આમ જ્યાં ત્યાં ઓકીએ તો એથી વેરઝેરનો વધારો થાય. આપણે સૌ માણસ છીએ એટલે વેરઝેર અંતરમાં આવે તો એને બહાર કાઢી નાખવા પ્રયત્ન કરવો જોઈએ—એને અંદર આસન આપી આપણા ઉપર હુકમ બજાવવા ન દેવો જોઈએ.'

બોલનાર ભાઈ મુસલમાન હતા, છતાં એમની નમ્રતા, દિલની નિખાલસતા અને વાત કરવાની રીત જોતાં, મુસલમાનો પ્રત્યેનો શરૂઆતનો ધિક્કાર સૌનામાંથી ઘડીભર ચાલ્યો ગયો હોય તેમ લાગ્યું. એક જણે અધીરાઈ બતાવતાં કહ્યું : 'તમારી વાત તો કરો. અમે જાણીએ તો ખરા કે તમારા જેવા મુસલમાનો પણ છે.'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું: 'મારી વાત તો હું કહીશ એટલે તમને બધાને ખ્યાલમાં આવશે. કરાંચી તો દૂર પડ્યું છે, એટલે આપણે કલ્પના જ કરવાની છે. આ તો આપણા ઘરઆંગણાની વાત છે. પણ એ કહેવા પાછળ મારો ઉદ્દેશ એવો નથી કે મુસલમાનો સારા છે અને હિંદુઓ નથી. પહેલાં કહ્યું તેમ, આ વેરઝેર પરદેશી સરકારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વારસો છે. એ જતાં આપણે એને વાપરી નાખ્યાં. હવે અંદર અંદર નવાં બી ન વાવીએ એટલું જ મારે કહેવું છે.'

પોલીસને ફરિયાદ કરશે એવી જેમને શંકા આવી હતી, તેમને થયું કે ના, ના, એવી કોઈ ફરિયાદ કરે એવો હોય તેની વાણી આવી નમ્ર ન હોય, વિચાર ઉમદા ન હોય.

પેલા મુસલમાન ભાઈ બોલ્યા : 'આપણામાં જેમ કહેવત છે કે ડાંગે માર્યાં પાણી કંઈ જુદાં ન થાય, તેમ હિંદુસ્તાનના ડાંગે માર્યા ભાગલા કદી ન થઈ શકે. પાકિસ્તાન ભલે આજે હિંદથી જુદું થયું, પણ એક દહાડો એવો આવશે કે એ ભાગલા સંધાઈ જશે. અને એ ભાગલા આપણે જેટલા જલદી વેરઝેર ભૂલી જઈશું તેટલા વહેલા સંધાઈ જશે.'

એક ભાઈએ હસીને કહ્યું: 'એવો બધો તો બોધ નેતાઓ રોજ આપે છે; એથી તો કંઈ અસર થતી નથી, પણ તમારા જેવા માણસોનો પ્રસંગ જાણવા મળે તો વળી એ વેરઝેર જલદી ભુલાય પણ ખરાં.'

મુસલમાન ભાઈએ કહ્યું: 'ગયા (૧૯૪૭) નવેમ્બરમાં વસોમાં તોફાન થયું તે તો તમને ખબર હશે.'

એક ભાઈ બોલી ઊઠ્યા: 'સારી રીતે. ૫૦–૬૦ ઘર મુસલમાનોનાં બાળી દીધાં. છાપાંમાં એ બધું વાંચેલું.'

બીજા ભાઈએ પૂછ્યું: 'તમે વસોના છો?'

પેલા મુસલમાન ભાઈએ કહ્યું: 'હા.'

એક જણ એ પ્રસંગની સ્મૃતિ તાજી થતાં બોલ્યા:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

८० ग 16 26023 2-1-5

'હિંદુય ગાંડા થાય છે ત્યારે મુસલમાન કરતાં ઊતરતા નથી. ૫૦–૬૦ ઘર બાળી દીધાં, ને પાંચ-છ જણને બાળી દીધા. તે સૌ કરતાં નીચ કૃત્ય તો એક પવિત્ર અને હિંદુ-મુસલમાનનો જેને ભેદ નહોતો તેવા વૃદ્ધ નૂરભાઈને બાળી મૂક્યા તે છે.'

એક જણે કહ્યું: 'એ નૂરભાઈ કોણ હતા?'

પેલા ભાઈ બોલ્યા: 'હું કંઈ દીઠે એને ઓળખતો નથી. છાપાંમાં તે અરસામાં વાંચેલું. એ મુસલમાન ભલા ને પવિત્ર હતા. હિંદુઓમાં એમનું એટલું માન હતું કે બધા 'નૂરભાઈ ચાચા' કહીને જ બોલાવતા. દરબાર ગોપાળદાસ દેસાઈને ઢસાની ગાદી પાછી સોંપાઈ તે વખતે, વસો ગામે નૂરભાઈના પ્રમુખસ્થાને એમને અભિનંદન આપ્યાં હતાં. એવા પુરુષને તે પછી થોડા વખતમાં જ હિંદુઓ ગાંડા થઈ જીવતા બાળી દે, ને પોતે જીવવા ધાર્યું હોત તો છુપાઈને જીવી શકત, છતાં એ વૃદ્ધ પુરુષ વીરની માફક એ ગાંડા ટોળાને અવિચારી કૃત્ય ન કરવા સામી છાતીએ બોધ આપવા નીકળી મૃત્યુને વરે, એ કૃત્ય તો ખરેખર હિંદુઓ માટે લાંછનરૂપ છે.'

પેલા મુસલમાનભાઈ બોલ્યા: 'એ બધું સાચું છે, છતાં એ કૃત્ય જ્યારે અમુક હિંદુઓએ કર્યું ત્યારે બીજા હિંદુઓએ અમને છુપાવીને અમારાં જીવન પણ બચાવ્યાં છે. મતલબ એ છે કે, જેણે જેણે આમ કર્યું તેણે પોતાના અંગત વેર ખાતર કંઈ કર્યું નથી. ખોટી સમજને ખાતર દેશને નામે કર્યું છે. એવું સૌથી મોટું કૃત્ય બાપુની હત્યા છે.'

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતાવરણ આખું બદલાઈ ગયું હતું. પહેલાં જ્યાં મુસલમાનો પ્રત્યે ધિક્કાર હતો, ત્યાં હિંદુઓ પણ એવા છે એવી સ્થિતિ આવી ગઈ હતી; મુસલમાન પણ સારા છે એવું મનમાં વસ્યું હતું.

પેલા મુસલમાન ભાઈ બોલ્યા : 'એટલે પાકિસ્તાનમાં લૂંટાનાર અને સગાંના જાન ખોનાર હિંદુઓ અને હિંદુસ્તાનમાં લૂંટાનાર અને સ્નેહીઓના જાન ખોનાર મુસલમાનો, દેશને ખાતર દીધેલાં બલિદાન ખાતર ગૌરવ લે–દુઃખી ન થાય અને એ ગૌરવ બીજાને પાય તો બલિદાનથી ઊભા થયેલા રાષ્ટ્રનું ભાવિ ઉજ્જવળ થશે. ઇતિહાસ કહે છે કે જે રાષ્ટ્રો બલિદાન ઉપર ઊભાં થયાં છે, તે જ પ્રજાને તારે છે; જે લૂંટ ઉપર ઊભાં થયાં છે તે પ્રજાને પાયમાલ કરે છે.' આમ કહી પેલા કરાંચીવાળા ભાઈ સામે જોઈ એમણે ઉમેર્યું : 'માટે તમે, ભાઈ, મિલકત લૂંટાઈ એમ ન માનો, દેશને ખાતર મિલકતનું બલિદાન આપ્યું માની ગૌરવ અનુભવો. બલિદાન એ મોટું ધન છે. એનાથી ભલે રાચરચીલું ન ખરીદાય કે પેટનો ખાડો ન પુરાય, પણ એથી માણસાઈને પોષણ મળે છે. અને જેનામાં માણસાઈ છે તેની પાસે સર્વ છે.'

બધાના મોં ઉપર ભાવનાનો હર્ષ છવાઈ ગયો. એકે પૂછ્યું : 'તમે શું ગુમાવ્યું છે તે તો કહ્યું જ નહિ ?'

મુસલમાન ભાઈએ કહ્યું : 'નૂરભાઈ મારા પિતા થાય !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીલ્લી

લે૦ ઉમાશંકર જોશી

ગામની દખણાદિ બાજુએ એક જીર્ણ થઈ ગયેલું મંદિર હતું. એના ઓટલા પાસે દૂરને સ્ટેશને જનારા ઉતારુ સવારે રાહ જોતા જોતા ઊભા રહેતા. મોટર સાંજે સ્ટેશનથી નવા ઉતારુઓને લઈને પાછી આવતી અને આ ઓટલા પાસે થોડુંક થોભીને આગળ એક મોટે ગામ રાતવાસા માટે ચાલી જતી. આ મંદિરને ઓટલેથી મોટરવાળાને ઘણા ઉતારુ મળ્યા હશે. અને દેશપરદેશથી આવતાં માણસો સ્ટેશનથી મોટરમાં બેસીને આ મંદિર પાસે આવીને ગાડી થંભાવવાનું કહેતાં ત્યારે હાંકનારાને નવાઈ થતી અને એમાંથી ધીમે ધીમે એને એવી ટેવ પડી ગઈ કે ઉતારુ હોય કે ન હોય પણ આ મંદિર પાસે ગાડી ઘડીક થંભાવ્યા વગર તે આગળ જતો નહિ.

પણ ખરી વાત તો એ છે કે મોટરને મથકે જતાં ને આવતાં, સવારે ને સાંજે એક ઉતારુ તો દેખાતો જ. ઓટલા-ને અઢેલીને એક નાની છોકરી મોટરને વખતે ઊભી જ હોય. એ કદીય મોટરમાં બેસતી નહિ એ ખરું, પણ કોઈ ગૂઢ વફાદારીથી સવાર–સાંજ ત્યાં મોટરની વાટ જોતી ઊભી રહેતી. મોટર આવતી હોય તો એનો અવાજ બહુ છેટેથી પણ, કોઈ પણ બેસારુ કરતાં, પહેલો એને સંભળાતો. નીચે ઊભી રહી ઓટલા પર લમણું ટેકવી કાન માંડીને તે કંઈક સાંભળી લેતી અને એનાથી નાચી જવાતું, 'એ આવી! એ આવી!'

'બેટા હીલ્લી! ઇધર આવ,' એક વખતે એ આમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાચતી હતી ત્યાં મંદિરના જીર્ણ બારણામાંથી એક ભભૂતિ લગાવેલ સાઠેક વરસની જીર્ણ વ્યક્તિનો સહેજ થથરતો પણ મીઠાશભર્યો સાદ આવ્યો.

'કયું બાવાજી !' કરતીક હીલ્લી મંદિરમાં દોડી ગઈ.

'દેખ, વો જામ્બુ તુને કિધર રખ્ખે હૈ? ઉસકો દે દે.' એમણે પાસે ઊભેલા એક નવા પોશાકવાળા જુવાન તરફ આંગળી કરી જાંબુ લઈ આવવા હીલ્લીને ઇશારો કર્યો. તીરની માફક એ લઈ આવવા દોડી.

'પણ બાવાજી, મુંબઈમાં બહુ જ જામ્બુ મિલતા હૈ,' પેલા મુંબઈ જનાર જુવાને નમસ્કાર કરીને કહ્યું.

'મુંબઈ મેં મિલે સે. મેં જાનું સું. લેકિન તેરા ભાઈકી લડકીકો અંબાજીકા જામ્બુ બહુત પસંદ સે; આયા સમજ મેં ?'

'હા જી, અંબાજીએ તો છોકરી આપી છે. નહિ તો કયાં હતી ?' એણે સામે અંબાજીની મૂર્તિને પ્રણામ કર્યા. એટલામાં હીલ્લીએ આવીને એક તાજાં લીલાં ખાખરાનાં પાંદડાંનો પડીઓ એના હાથમાં મૂકયો અને એ ચાલતો થયો. મુંબઈ જનારી બેત્રણ બાઈઓએ અંબામાને પગે લાગી દૂરથી બાવાજીને પ્રણામ કર્યા. બાવાજીએ પણ બે હાથ ઊંચા કરી આશીર્વાદ આપ્યા:

'સબકા ભલા હો!'

'બાવાજી, ઈલ્લીને સાચવજો!' હીલ્લી તો કયારની બહાર મોટરને મથકે પહોંચી ગઈ હતી. બીજી બાઈ બોલી:

'બાવાજી, ઈલ્લીને રખડવા દેશો મા! હમણાંની તો આ મોટર પણ છોકરાંના કાળ જેવી આવતી થઈ છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રામ રખનેવાલા હૈ!' ધૂણીમાંથી ચીપિયા વતી એક રાતો તાતો અંગારો ચલમ પર મૂકતાં બાવાજીએ ઉદ્‌ગાર કાઢ્યો. 'રામ રખનેવાલા હૈ!....આયા સમજમેં?'

જતાં જતાં એક બાઈ બોલી: 'બિચારી મા વગરની છે, પણ છે કેવી પોયણી જેવી!'

'તુમ સબ ઉસકી મા હિ સો ને!'

'હા જી!'

અને ફરી પ્રણામ કરીને બહાર મોટરના અવાજનો અણસારો આવવાથી ઝટપટ તેઓ ચાલ્યાં ગયાં.

'અગર તો....તુમકો ક્યું કહેના?....મેં હિ મા સું.... આયા સમજમેં?' કોઈ સાંભળનાર હતું નહિ છતાં એમણે હમેશની ટેવ પ્રમાણે અને ફરીવાર મનને ઠસાવ્યું. 'મેં હિ મા સું....આયા સમજમેં?'

પણ હીલ્લી કોઈ વાર પૂછતી કે 'મારી બા ક્યાં છે?' તો બાવાજી વિચિત્ર જ ઉત્તર આપતા:

'હીલ્લી! તેરેકો મા સે હી નહિ....અગર તું હી તેરી મા સે!....આયા સમજમેં?'

અને ગામનું કોઈ ધૂણી પાસે બેઠું હોય તો બાવાજીના આવા બોલ પર ખડખડાટ હસી પડતું.

પણ હીલ્લીનાં જન્મ અને મૃત્યુ વચ્ચે ગાળો પાડી આપવાનું કામ બાવાજીએ જ કર્યું હતું. ઠેઠ નાનપણથી એમણે એણે કોઈ સંસારીની માયા વડે પાળીપોષી મોટી કરી હતી. ધાવણી હતી ત્યારથી ગામલોકોએ એને બાવાજીના ખોળામાં દીઠી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાવાજીએ મંદિરમાં બાળક સારુ એક બકરી બાંધી હતી, અને એને માટે ઘાસપાલો પણ પંડે જ લઈ આવતા. બકરી ધોળી બરફ જેવી હતી અને બપોરની વખતે બાવાજીની પાટ નીચે જઈ લોચો થઈને પડી રહેતી ત્યારે મંદિરમાં પ્રવેશ કરનારનું પ્રથમપહેલું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નહિ. પોચા સુંવાળા આરસના ઢગલામાંથી એની કદીકદી ખૂલતી અધખૂલતી ઝીણી ચળકતી શાંત આંખોને લીધે કે પછી કોઈ પણ કારણથી બાવાજીએ એનું નામ એક વખત હીરલી પાડી દીધું. એનું દૂધ પી પીને બાળકી ઊછરી અને એના બેંએંએંના પડઘા પાડતી પાડતી બોલતાં શીખી. એની કાલી બોલીમાં હીરલીને એના બેંએંએંમાં જે પાછળથી ધ્રુજારી સંભળાતી, એવી ધ્રુજારીથી—હી—લ્—લ્—લ્—લી કહીને બોલાવતી. બાળકીને મોટી કરીને બકરી મરી ગઈ અને બાવાજીએ બીજી બકરી બાંધી નહિ. ગામમાંથી અવારનવાર દૂધ માગી લાવતા અને કોકવાર લોટની પાતળી રાબ કરીને ચલાવતા. બકરીના ચાલ્યા ગયા પછી પણ બારણે જઈને નાની બાળકી તો પહેલાંની જેમ 'હીલ્લી! હીલ્લી!' બૂમ પાડતી અને 'ઓ! ઈ લ્ લ્ લ્ લ્ લી' એમ બૂમો પાડીને પવનમાં એક જાતની કંપારી પ્રગટાવતી.

બાવાજીએ એનું જ નામ હીલ્લી રાખ્યું અને ગામનું લોક પણ એને બકરી બોલાવતાં સાંભળીને હીલ્લી કે ઈલ્લી કહેતું અને 'હીલ્લી, બેંએંએં' કરી ચીડવતું. ગામમાંથી ઘણાંનું ખોટનું એકનું એક બાળક મરી જતું ને બીજાં પણ ઘણાં બાળકો આ મોટેરાંની દુનિયામાંથી ઘણી ઘણી સંભાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં ચાલ્યાં જતાં, પણ આ નમાયું–નબાપું બાળક માત્ર બાવાજીની સંભાળથી જીવવા પામ્યું. એને જિવાડવામાં સક્રિય ફાળો આપતી વખતે ગામલોકોએ તટસ્થતા જાળવી, પણ એક વાર એ જીવવા પામ્યું એટલે બાવાજીની સાથે એનું પણ પોષણ કર્યા વિના એમને છૂટકો ન હતો. કોઈ વાર એકાદ શ્રદ્ધાળુ બાઈ પોતાનું બાળક જીવે એવી બાવાજીની દુવા મેળવી જતી અને હીલ્લીને નાનકડી પચરંગી ઓઢણી ઓઢાડી જતી ને ધીમે ધીમે પોતાનાં નાનાં બાળકો કે ભવિષ્યનાં બાળકો માટે બાવાજીના આશીર્વાદ ફળે છે એવી માન્યતા-- હીલ્લી જીવી, ઊછરી, રમતી થઈ એટલા માત્રથી એના લાભ માં સૌ ગામલોકોમાં ફેલાઈ ગઈ. ઘણી વાર તો કોઈ હીલ્લી માટે કશું લાવે તો બાવાજી સ્વીકારતા નહિ અને ઊલટું સામેથી હીલ્લી માટે પોતે વીણી આણેલાં રાયણ, બોર કે એવો કંઈ મેવો એની આગળ ધરતા અને ધીમેથી બોલતા : ' સબકા ભલા હો ! આયા સમજમેં ? '

શિયાળામાં વહેલી વહેલી રાત પડે ત્યારે બાવાજી ધૂણીમાં દેવતાનો નાનો ભડકો કરી ખૂણામાં હીલ્લીને સુવાડી દઈ વારે ઘડીએ બારણા તરફ જોતા આસન પર બેસી રહેતા. ત્યાં કામ પરથી છૂટીને ઘેર વાળુ કરી પરવારી, જગો સુતાર લાકડાની એક મોટી ગાંઠ લઈને આવી પહોંચતો. કદીક કદીક તો સુથારીકામ કરતાં નકામાં પડેલાં છોડિયાં વગેરે ઉપાડી લાવતો અને એટલાથી રાતે મોડા લગી અંજીઠું ધખ્યા કરતું. ગામમાંથી બે જુવાન પાટીદાર રવજી અને બાદર પણ ઘણી વાર બાવાજી પાસે આવતા અને બીજા અમથા આવતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જતા લોકો ચાલ્યા ગયા પછી પણ લાંબી વાર સુધી બેસતા. એમાં બાદર લોકોના મત પ્રમાણે સહેજ તીખો ગણાતો. પણ ગમે તે રીતે બાવાજી સાથે એને સારી બેસતી આવી ગઈ હતી. કોઈ વખત બાદર ઊંચો ચડી જાય તો જગો સુતાર એને વાળી લેતો અને બાવાજી સાથે તો એને સારાસારી એટલે એમને પણ બરોબર સમજાવતો, કે 'બાદર બોલે છે ભલે, બાકી એના મનમાં કાંઈ ન મળે!'

એક વાર રાતે બધા વાતે ચડ્યા હતા. અંજીઠામાં એક ખોધું બળતું હતું. બધાંના કપાળ પર સોનાના જાણે લેપ થતા હતા. પાસે ખૂણામાં પડી પડી હીલ્લી પવનને લીધે ફરફરતી ભડકાની ઝાળો તરફ નાનકડી જીભ કાઢીને તાકી રહી હતી. જગો સુતાર ચલમ તૈયાર કરતાં બોલ્યો :

'તું કહે છે બાદર, પણ એમાં બાવાજી શું કરે?'

'કેમ શું કરે?' રવજીએ બાદરનો પક્ષ લીધો.

'નહીં, નહીં, તુમ બોલો તબ. મેં ક્યા કરું? આસીર-વાદકી મેં ચોરી નહીં કર સકતા. કભી નહીં કર સકતા. તુમ કુછ ભી બોલો....આયા સમજમેં?' અને જગા સુતારે ચલમ આપી. એટલે બાવાજીએ એક દમ ખેંચ્યો. 'તેરે જૈસી કડક સે' કહી ચલમ બાદરને આપી.

રવજી બોલ્યો : 'બાવાજીના આશીર્વાદથી, તમે જુઓ તો, આખા ગામમાં એકે ઘર પારણા વનું રહ્યું નથી.'

'એ તે ખુશી થવાની વાત કે....?'

જગા સુતારને પૂરું બોલવા દીધા વિના વચ્ચેથી બાદર બોલ્યો : 'તો ગામ છોકરાંથી ખુશી થાય છે તો ગામને પાદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શેર લોચાની ચિંતા બાવાજીને શિરે શેની હોય?' એણે હીલ્લી ભણી માથાનો ઇશારો કર્યો.

'વો તો ઠીક સે. મેરો કામ મેં કર સકું સું....લેકિન, જબ મેં મસાનમેં રહેતા થા, તબ તુમ લોગ કહેતે થે કિ મેરે વહાં રહેનેસે ગામલોગ બહુત મરે સે, ઔર યહાં રહેનેસે ફિર બોલો સો કિ બહુત જનમે સે. મેં કયા કરું? મેં તો આસીરવાદ સબકો દિયે જાઉં સું.' અને ઊંચાં ચડી ગયેલાં ધોળાં ભવાંને એમણે મોકળાશથી મૂળ ઠેકાણે આવવા દીધાં.

'ના, ના. મરતાં'તાં તો કેટલાં હવે? કોઈ પાકું પાન ખરી જતું એ જ. બાકી આ બે વરસમાં–હીલ્લી ઊગરી ગયા પછી–માણસ જન્મ્યાં છે અલકનાં!' બાદરને બાવાજી આગળ ખુલ્લે મને બોલવાની છૂટ હતી.

'વો તો કિસકો માલૂમ? મરનેવાલે મસાનમેં આતે થે, તો મેરેકો પતા ભી થા. લેકિન જનમ પાનેવાલે સબ યે અંબાજીકે મંદિરમેં આતે નહીં, કૈસે જાન સકું? અગર મંદિરકી અંદર જાકે ભીતરસે બારીમેંસે બચ્ચાકો બહાર દે દે –અંબામૈયાકી કિરપા સમજકે–તો હમકો કુછ ખ્યાલ રહ જાય........આયા સમજમેં?'

બધા ખડખડ હસી પડ્યા. 'એમાં શું સમજવાનું હતું?' ગાંડા છે બાવાજી!' કહી આવી વાતોને સૌ હસી નાખતું.

પણ એક દિવસ બાદરે હઠ પકડી, 'ગમે તેમ પણ બાવાજી, તમે આ હીલ્લીની પાછળ કોઈ વાણિયા–બ્રાહ્મણની આબરૂ ઢાંકી છે. કોઈ રાંડીરાંડનું છોકરું કોઈ આપણા મંદિરને ઓટલે મૂકી ગયું હશે. કાં તો તમને ખબર છે ને તમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતા નથી.'

બાવાજીએ આંખો ઝીણી કરી દઈ આંખોના કાન તરફના ખૂણા પર સ્મિતની કરચલીઓ ગોઠવી દાઢી પંપાળતાં પંપાળતાં કહ્યું :

'કોઈ પટલણ નાતરીને ચાલી જતી બચ્ચાકો ઇધર રખ ગઈ ઐસા ભી બન સકે સે ના ?'

બાદરને આવો જવાબ પસંદ ન પડ્યો અને ફરીથી એણે કે મંડળના કોઈએ એ વિષે પ્રશ્ન કર્યો નહિ. કોક વાર ચિડાઈને તેઓમાંથી કોઈ એટલું કહી બબડી દેતું કે 'સાઠ વરસે બાવાજી સંસારીઓની આટલી ફિકર શા સારુ કરતા હશે ?' અને બાવાજી કોક વાર જવાબ દેતા : 'એક બચ્ચા સુખી, તો સબ બચ્ચા સુખી; સબકા ભલા હો ! આયા સમજમેં ?'

ગામનાં બાળકો સાથે હીલ્લી ઠેઠ બચપણથી હળીભળી ગઈ હતી. ગામની માતાઓ પણ હીલ્લીને ઘણી વાર લડાવતી. અને બાળકી આમ ગમી જાય એવી હતી એટલે સૌ કોઈ એની તરફ માયાળુપણે જોતું. કોઈ કશું આપે તો બાવાજીની રજા વગર હીલ્લી રજ પણ લેતી નહિ. સવારે બાવાજી ગામમાં લોટ માગવા જતા ત્યારે તે એમની સાથે જતી; સહેજ મોટી થયા પછી બાવાજી માંદા હોય તો એકલી લોટ માગવા જતી. પણ બાવાજીએ એને અટકાવી, 'મેં બાવા સું, મેં માગન સું. તું માગન નથી હીલ્લી.' બાવાજી રોટલા કરતા હોય ત્યારે હીલ્લી બોલી ઊઠતી : 'મારે કાજે બે આખા રોટલા કરજો. હું ખાઈને મોટી થઈ જાઉં ને તમને રોટલા ઘડી આપું.' હોંસે તે પાણી ભરી આવતી, અને ગામમાં પોતાની નાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠણો જે જે કામ કરતી તે બધાં પોતાને કરવા મળતાં નથી તે જોઈ મૂંઝાતી.

ગમે તે કામ હોય, પણ સવાર–સાંજ મોટર વખતે તો મંદિરને ઓટલે હીલ્લી ઊભી જ હોય. બીજી એની ઉંમરની કોઈ નાની છોકરીઓ પણ ત્યાં આવતી. કોઈની મા તો કોઈની માસી મુંબઈ જવાની હોય, તો કોઈની મામી કે કાકી આવવાની હોય; પણ હીલ્લીનું કોણ આવવાનું હતું તેની એનેય ખબર ન હતી. એક વખત એની એક ગોઠણ ચંચીની ફોઈ મુંબઈથી આવવાની હતી. સાંજે હીલ્લીને ઓટલે જોઈને ચંચીએ પૂછ્યું : 'કોણ આવવાનું છે તે ઊભી છે?'

'તું કેમ આવી છે એ કહે ને?'

'મારી બા–અરે ફઈ આવવાની છે એટલે. તું?'

'મારી બા આવવાની છે, એટલે વળી.'

મોટર આવી અને ફોઈની આંગળીએ વળગીને ચંચી ચાલી ગઈ, અને મોઢું સહેજ ખુલ્લું રાખીને હીલ્લી દોડી જતી મોટર ભણી જોઈ રહી. એના મનમાં થતું હતું કે મોટરમાં પેલું બૈરું બેઠું હતું તેના સાડલાનો રંગ મારી ઓઢણી જેવો હતો અને એ જ મારી બા છે. પણ મોટર ઊભી રહે તો અંદર જઈને હીલ્લી એની આંખો પોતાના નાના હાથ વડે દાબી દે ને? પણ મોટર જરીકે ઊભી રહે તો ને?

'બાવાજી, બા કિધર સે?' હીલ્લીએ એક વખત બાવાજીનો વધારે પડતો પીછો પકડ્યો. 'બસ બોલો, બા કિધર સે?' બાવાજી સાથે એ કોક વાર એમની બોલીમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલતી. 'બોલો !'

બાવાજી હસી પડ્યા–ક્રોધથી કે અમસ્તા જ તે સમજાયું નહિ. 'મોટર મેં સે, જા ખડી રહે.' એમણે હીલ્લીની એ લત પિછાની લીધી હતી. ગામમાં એણે બીજી ગોઠણોની 'બા'ઓમાં પોતાની બાની પણ તપાસ કરી હતી, પણ કોઈ મળ્યું નહિ. તો પછી આવતાં જતાં માણસોમાં જ જોતાં રહેવું જોઈ એ. પછી તો રોજ સાંજે ઓટલાને મથકે હીલ્લી જ્યાં હોય ત્યાંથી આવીને ઊભી રહેતી. કોઈને ખેતરે નાની છોકરીની સાથે ગઈ હોય, કોઈને ત્યાં મંદિર માટે શાળ ખાંડી લાવવા ગઈ હોય, ફૂકે રમતી હોય, મહુડાં–રાયણ વીણવા ગઈ હોય, પણ સવાર–સાંજનો મોટરનો વખત તો સાચવવો જ જોઈએ. મહામુશ્કેલીએ એક વાણિયણે એને પોતાની ઘંટીએ ચણા ભરડવાની પરવાનગી આપી અને અધવચમાં ક્યાંકથી ય મોટરનું ભૂંગળું બોલ્યું.

'આ આમ ને આમ રહેવા દેજો હો. હું આ આવી હમણાં ?'

'કેમ, એવું મોટરનું શું કામ છે તે ?'

'એ શું બોલ્યાં ? મારી બા આવે અને મને દેખે નહિ તો આગળ ન ચાલી જાય ?'

'આ મોટી 'બા'વાળી !'

પાછી આવીને જુએ છે તો વાણિયણ પોતાની ઘંટી ઘરમાં મૂકી દઈને કમાડ વાસીને ક્યાંક ચાલી ગયેલી અને ઓસરીમાં પડી રહેલી દાળ એક હરાઈ ગાય નિરાંતે ખાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. પણ ચણાની સૂંડલી ગોખમાં મૂકેલી તે લઈને 'કંઈ નહિ,' કહીને હીલ્લી ચાલી ગઈ. ગમે તે થાય પણ કાંઈ 'મોટરનો ટેમ' ચુકાય! મોટર જ જાણે મા ન હોય!

મંદિરમાં કોઈ વાર હીલ્લી 'આ–આ'ની એવી બુમરાણ મચાવી દેતી, કે કોઈ બાવાજી પાસે બેસવા આવેલું માણસ ત્રાસી ઊઠતું અને કહેતું કે 'આ છોકરીને કોઈ કુટુંબમાં આપી દો ને, બાવાજી!

'આપ લે જાઓ! ઘરકી લડકી સમજના!'

'હું તો, બાવાજી, ગરીબ માણસ છું. આપ અપંગ જેવા છો એથી કોઈ સદ્ધર કુટુંબમાં સોંપી દેવા કહું છું.'

'સબ સાલે....કુછ નહીં–કુછ નહીં. આયા સમજમેં?' એમણે વચન વાળી લીધું.

'શું બાવાજી? પેલાએ નરમાશથી પૂછ્યું.

'મેં વો કહું સું કિ સઉ લોગ મને ઐસો કહે સે. લેકિન અપની લડકી ગિનકે રખનેકો તિયાર નથી, અચ્છા!'

એક વાર રાતે બાદરે જ કહ્યું: 'પણ વાણિયા–બ્રાહ્મણનું ફરજન તે અમારે પટેલને ત્યાં–અમારાથી એને શી રીતે રખાય? બાકી અહીં એનું પોષણ થવામાં વાંધો નહિ આવવા દઈએ!'

એનો પહેલાંનો કટાક્ષ અને પાછળની મહેરબાની બન્ને બાવાજીને રુચ્યાં નહિ. એમણે ચીપિયો ધૂણીની કિનાર પર પછાડીને કહ્યું:

'વો હિ સે ને!' અને ગમ ખાઈ જઈને કહ્યું: 'ઠીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સે. જૈસી આયી, વૈસી જાયગી....આયા સમજમેં ?'

કોકવાર તો હીલ્લી પણ આવી ચર્ચાઓ સાંભળવા પામતી અને એને એમાં ક્યાં ય બા નામની જીવતીજાગતી હાજરાહજૂર વ્યક્તિનો પત્તો લાગતો નહિ. બાવાજીને બહુ છંછેડતી ત્યારે બાવાજી પહેલાં તો ખોટું ખોટું ચિડાતા ને એને પટાવતા, પણ પાછળથી ધીમે ધીમે સાચેસાચ પણ કોઈ કોઈવાર ચિડાવા લાગ્યા અને બારણા સુધી પાછળ પડીને એને ભગાડતા. એને કોઈવાર ગાંડી પણ કહેતા.

ગામની એક ગોઠણ મોંઘીની બા મુંબઈથી આવવાની હતી. એ દિવસે હીલ્લી ને મોંઘી મોટરના 'ટેમ' પહેલાં ક્યારનાં ય ઓટલે ઊભાં હતાં.

'આજ તો મારી બા આવવાની જ છે.'

'જા, જા ! રોજ તું તો એવું કહે છે.' મોંઘીએ સહેજ મોઢું બગાડ્યું.

'જોજે હોં !'

'હા, હા. બા તો મારી આવશે, તે તું જોજે !'

'જોજે હો, મોંઘી, પછી મારી બા પાસેથી તને કંઈ નહિ આપવા દઉં, હો !' હીલ્લી ખડખડ હસી.

'એમ ? નહિ આપવા દે ? તારી બા આવવાની જ નથી આજે !'

'આજે નહિ તો કાલે આવશે.'

'કાલ બપોરે પણ નહિ આવે,' મોંઘીએ છણકો કરીને કહ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બપોરે નહિ તો સવારે આવશે,' હીલ્લીએ વિજય-પૂર્વક કહ્યું.

'સવારે નહિ આવે, કહું છું, ગાંડી!'

'સવારે નહિ તો બપોરે આવશે, તું ગાંડી, તું ગાંડી!' અને બન્ને સામસામા હાથ ઉછાળતી વઢતી હોય એમ ધુમ-રાણ મચાવવા લાગી ગઈ.

સાંજે મોડેથી મોંઘી એની બાનો પાલવ ઝાલીને મંદિર-માં આવી, અને બાએ કહ્યું એમ પહેલાં અંબામાને ને પછી બાવાજીને પગે પડી. મોંઘી પર એના જનમ પહેલાંથી જ અંબામાના આશીર્વાદ ઊતર્યા હતા. નાની બચકી છોડીને મોંઘીની માએ હીલ્લીને પાસે બોલાવી નાનીનાની રંગીન બંગડીઓ પહેરાવવા માંડી. મોંઘી ઊછળી: 'એને શેની બંગડીઓ આલે છે? એની બા આવી હોત તો એ મને કંઈ પણ આલવા દેવાની ન'તી. લઈ લે, નવી બંગડી ને બધું ય.' ને બચકી ખોલીને બોલી: 'પાછાં હીલ્લીબાઈ માટે ઓઢણી પણ લાવ્યાં છે ને! એની બા આવી હોત તો એ મને કપાળની ટીલડી ય ન આપવા દેત, ઓઢણીને બદલે ડામ દો ડામ!' અને એણે હીલ્લી સામે અંગૂઠો કર્યો ને એની બાને ખેંચવા લાગી.

'લે રહેવા દે હવે, ડાહી! અંબામા તારા પર રિસાશે, હો!'

'ઓઢણી ને બંગડી આપણે ઘેર લઈ લે છે કે નહિ?'

'પણ આ તો હીલ્લીનાં છે તો; આપણે ઘેર ન લઈ જવાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હીલ્લીનાં ક્યાંથી આવ્યાં? લઈ લે ચેર! હા!'

મુઝાઈને એની બાએ રસ્તો કાઢ્યો: 'હીલ્લીની બાએ મુંબઈથી મોકલ્યાં છે, એને સારુ હવે તો રહેવા દઈશ ને?'

હીલ્લી અત્યાર લગી ચૂપ બેઠી હતી તે ઊછળી પડી: 'લે, લેતી જા! જો આવી ઓઢણી તારી કને છે ખરી? બાએ બંગડીઓ પણ કેવી મોકલી છે!' અને મોંઘીની બાને તો એણે કેટલાય સવાલો પૂછ્યા હશે. 'બા ક્યારે આવશે? શું કરે છે?....હું અહીં મોટર પર વાટ જોઉં છું એની એને ખબર છે?....'

હવે એના મનમાં નક્કી જ થઈ ગયું. સૌની 'બા'ઓ મુંબઈથી આવતી હતી, અને એમ મારી બા પણ આવશે એમ એણે પણ માન્યું. એણે ઘણા દિવસ પછી એક સવારે વહેલા જાગીને બાવાજીને કહ્યુ:

'ઊઠો ને બાવાજી!'

'ક્યું?'

'મોટર આવી જશે ને હમણાં!'

'ક્યા હૈ મોટર કા?'

'મુંબઈ જવું છે ને આપણે! તમે જ કહેતા 'તા ને?

'મુંબઈ ક્યું જાનેકા?'

'બા કને.'

'દીવાની!' કહીને તે હસી પડ્યા. 'સો જા! સો જા! લડકી!'

'તમે જ હમણાં કહેતા 'તા ને?' હીલ્લી ગળગળી થઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સપના હોગા, હીલ્લી?....આયા સમજમેં?'

બાવાજીને માટે આ છોકરી આફત જેવી થતી જતી હતી. બીજું બધું પોષાય, પણ ગામની છોકરીઓને હોય તેટલું બધું એને બાવાજી ક્યાંથી લાવી આપે?

એક બપોરે હીલ્લી નાની નાની ગોઠણો જોડે સોગઠે રમતી હતી અને ઓચિંતી બધામાં વઢવાડ થઈ. હીલ્લી વધારે વાર જીતતી હતી એટલે કે આગલા દિવસના કશા કારણે બધાં ચડભડી પડ્યાં. સામસામાં સોગઠાં પણ ફેંક્યાં. એમાં કોઈકને હાથે સુખલીના કપાળમાં સોગઠાની ચોટ લાગી ગઈ, અને લોહી દદડતે માથે રડતી રડતી સુખલી એની બાને બોલાવી લાવી. નાસભાગ કરતી છોડીઓને એણે રોકી અને ઊધડી લીધી. સૌએ પહેલાં લલુડીનો વાંક કાઢ્યો ને સુખલીની બા એને ભાંડવા લાગી, પણ એટલામાં લલુડીની બા આવી ને પોતાની દીકરીને ઊંચકી લઈને ચાલી ગઈ. ઉપરથી બધાંને થોડુંક સંભળાવતી પણ ગઈ. બીજી છોડીઓને સુખલીની બાએ ધમકાવવા માંડી. એમણે હીલ્લીના ઉપર ઢોળી પાડ્યું અને સુખલીએ પણ એમાં રોતાં રોતાં સૂર પૂર્યો. હીલ્લીનું આવી બન્યું. સુખલીની બાએ એને જે શબ્દો કહ્યા એ તો બધા એનાથી પૂરા સમજાય એમ પણ હતું નહિ, પણ જે ચૂંટીઓ ખણી, થપાટો લગાવી, ઠોંસા માર્યા એ બધા એને સોંસરા સમજાવા લાગ્યા. અને બાવાજી પાસે જઈ પોતાને સંભળાવેલા અપશબ્દો એણે કહી બતાવ્યા નહિ, પણ લમણા ઉપર ઊઠેલી આંગળીઓ, કમ્મરમાં બાઝેલા લોહીના ટશિયા બધું બતાવ્યું અને 'બા!' 'બા!' કરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રડવા લાગી. 'લલુડીને પહેલાં તો મારતી હતી, પણ એની બા આવીને એને લઈ ગઈ પછી શેની મારે?' અને તે પોતાની બાની ગેરહાજરીથી બળી જતી હોય એમ 'બા!' 'બા!' કરવા માંડી.

બાવાજીથી આ કરુણતા સહી ન ગઈ. એક તો એમને એમ પણ થયું કે છોકરીનો વાંક હશે ને મારી હશે; છતાં મારેલાંનું કંઈ થઈ શકે. કાલ જઈને મારનારને બે શબ્દ કહી અવાય. બીજું કોઈ ન મારે એનો બંદોબસ્ત રખાય; પણ આવી દરેક બાબત જો આમ બા–બાની બૂમમાં જ પરિણમવાની હોય તો તો કંઈ સૂઝે જ નહિ ને?'

હીલ્લીએ બુમરાણ મચાવી મૂક્યું: 'બા! બા! મને લોકોની બાઓ મારે છે!'

બાવાજીથી સહન થઈ શક્યું નહિ: 'જા ઇધરસે. તેરી બાકે પાસ જા!'

'ક્યાં જઉં....? બા, બા!'

'કિધર? બમ્બઈ જા! ચલ જા ઇધરસે!'

'બા, બા! બાવાજી મારે છે. લોકોની બાઓ મારે છે!' બૂમો પાડતી તે મંદિરની બહાર નીકળી.

બાવાજી બોલ્યા: 'દીવાની હો ગઈ સે....ક્યા કરના?.... ઘંટે દો ઘંટેમેં ડાહી હો જાયગી....' અને પડખે થઈને બોલ્યા: 'ક્યા કરના?....આયા સમજમેં?' પડ્યા પડ્યા એમણે કંટાળાનું એક લાંબું બગાસું ખાધું.

સાંજ થઈ ગઈ હતી, છતાં મોટર કેમ આવી નહિ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરને પેલે ખૂણે ઓઢણીથી આંખો લૂછતી હીલ્લી બેસી રહી. પછી રસ્તા પરના મોટરના બન્ને ચીલા પર આંખો ગોઠવીને એણે ઘણી વાર સુધી તાક્યા કર્યું. અંધારું થવા આવ્યું. આજ તો બા ગમે ત્યાંથી ય આવવાની જ. અને જો મોટર રસ્તે ભાંગી પડે તો બીજું શું થાય? વધારે અંધારું થયું. બા ચાલતી આવે તો ય અજવાળા વગર એને રસ્તો શેનો જડે? બાવાજી પાસે જઈને ફાનસ માગી આણ્યું હોય તો? પણ બાવાજીની તો બા આવે ત્યારે ખબર લેવાની છે! અંધારું ઊતરીને બધું ધરતી પર ખડકાતું હોય એમ લાગ્યું. પેલું સામે ઝાડ દેખાતું હતું તે હવે પૂરેપૂરું વરતાતું નથી. માત્ર પેલી આકાશ તળેની ટેકરીઓ એટલી બધી મોટી છે કે અંધારાનું ત્યાં કશું ફાવતું નથી. હવે શું થશે?....

હીલ્લી સફાળી ઝબકી ઊઠી. આંખો ચોળીને એણે ચોમેર જોયું ને ક્યાં છે તેની ખાતરી કરી, અને ઓટલાની ધારે ધારે તે મંદિરના બારણા લગી આવી અને એક પગ ઉંબરમાં મૂકીને બીજો ઉપાડવા જાય છે ત્યાં એને અવાજનો અણસારો આવ્યો. કાન આડી હથેળી ગોઠવીને સાંભળવા કર્યું....કંઈ નહિ!....નીચે ઊતરી ઓટલા પર કાન મૂક્યો....કંઈક!....

મોટરને ચીલે ચીલે તે દોડી. થોડી વાર કશું સંભળાયું નહિ, પણ પછી બરોબર મોટરનો અવાજ સંભળાયો. થોડુંક દોડી ત્યાં તો દૂરથી અજવાળું પોતાના પગમાં આવતું પડ્યું. લાંબા, ગળી જવા કરતા અજગર જેવા મોટરના બેય ચીલા પ્રકાશ પડવાથી બદલાતાં છાયા–તેજને લીધે સળવળતા લાગ્યા. અજવાળાને લીધે કેટલાક રજકણો ચળક ચળક થતા હતા, હીલ્લી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે હાથ પહોળા કરીને દોડતી હતી. એની પાછળ પણ અજ-વાળું પહોંચી જતું એને દેખાયું....હીલ્લી, બાજુ ખસી જા ને!.... પણ એ દોડે છે ને એના પગ વચ્ચે થઈ ને અજવાળું પેલી મેર ચાલ્યું જાય છે. મોટર પણ એમ છટકી જશે તો? વચ્ચે મોટરે દિશા બદલતો એક વળાંક લીધો. બધી સૃષ્ટિ અંધારામાં ઓગળી ગઈ. અજવાળું તો એ પેલું દેખાય, મોટર તો એ પેલી ગઈ, ગઈ! ગઈ!!....વળાંક વટાવીને સીધે રસ્તે આવતી મોટરે અંધારામાં સીધી દોડી જતી એક આકૃતિને એક બાજુ ઉછાળીને વધુ અંધારામાં ફેંકી. કંઈક પછડાટ થયો, કોઈ બેસારુઓએ સાંભળ્યો. મોટર થંભી અને પાછળ ફરીને અજવાળું નાખ્યું. કેટલાંક બેસારુઓ નીચે ઊતરી પડ્યાં. ધૂળમાં પડેલી એક છોકરી મોટરના દીવાઓ સામે ફાટી આંખે તાકી રહી હતી. એક બાઈ હીલ્લીનાં લૂગડાં સમાં કરવા લાગી. હીલ્લીએ એનો હાથ ઝાલી લીધો: 'બા! બા! મને લોકોની બાઓ મા....રે છે....!'

બાવાજીને બહુ રીસ ચડી હતી. સૌ કરતાં વિશેષ તો પોતાની ઉપર. પોતાની જ કસૂરથી હીલ્લી મંદિરમાંથી નાઠી હતી અને પોતાની જ બેપરવાઈમાં હીલ્લીના પગને ઈજા પહોંચી હતી. ડાબા પગનાં આંગળાંનો કૂચો થઈ ગયો હતો.... આટલી સારવાર પછી પણ ચાલવા જાય છે તો એને આખે શરીરે આંચકા લાગે છે....બાવાજીએ ફરીથી પાછી પોતાની મમતાની ધૂણીની કજળી જતી આગને સંકોરી અને હીલ્લીને અપૂર્વ પ્રેમથી પાળવા લાગ્યા.

એક ઉનાળુ સવારે, હીલ્લી હજુ રાયણ વીણીને પાછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી નહોતી ને ધૂણી આસપાસ જગો સુતાર વગેરે મંડળી બેઠી બેઠી કામે જતાં પહેલાં વાતે વળગી હતી.

'ત્યારે હવે કંઈક જોગ જોઈને એને પરણાવી દો! તમે ક્યાં લગી એને વળગી રહેશો?'

'હા!' બાવાજીએ માત્ર ઊંકારો જ પૂર્યો.

'જુઓ ને, તમારો દેહ પણ હખરવખર થઈ ગયો છે. હીલ્લીના લાભ ખાતર પણ એને ક્યાંક....' બીજો બોલતો હતો એને વચ્ચેથી જ બાવાજીએ રોકીને કહ્યું:

'ઉસકી મરજીમેં આયગા તબ વો અપને આપ સબ કુછ કર લેંગી. મેં કુછ નહિ બોલુંગા....કૈસી ડાહી લડકી હૈ! ઉસકો મેં ક્યા કહેનેવાલા!'

જગાને કોકવાર બાવાજી પર આથી રીસ પણ ચડતી.

હીલ્લી ઘણું કામ કરતી. એનાથી પગે બરોબર ઝડપથી ચલાતું નહિ, પણ ખેતરનું, ખાંડવા-દળવાનું એવું કામ એને બહુ સહેલું લાગતું. બાવાજી માળખો થઈને મંદિરમાં ધૂણી પાસે પડ્યા રહેતા. હીલ્લી એમની સેવાચાકરી બરોબર કાળજીથી કરતી. લોટ માગવા જવાને બદલે મજૂરી કરી આવતી.

એક વરસે ગામને પાધર કોઈ પૈસાવાળાએ ધર્મશાળા બંધાવવાનું શરૂ કર્યું. બધાંની સાથે હીલ્લી પણ મજૂરીને કામે ચડી. બહુ ચાલવું ન પડે એવું કામ એણે લીધું. પણ એક વાર એવું કામ લીધા પછી એમાં એની ચીવટ તરી આવતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિયાળાની ટાઢમાં પણ સવારે બીજાં મજૂરો પાણી લાવી લાવીને માટીના ગારામાં રેડે તેને બરાબર પાવડા વતી પલાળવાનું કામ હીલ્લી કરતી અને આખો દિવસ તૈયાર ગારામાંથી તગારાં ભરી ભરીને બીજી મજૂરણોને માથે ચડાવતી.

મકાનનું કામ ઠેઠ પહોંચવા આવ્યું હતું, એવામાં એક વાર હીલ્લી ગારામાં ઊભી હતી અને માથે ઈંટો વહેનારો એક મજૂર છોકરડો ગારા પાસે થોડું થોભ્યો. પાસેના ગામ-માંથી આવીને એ મજૂરી કરતો હતો. હીલ્લીએ એને જુદાં જુદાં કામોમાં સારી હોશિયારી બતાવતો પારખ્યો હતો. ગારા પાસે થઈને પસાર થતાં કોકવાર પોતાની ભણી એ જુએ છે એ ય એણે વરતી લીધું હતું.

'જા! જા! સીધો હીંડ્યો જા. માથેથી ઈંટો પડી જશે, આભલામાં જોવા જઈશ તો!'

'છો પડી જતી, એટલી વાર ખોટી થવાશે.'

અને ખરેખર એને માથેથી બે ઈંટો ખરી પડી.

'જરી ચડાવી દે ને!'

'હું શેની ચડાવું?'

'તો આખો જન્મારો મારું કામ શી રીતે કરીશ?' એ હસી પડ્યો.

'હવે ગાંડો ન થા! મને ખોડંગાતીને શું કરીશ?' હીલ્લીએ ઈંટો ચડાવતાં કહ્યું.

'જો ને, ગારામાં તારા પગ ડૂબેલા હોય છે તો ય તું કેવી રૂપાળી લાગે છે?' ધીરેથી કહેતોકને, કોઈ ધમકાવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પહેલાં એ ચાલ્યો ગયો.

એની પાછળ હીલ્લીએ નાનો સરખો ઉદ્ગાર કાઢ્યા : ‘ખરી વાત છે !!’

જે વાતની એને ખબર ન હતી તે એ પોતે સમજી ગઈ, અને એક સારે દિવસે બાવાજીના આશીર્વાદ પામી હીલ્લી પડખેને ગામ ધનાને ઘેર રહેવા ગઈ. જગો સુતાર હમણાં અરધુંપરધું કામ કરતો અને બાકીનો વખત બાવાજી સાથે મંદિરમાં પડ્યો રહેતો.

બેએક વરસે એક સુંદર સવારે હીલ્લી ને ધનો આવીને બાવાજીને પગે પડ્યાં. ધનાએ બાવાજીના ખોળામાં એક નાની બાળકી મૂકી. બાવાજી વારાફરતી હીલ્લી અને નાની બાળકીના મોઢા તરફ જોતા હતા.

‘દેખ જગા સુતાર, બરાબર હીલ્લી હી સે ને ? ઇસકી માકા પાઉં તો અચ્છા ભી નહીં સે, લેકિન ઇસકા કૈસા–જૈસા હીલ્લીકા થા ઐસા સે ?....રામ રખનેવાલા સે, ભાઈ, મેરી હીલ્લીકા પાંઉકો મોટર ક્યા કર સકતી ?’ અને હીલ્લીની તરફ જોઈ બોલ્યા :

‘અબ તેરા નામ ઇસકો દે દે. તેરા નામ હીરબાઈ અગર દૂસરા કૂછ કર દે ! ક્યોં નહીં, જગા સુતાર ! હીલ્લી તો યહ છોટી લડકીકા નામ સે. તું અબ મત રખ !.... આયા સમજમેં ?’ અને હીરબાઈને એની હીલ્લી આપીને જાણે પોતાના મન સાથે બોલ્યા : ‘મેં તો કભીસે કહેતા થા, કિ તું હી તેરી મા સે !’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીલ્લીને પાછાં ઘેર જતાં ક્યારે ઘરના ખૂણામાં પહોંચી જાઉં, એમ આખી વાટે થતું હતું. રખે ને એનો આનંદ કોઈ પરખી જાય. એને પોતાનું બાળપણ સાંભરી આવ્યું. બાળપણની બા સાંભરી આવી, બાળપણમાં પોતે આ નાની છોડી જેવી જ હશે ? અને એને પોતાના જેવી જ બા હશે ?

ઘેર પહોંચી જઈને નાની બાળકીને એ ઉછાળવા માંડી. બચ્ચીઓ લેવા માંડી. માથે હાથ ફેરવી પંપાળવા લાગી. મા જેટલી રીતે બતાવી શકે તેટલી રીતે નાની 'હીલ્લી' પ્રત્યે પ્રેમ દર્શાવવા લાગી. 'હીલ્લી'–એકલવાયી નમાઈ 'હીલ્લી' ઉપર તેણે અપાર હેત વરસાવવા માંડયું, અને જાણે પોતાને નાનપણમાં બા હતી એમ એને ભાસવા લાગ્યું; વાત્સલ્યપ્રેમ વરસાવતાં જાણે એને પોતાને માતાનો પ્રેમ ક્યાંકથી પોતા પર વરસતો હોય એમ લાગ્યું.

ઘેલી બની જઈને તે નાની 'હીલ્લી'ને લઈને નાચવા મંડી પડી:

હીલ્લી છે નાનેરું બાળ !
હીલ્લી નાની ચંબેલી રે !
હીલ્લી નાની ચંબેલી રે !

દોડી જતી મોટરનો અવાજ સંભળાયો કે પછી એવો અણસારો આવ્યો અને નાની હીલ્લીને હૈયે ચાંપીને એણે ગાયા જ કર્યું :

હીલ્લી નાની ચંબેલી રે !
હીલ્લી નાની ચંબેલી રે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિદીક્ષા

લે૦ કરસનદાસ માણેક

'મારું માનો તો ચૂપચાપ એ વિદ્યાર્થીઓને રવાના જ કરી દો: અત્યારે બોર્ડનું વલણ જરા જલદ છે અને વાત નાહક વધી પડશે. નવી ચૂંટણીઓ થશે અને નવું બોર્ડ આવશે ત્યારે વળી કરજો ને તમારે કરવું હોય તે, પણ હાલ આ એક નાનકડી વાતને ચોળીને ચીકણી કરવા જેવું નથી.'

'નાનકડી વાતને! અંત્યજોને માટે શિક્ષણ–સંસ્થાઓનાં દ્વાર બંધ થઈ જાય એ તમારે મન નાનકડી વાત છે! ત્યારે તો કૈંક કરવા જેવડી મોટી વાત આ જીવતે જીવ કદી આવવાની જ નથી!'

'હું ક્યાં એમ કહું છું, સાહેબ! પરંતુ બોર્ડે ઠરાવ કરી નાખ્યો છે....અને બોર્ડ માલિક છે! કાલે ઠરાવનો અમલ નહિ થાય તો....'

'નહિ થાય તો શું? મારે રાજીનામું આપવું પડશે, એ જ કે બીજું કૈં?'

'એ શું ઓછું છે? ભાઈસાહેબ, મેં તમારા કરતાં પંદર વર્ષ વધારે કાઢ્યાં છે. આ સંસ્થામાં કંઈક આવ્યા ને કંઈક ગયાં! બોર્ડો બદલાયાં....આચાર્યો બદલાયા....'

'પણ તમે એના એ જ છો, એમ ને?'

'એક રીતે છું....અને બીજી રીતે નથી. હું યે એક દિવસ ત્રીસ વર્ષનો હતો....ના, મારે ત્રીસને બદલે પચીસ કહેવાં જોઈએ! મારી આદર્શ–ઘેલછા પચીસ સાલ પૂગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ટિચાઈને શીખ્યો કે દુનિયામાં આદર્શ સિવાય બીજી પણ એક વસ્તુ છે....અને તે વસ્તુ એટલી લાડકડી, માનમોંઘી છે કે એની અનન્ય ઉપાસના કર્યા વગર એ મળતી જ નથી! આદર્શ વાટ જોઈને ઊભો રહેશે....આપણી સગવડ સાચવશે, પરંતુ સંસાર કોઈની સગવડ સાચવતો નથી, સાહેબ!'

'તમે ફિલોસોફીના ગ્રેજ્યુએટ છો, ખરું ને?'

'હતો, એક દિવસ હતો! અત્યારે તો હું Getting onનો ગ્રેજ્યુએટ છું; અને સાથે સાથે આદર્શની પણ યથાશક્તિ ઉપાસના કદી કદી કરતો રહું છું, પણ મારી આ વાત માનો; હું કેવળ તમારે ખાતર જ નથી કહેતો. આ બે વર્ષમાં તમારી સાથે હૃદય ખોલીને મેં કદી યે વાત નથી કરી....મને ટેવ નથી. પરંતુ આજ મારે કહેવું પડે છે કે આ સંસ્થાને તમારા જેવા શક્તિવંત પ્રિન્સિપાલ બીજા ભાગ્યે જ મળશે. વેપારીઓની પાસેથી સહેજ કામ કઢાવતાં શીખી જશો....તો એ લોકોના જેવા પાંસરાદોર બીજા કોઈ નથી. એમની પાસેથી કામ લેવામાં જરાક વધુ ધીરજ રાખીએ....'

'એટલે એમની ગતિએ ચાલીએ, એમ જ ને?....ભવિષ્યને પણ જો ભૂતકાળની ગતિએ ચલાવવું હોય તો શિક્ષણ-સંસ્થાઓની જરૂર શી છે, એ હું નથી સમજતો....'

'એ સમજશો, ભવિષ્યને ભૂતકાળના કરતાં ઓછા વેગથી ચાલતું જોશો ત્યારે! તમે રાજીનામું આપશો તેથી કૈં થયું ન થયું થનાર નથી. તમારે ઠેકાણે બીજો કોઈ એમ. એ.; બી. ટી.; આવશે....અને રગશિયું રહ્યા કરશે! ગયાં બે વરસમાં જે કૈં ભાંગ્યાતૂટ્યા સુધારા દાખલ કરાવી શકયા છીએ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ય ઊલટાના ભુસાઈ જશે.'

'તમે વકીલ થયા હોત તો....'

'તો 'માસ્તર' ન થાત....અથવા તો બોર્ડમાં હોત! બીજું શું? પણ, સાહેબ હસવાનો આ વખત નથી. મારી આટલી વાત માનો હો....સંસ્થાનાં પાણી નાહક ડોળાશે!'

'જુઓ મિ. ભટ્ટ, મારા પ્રત્યેની આ શુભનિષ્ઠા માટે તમારો ઉપકાર માનું છું, પણ ખરું પૂછો તો હું પોતે જ દ્વિધામાં છું! સમજાતું નથી કે પાણી શી રીતે ડોળાશે. મારા રહેવાથી કે મારા જવાથી! તમે વડીલ છો એટલે કહું છું, કે સમજાશે તોપણ એ સમજ પ્રમાણે વર્તવાની શક્તિ હવે મારામાં રહી છે કે નથી રહી તે ય હું નથી જાણતો. જાઓ, પણ આજ રાતે હું વિચાર કરી જોઈશ.... સાહેબજી!'

*

મુખ્ય અધ્યાપક ભટ્ટની રજા લઈને સનાતન ધર્મ હાઈસ્કૂલનો યુવાન પ્રિન્સિપાલ રજનીકર પંડિત નિશાળમાંથી બહાર નીકળ્યો.

બોર્ડની સભા દશેક મિનિટ પહેલાં પૂરી થઈ હતી અને નિશાળમાંથી ગમે તે ભોગે અંત્યજ વિદ્યાર્થીઓને કાઢી મૂકવાનો ઠરાવ પાંચ વિરુદ્ધ બે મતે પસાર થયો હતો. એ ઠરાવને ઉડાવી દેવડાવવા, રજનીએ બોર્ડના સભ્યોનાં ઘરોના પહેલા કદી ન જોયેલ એવા ઊમરા આઠ આઠ દિવસ સુધી ઘસ્યા હતા. શાસ્ત્રની ઝીણવટભરી મીમાંસા વેપારીઓના વ્યવહાર–જડ કાન સુધી જબરદસ્તીથી પહોંચાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. ગાંધીજીના વિચારોની સવિસ્તર સમાલોચના કરીને એમનાં હૃદયોમાં રાષ્ટ્રપ્રેમ, જાતિપ્રેમ, માનવપ્રેમ પ્રેરવાના નિષ્ફળ પ્રયત્નો કરવામાં સહેજ પણ મણા નહોતી રાખી.

પરંતુ બોર્ડના સભ્યો કહેતા'તા તે પ્રમાણે આ બાબત 'ધર્મ'ની હતી. 'धर्मो रक्षति रक्षितः! 'માસ્તર'ના અત્યાર સુધીના બધા ઉકળાટો અમે આંખ આડા કાન કરીને સાંખી લીધા, પરંતુ હવે એમણે 'ધર્મ'ની બાબતમાં હાથ નાખ્યો, એટલે લાચાર!'

*

રજની શહેર બહાર એક નાનકડા બંગલામાં ભાડેથી રહેતો હતો. નિશાળથી લગભગ અઢીક માઈલ દૂર હશે. દરરોજ તો તે કોઈ વિકટોરિયા ભાડે કરી લેતો અથવા તો ટ્રામમાં બેસી જતો, પરંતુ આજે વિચાર કરવા માટે તેણે ચાલતા જવાનો નિશ્ચય કર્યો અને એને માટે પણ હમેશનો ટૂંકામાં ટૂંકો રસ્તો છોડીને એક બીજો લાંબો નિર્જન રસ્તો, દરિયાને કાંઠે કાંઠે થઈને તેના બંગલા સુધી જતો હતો તે, લીધો.

અંતર લગભગ બમણું હતું. પણ ત્યાંની શીતળ નિર્જનતામાં અને સાગરના એકધારા સંગીતમાં ઊંડા વિચારને અનુરૂપ વાતાવરણ હતું. નાનપણથી આ રસ્તે ફરવા આવવાની તેને ટેવ હતી. એટલે એની આસપાસ એક પરિચિત અને પ્રિય સંસ્કારસૃષ્ટિ પણ હતી. એટલી ધરતીમાં જાણે કંઈક સાત્ત્વિકતા હતી—તેને મન.

'બરાબર, બોર્ડે ઠરાવ કરી નાખ્યો છે!.... અને બોર્ડ માલિક છે! હું તો માત્ર પગારદાર નોકર! ઢેડભંગીઓનાં ભેળાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈષ્ણવોનાં છોકરાં કાંઈ ભણે ! પૃથ્વી રસાતળ જ જાય ને!....'

'બોર્ડનો ઠરાવ થઈ ચૂક્યો છે....મારે એમને કાલ સવારે લીવિંગ સર્ટિફિકેટ પકડાવી ને તગડી કાઢવા પડશે.... મારે! મારે જ હાથે!!'

*

પોતાની જિંદગીનાં છેલ્લાં દશ વરસના બનાવો સિનેમાની ફિલ્મ પેઠે તેના મનઃચક્ષુ સામે થઈને ઝપાટાબંધ પસાર થવા લાગ્યા.

તે પ્રથમ વર્ગમાં બી. એ. પાસ થયો. કૉલેજમાં સાહિત્યનો 'લેક્ચરર' નિમાયો. પ્રૉફેસરો અને પ્રિન્સિપાલ સુદ્ધાંને અદેખાઈ આવે એવો અને એટલો વિદ્યાર્થીઓ ઉપર એનો પ્રભાવ હતો. એની છટાદાર વાગ્ધારા જ્યારે છૂટતી, ત્યારે પવનની લહરના ઘસારા નીચે લીલાં તૃણ ડોલતાં ડોલતાં નમે તેમ શ્રોતાઓનાં હૃદયો ડોલતાં ડોલતાં નમી રહેતાં! તે ચાલતો હોય ત્યારે તરતો લાગતો; દોડતો ત્યારે ઊડતો લાગતો અને બોલતો હોય ત્યારે સંગીત છેડતો હોય એવો દેખાતો....એક, અજેય, અવિભક્ત, સુશક્ત, ભારતની પ્રતિમા તેના હૃદયની પ્રાણેશ્વરી હતી!

અને એક પ્રભાતે તેણે પોતાની એ પ્રાણેશ્વરીનો સાદ સાંભળ્યો. સ્વાધીનતાના યુદ્ધનો રણથંભ રોપાઈ ચૂક્યો હતો.... અને તે જ બપોરે, તે પોતાનું રાજીનામું કૉલેજના પ્રિન્સિપાલના હાથમાં મૂકી આવ્યો.....

એ ધગધગતી આદર્શનિષ્ઠા, એ ચૈતન્યજોમ, એ પ્રાણપૂર ....શું એ બધું હવે ઓસરવા માંડ્યું હતું?

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તે પછીનાં અઢી વરસ એણે સમ્રાટની જેલમાં ગાળ્યાં હતાં. જેલમાં દરરોજ પ્રભાતે તેની આદર્શનિષ્ઠા ઉપર પ્રેમ અને શ્રદ્ધાનો એક એક ઓપ વધારે ચડતો. એ કોશ ખેંચતો, ચક્કી પીસતો, એ પથ્થરો ભાંગતો....એણે મોં કે મન કદી યે કટાણું નહોતું કર્યું....પણ આજે....

'બોર્ડનો ઠરાવ છે....બોર્ડ માલિક છે'.... તેની આદર્શ-નિષ્ઠાનું યૌવન....

*

પણ તે દિવસની વાત સાવ જુદી હતી! તે એકલો ગોરખ હતો. જે કરે તે પોસાય એમ હતું....

અને આજે તો એને ઊર્મિલાનો ખ્યાલ પણ કરવાનો હતો અને નાનકડા તનુનો પણ!

ઊર્મિલા! એના અંતરના ઊંડાણમાં એ નામનો રણકાર કોઈ તિલસ્માતી મહેલને ઉઘાડવાની ગુપ્ત ચાવી જેવો હતો. 'ઊર્મિલા' કહેતાં એક અલૌકિક સૃષ્ટિમાં પ્રવેશ કર્યા પછી સેંકડો મેનેજિંગ બોર્ડોની પણ એને તમા નહોતી રહેતી!.... ના, નહોતી જ રહેતી!

*

શ્રીમંત માબાપની એ એકની એક પુત્રી ઈન્ટરમાં હતી કે બી. એ. જુનીયરમાં? પહેલવહેલાં એને ક્યાં અને કેવી રીતે જોઈ? હા! ઊર્મિલાને તેનાં કાવ્યો ખૂબ ગમતાં હતાં.

તેનાં કાવ્યો? હા, તે કવિ હતો. ઊર્મિલાને કાવ્યો દ્વારા કવિ તરફ પક્ષપાત થયો. પક્ષપાતમાંથી પ્રેમ જન્મ્યો અને આઈ. સી. એસ. માટે ઈંગ્લાંડ ગયેલ કોઈ એક સાથે માતા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાએ કરેલ વાગ્દાનને તોડી, માબાપનો, સગાંસંબંધીઓનો, નાતજાતનો પ્રચંડ પ્રકોપ વહોરી અકિંચન રજની સાથે તેણે પ્રેમલગ્ન કર્યું....અને તનુ આવ્યો !

કેટકેટલી મુસીબતો એ ત્રણેએ સાથે વેઠેલી ! એનું વહાણ ખરાબે ચઢી ગયું હતું. પાંચ પાંચ વરસ તે ક્યાંનો ક્યાં આથડ્યો, ભટક્યો, ટિચાયો....અને આખરે માંડ ઠેકાણે પડ્યો ત્યાં....

'સંસાર કોઈની સગવડ સાચવતો નથી, આદર્શ વાટ જોઈને ઊભો રહેશે !' તેને મિ. ભટ્ટના શબ્દો યાદ આવ્યા. સંસાર કેવી રીતે કોઈની સગવડ નથી સાચવતો એનો અખતરો તે કરી ચૂક્યો હતો. અને હવે ફરી પણ એ જ.... અંધારામાં ભૂસકો ?

*

તે એમ. એ., બી. ટી. થઈને સુસમૃદ્ધ સનાતન ધર્મ હાઈસ્કૂલનો આચાર્ય નિમાયો, ત્યારે જે સ્વપ્નો એણે સેવ્યાં હતાં, તે બધાં સફળ થવાં તો એક બાજુએ રહ્યાં, પરંતુ ઊલટાનું ત્યારથી તેનું અધઃપતન શરૂ થયું હતું એમ તેને લાગવા માંડ્યું ! સલામતી–ક્ષેમ માટેનાં વલખાંમાંથી જે પ્રકારની ભીરુતા જન્મે છે, તે ધીમે ધીમે તેનામાં છેલ્લાં બે વરસ થયાં છાનીમાની પેસતી હોય, એવી તેને શંકા આવવા માંડી. આ બે વરસમાં શિક્ષણસુધારાની જે જે યોજનાઓને તેણે બોર્ડ પાસે રજૂ કરી હતી, તે બધી બોર્ડની પુરાણી ફાઈલોમાં ઊધઈને હવાલે થવાની વાટ જોતી પડી હતી. છતાં તેણે માથાભારે થઈને કેટલાક સુધારા પોતાની જવાબદારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર જ દાખલ કરી દીધા હતા. બોર્ડને એ રુચતા નહોતા પરંતુ 'માસ્તર' બીજી બધી રીતે ખૂબ સંતોષકારક હોવાથી એ બધાની સામે તેમણે કુશળ વેપારીબુદ્ધિથી આંખ આડા કાન કર્યા હતા, છતાં એમના એ લુચ્ચા મૌનના આછા-પાતળા પડદા સોંસરું એમના અંતરનું ઝેર ચોમેર છંટાયા વિના અને 'માસ્તર'ને કાને પહોંચ્યા વિના રહેતું નહિ! 'સુધરેલ વેદિયો છે!' 'ઢોર છે!' 'એમ માર વગર તે વળી છોકરાં પાંસરાં થતાં હશે કે!'....'માળું અમે ય તે થોડુંઘણું ભણ્યા છીએ, હો!' 'લ્યો, આ વળી અખાડાનું વેન લાગ્યું....! હાડકુંબાડકું ભાંગશે કો'ક છોકરાનું....ત્યારે આંખ ઊઘડશે!' 'ખાદીની વાતો કરવાની એને શી જરૂર!' 'રેંટિયો લઈને બેઠો છે.... પહેલાં રમવા આડે છોકરાંને ફુરસદ નહોતી મળતી અને હવે આ નવો ધંધો ખોળી કાઢ્યો!' 'ધરમનો 'પિરિચડ' કાઢી નાખ્યો!' 'દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર શિખવાડે છે....!'

પરંતુ પરીક્ષાનાં પરીણામો હમેશ ઉત્તમ આવતાં અને વિદ્યાર્થીઓ પ્રસન્ન રહેતા; તેમ જ આ બધા 'ઉધમાતો'-થી સનાતન ધર્મની પીઠ ઉપર ગંભીર ઘા પડતો હોય એમ વેપારીઓને નહોતું લાગતું; એટલે છેવટે 'હશે, ચડતું લોહી છે....જરાક અનુભવ થશે, એટલે ઠરીઠામ થઈ જશે' એવી ખંધી આગાહી ભાખી સૌ એના 'લોહીના ઠરવા'ની વાટ જોઈ રહ્યા હતા....

આખરે આ ગજગ્રાહ તીવ્ર થયો. નિશ્ચય કરવાની ઘડી બની ચૂકી. જીવતું લોહી જેટલી હદ સુધી ઠંડું રહી શકે તેટલી હદ હવે આવી પહોંચી. જીવતા લોહીની વ્યાખ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌની જુદી જુદી; મનેજિંગ બોર્ડની જુદી, આચાર્યની જુદી. મેનેજિંગ બોર્ડને 'સનાતન ધર્મ'ના જીવન વિષે શક પડવા માંડ્યો કે તરત જ તેઓ ચેત્યા; અને લોહીની ઉષ્મા ઓસરી ન જાય એટલા માટે ઠરાવની હવાબંધ શીશીમાં એને પૂરી....આચાર્યના લોહીને જીવવું હોય તો તેને પણ પોતાની ઉષ્મા જાળવ્યે જ છૂટકો!

*

સપ્તાહ પહેલાં બે અંત્યજ બાળકોએ શાળામાં દાખલ થવા માટે અરજી કરી. અંત્યજ બાળકોને દાખલ ન કરી શકાય એવો એકે નિયમ બોર્ડની નિયમાવલીમાં નહોતો. પણ સનાતન ધર્મ હાઈસ્કૂલમાં દાખલ થવાની અરજી કરવાની અધમ ધૃષ્ટતા કયો અંત્યજ કરવાનો હતો? અને કળિયુગને પ્રભાવે એવો કોઈ નીકળી પણ આવે, તો તેને વણિકવૃત્તિથી સમજાવી, પટાવી, ફોસલાવી બલા ટાળી શકાશે એવી શ્રદ્ધાથી એવો નિયમ ન કરવાની ઉદારતા દર્શાવવામાં આવી હતી....

આ વાત રજની પહેલેથી જ નહોતો જાણતો એવું નહોતું. આ વસ્તુસ્થિતિની દાંભિકતા એને સાલતી હતી, પરંતુ અત્યાર સુધી કોઈ અંત્યજ બાળક દાખલ થવા માટે આવેલું જ નહિ, એટલે એના હૃદયનો ડંખ ઝાઝો તીવ્ર ન હતો! કદી કદી ચટકા ભરાતા, પણ તે મીઠા લાગે એવા, પોતાની જાતને માટે અભિમાન ઉપજાવે એવા! અસહ્ય થઈ પડે એવા નહિ!

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંત્યજના એ બાળકો જે દિવસે નિશાળમાં આવ્યા તે દિવસે ધરતીકંપ કેમ ન થયો, શેષનાગને માથેથી પૃથ્વી ઊછળી કેમ ન પડી, જ્વાળામુખી કેમ ન ફાટ્યો અને સનાતન ધર્મ હાઈસ્કૂલના આલીશાન મકાનને ધરતી માતાએ માર્ગ કેમ ન દીધો? અરેરે, સ્કૂલના બાગનું એક પાંદડું સરખું યે કેમ કાળું ન પડી ગયું, તે બોર્ડના ધર્મચુસ્ત શાણા વેપારીઓથી ન સમજાયું! તેઓ પોતે જાપાની કાપડને 'ખાદી' તરીકે બેધડક વેચતા; ગેરહાજર ભાગીદારોના ભાગમાંથી લાગ મળ્યે ભરાય એવડાં બટકાં ભરી જતા, વીમાકંપનીઓને ચોરેધાટે છેતરતા, એજન્ટોની આંખમાં ધૂળ નાખતા, રેલવે પાસેથી ખોટી નુકસાની ભરાવતા. અને એવું એવું ઘણુંયે કરતા છતાં ઉપરના કુદરતી રોષ તેમના ઉપર કદીયે નહોતા વરસ્યા! પણ એ તો સમજાય એવી વાત હતી! લક્ષ્મીનારાયણના અન્નકૂટના ખરડા પ્રસંગે રૂા. ૧૦૧) અંકે એકસો ને એકથી ઓછી રકમનો આંકડો તેમણે કદી ચઢાવ્યો હતો? વળી અનેક બાવા-સાધુ, સદાવ્રત-અખાડા, ધર્મશાળા, બ્રાહ્મણોની કન્યાનાં લગ્નો....કોઈ પણ ખરડા તેમની પેઢીઓ ઉપરથી કદી પણ પાછા ફરતા? સત્યનારાયણની કથા, ચંડીપાઠ, ગૃહશાંતિ વગેરેમાં કોઈ દિવસે પણ તેમણે ક્ષતિ આવવા દીધી હતી? અને વેપારમાં નર્યું સત્ય ન પોસાય એ તો ભગવાને ય ક્યાં નથી જાણતો........

અને આ સનાતન ધર્મ હાઈસ્કૂલની ખોટ પણ તેઓ જ પૂરી કરતા હતા! સ્કૂલમાં રોજ ગાયત્રીજપ અને ગીતા-પારાયણ પાંચસો છોકરાં કરતાં, તેનું કાંઈ નહિ?....જોકે રજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો ત્યાર પછી એ ધર્મકાર્યો પણ મોળાં પડવા માંડ્યાં હતાં....પણ તેનું પાપ તો રજનીને જ માથે....

*

આ તરફ રજનીએ પણ પોતાનો પ્રચાર કરવામાં કાંઈ બાકી તો નહોતી જ રાખી ! શાળાના પાંચસો વિદ્યાર્થીઓની પાંચસો જીભો ઉપર સદૈવ તેની પ્રશંસા રમતી. એ પાંચસોએ તો એ બેના આવવા સામે લગીરે વાંધો નહોતો લીધો; એટલું જ નહિ, પરંતુ ચિરવિખૂટાં આત્મીયજનો ફરી મળતાં હોય એટલા આનંદથી એ બેને વધાવી લીધા હતા.

પરંતુ બુઢ્ઢાઓ ક્યાં ગાંજ્યા જાય એમ હતા ? છોકરાંઓની આવી બેશરમ ધર્મવિખૂટતાથી તેઓ ઊલટાના વધુ ક્રોધે ભરાયા. બોર્ડની સભા માટે 'રિક્વિઝિશન' ગયું, ધર્મસ્તંભોની ખાનગી મંત્રણાઓ થઈ, આ બાબતમાં બોર્ડ ધાર્યું પગલું ન લે તો હાઇસ્કૂલનો ફાળો બંધ કરી છોકરાંને ઉઠાડી લેવાના એક્કા કરાયા. બોર્ડના બેએક 'સુધરેલ' વિચારના સભ્યો ઉપર જાસાચિઠ્ઠીઓ સુદ્ધાં પહોંચી અને परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्‌વાળા શ્લોકનો ઘેરઘેર જાપ શરૂ થઈ ગયો.

અંતે સભા મળી....અને ત્રણ કલાકની ચકચાર પછી, એ બે બાળકોને ચોવીસ કલાકમાં સર્ટિફિકેટ પકડાવી રવાના કરી દેવાનો, સમસ્ત હિંદુ સમાજનાં ધર્મભીરુ હૃદયો જેથી દુભાય એવાં અવિચારી પગલાં લઈ વિદ્યાલયને આવી કટોકટીની હાલતમાં ફરી ન મૂકવાની આચાર્યને 'વિનતિ' કરવાનો અને સાથે જ આચાર્યની શુભ નિષ્ઠા અને સેવાપરાયણતાની સાભાર નોંધ લેવાનો ઠરાવ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોર્ડમાં બેત્રણ તેના સમભાવીઓ પણ હતા. એ ખૂબ ધૂંઆપૂંઆ થયા, પણ ઠરાવ થઈ ગયા પછી તો તેમની પણ એ જ સલાહ હતી કે હાલ તરતને માટે આ ઘૂંટડો ગળી જવો અને ભવિષ્યમાં અનુકૂળતા માટે ધીરે ધીરે સુધારા દાખલ કરવા....મુખ્યાધ્યાપક ભટ્ટની તેના ઉપર ખૂબ મમતા હતી; તેને રજની પર, તે પોતે પણ નહોતો સમજી શકતો. એવું વાત્સલ્ય ઉત્પન્ન થયું હતું. રજનીના જવાથી વિદ્યાલય ઊલટાનું એક ડગલું પાછળ હઠશે અને તેમણે પોતે જ નહોતું કહ્યું? જીવતો નર ભદ્રા પામશે. નવું બોર્ડ કદાચ વધારે અનુકૂળ થશે. પણ હાલનો બોર્ડનો ઠરાવ અમલમાં મૂકવો જ જોઈએ. છેવટની સત્તા તો બોર્ડની પાસે જ રહેવી જોઈએ! Constitutional–બંધારણપૂર્વક અમલ કરવો.... ધીરે ધીરે....

*

'સંસાર કોઈની સગવડ સાચવતો નથી,' રજનીને મિ. ભટ્ટના શબ્દો ફરી યાદ આવ્યા. તે હસ્યો. તેની આંખો સામે, પંદર વરસ પછી તે પોતે કેવો હશે તેની કલ્પના તરવરવા લાગી. શું તે પણ ટિચાઈ ટિચાઈને Getting on-નો ગ્રેજ્યુએટ થઈ ગયો હશે! પંદર વરસ પછી તેની પાસે કોઈ જુવાનિયો આદર્શની વાતો કરશે, ત્યારે તે પણ તેના ઉપર હસશે અને મિ. ભટ્ટની પેઠે તેને 'Moderation! ધીરા, બંધુ ધીરા! હું પણ એક દિવસ તમારા જેવો હતો, એમ કહેશે?....

તેને તેનો તનુ સાંભર્યો, પંદર વર્ષ પછી, તેના તનુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન, શું તે પણ મિ. ભટ્ટ જેવા દેખાશે? તેની આંખોમાંથી તણખા ઝરવા લાગ્યા. તેના ભવાં ભિડાયાં....તેના આદર્શને ભરખી જવા માટે હવામાં જાણે કોઈ ભીષણ શત્રુઓને તાંડવનૃત્ય કરી રહેલ તેણે જોયા, તેની મૂઠીઓ સખત ભિડાઈ....અને એ કાલ્પનિક ચક્ષુઓ સામે વીંઝાઈ!....

To defy power which seems omnipatent! કોણે કહ્યું છે? નહિ, એ બને! એ અંત્યજ બાળકો જશે, તો સાથે હું પણ....

*

પણ ઊર્મિલાનું શું? અને તનુ? અઢીસો રૂપિયા છોડાશે? ઊર્મિલા શું કહેશે?....

પણ ઊર્મિલા શું કહેવાની હતી? તે તો લાખોની મિલકત છોડીને કવિને–આદર્શને–પ્રેમને વરી છે! તેણે તો તેનું કર્તવ્ય કર્યું, તેણે તો પોતાનો ધર્મ બજાવ્યો! એ કયું કાવ્ય હતું ભલા?....

'હવે વિરમવાં કશાં? જીવનમૃત્યુ જંગે ચડયાં!'

*

પણ રૂ. ૪૦) તો બંગલાનું ભાડું છે. રૂ. ૩૦) બે નોકરના અને રૂ. ૫૦) તનુના વિદ્યાભ્યાસ માટે પોતે દર મહિને એક તરફ સૂકતો હતો તે....

રજનીનાં કલ્પનાચક્ષુઓ સામે ભવિષ્યનાં દશ્યો ચિતરાવા લાગ્યાં. વરસો પછી વરસો–મનોહારી સ્વપ્નોમાં બને છે તેમ–સંગીતના સૂરોની પેઠે તેની સામે થઈને વહેવા લાગ્યાં. ઊર્મિલા અને તનુ દૂર દૂરને કોઈ એક પ્રભાતે માનવમેદનીની ભીડથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુંજી રહેલ બારામાં ઊભાં છે. પૂર્વ ક્ષિતિજ ઉપર આશા જેવી સુખદ સુરખી પથરાવા માંડી છે. પશ્ચિમ ક્ષિતિજ ઉપરથી સિદ્ધિવાહિની આગબોટ કિનારા ભણી ઢૂકતી આવે છે. તૂતક ઉપર સેંકડોની ભીડમાં, સુગઠિત સ્નાયુઓ, સુડોળકાય અને વીરોચિત રૂવાબમાં પ્રગટ થતા વ્યક્તિત્વથી તરી આવતા એક જુવાનની બુદ્ધિચકોર આંખો કિનારા ઉપર સર્ચલાઈટની જોડી પેઠે, ઊર્મિલાને અને તેને શોધતી ફરે છે. ત્રણ નયનયુગલો, સ્મિતો અને આંસુઓનાં વળો અને વીજળી વચ્ચે એકબીજામાં રેલાય છે. ભૂંગળું થાય છે, સીડી નંખાય છે. જુવાન તનુ—ડૉ. પંડિત—અરધો દોડતો, અરધો ઊડતો—પોતે ‘ લેકચરર ’ હતો તે વખતે દોડતો તેમ જ—સડસડાટ સીડી ઊતરે છે....

‘ સંસાર કોઈની સગવડ સાચવતો નથી. હાલ તો એ ઠરાવને અમલમાં મૂકયે જ છૂટકો, ’ તે ગણગણ્યો..

કયો ઠરાવ ? કલાક પહેલાં બોર્ડે કર્યો હતો તે કે તનુની બાબતમાં, તનુ આવ્યો ત્યારથી અથવા તે પહેલાં પોતે જે કર્યો હતો અને ઊર્મિલાએ જેને પોષ્યો હતો તે ?

તેને પોતાને જ, તે કયા ઠરાવને અમલમાં મૂકવાની વાત કરતો હતો તે ક્ષણભર ન સમજાયું. એટલું સમજાતાં, તેના હોઠ ઉપર હાસ્યની એક ચમક ઝબકી ગઈ. બન્ને ઠરાવ પરસ્પરજીવી હતા, અન્યોન્યાશ્રયી હતા....

તે બન્ને ઠરાવની વાત કરતો હતો. સૂર્ય આથમતો હતો. સાગરનાં મોજાં તેના આદર્શને પોઢાડવા માટે જાણે હાલરડાં ગાઈ રહ્યાં હતાં !

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની આંખો સામે એક બીજું દૃશ્ય ઝૂલવા માંડયું. હરભમ અને રૂપલો, સપ્તાહ પહેલાં જ્યારે દાખલ થવા આવ્યા, ત્યારે એ દૃશ્ય તેણે જોયું હતું. બન્ને સુંદર બાળકો હતા. નયન અને કમલ, અથવા પ્રસન્ન અને પ્રમોદ જેવાં નામો હોત, તો યે દીપત; નામો તેમનાથી દીપત–એવી સુડોળ, સુવર્ણ આકૃતિઓ હતી! ભેદ માત્ર નામનો જ છે ને! તે અંત્યજ-વાસથી પૂર્ણ પરિચિત હતો. 'લોટરી'માં જેમ હજારો ચીઠી-ઓને સેળભેળ કરી નાખે છે, તેમ એકવાર આખા હિંદુ-સમાજને સેળભેળ કરી નાખી, પછી એ ઢગલામાંથી કુંવારી કન્યાને હાથે ચીઠીઓ ઉપડાવી. પહેલી અંત્યજ અને બીજી ચાર બિન અંત્યજ, એમ ફરીવાર વર્ણવ્યવસ્થા કરવામાં આવે તો ખાસ નજર ખેંચે એવો કોઈ ફેરફાર–અંત્યજવાડાના રહે-વાસીઓના લાભમાં ન જ થાય–એ તે જાણતો હતો! તેથી જ્યારે હરભમ અને રૂપલો હાઈસ્કૂલમાં દાખલ થવા આવ્યા, ત્યારે અંત્યજવાડામાં તેણે કમલ અને નયનને રમતાં જોયા, એકએક ઘરને આંગણે નાનો સરખો સુંદર બાગ અને એક એક બાગમાં તેણે શારદાઓ અને વનલીલાઓને રાસરમણે ચડેલાં જોયાં....

પણ હરભમ અને રૂપલો, કમલ અને નયન થાય, અને તેજી અને રઘડી શારદા અને વનલીલા બને તેની સામે એના બોર્ડને સખત વાંધો હતો! તે શું કરી શકે? वर्णानां ब्राह्मणो गुरुः। હતા....ત્યારે હતા! અત્યારે તો....

તે આચાર્ય હતો પણ સાથે પિતા ય હતો. ઊર્મિલા અને તનુ પ્રત્યે પણ તેની ફરજ....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સંસાર કોઈની સગવડ સાચવતો નથી. બોર્ડ માલિક છે.' તે ફરી ગણગણવા માંડ્યો. 'એટલે Exit રૂપલો અને હરભમ! Exit રૂપલો અને હરભમ!'

ગણગણતાં ગણગણતાં તેનાથી હસી પડાયું.

'કેમ આજે કૈં હસતા હસતા આવો છો?'

પણ તે પોતાની ધૂનમાં જ હતો....

'Exit રૂપલો અને હરભમ!' તેનાથી ફરી બોલી જવાયું.

અને બંગલાના કમાડ પાસે ઊભેલી ઊર્મિલાને જોઈને તે ફરીવાર ખડખડાટ હસી પડ્યો!

ઓટલાની ફરસબંધી ઉપર એક સોફો પડ્યો હતો. તે ઉપર પડતું મૂકતાં તે ફરી બોલ્યો:

'Exit રૂપલો અને હરભમ!'

તનુ રમતમાં મશગૂલ હતો તે અવાજ સાંભળી દોડતો આવ્યો.

'કેમ કૈં નાટક લખવા બેઠા છો કે શું?' ઊર્મિલાએ હસતાં હસતાં પૂછ્યું.

'હા, આખો 'પ્લૉટ' ગોઠવાઈ ગયો છે. માત્ર 'હીરો' (hero)ની શોધમાં છું.'

'તમે પોતે જ શું ખોટા છો?'

'બાપુ, આજે હું નહિ સૂઈ જાઉં હાં, આજે, અગ્નિ-દીક્ષા' છે.'

'અગ્નિદીક્ષા' નામના પ્રખ્યાત નાટકમાં આજ રાત્રે જવાનું ત્રણે યે કેટલાય વખત થયાં ઠરાવી રાખ્યું હતું તે રજનીને યાદ આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજ રાતે 'અગ્નિદીક્ષા' છે કે તનુ!' તેણે તનુને પોતાના જ તોરમાં જવાબ આપ્યો.

'મારી ખાતરી છે કે તું નહિ સૂઈ જાય....અને તારી બા પણ સૂઈ જાય એવી નથી, પણ આ તો મને મારી પોતાની જ બીક છે. મને પોતાને જ ક્યાંક 'અગ્નિદીક્ષા'માં ઊંઘ આવી જશે તો?'

'જાઓ, જાઓ હવે! તમે તે વળી કોઈ દી ઊંઘી જાઓ! કાં બા, બાપુ કોઈ દી ઊંઘી જાય!' નાટક પ્રસંગે જાગવાની બાપુની અજેય શક્તિમાં, તનુએ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી.

'કોઈ દિવસ નહિ!' ઊર્મિલાએ જવાબ દીધો. 'અને હું બેઠી છું ને! એમને ઊંઘવા જ કેમ દઉં? અને તેય વળી 'અગ્નિદીક્ષા' જેવું નાટક ચાલતું હોય ત્યારે! ઠીક હવે, હરભમ અને રૂપલાવાળા નાટકનું વસ્તુ શું છે તે તો કહો, એટલે નાયકની શોધ કરીએ.'

તનુને નાટ્યકલાની મીમાંસામાં કે નવીન કૃતિના સર્જનમાં રસ નહોતો, એટલે તે બા અને બાપુને મૂકીને સંગીતકલાની આરાધનામાં પડ્યો:

'અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય!'

'શું ગાયું બેટા તનુ! ફરી ગા જોઈએ!'

પોતાના સંગીતની બાપુએ કદર કરી તેથી તનુને ખૂબ પોરસ ચડ્યો. તે ખીલી ખીલીને અભિનય સાથે ગાવા મંડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલે કાયાના કટકા થાય,
અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે!'

માબાપ બંને હસી પડ્યાં.

રજનીએ તનુને બાથમાં લીધો :

'તનુ, મોટો થઈને તું શું થઈશ?'

'શું વળી શું? સિપાહી!'

'કોની ફોજમાં?'

'કેમ વળી? ગાંધી મા'રાજની!'

'સિપાહી થઈને શું કરીશ?'

'તે વળી સિપાહી થઈને શું કરતા હશે? ભાષણ કરીશ, કહીશ; બધા ય સિપાહી થાઓ, ગાંધી મા'રાજના સિપાહી હો! પછી હું બધાયને ગવડાવીશ.

'ભલે કાયાના કટકા થાય!'

'પણ સિપાહી તે ફક્ત ગાયનો ગાવાના અને ભાષણો કરવાના જ નથી હોતા. લડાઈમાં પણ જવું પડે હો કે!'

'ઓ....હો! તે શું એટલીય ખબર નહિ હોય! લડાઈમાં તો ખૂબ મઝા પડે....

'હમ મરેંગે લડતે લડતે,
નહિ લડાઈ મરને વાલી...'

ઈ ગીત લડાઈમાં ગવાય હોં. તમને લડાઈમાં મઝા ન પડે, બાપુ!'

'મઝા તો ખૂબ પડે, પણ સંસાર....'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Getting on ના ગ્રેજ્યુએટ મિ. ભટ્ટની મૂર્તિ રજનીની આંખો સામે ડોળા ફાડતી, ક્ષણભર તરવરી રહી, તેણે તનુને ખૂબ જોસથી, જાણે કોઈ એને ઝૂંટવી લેવા માટે ન આવ્યું હોય, એમ છાતી સરસો ચાંપ્યો.

તેનાં પોપચાં ભીનાં થયાં હતાં.

ઊર્મિલા નજીક આવી. તેના ગાલ ઉપર હળવેથી ટપલી મારીને તે બોલી: 'શું છે? વાત કરો.'

'તારી પાસે કેટલા રૂપિયા છે?'

'સવાત્રણ લાખ!'

'એ તો હતા ત્યારે. તારો બાપ અવલ નંબરનો જક્કી નીકળ્યો અને તેમાં વળી નવીને છોકરાં થયાં....એટલે એ તરફથી રાતી પાઈની પણ આશા રાખતી હશે, તો તે ફોગટ છે.'

'પણ તમે કે મેં એવી આશા રાખી છે જ ક્યારે? એમના રૂપિયાને આપણે શું કરવા છે? હું તો મારી પોતીકી મિલકતની વાત કરું છું.'

'તારી પાસે સવાત્રણ લાખ? આજ બપોર સુધી તો કૈં યે નહોતું! નાનીના વારસાનો તાર તો નથી આવ્યો ને? ડોશી રડી ગયાં કે શું?'

'તમારા કવિ લોકોનું આજ જ દુઃખ છે! હૈયામાં બ્રહ્માંડને સળગાવવા પૂરતી આગ ભડભડતી હોય, તો ય ચિનગારી ભીખવા જોજનના જોજન આથડો; ઘરને આંગણે સૌંદર્યનાં વન જામ્યાં હોય, તોયે એકાદ પાંખડીને માટે પૃથ્વીને પગ હેઠે કાઢો; પાદરમાં જ પતિતપાવની મંદાકિની વહેતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, તો યે ગંગાની શોધમાં વરસો ગાળો....મારી પાસે તો મારી પોતાની સવાત્રણ લાખની મિલકત છે, તેની વાત કરું છું. નાનીના વારસા અને સસરાની મિલકત સિવાય દુનિયામાં માણસને પોતાની સ્વતંત્ર એવી મૂડી પણ હોઈ શકે છે હો! અને સંઘર્યું કોઈ વખતે કામ આવે....કવિઓને ય તે!'

'ત્યારે આજ સુધી કેમ તેં કૈં કહ્યું નહિ?'

'આજ સુધી તમે કેમ પૂછ્યું નહિ?'

'આજ સુધી....' મિ. ભટ્ટની ભયંકર મૂર્તિ તનુને છીનવવા ફરી આવતી હોય, એવો આભાસ રજનીને ક્ષણભર થયો અને 'નહિ! નહિ' એવા ગણગણાટ સાથે તનુ છાતી ઉપર વધારે ચંપાયો....

'વારુ, ક્યાં છે?'

'આ રહ્યો જુઓ,' ઊર્મિલાએ ખૂબ ગંભીરતાપૂર્વક જવાબ આપ્યો. 'આ....એક લાખ હું પોતે, એક લાખ તમે, અને સવા લાખ આપણો તનુ! કરો હિસાબ જોઈએ!'

બન્ને ખડખડાટ હસી પડ્યાં. ઊર્મિલા ઊછળીને રજનીની ડોકે બાઝી. રજનીની આંખો આગળ જાણે કોઈ અનોખું જ તેજ નાચવા લાગ્યું. ચારે નયનમાંથી આનંદનાં અશ્રુઓ અટ્ટહાસ્યના સૂર્યપ્રકાશ વચ્ચે વરસવા લાગ્યાં: દંપતીના ચહેરા ઉપર અદૃશ્ય મેઘધનુષ્ય આલેખાયું.

તનુને માબાપની આ નાટ્યલીલા નવી નહોતી, વખત હોત તો તે આ દૃશ્યને લંબાવવામાં સામેલ થાત; પરંતુ બાલયોગીના એકાગ્ર મનમાં આવી ક્ષુલ્લકતાઓ માટે અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાન નહોતું. 'અગ્નિદીક્ષા' બરાબર નવ વાગ્યે શરૂ થવાનું હતું અને નાટકવાળાઓ, કવિઓ, કવિઓની પ્રેયસીઓ અને નાનકડા સિપાહીઓ માટે ખોટી થાય એવા ઓછા જ હતા!

'જલદી વાળુ કરી લ્યો ને, બા. પછી મોડું થઈ જશે તો!' લાડથી રજનીની બાથમાંથી છૂટો થતો તે બોલ્યો.

'તું ચિંતા કર મા.' ઊર્મિલાએ જાણે પોતાને જ ઉદ્દેશીને બોલતી હોય એવી રીતે જવાબ આપ્યો: 'જિંદગીમાં કદીયે આપણે મોડાં પડ્યાં છીએ કે આજે પડીશું!'

રાતે એક વાગે સૂતેલ હોવાથી તનુ 'અગ્નિદીક્ષા'નાં દશ્યો માણતો સૂતો છે. ઊર્મિલા અને રજની બ્રાહ્મ મુહૂર્તમાં બંગલાના નાના સરખા ભાગમાં ફૂલની ક્યારીઓ વચ્ચે ફરી રહ્યાં છે.

ઊર્મિ, બે વરસ પહેલાં હું સનાતન ધર્મ હાઈસ્કૂલમાં રહ્યો, ત્યારે જીવનસંગ્રામ સદાને માટે પૂરો થયો એમ માન્યું હતું....પણ એ માત્ર ક્ષણિક નિર્બળતાની ભ્રાંતિ હતી. તનુએ કાલે ગાયું તેને જરા ઉલટાવીને કહીએ તો 'હમ લડેંગે મરતે મરતે!....ત્યારે હવે નવેસરથી હરિઃ ૐ કાં....'

'એમાં શું? હજુ તો આપણે ત્રીસની અંદર જ છીએ; પણ ન હોઈએ તોપણ નવજીવન આરંભવા માટે તો આપણે સદાકાળનાં નાનાં બાળ જ છીએ. પચીસે આરંભીએ, સાઠે આરંભીએ અને સોએ પણ આરંભીએ, ઉંમરની સાથે આદર્શો ઓછા જ બૂઢા થઈ જાય છે?.... અને આદર્શ યુવાન ત્યાં લગી માણસ પણ યુવાન!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સાચું....અને તું મારો આદર્શ !'

'હા, અને તમે મારા આદર્શ, તમે અખંડ સૌંદર્યના પૂજારી અને હું અખંડ યૌવનની પૂજારણ! મને તો લાગે છે કે દંપતીએ આમ દર સાત વરસે લગ્ન–સપ્તપદીઓ ઊજવવી જોઈએ–ફરી પરણવું જોઈએ....આદર્શ–ચંદ્રની ધાર, કળી ન શકાય એમ કળાતી તો નથી જતી ને એને માટે જેટલી જાગૃતિ રાખીએ તેટલી ઓછી!'

*

તે દિવસે રજનીના બંગલાના ફાટક ઉપર, 'રજનીકર પંડિત એમ. એ; બી. ટી.' એ અક્ષરોવાળી પિત્તળની તખતી હતી તે ઊતરી ગઈ અને તેને ઠેકાણે 'હરિજન–મંદિર'-ના તાજા અક્ષરોવાળું પાટિયું ચડી ગયું....

અને તનુની 'ફાજ'માં બે રંગરૂટોની ભરતી થતાં, તે સામાન્ય સિપાહી મટી નાયકની પદવી પામ્યો....

છતાં બંગલાની વસ્તી વધી નહિ; કારણ કે ખરચમાં કાપકૂપ શરૂ થતાં, ૩૦) રૂપિયાની 'આઈટમ'નું 'રિટ્રેન્ચમેંટ' થઈ ચૂક્યું હતું!

આટલી નાનકડી વાત સિવાય જગતની ગતિમાં બીજો કશો ફેરફાર તે દિવસે ન થયો....

સનાતન ધર્મ હાઈસ્કૂલનો ઘંટ તો દરરોજની પેઠે તે દિવસે પણ નિયમિત વખતે જ વાગ્યો....

પણ તે દિવસે, એ ઘંટમાં બોડના વિજયનો રણકાર હતો, કે પ્રભુના પરાજયનું રુદન હતું....કોણ જાણે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી મૂક !

લે૦ કિસનસિંહ ચાવડા

પ્લેગના દિવસો હતા. આ રોગથી આખા શહેરમાં ભય અને ત્રાસનો પાર નહોતો. જેમને બહારગામ જવાની સગવડ હતી તેઓ શહેર છોડીને ચાલ્યાં ગયાં હતાં. પૈસા-પાત્ર અને ઉચ્ચ મધ્યમ વર્ગના ઘણા માણસોએ શહેર બહાર માંડવા બાંધીને રહેવા માંડ્યું હતું. શહેરમાં રુદન અને વ્યથા રઝળતાં હતાં. અમારા ફળિયામાંથી બહાર માંડવામાં કે બહાર-ગામ જઈ શકે એવી કોઈની સ્થિતિ અને સગવડ નહોતી. ફળિયું ભર્યું હતું. હજી સુધી કોઈનો આ રોગે ભોગ લીધો નહોતો. ઘણાં ઘરોમાં બિલાડાઓ પાળવામાં આવ્યા હતા. ઉંદરનાં દર્શન માત્રથી લોક કંપી ઊઠતા હતા. મૃત્યુની ભયંકરતા અને ભયથી સમગ્ર વાતાવરણ ધ્રૂજતું હતું.

ત્યાં તો એક સવારે અમારાં પાડોશી ફૂલીકાકી જોરથી રડતાં રડતાં બહાર દોડી આવ્યાં. બિચારા ફકીરકાકાને બગલ-માં ગાંઠ નીકળી હતી અને વેદના વધતી જતી હતી. ફૂલી-કાકી અને ફળિયાનાં બીજાં માણસો સારવારમાં મચી પડ્યાં. પણ પ્લેગના રોગની દવા નહોતી. ઇંજેક્શન તે વખતે નીકળ્યાં નહોતાં. આજથી ૩૦ વર્ષ પહેલાંની એ વાત. સાર-વાર એમને પહોંચે તે પહેલાં તો તે જ સમીસાંજે ફકીર-કાકાએ દેહ છોડ્યો. આખી રાત અમારા ફળિયામાં ભયંકરતા ભટકતી રહી. પ્લેગના રોગનો ફળિયામાં આ પહેલો શિકાર હતો. લોકો ફકીરકાકાને સ્મશાનમાં બાળીને મધરાતે ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા ત્યારે ફળિયામાં પાછી રડારોળ થઈ રહી હતી. રતનકાકીના એકના એક દીકરાને પ્લેગ થયો હતો. સાથળમાં ગાંઠ નીકળી હતી. એની વેદનાથી જુવાન છોકરો વધેરાતા બકરાની જેમ ચીસો પાડતો હતો. રતનકાકી વિધવા હતાં. છોકરો એક જ આધાર હતો. ફૂલીકાકીને ત્યાં ડાઘુઓએ પાણીનો કોગળોય કર્યો ના કર્યો ત્યાં રતનકાકી રુદનથી ફાટી પડ્યાં. આખા ફળિયામાં જેના પરગજુપણાનો જોટો નહોતો એ રતનકાકીનો દીકરો શંકર મૃત્યુના મુખમાં સમાઈ ગયો. પ્લેગના શબને વધારે સમય ઘરમાં રખાય નહીં એટલે મસાણમાંથી ફકીરકાકાને બાળીને આવેલા માણસોએ શંકરને ઉપાડીને ચાલવા માંડ્યું.

હું, મારી મોટીબહેન અને મારી બા આખી રાત ઊંઘી શક્યાં નહીં. સવારે સાત વાગે બાપુજી સ્મશાનમાંથી પાછા આવ્યા. આખી રાતનો ઉજાગરો, મહેનત, ભયનું વાતાવરણ અને અંતરની ગમગીનીને કારણે એમના ચહેરા પર દુઃખ પથરાયું હતું. બાના આગ્રહથી બાપુજી નાહીધોઈને થોડોક નાસ્તો કરીને આડા પડ્યા. એટલામાં અમારા સામા ઘરમાંથી મગનમામા દોડતા આવ્યા ને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. લખમીમામીને પ્લેગની ગાંઠ નીકળી હતી. મગનમામાના રડવાના અવાજથી બાપુજી જાગી ઊઠ્યા. એમણે મગનમામાના ખભે હાથ મૂક્યો અને સાંત્વનાનો શબ્દ કહેવા જાય ત્યાં તો પાલીમાસી રડતાં રડતાં ખબર લાવ્યાં કે પાછલી ઓળમાં આંધળી સદાડોશીની એકની એક જુવાનજોધ દીકરી મણિને ગંગાજળ આપ્યું છે. તે દિવસે મધ્યાહ્નને ફળિયામાંથી બે નનામી લઈને જ્યારે માણસો નીકળ્યા ત્યારે હાહાકાર મચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. બે દિવસ પહેલાં આ ફળિયું ક્ષેમકુશળ હતું. અડતાલીસ કલાકમાં અહીં મૃત્યુના ઓળાઓએ ઘમસાણ મચાવી મૂક્યું.

હજી તો ચિતાના અંગારા ઠારીને માણસો પાછા આવ્યા નહોતા. સમીસાંજ પડવા આવી હતી. મારી બા રોટલા ને શાક પીરસીને અમને–બહેનભાઈને જમાડતી હતી અને બાપુજીની ચિંતાથી ઉદ્વિગ્ન હતી; ત્યાં તો ફૂલીકાકી આવીને અમારી પરસાળમાં ફસડાઈ પડ્યાં. બા બહાવરી બનીને દોડી ગઈ. જોયું તો ફૂલીકાકીને બન્ને સાથળોએ બે ગાંઠો નીકળી હતી. હું ને મારી બહેન તો મોઢામાંનો કોળિયો પણ ઉતારી શક્યાં નહીં. થાળી એમ ને એમ મૂકીને બહાર આવ્યાં. ફૂલીકાકીને સંભાળીને એમના ઘરમાં લઈ ગયાં. અમારો ઓટલો એક હતો. મારી બહેન તો મારા કરતાં ઘણી મોટી હતી: લગભગ પચીસેક વરસની. પણ હું તેરચૌદ વરસનો કિશોર જોરથી ચીસ પાડી ઊઠ્યો. મારી ચીસો સાંભળીને ફળિયાનાં લોકો ધસી આવ્યાં. પુરુષો તો સ્મશાનમાં ગયા હતા. એટલે છોકરાંઓ અને સ્ત્રીઓ જ મુખ્યત્વે હતાં. ફૂલીકાકી પોતાની મીઠાશ અને સેવાભાવ માટે જાણીતાં હતાં. એકઠાં થયેલાં લોકો ગભરાયેલાં હતાં. એમાં દૂરથી ચીસો સંભળાઈ. કોઈએ રેવામાસીનો અવાજ છે એમ કહ્યું. કોઈ જઈને ખબર લઈ આવ્યું કે દોલતમાસા ચાલતા થયા. સ્મશાન-માંથી લોકો પાછા આવ્યા ત્યારે ફળિયામાં દોલતમાસા ઉપરાંત કાશીફોઈના મોટા દીકરા ચૂનીલાલની અને ફૂલીકાકીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી.

બાપુજીએ નનામીને બદલે નવો રસ્તો સૂચવ્યો. શહેર-ની સેવાસમિતિ તરફથી જે ગાડીઓ મુડદાં લઈ જવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવામાં આવી છે તેનો ઉપયોગ કરવો. ફળિયાના લોકોએ તરત જ વાત માની લીધી. બીજે દિવસે સવારે ત્રણ ગાડીઓ ફળિયામાંથી નીકળી. ફકીરકાકાનું ઘર ઉજ્જડ થઈ ગયું અને ફળિયાનો રખેવાળ ચૂનીલાલ પણ ચાલતો થયો. શેતરંજ રમવામાં ઉસ્તાદ દોલતમાસાના અવાજ વિના ફળિયું સૂનું થઈ ગયું.

તે જ સાંજે મારી બહેનને રડતી જોઈને મારી બા સચિંત થઈ ગઈ. બહેને કહ્યું, બગલમાં બહુ પીડા થાય છે. બાને ધ્રાસકો પડ્યો. બાપુજી દોડી આવ્યા. જોયું તો બહેન પ્લેગના પંજામાં સપડાઈ ચૂકી હતી. વેદનાની મારી રડીરડીને મારી મોટીબહેન એ મધરાતે સદાને માટે મૂગી થઈ ગઈ. ફળિયામાં અમારું ઘર સાંત્વનાનું સ્થાન હતું એટલે અમારા કરતાં બીજા સૌની અનાથતા ઊપસી આવી. વહેલી સવારે બાપુજી અને એમના મિત્રો મોટીબહેનને સ્મશાનમાં લઈ ગયા. હું અને બા તો એકબીજાને જોઈને રડ્યા જ કરીએ. મોટીમાસી અને બીજી સ્ત્રીઓએ ઘણું આશ્વાસન આપ્યું પણ બાના હૃદયનું દરદ ઓસરે જ નહીં. આશ્વાસન જેટલું વધારે સહૃદય થતું જાય તેટલું બાનું રુદન વધારે ઊંડું ઊતરતું જાય અને એમનાં ડૂસકાં જોઈને મારી આંખોમાંથી પાણી સુકાય જ નહીં.

બપોરે બાપુજી ઘેર આવ્યા ત્યારે બાની ગંગાજમના ફરી છલકી પડી. બાના આ રુદનથી ગભરાયેલું મારું ગભરુ અંતર ભયભીત બનીને અવાક બની ગયું. અમારા ઘરમાં મારે માટે શોક અને દુઃખનો આ પ્રથમ પ્રસંગ હતો. ગમગીનીથી અજાણ હું એના સ્પર્શથી દિગ્મૂઢ થઈ ગયો. તે રાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ઊંઘી ના શક્યું. બીજે દિવસે સવારે બાપુજીએ મને અમારે ગામ મોકલવાનો નિર્ણય કર્યો અને તરત જ એમણે એમના જૂના મિત્ર છગન પટેલને તાર કરીને બોલાવ્યા. બાની દશા વિચિત્ર હતી. એ મને મોકલવા રાજી નહોતી અને રાખવા પણ ખુશી નહોતી. સુરત જિલ્લો પ્લેગથી મુક્ત હતો. પણ મને જુદો કરતાં બાનું અંતર વલોવાતું હતું અને રોગના ભયાનક ચાળામાં રાખવા એનું હૈયું ના પાડતું હતું. રોજ હું બાપુજીની સાથે જમતો, પણ જુદી થાળીમાં. તે દિવસે એમણે મને પોતાની થાળીમાં જ જમવા બેસાડ્યો. એટલું જ નહીં બાને પણ આગ્રહ કરીને પોતાની થાળીમાં બેસાડ્યાં. મારી સમજણમાં હું, બા અને બાપુજી પહેલી વખત એક થાળીમાં સાથે જમ્યાં. દુઃખથી આળાં થયેલાં હૃદયને નિક-ટતાની ઠંડક મળતાં આત્મીયતા પોતે જ આશ્વાસન બની ગઈ.

ત્રણચાર દિવસથી સાંજે ભજન થતાં નહોતાં. દરેક સાંજ મૃત્યુની ચીસોથી લપેટાયલી હતી, અને દરેક સાંજ લગભગ સ્મશાનમાં જ વીતી હતી. સમીસાંજે બાપુજીએ મિત્રોને એકઠા કર્યા. ભજનની ધૂન શરૂ થઈ અને એમણે એમનું કબીર સાહેબનું પ્રિય ભજન 'ઈસ તન ધનકી કૌન બડાઈ, દેખત નૈનોમેં મિટ્ટી મિલાઈ' એટલા બધા આર્જવથી ગાયું કે પોતે રડ્યા અને સૌને રડાવ્યાં.

રાતે બાપુજીને શરીરે ઠીક નહોતું એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું પેનકિલર બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું: 'શું છે બાપુજી ? બા ક્યાં ગઈ ?'

'હમણાં આવે છે, બેટા. આ તો સહેજ હાથે દુખે છે.' એમણે કહ્યું. પરંતુ એમના મુખ પર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું વિકળ થઈ ગયો. એટલામાં બા, મામા અને મામીને બોલાવી લાવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાલાલ આખો દિવસ બાપુજીની સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડૉક્ટરો આવ્યા પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી. સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલાવ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યાં. બાપુજીએ મને પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળી ને હું રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુએ બા પાસે પાણી માગ્યું. મારી ઉપર નજરી ઠેરવીને બોલ્યા : 'બેટા, પાણી મૂક.' બા અને પાસે બેઠેલાં સૌ જરાક ઊંચાં થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું : 'મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સુરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે પણ એનું વિલ કર્યું નથી. મારી પાસે એમણે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે હું એ મિલકત પાછી નહીં માગું. અને મેં પાણી મૂક્યું હતું. બીજે વરસે હું અને તારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું. પણ ઈશ્વરે આપણને ભૂખે નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશ-પરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે.'

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું : 'બેટા, પાણી મૂકો કે એ મિલકત આપણે પાછી મેળવવાનો વિચાર સુદ્ધાં નહીં કરીએ.' અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

'બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો !' કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો અને બાપુજી ચાલ્યા ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડિતજી

લે૦ ગુલાબદાસ બ્રોકર

મેં એમને પૂછ્યું:

'લગ્ન કરવાનો વિચાર જ તમને કદી નહીં આવ્યો હોય?'

મારે ખભે હાથ મૂકી હસીને તેમણે સામું પૂછ્યું:

'તમને શું લાગે છે?'

'નથી સમજાતું ત્યારે તો પૂછું છું ને?' મેં જવાબ વાળ્યો અને ઉત્સુકતાથી તેમની સામે જોઈ રહ્યો.

વિચારમાં હોય ત્યારે જે રીતે ઝીણી બની જતી એ રીતે પંડિતજીની આંખો ઝીણી બની ગઈ. તેમની એ હાથે કાંતેલા સૂતરના બનાવેલા જાડા પહેરણ અને પાયજામામાં વીંટાયેલી પડછંદ કાયા, એ ઝીણી આંખો, વાત્સલ્ય દ્રવતો આખો એ વૃદ્ધ ચહેરો, મારા ખભા ઉપર તેમણે સ્નેહથી મૂકેલો તેમનો હાથ અને હવામાં ફરફરતી, સફેદ દૂધ જેવી, વેંત એક લાંબી તેમની દાઢીઃ સુભગ માનવતાનું જાણે એક રમણીય ચિત્ર ઊભું કરી રહ્યાં.

પળવારમાં જ વિચારગ્રસ્ત મુદ્રા ઓગળી જઈને પંડિતજીનું અંગેઅંગ તેમના નિત્ય સંગાથી એવા હાસ્યથી ભરાઈ ગયું.

'નથી જ આવ્યો એમ તો કેમ કહેવાય? હાં.... એકવાર આવ્યો તો હતો જ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખરેખર ? ક્યારે ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

નિત્ય બ્રહ્મચારી જાણેલા એવા આ બુઝર્ગ મિત્રના જીવનમાં આવા વિચારને કદી યે સ્થાન હોઈ શકે એવી મને કલ્પના પણ અત્યાર સુધી નહોતી આવી.

'એ વાતને યે વર્ષો વીતી ગયાં.' તેમણે મારે ખભેથી હાથ ઉઠાવી પોતાની દાઢી પસવારતાં કહ્યું: 'ત્યારે મિત્રો મને પંડિત કે એવું કંઈ નહીં પણ બલરામ જ કહેતા. વીસ-પચીસ સાલ થઈ હશે એ વાતને.'

તેમણે મારી સામે જોયું. હું તો જાણે લાંબી વાત સાંભળવાની તૈયારી કરીને બેઠો હોઉં એમ તેમની સામે જોઈ રહ્યો હતો. તેમણે વાત ચાલુ રાખી:

'એ દિવસોમાં હું કરાંચીમાં હરિજનસેવાનું કાર્ય કરતો.... સેવા ?' તેમની આખી કાયા હાસ્યથી ધ્રૂજી ઊઠી. 'માણસ સેવા તો પોતાની જાતની જ કરે છે, પણ તેને હરિજન-સેવાને, સ્ત્રીસેવાને, સમાજસેવાને, દેશસેવાને એવાં એવાં રૂપાળાં નામો આપે છે. એમ હુંય હરિજનસેવા કરતો ને એમાં મને રસ પણ ખૂબ પડતો.

દિવસના થોડા કલાક મારા ભરણપોષણ માટેની વ્યવસ્થામાં ગાળતો. થોડા જ કલાક–ત્રણથી ચાર–પૂરા થઈ પડતા; કેમકે આપણે તો એકલા રામ ! મહિને ત્રીસ રૂપિયા તો બહુ થઈ પડે. એ કામ પતતાં તરત જ મારા પ્રિય કાર્ય માટે હું દોડી જતો તે છેક મોડી રાતે ઘેર આવતો.

એક રાતે હમેશ કરતાં યે ખૂબ મોડું થઈ ગયું. છેલ્લા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા વખતથી મારો માનીતો થઈ પડેલો અરજણ મરણને ખાટલે પડ્યો હતો અને તેની સારવાર કરનારું યે પાસે કોઈ નહોતું. આજુબાજુના જે કોઈ હોય એ બિચારા અજ્ઞાન લોકોને માનતા ને ભૂવા ને જતી સિવાય બીજું સૂઝે પણ શું?

થોડા દિવસ પહેલાં ડૉક્ટરને બોલાવી મેં અરજણની દવા શરૂ કરાવી હતી. પણ એ રાતના એની સ્થિતિ વધારે બગડી હોવાથી મોડે સુધી હું પોતે જ તેના ખાટલા પાસે બેસી રહ્યો હતો. પહેલાં તો તે એ લોકોમાં માથાભારે આદમી ગણાતો અને કોઈને દાદ ન આપે એવો કહેવાતો. પણ મને તો તે ગરમ સ્વભાવનો છતાં સારા હૃદયનો લાગ્યો હતો અને એની પ્રીતિ મેળવ્યા પછી એની દ્વારા એ આખા લત્તામાં હું વિશ્વાસનું અને ક્યાંક ક્યાંક પ્રેમ તથા આશ્વાસનનું સ્થાન થઈ પડ્યો હતો. એટલે એને આ માંદગીમાંથી ગમે તેમ કરી ઉગારવાનો મારો તનતોડ પ્રયત્ન હતો.

પણ તે રાતે જેમ જેમ એક પછી એક મિનિટો પસાર થતી હતી, તેમ તેમ હું અને એ બન્ને સમજતા જતા હતા, કે અમે આ જંગમાં હાર જ પામવાના છીએ, અને તે યે જલદી.

બારેક વાગ્યે તેને ગભરામણ થવા લાગી. નાડી પણ અસ્વસ્થ બનતી જતી હતી. હું તેને માથે હાથ ફેરવી રહ્યો હતો. ત્યાં મારા તરફ ફરી એક કરુણ દૃષ્ટિ મારા તરફ ટેકવી તેણે કહ્યું: 'મારું એક કામ કરશો, બાપલા? તો મારો જીવ ગતે જશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કહે ને ભાઈ,' મેં સ્નેહથી કહ્યું: 'જે હશે તે કરીશ.'

'પણ અત્તારે ને અત્તારે, હાં બાપુ!'

'અત્તારે જ. પણ એવું બધું છે શું, અરજણ?'

'એક ગનાની કબૂલાત કરવી છે,' કહી તે બેઠો થવા ગયો પણ થઈ ન શક્યો.

મેં તેને સ્નેહથી સરખો કરી પાછો પથારીમાં સુવાડ્યો. આ સ્થિતિમાં આવો ઉશ્કેરાટ બતાવવા બદલ ઠપકો પણ આપ્યો. તે પણ ભૂલ કબૂલ કરતો હોય તેમ દયામણી રીતે મારી સામે જોઈ પોતાના બચાવમાં માત્ર એટલું જ બોલ્યો! 'શું કરું માબાપ, માંયલો એવો કોરી ખાય છે!'

અને એણે લથડતા અવાજે, તૂટક શબ્દોમાં જે વાત કરી તેનો સાર એ હતો કે થોડાં વર્ષો પહેલાં તેણે રૂપાડી રાજુડીને પોતાની ત્રીજી વારની પરણેતર બનાવી હતી અને તેની સાથે અમુક વર્ષો સુખચેનમાં ગાળ્યાં હતાં. પણ હમણાં થોડા સમય પહેલાં–હું એ લોકોમાં કામ કરતો થયો એથી એકબે મહિના પહેલાં જ–કંઈ નજીવા કારણસર બન્ને વચ્ચે ઝઘડો થતાં તેણે રાજુડીને પોતાના ઘરમાંથી જાકારો દીધો હતો. પેલી કેટલું રડી હતી, કરગરી હતી, પણ પોતે એકનો બે નહોતો થયો અને એક અંધારી રાતે વરસતા વરસાદે 'હું કયાં જઈશ? શું કરીશ?' એમ કરગરતી પવનના જોરે ધ્રૂજતાં પાંદડાં જેવી ધ્રૂજતી રાજુડીને તેણે લાત મારીને ઘરની બહાર તગડી મૂકી હતી.

પછી તો થોડા દિવસો બાદ ગુસ્સો શાંત પડતાં, ને કજિયાના કારણનું મામૂલીપણું સમજાતાં અરજણને દુઃખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ થયું હતું, પસ્તાવો પણ થયો હતો. પણ એને પાછી શી રીતે બોલાવાય? પોતે સામે ઊઠી કહેવા જાય તો તો પોતાનો વટ શો રહે? ને પેલી તો કહે એમ હતી જ ક્યાં? રસ્તે બંને ભેગાં થઈ જાય ત્યારે એટલા તિરસ્કારથી નાકનું ટેરવું ઊંચું કરી અરજણની સામે નજર પણ કર્યા વિના એ ચાલી જતી, કે એ તો ઠંડો જ થઈ જતો ને ધૂંધવાઈ પણ રહેતો. 'મૂઈ રાંડ, ઈ નહિ તો એની મા બીજીનો ક્યાં તોટો છે?' તેને થતું.

પણ તેણે ફરી કદી બીજી કરી જ નહિ. રાજુડી પેલા ગામના ઉતાર જેવા નાથિયાના ઘરમાં બેસી ગઈ ત્યારે એનો મરડ ભાંગવા એનાથી નાની છોકરીનાં કહેણ તેને આવ્યાં ને લાલચ પણ થઈ આવી તો યે નહિ અને આજે, શિયાળાની આ અંધારી રાતે, જ્યારે તેની જિંદગીનો દીવો બુઝાવાની અણી ઉપર આવ્યો ત્યારે તેને એ રાજુડીનો મરડ ન ભાંગ્યાનો અફસોસ નહોતો થયો. અફસોસ માત્ર એક જ વાતનો થયો હતો કે પોતાનો આવો માથાભારે, ક્રોધી સ્વભાવ હસતે મોંએ સહી લેતી, પોતે લાત મારતો ત્યારે યે સાથે રાખવા કરગરતી એ રાજુડીને પોતે વિના વાંકે, વરસતે વરસાદે અરધી રાતે પોતાના ઘરમાંથી લાત મારીને હડકાયા કૂતરાને તગડી મૂકે એમ તગડી મૂકી હતી ને અંતે એને બિચારીને નાથિયાને ઘેર બેસવું પડ્યું હતું.

ને સાંભળ્યું 'તું કે એ નાથિયો રાજુડીને ગમે એમ ઝૂડતો, ગાળોનો તો વરસાદ જ વરસાવતો ને એ બધું રાજુડીને સહન કરવું પડતું. ન સહે તો જાય પણ ક્યાં? ને એ બધું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોને લીધે ?

આ સવાલ અરજણને વારંવાર થતો પણ એનો ચોખ્ખે ચોખ્ખો જવાબ તો એ આ માંદો પડ્યો ને તબિયત લથડતી ચાલી ત્યારે જ એને મળી શક્યો. એ જવાબનું ઝેર એનાથી જિરવાતું નહોતું. એટલે તો નાડી તૂટતી જતી હતી છતાં વાત ગમે એમ પૂરી કરીને એ રોવા જેવા અવાજે બોલ્યો:

'ઠાકર મને એ ગનો માફ કેમ કરે, ભાઈ? ઈ તો રાજુડી પોતે જ મને મારો વાંક માફ કરે, તો જ મારો જીવ ગતે જાય!'

જે વાત બની ગઈ છે, પતી ગઈ છે, એનું હવે આવે ટાણે આટલું બધું દુઃખ કરવાથી યે એ સ્થિતિમાં ફેર શો પડે? અને એને આટલો ખરા હૃદયનો પસ્તાવો થતો હતો એ જ એના ગુનાની માફી મેળવવા માટે ઓછું નહોતું? એ રીતે મેં એને સમજાવવાનો પુષ્કળ પ્રયત્ન કરી જોયો. પણ તેણે તો જાણે એક જ વાતની રઢ લીધી હતી: 'ઈ રાજુડીને અહીં બોલાવી લાવો. ઈ મને કહે કે 'તારો ગનો માફ' તો જ મારો જીવ ગતે જાય.'

આખરે બાજુમાંથી કોઈને એની પાસે બેસાડી હું જવા તૈયાર થયો. કામ કેટલું મુશ્કેલ હતું તે તો મારું મન જ જાણતું હતું. એ નાથિયો કોઈનું કંઈ સાંભળે એવો નહોતો એનો તો મને અનુભવ હતો. એ લોકોથી અમે દૂર જ રહેતા હોવાથી રાજુ વિશે મને ખબર નહોતી, પણ રાજુ સારી કે સમજુ હોય તો ય નાથિયા સાથે કામ પાડવું માથાની પેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પારનું હતું. પણ આ બાજુ અરજણની દયામણી મુખમુદ્રા, તેનો ખરા હૃદયનો પશ્ચાત્તાપ વગેરે એટલું હૃદયદ્રાવક હતું કે ગમે તેટલી મહેનત કરીને ગાળો કે ગમે તે સહીને રાજુને એકવાર તો અરજણ સામે ખડી કરી દેવી એવો નિર્ણય મેં કરી લીધો.

રાત અંધારી હતી. ક્યાંક ક્યાંક કોઈ કોઈ તારા આકાશમાં ઝબૂકતા હતા. બાકી તો ત્યાં ધાબું જ હતું. ઠંડી તો મારા જેવા તગડા માણસને પણ ધ્રુજાવી મૂકે એવી જોરદાર હતી. અહીં મુંબઈમાં રહેતા તમારા જેવા માણસને એ સિંધ અને બલુચિસ્તાનની ઠંડીનો શી રીતે ખ્યાલ આપી શકું ? ભંગીવાડામાં વળી મ્યુનિસિપાલિટી યે વીજળીના દીવાનો શેનો ખરચ કરે ? ગામના બીજા છેડાના વાસમાં રહેતા નાથિયાની ઝૂંપડીના બાર પાસે આવી ઊભો. ચોમેર બધું સૂમસામ હતું. કૂતરાં પણ ભસીભસીને થાકી ગયાં હતાં. આવા લત્તામાં જે એક જાતની બદબો સામાન્ય હોય છે, અને આ લોકોની વચ્ચે કામ કરવાથી જે બદબોથી હું ટેવાઈ ગયો હતો, તે અત્યારે આ નીરવ શાંતિમાં વધારે તીવ્ર બની ચારે બાજુ ફેલાઈ રહી હતી.

મેં તેમને બંનેને ઉઠાડ્યાં. પણ પરિણામ તો જે ધાર્યું હતું એ જ આવ્યું. ન નાથિયો કે ન રાજુ; બેમાંથી એક્કે પલળ્યાં; ઊલટું અરજણ પર અને જેમ જેમ હું 'મારી મા, મારી બહેન,' કહી રાજુને વધારે વીનવવા લાગ્યો, તેમતેમ મારી ઉપર, એમની ગાળોનો વરસાદ એ બંને વરસાવવા લાગ્યાં. મારી વિનંતી તો એ વરસાદના અવાજને ભેદી એમના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાન સુધી કદાચ થોડીઘણી પણ પહોંચી હશે, પણ એમનાં હૃદય સુધી તો નહીં જ; કેમકે જ્યારે મેં કહ્યું: 'પણ બહેન, આંગણામાં એક ઢોર મરવા પડ્યું હોય તો તેની યે આપણને દયા આવે છે, ત્યારે આ તો માણસ જેવું માણસ છે.'

ત્યારે રાજીએ કહ્યું: 'ઈ ઢોરનું તો ચામડું ય કામ લાગે, ને આપણને ઈ હેતથી જુએ તો ખરું. પણ આણે વાલામુએ તો વરસતા વરસાદે અંધારી રાતે મને પહેરેલે લૂગડે કૂતરાને કાઢી મૂકે એમ કાઢી. એનું તો સાત ભવમાં યે ભલું નહિ થાય.'

મારી બધી વિનંતી, વિનવણી, આજીજી, કાલાવાલા, નકામાં ગયાં. મને હૃદયમાં આશા હતી કે હું જ્યારે અરજણના અંતઃકરણના સાચા દુઃખને એ લોકો આગળ—ખાસ તો રાજી આગળ રજૂ કરીશ, ત્યારે એ પલળશે, તેના હૃદયને હું એ રજૂઆતથી સ્પર્શી શકીશ. પણ એ તો હું તેની આગળ પહોંચી શકું ત્યારે બને ને? આ તો હું બહાર, તે અંદર અને એ સ્થાન—અંતરાય ઉપરાંત વચ્ચે અવિરત ગાળોનો અને હૃદયબળતરાનાં અસહ્ય મેણાંટોણાં-ભર્યા શબ્દોનો અંતરાય! ને છેવટે તો હવે વધારે વખત તેમને વાતોમાં રોકી રાખું તો મારો ટાંટિયો ય ભાંગી નાંખવાની નાથિયાની ધમકી, ને મારી આશાના છેલ્લામાં છેલ્લા તંતુને તોડી નાખતું રાજીનું છેલ્લું વાક્ય: 'વાલામુઆ આવા આવા ખટસવાદિયા વચ્ચે શા સારુ આવતા હશે?'

નિરાશ હૃદયે અને ભારે પગલે હું જ્યારે અરજણ પાસે પહોંચ્યો, ત્યારે અઢી વાગ્યા હતા. અરજણ આતુરતાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી જ રાહ જોતો પડ્યો હતો. હું તેની પાસે પહોંચતાં જ ક્ષીણ અવાજે તેણે પૂછ્યું: 'રાજુડીને લાવ્યા, ભાઈ?'

'હમણાં આવી પહોંચી સમજ ને,' કહી ખોટું હસી હું તેની પથારીની બાજુમાં બેસી ગયો. તેને માથે હાથ મૂક્યો ને ગભરાયો. નાડી હાથમાં લેતાં બહુ જ મંદ થઈ ગઈ લાગી. મૃત્યુ ઝપાટાભેર તેને પોતાની પાંખમાં લઈ લેવા ધસી રહ્યું હતું. તે તો પ્રશ્ન પૂછતો હોય તેમ મારી સામે તાકી રહ્યો હતો.

મેં એને પટાવ્યો, ફોસલાવ્યો, બનાવ્યો. જૂઠું બોલવું મને ગમતું નથી. મારી જિંદગીમાં બહુ જ ઓછી વાર હું જૂઠું બોલ્યો હોઈશ, પણ તે રાતે તેની પાસે હું જૂઠું બોલ્યો. કેવી રીતે રાજુએ મારી વાતને આવકારી, એની ગંભીર માંદગીની વાત સાંભળી તે કેવી ચિંતાતુર બની ગઈ અને માફી માગવાની રઢની વાત સાંભળીને તો રાજુની આંખમાં કેવાં પાણી આવી ગયાં, ને એ બબડી પડી: 'હું ય મૂઈ એને ક્યાં ઓછી રંજાડતી'તી!' નાથિયો પણ કેવો રાજુડીને મોકલવા તૈયાર થઈ ગયો, એ બધી કલ્પિત વાતો મેં અરજણને બળતા હૃદયે છતાં હસતે મુખે કરી, ત્યારે એની ઝપાટાબંધ તેજવિહીન થતી જતી આંખો પણ પળવાર તેજથી ચમકી ઊઠી.

થાક્યોપાક્યો નાથિયો મોડો ઘેર આવ્યો હતો ને હજી હમણાં જજમી પરવારી એ લોક સૂતાં'તાં એટલે મેં જ એને કહ્યું કે આવી અંધારી રાતે આવવાને બદલે વહેલી સવારે તેણે ચાલ્યા આવવું. તને ખબર છે અરજણ, રાજુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારો દી આવે એમ છે? તેથી મેં જ એને રોકી. કેમ, ઠીક કર્યું ને?'

તેણે ડોકું હલાવ્યું. મેં વળી કહ્યું: 'એ તો માનતી નો'તી. પણ મેં ને નાથિયાએ માંડ સમજાવી. અજવાળાની પહેલી સેર ફૂટતાં ભેગી એને અહીં આવેલી ન દેખે તો કહેજે.'

'ખમા બાપ, તમને ઘણી ખમા. મારો જીવ હવે કંઈક....' પણ ખાંસીનું એક જબરદસ્ત ઝોકું આવ્યું ને પથારીમાં પણ અરજણની કાયા બેવડી વળી ગઈ. સ્વસ્થ થતાં ફરીવાર એની એ વાત તેણે રસપૂર્વક સાંભળી ને મેં યે કંઈક વિગતો એમાં ઉમેરી એની એ વાત તેની પાસે કરી, 'રાજુડીને હું ઓળખું ને? ઈ મને....' એને બોલતો મેં માંડ અટકાવ્યો.

ને એમ ને એમ પ્રભાતનું પહેલું કિરણ ફૂટે એની અધીરતાથી રાહ જોતો અરજણ પ્રભાતનું એકે કિરણ ફૂટે એ પહેલાં સાડા ચાર–પોણા પાંચને શુમારે એ જ વાતને લવતાં લવતાં સદાને માટે આંખ મીચી ગયો.

તેની અંતિમ ક્રિયાની થોડીઘણી વ્યવસ્થા કરી, એ બધું પૂરું કરવાનું આજુબાજુનાઓને સોંપી હું જ્યારે ઘર તરફ જવા રવાના થયો, ત્યારે સાડા પાંચ થવા આવ્યા હતા. રાત પહેલાં કરતાં યે વિશેષ અંધારી લાગતી હતી. ઠંડી તો કહે મારું જ કામ. મારા હોઠમાંથી સિસકારો નીકળી જતો હતો એ તો મને હજી યે યાદ છે. પણ એ બધાની જાણે મને કશી ન પડી હોય તેમ હું ચાલ્યો જતો હતો. મારાં પગલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીમાં ધીમાં પડતાં હતાં. હૈયું કોઈ કહ્યા ન જાય એવા વિષાદના ભારથી લદાઈ ગયું હતું. એનો જ જાણે એ પડઘો ન પાડતાં હોય!

અરજણની એ કરુણ આંખો, 'ભાઈ, સવારના પો'રમાં જ ઈ આવશે ને?' એવો આશાભર્યો જાણે આજીજી કરતો હોય એવો એનો પ્રશ્ન, અને રાજુનાં એ ક્રોધ–અપમાનથી ભારોભાર ભરેલાં વચનો, નાથિયાના દારૂથી ગંધાતા મુખ-માંથી નીકળતી અસંખ્ય ગાળો ને અંધારામાંયે વર્તાઈ આવતી લાલલાલ આંખો, માણસે માણસ વચ્ચે નાના રાગદ્વેષથી, માનાપમાનના ક્ષુદ્ર ખ્યાલોથી ઊભી કરેલી ઊંચી ઊંચી દીવાલો રાજુના હૃદયને પિગળાવવા, પેલો ત્યાં પળે પળે જિંદગી ગુમાવતો જતો હતો તે જાણવા છતાંયે, આજીજી–કાલાવા-લામાં મેં ગુમાવેલો સમય અને અંતે એમાં મને મળેલી પૂરેપૂરી નિષ્ફળતા, બધું યે હૃદયને ભારે ભારે બનાવી રહ્યું હતું.

મારા પ્રયત્નમાં કચાશ હશે? મારી સાધનામાં ખામી હશે? મારી વિનંતીમાં સચ્ચાઈનો રણકો ઓછો હશે? નહિ-તર માણસ જેવું માણસ, બીજું માણસ આમ લીધે જતું હોય ત્યારે યે કેમ આમ હૃદયહીન બની શકતું હશે, એવા અનેક પ્રશ્નો મારા હૃદયમાં ઊઠતા હતા.

એ પ્રશ્નના જાણે ઉત્તરરૂપે હોય એમ ઓચિંતો જ એક વિચાર મારા મનમાં ઝબકી ગયો. મેં તેટલો પ્રયત્ન કર્યો. છતાં રાજુ અંતે સ્ત્રી હતી, હું પુરુષ. મારી જગ્યાએ કોઈ સ્ત્રી હોત તો એ રાજુ પાસે જઈ શકત, એના દિલને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પર્શ કરી શકત. સ્ત્રીના હૃદયને સમજવા–સમજાવવા તો સ્ત્રી જ જોઈએ ને?

ને તે દહાડે, એ અંધારી રાતે મને લગ્ન કરી લેવાનો વિચાર આવ્યો. મારા કામમાં જો સાથે સાથે એક સ્ત્રી પણ હોય તો મારું કામ કેટલું સરળ થઈ જાય? ને એવી સ્ત્રી પત્ની જ જોઈએ, અન્ય સ્ત્રી કાર્યકર્તા નહિ. કેમકે સામાજિક દૃષ્ટિએ....'

ને ફરી પાછા પંડિતજી એમનું મુક્ત નિર્બંધ, આખા શરીરને હચમચાવી નાખે એવું હાસ્ય કરી રહ્યા: 'એ વાતને યે આજે કેટલી સાલ વીતી ગઈ! ને આ રામ તો એના એ જ રહ્યા છે. આ તો તમે પૂછયું એટલે એક પુરાણી ઘટના યાદ આવી ગઈ.'

'પણ પંડિતજી,' મારા સ્વરમાં આશ્ચર્ય અને બહુમાન આપોઆપ આવી ગયાં: 'તમે આ એક જ વાર લગ્ન કરવાનો વિચાર કર્યો અને તે પણ આપના સામાજિક કાર્યમાં સહાયતા થાય માત્ર એટલા જ માટે?'

પંડિતજી કશું યે બોલ્યા સિવાય મારે ખભે હાથ મૂકી હસતા હસતા મારી સામે તાકી રહ્યા.

'તમે પંડિતજી, ખરેખર....' હું બોલવા જતો હતો ત્યાં જ તે બોલી ઊઠ્યા: 'કુદરત કોઈને કંઈ ને કોઈને કંઈ જાતના ઘડે છે, ભાઈ તેમાં પ્રશંસા કે આશ્ચર્યને અવકાશ જ નથી.'

ને પાછું તેમના નિર્બંધ હાસ્યથી વાતાવરણ ભરાઈ ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનપત્ર

લે૦ ચૂનીલાલ વર્ધમાન શાહ

(૧)

રાવસાહેબ ઇચ્છાશંકર તાલુકાના મામલતદાર થઈને આવ્યા ત્યારથી તેમની એક ઇચ્છા ગામના લોકો સમક્ષ જુદીજુદી રીતે રજૂ થવા લાગી હતી. સરકારી અમલદારને જ્યારે પંચાવન વર્ષની ઉંમરે પહોંચીને નોકરીમાંથી નિવૃત્ત થવાનો વખત આવે, ત્યારે તેને એવી ઇચ્છા થઈ આવે છે, કે લોકો પોતાની કારકિર્દીની કદર કરે તો ઠીક, ગામમાં પોતાની નામના થાય એવું સ્મારક સ્થપાય તો ઠીક. નોકરીમાંથી નિવૃત્ત થઈ પેન્શન લેવાનું, એટલે અધિકાર તો હવે હાથતાળી આપીને ચાલ્યો જવાનો; પાછળ જેટલાં વર્ષનું જીવન બાકી રહ્યું હોય, તેટલાં વર્ષ સુધી પોતાનું નામ લોકોમાં ગવાતું રહે તે સાંભળવાનો લહાવો મળે તો ઠીક, એવું એવા વૃદ્ધ લોકોના મનમાં ઘણી વાર થઈ આવે છે. રાવસાહેબ ઇચ્છાશંકરની એવી ઇચ્છા ચાર છ માસની અંદર ગામના વકીલમંડળમાં, મ્યુનિસિપલ કમિટીના સભ્યોમાં, વેપારીઓના મહાજનમાં અને તાલુકા સમિતિના કાર્યકર્તાઓમાં ચર્ચાતી થઈ ગઈ હતી.

કોર્ટ–કચેરી સાથે તો ગામના લોકોને ઘણી વાર કામ પડે અને મામલતદારનો શિરસ્તેદાર જ લોકોને મળી રાવસાહેબને માન આપવાની કોઈ યોજના ઘડવાનું કહ્યા કરે, એટલે પછી લોકોને તે વાત ઉપર કાંઈ વિચાર કર્યા વિના ચાલે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોમાં વાત ચાલ્યા કરતી હતી, પણ કોઈ આગળ પડીને યોજના કરતું નહોતું; બીજી બાજુએ રાવસાહેબની નોકરીના છેલ્લા વર્ષના છેલ્લા મહિના એક પછી એક વહી જતા હતા.

એક વાર તેમણે શિરસ્તેદાર શામળદાસને એકાંતમાં બોલાવી કહ્યું: 'જુઓ શામળદાસ, સરકારે તો મારી કારકિર્દીની કદર કરીને મને 'રાવસાહેબ'નો ખિતાબ આપેલો જ છે, પરંતુ હવે તો એવા ખિતાબોનું સન્માન ઘટી ગયું છે. જેવી રીતે જનતાની સેવા એ જ ખરી સેવા છે, તેવી રીતે જનતાનું માન એ જ ખરું માન છે. એટલે નોકરીના સંધ્યાકાળે લોકપ્રીતિનું મારે મન ઊંચું મૂલ્ય હોઈને, લોકો પોતાની ફરજ બજાવે તો કાંઈક સંતોષપૂર્વક હું આ ગામ છોડીને રિટાયર થઉં.'

શિરસ્તેદારે કહ્યું: 'પણ સાહેબ! એક મુશ્કેલી નડે છે. આપને માન આપવા કાંઈ સ્મારક કરવું જોઈએ, અને સ્મારક માટે પૈસા જોઈએ, તે માટે ફંડ કરવા કોઈ આગળ આવવાની હિંમત કરતું નથી.'

રાવસાહેબ બોલ્યા: 'હું સમજ્યો, પણ જેવું નાગેસર ગામના લોકોએ મારું સ્મારક કર્યું તેવું તો અહીંના લોકો સહેલાઈથી કરી શકે. ત્યાંના લોકોએ ઉઘરાણું કરી ગામલોકોને માટે એક કૂવો ખોદાવીને બંધાવ્યો હતો, તે તેમણે મારી પાસે ખુલ્લો મુકાવ્યો હતો. તે માટે સભા ભરી હતી અને કૂવા ઉપર આરસની તખ્તી ચોડાવી તેમાં મારું નામ ઉદ્‌ઘાટન કરનાર તરીકે કોતરાવ્યું છે, તે સૌ યાવચ્ચંદ્ર દિવા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી જોઈ શકશે. તેવું જ કાંઈ અહીંના લોકો કરે, તો કાંઈ ખાસ વિશેષ નાણાંની જરૂર નહિ પડે.'

શામળદાસે તજવીજ કરી તો જણાયું કે ગામલોકને એવું કશું ઉદ્‌ઘાટન કરાવવા જેવું હાલમાં નથી, કે જેની સાથે રાવસાહેબનું નામ જોડીને તે અમર કરી શકાય. આવી વાત કહીને રાવસાહેબને નિરાશ કરતાં શામળદાસનો જીવ ચાલતો નહોતો.

ગામના એક મોટા વેપારી મ્યુનિસિપલ કમિટીના પ્રમુખ હતા, તેમને શામળદાસ મળ્યો અને બોલ્યો: 'સાહેબ! રાવસાહેબનું કાંઈક પણ સ્મારક કર્યા વિના તો ન ચાલે; આપણા ગામેથી સાહેબ રીટાયર થઈ ઘેર જાય, ત્યારે આપણે આપણા ગામની શોભા પ્રમાણે તો કાંઈ કરવું જોઈએ.'

શેઠે કહ્યું: 'ચાપાણીનો મેળાવડો કરીશું, બીજું તો શું થાય? તેમને આવ્યાને ચાર–છ માસ થયા, ચાર–છ માસ પછી ચાલ્યા જશે, તેમની સેવા ય શી અને કારકિર્દી ય શી કે જેથી લોકોને તેમના સ્મારક માટે કહી શકાય?'

શામળદાસે કહ્યું: 'નોકરીની મુદત થોડી રહી એટલે એમની ખાસ સેવા તો શી દેખાય? પણ વિના ખર્ચનો માર્ગ મ્યુનિસિપલ કમિટી ધારે તો કાઢી શકે.'

શેઠ બોલ્યા: 'તમે સૂચવો, મારાથી બનશે તો હું કમિટીના સભ્યોને સમજાવીશ.'

શામળદાસે સૂચવ્યું: 'ગામના એકાદ રસ્તાને રાવસાહેબનું નામ આપી દો ને, એટલે એમને સંતોષ થશે અને રસ્તાના નામકરણનો મેળાવડો ખર્ચાળ નહિ થાય.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વાત શેઠના ધ્યાનમાં કાંઈક બેઠી.

થોડા દિવસ ગયા, અને મ્યુનિસિપલ કમિટીના કાર્યક્રમનું સૂચિપત્ર શામળદાસે રાવસાહેબ સમક્ષ રજૂ કર્યું: તેમાં નીચેનું એક કામ મ્યુનિસિપલ કમિટીની ત્યાર પછીની બેઠકમાં વિચારણા માટે નોંધાયું હતું:

'ગામના ચોકથી નદીકાંઠા તરફ જતો રસ્તો કે જેના ઉપર 'રાવસાહેબની ખડકી'ને નામે ઓળખાતું મકાન આવેલું છે, તે રસ્તાને 'રાવસાહેબ ઇચ્છાશંકર રોડ'નું નામ આપવું.'

છેવટે ગામની મ્યુનિસિપાલિટીએ જ પોતાનું સ્મારક કરવાનું મન પર લીધું એ જાણીને રાવસાહેબ ખુશ થયા. તેમના વદન પર ખુશાલી પ્રસરી ગઈ. શામળદાસ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પણ સ્ફુરી આવ્યો. તેમણે કહ્યું: 'આટલું થાય એ પણ યોગ્ય જ છે. મારી મામલતદારી હવે લોકોના સ્મરણમાં રહેશે, પણ હેં શામળદાસ! આ રાવસાહેબની ખડકી તે કયું મકાન?'

શામળદાસે કહ્યું: 'એક સાધારણ મકાન માત્ર છે. વીસ–પચીસ વર્ષ પહેલાં એ ખડકીમાં તે વખતના મામલતદાર શિરસ્તેદાર વિશ્વનાથ દાંડેકર રહેતા હતા, ત્યારથી એ ખડકી એ નામથી ઓળખાય છે.'

રાવસાહેબે આંખો ફાડી પૂછ્યું: 'તેને સરકારે રાવસાહેબનો ખિતાબ આપેલો?'

'ના રે ના! એવું કશું નહોતું. એ હતા દક્ષિણી ભાઈ, અને આ તરફના લોકો દક્ષિણી અમલદારોને બહુધા રાવસાહેબના નામથી જ ઓળખે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવસાહેબનું કુતૂહલ શમ્યું. તે બોલ્યા: 'એ....મ? સમજ્યો; ત્યારે એ તો સાધારણ માણસ. વારુ, મ્યુનિસિપલ કમિટીમાં આ ઠરાવ વિના વિરોધે પસાર તો થઈ જશે ને?'

'એમાં શી શંકા? પ્રમુખની જ દરખાસ્ત હોય, પછી કોઈ વાંધો શાનો ઉઠાવે?'

(૨)

આ વાત મામલતદારની કચેરીમાંના બીજા કારકુનોની સાથે વાલજી પટાવાળાએ પણ જાણી. પોતાના મોટા સાહેબને ગામની મ્યુનિસિપાલિટી માન આપવાની છે તેવું જાણીને એ ભોળા દિલના બૂઢા નોકરની ખુશાલીનો તો પાર રહ્યો નહિ. વાલજીએ જેટલા મામલતદારો હેઠળ નોકરી કરી હતી તે બધાય તેને મન દેવ જેવા પૂજ્ય અને પવિત્ર હતા. બીજે દિવસે સવારમાં તે સાહેબને ત્યાં ગયો, ત્યારે સાહેબના ઘરનું બીજું કામકાજ કરી રહ્યા પછી તે સાહેબની સામે જઈને ઊભો અને બોલ્યો, 'સાહેબ, મ્યુનિસિપાલિટીના ઠરાવની વાત જાણી મને બહુ આનંદ થયો, પણ મારી એક વિનતિ આપ સ્વીકારો તો દૂધમાં સાકર ભળી જાય.'

'એવું શું છે વાલજી?'

વાલજી બોલ્યો: 'સાહેબ, એ રાવસાહેબની ખડકીમાં જ હું રહું છું. ખડકીમાં બે ઘર છે, તેમાંના એકમાં હું રહું છું અને બીજું ઘર ખાલી છે, એમાં જ રાવસાહેબ દાંડેકર રહેતા. આપ જો એ ઘરમાં આવીને રહો તો ખડકીનું નામ અને રસ્તાનું નામ બરાબર બંધબેસતું થઈ જાય, ખરું ને સાહેબ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલજીની વાત સાંભળીને રાવસાહેબની આંખો ચમકી ઊઠી. તેમણે સહેજ વિચાર કરીને પૂછ્યું: 'હેં વાલજી! એ દાંડેકરના વખતમાં તું કચેરીમાં નોકરી કરતો'તો?'

વાલજીએ જવાબ આપ્યો: 'હા, સાહેબ! હું બેકાર રખડતો'તો અને રાવસાહેબે જ મને કચેરીમાં ફરાસની નોકરી અપાવેલી. પછી થોડે વખતે હું પટાવાળો થયો, રાવસાહેબ બહુ લાયક માણસ હતા, સાહેબ! લોકોમાં તેમનું બહુ માન હતું.'

રાવસાહેબને વાલજીની વાતમાં રસ પડવા લાગ્યો, એટલે તેમણે પૂછ્યું: 'અને વાલજી! એ રાવસાહેબ જ્યારે રીટાયર થયા, ત્યારે લોકોએ તેમને કેવું માન આપેલું તે તને સાંભરે છે?'

'અરે સાહેબ! એ માનની તો વાત જ ન્યારી છે! સાંભળવાની ફુરસદ હોય તો એમની બધી વાત માંડીને કહું.'

રાવસાહેબે કહ્યું 'ભલે, બધી વાત કર, મારે સાંભળવી છે.'

વાલજી બોલ્યો: 'બરાબર અગિયાર વાગતાં રાવસાહેબ પાન ચાવતા ચાવતા કચેરીમાં આવતા અને કોટ ઉતારીને ખુરશીની પીઠ પાછળ ભેરવી બધા કારકુનો પાસે એક પછી એક જતા. કોઈને કંઈ સમજ ન પડતી હોય, કોઈની કાંઈ મુશ્કેલી હોય, તેનો તે ઉકેલ કરી આપતા. કોઈ કામમાં પહોંચી ન શકે તેમ હોય તો તેને મદદ કરતા અને પોતાના કામ પર બેસતા, ત્યારે સહેજે બે વાગી જતા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવસાહેબે ચિડાઈને પૂછ્યું : 'ત્યારે તેટલો વખત શું મામલતદાર પોતે ઝોકાં ખાતા બેસી રહેતા?'

વાલજી બોલ્યો: 'નહિ સાહેબ, વચ્ચે મોટા સાહેબ કોઈ વાર બોલાવતા તો રાવસાહેબ તુરત માથે ટોપી ઘાલી, કોટ પહેરી, તેમની પાસે હાજર થઈ જતા અને સાહેબે બતાવેલું કામ પૂરું કરીને પાછા અધૂરા રહેલા કામમાં મંડતા. સાંજે પાંચ પાંચ વાગતા ત્યારે તેમનું કામ તો અર્ધું જ થયું હોય, અને કેટલાક કારકુનો ઘેર જવા ઊંચાનીચા થતા હોય, એટલે રાવસાહેબ કહે: 'ભાઈઓ! મારું કામ પૂરું થતાં જરા મોડું થશે; તમારામાંના જેઓનું કામ પૂરું થયું હોય તેઓ જઈ શકો છો. પછી જેઓનું કામ પૂરું થયું હોય તે બીજા અધૂરા રહેલા કામવાળા કારકુનોને મદદ કરે, ઝટ કામ પૂરું કરે અને ઑફિસમાંથી બધા સાથે જાય; પણ બહાર બધા રાવસાહેબની રાહ જુએ. પા–અર્ધા કલાકે રાવ-સાહેબ ઑફિસમાંથી આવે એટલે બધા કારકુનો અંબાજીને મંદિરે સાથે દર્શન કરવા જાય અને પછી સૌ પોતપોતાને ઘેર જાય. આ તો કચેરીની વાત થઈ સાહેબ, પણ ઘર આગળ કાંઈ કાંઈ લોકો રાવસાહેબ પાસે આવે. કોઈના પેટમાં દુખતું હોય તો તુરત રાવસાહેબ પોતાની હોમિયોપથીની પેટી ખોલીને દવાનાં પડીકાં આપે. ઑફિસનો પટાવાળો હોય કે કારકુન હોય, પણ રાવસાહેબ આવક કરતાં ખર્ચ વધુ કરવા માટે ઠપકો આપે, પણ પછી તેને મદદ કર્યા વિના રહે નહિ. એક વાર પડોશમાં રહેતા એક ફોજદારે રાવસાહેબ પાસેથી પચીસ રૂપિયા ઉછીના લીધેલા. બેત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ થઈ ગયા પણ તે પૈસા પાછા આપી ગયો નહિ. રાવસાહેબના ધ્યાનમાં આવ્યું કે પૈસા નહિ આપી શકવાને લીધે ફોજદારે મોં બતાવવાનું પણ બંધ કરી દીધું છે; એટલે એકવાર રાવસાહેબે ફોજદારને ત્યાં જઈને કહ્યું : 'જુઓ ફોજદાર, તમારી અને મારી દોસ્તી પચીસ રૂપિયા કરતાં વધારે કિંમતી છે. તમે પૈસા પાછા આપી શક્યા નથી તેથી શરમાઓ છો શાને? મને ખબર છે કે તમે મારા રૂપિયા ડુબાડવાના નથી જ. લ્યો, આ પચીસ રૂપિયાની પહોંચ. હવે મોકળે મને આપણી દોસ્તી નિભાવતા રહેજો અને ફુરસદે જરૂર વાતો કરવા આવજો!' એ વાત સાંભળી ફોજદાર આંખોમાં આંસુ સાથે રાવસાહેબને તે વખત ભેટી પડેલા. એ દોસ્તી ફોજદાર ગુજરી ગયા ત્યાં સુધી ચાલી.

રાવસાહેબે ભ્રૂકુટી ચડાવતાં પૂછયું: 'હેં વાલજી! એને કાંઈ બૈરાં–છોકરાં નહોતાં?'

વાલજીએ જવાબ આપ્યો: 'હતાં સાહેબ, પણ તે દેશમાં રહેતાં. રાવસાહેબને દોઢસો રૂપિયા પગાર મળતો, તેમાંથી પચાસ રૂપિયા પોતાને માટે રાખી સો રૂપિયા દેશમાં મોકલતા. પોતે રહેતા એવી સાદાઈથી કે પચાસ રૂપિયામાંથી પણ તે અર્ધા બચાવતા અને એમાંથી આવાં પરોપકારનાં કામ કરતા. કચેરીનો કે પડોશનો કોઈ ઓળખીતો માંદો પડ્યો હોય તો રાવસાહેબ તેને ઘેર જઈને જોઈતી મદદ કરતા, એવો તેમનો સેવાભાવ હતો. તેમને અહીંથી બદલી કરવાના હુકમો ઘણીવાર આવેલા, પણ ગામના લોકોએ સરકારમાં અરજીઓ કરીને તેમને અહીંથી જવા દીધેલા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષે એક મહિનાની રજા લઈને રાવસાહેબ દેશમાં જઈ પોતાનાં બાળબચ્ચાંની સાથે રહી આવતા. તેમને મોટા પગારની અને ઊંચી અમલદારીની પણ જાણે ઇચ્છા જ થતી નહિ. તે કહેતા કે જો હું મોટો અમલદાર થઉં, તો લોકોને કદાચ આટલો ઉપયોગી ન થઈ શકું. હું નાનો માણસ છું તેથી જ આટલા બધા લોકો મારી પાસે આવે છે અને મને પોતીકો માની મારી સાથે પોતાનાં સુખદુઃખની વાતો કરે છે. પ્રભુ જે કાંઈ કરે છે તે સારા માટે જ કરે છે, એવી તેમની શ્રદ્ધા હતી.'

રાવસાહેબે આશ્ચર્ય વ્યક્ત કર્યું: 'એમ કે?'

વાલજીએ હકાર ભણી વાત આગળ ચલાવી: 'એકવાર રાવસાહેબના હાથ નીચેના મુખ્ય કારકુન ગણપતરામે રાવસાહેબને કહ્યું, કે તમારી તબિયત હમણાં સારી રહેતી નથી અને ઘણા દિવસથી તમે બાળબચ્ચાંને મળવા જઈ શકયા નથી, તો ચાર–છ માસની લાંબી રજા લઈને ઘેર જાઓ અને તેટલો વખત મને શિરસ્તેદારીનો ચાન્સ મેળવવા દો. રાવસાહેબે કહ્યું કે તમે મારી તબિયતની ચિંતાા ન કરો, પણ જો તમારે શિરસ્તેદારીનો ચાન્સ જોઈતો હોય, તો હું ત્રણ માસની રજા પર ઊતરીશ. એમ કહી તેમણે રજા મેળવી એટલે ગણપતરામ શિરસ્તેદાર થયા. રાવસાહેબ ચાર–પાંચ દિવસ રોકાઈને દેશમાં જવાના હતા, પરંતુ એટલામાં કાંઈ સરકારી કામ ઊભું થયું અને ગણપતરામને તેમાં કાંઈ સમજ પડી નહિ. મામલતદાર સાહેબ તેમને ઠપકો આપવા લાગ્યા, એટલે ગણપતરામ ગભરાયા. તેમણે રાવસાહેબ પાસે જઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલું કામ પૂરું કરી આપવા અને તેટલો વધુ વખત રોકાઈ જવાની વિનંતિ કરી; એટલે રાવસાહેબ રજા પર ઊતર્યા હોવા છતાં કચેરીમાં જઈ કામ કરવા લાગ્યા. અઠવાડિયું રોકાઈને તેમણે એ કામ પૂરું કર્યું, પણ ગણપતરામની મૂંઝવણ તો ચાલુ જ રહી. તેનાથી રાવસાહેબની પેઠે કામનો નિકાલ થઈ શકતો નહિ, એટલે રાવસાહેબની મદદ તથા સમજૂતીની જરૂર પડતી. એમ દિવસ પછી દિવસ જવા લાગ્યા. એટલામાં ગણપતરામ માંદો પડ્યો પણ તેણે રજા લીધી નહિ. રાવસાહેબ તેને ઘેર જઈ તેની સેવા કરતા અને કચેરીમાં આવી તેનું કામ કરતા તથા સાંજે ગણપતરામની સહીઓ કરાવવા તુમારોના થોકડા તેને ઘેર લઈ જતા. એમ કરતાં ત્રણ માસ વહી ગયા. એ બધો વખત ખરી રીતે રાવસાહેબે જ નોકરી કરી હતી અને ગણપતરામે રજા ભોગવી હતી; છતાં સરકારી દફ્તર મુજબ ગણપતરામે કામ કર્યું હતું અને રાવસાહેબે રજા ભોગવી હતી! રજાનો સમય પૂરો થયો, પણ રાવસાહેબ દેશમાં જઈ શક્યા નહિ અને ફરી પાછા નોકરી પર હાજર થયા. પછી તો થોડે વખતે રાવસાહેબને પેન્શન પર ઊતરવાનું હતું એટલે તેમણે રજા માગી અને તે તેમને મળી, અને ગામ છોડી કાયમ માટે દેશમાં જઈ રહેવાની તેમણે તૈયારી કરવા માંડી. સરકારી નોકરોએ અને ગામલોકોએ મળી તેમને એક સરસ પાર્ટી આપવાની ગોઠવણ કરી, અને રાવસાહેબે એ મિજબાની સ્વીકારવાની હા પણ કહી. તેમણે દેશમાં જતાં પહેલાં પોતાની ગાય પડોશમાં રહેતા એક ગરીબ બ્રાહ્મણને આપી દીધી. પોતાનાં કાંઈ જૂનાં કપડાં હતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કચેરીના ફરાસને આપી દીધાં. ઘરમાં થોડાં વાસણકૂસણ હતાં તે પણ કચેરીના પટાવાળાઓને અને પડોશીઓને વહેંચી દીધાં. મને એક તાંબાકૂંડી મળેલી તે હું હજી જીવની પેઠે જાળવી રાખું છું. તેમનું પાણી ભરનારીને તેમણે તાંબાનું બેડું આપી દીધું હતું; એમ તેમણે બધું વહેંચી દીધું, એટલે ઘર ખાલીખમ બની ગયું. લોકો રાવસાહેબને છેલ્લી મુલાકાત આપવા આવતા, તેઓ ઘર ખાલી જોઈને ઉદાસ થઈ જતા. એક દિવસ સવારમાં ખબર પડી કે રાવસાહેબ રાતની ગાડીએ પોતાને દેશ ચાલ્યા ગયા છે! ટાંગાવાળાએ કહ્યું કે રાવસાહેબને હું સ્ટેશન પર લઈ ગયો હતો. કેશવલાલ વકીલે કહ્યું કે રાવસાહેબ મને સ્ટેશન પર મળ્યા હતા, તેમની પાસે એક પેટી હતી અને તે કહેતા હતા કે હું ગામમાં જે એક પેટી લઈને આવ્યો હતો તે જ પેટી લઈને પાછો જઉં છું. હું કશું લાવ્યો નહોતો અને કશું લઈ પણ જતો નથી. લોકોને ઉપયોગી બની શકાય તેટલો હું ઉપયોગી બન્યો તે જ મારો સંતોષ છે. લોકોને મારા રામરામ કહેજો અને તેમની મિજબાનીના દિવસ સુધી હું રોકાઈ શક્યો નહિ તે માટે ખોટું લગાડતાં મને ક્ષમા કરજો. રાવસાહેબના એવા શબ્દો કેશવલાલ વકીલને મોઢેથી સાંભળીને લોકો ગળગળા થઈ ગયા. રાવસાહેબ ગામલોકોની મિજબાની લીધા વિના ચાલ્યા ગયા, પણ તેમણે પોતાનો પ્રેમ ગામલોકોને આપ્યો હતો અને ગામલોકોનો પ્રેમ તે પોતાની સાથે લઈ ગયા હતા એમાં શંકા નથી. એ ઘર અને ખડકીને આજે ગામનું છોકરુંય ઓળખે છે અને 'રાવસાહેબની ખડકી' શબ્દ સાંભળતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાવસાહેબની સુવાસ સૌને સાંભરી આવે છે. એવા નામાંકિત ઘરમાં આપ જરૂર રહેવા આવો સાહેબ! એ ઘર મારા કાકાનું છે અને હું તેમને કહીને આપને જરૂર ભાડે અપાવી શકીશ. આપનું નામ સાંભળીને તો તે ભાડું લેવાની પણ ના કહેશે; સમજ્યા ને સાહેબ? પણ આપ ઊંઘી ગયા છો કે શું?'

રાવસાહેબ આંખો મીચીને આરામખુરશીમાં પડ્યા પડ્યા વાલજીની વાત સાંભળતા હતા. ઊંઘી ગયા નહોતા. તેમણે આંખો ઉઘાડીને કહ્યું: 'હું જાણું છું, વાલજી! મેં તારી વાત સાંભળી. તું તારે હવે જા!'

વાલજી જતો જતો બોલ્યો: 'અને ઘરનો સામાન ફેરવવાનો હોય તે દિવસે મને જરૂર બોલાવવાનો, સાહેબ!'

'હા, હા, તારા વિના કાંઈ ચાલવાનું છે?'

(૩)

શનિવારને દિવસે સાંજે મ્યુનિસિપલ કમિટી મળી, તેમાં રાવસાહેબ ઇચ્છાશંકરના સ્મારકનો ઠરાવ આવવાનો હતો. પ્રમુખની પોતાની તરફથી જ ઠરાવ રજૂ થવાનો હતો એટલે કોઈ તેનો વિરોધ કરે એવો સંભવ શામળદાસને લાગતો જ નહોતો. તોપણ કમિટીના સભ્યો ઉપર પ્રભાવ પડે તેટલા માટે સભા વખતે શામળદાસે પોતે હાજરી આપી, તાલુકદાર રામસિંહજીને પણ ખાસ સૂચના કરીને હાજર રાખ્યા, વકીલમંડળના અગ્રણી નરેન્દ્રભાઈ તો મામલતદાર પ્રત્યેની પોતાની ફરજ સમજીને જ હાજર રહ્યા હતા.

સભ્યો આવ્યા એટલે પ્રમુખે કમિટીના કામકાજની શરૂઆત કરી, બે કામ પતાવ્યાં પછી ત્રીજું કામ રાવસાહેબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાશંકરના સ્મારકનું આવ્યું એટલે પ્રમુખે કહ્યું: 'આ કામ ઉપર વિચાર ચલાવ્યા પૂર્વે મારે એક હકીકત તમને સૌને કહેવાની છે.'

સભ્યો અને હાજર રહેલા ઇતર ગૃહસ્થો ઉત્કંઠ બની ગયા. ક્યાંકથી નવો પથરો પડવાની સૌને શંકા ઉપજી.

પ્રમુખ આગળ બોલ્યા: 'આજે સાંજે જ મને રાવસાહેબ ઇચ્છાશંકર તરફથી એક પત્ર મળ્યો છે. તેમાં તેમણે આ પ્રમાણે લખ્યું છે.' એમ કહી પ્રમુખે એ પત્ર વાંચવા માંડ્યો.

'મારી સેવાના સ્મારક તરીકે નગરના એક માર્ગને મારું નામ આપવાની દરખાસ્ત માટે હું તમારો અને તે ઉપર વિચાર ચલાવવા માટે તમારી કમિટીનો આભાર માનું છું. પરંતુ મને લાગે છે કે રાવસાહેબ દાંડેકરના નામથી વિખ્યાત મકાન તથા ખડકી જે રસ્તા પર આવેલાં છે, તે રસ્તાને 'રાવસાહેબ દાંડેકર રોડ'નું નામ આપવું એ જ વધારે વાજબી છે. રાવસાહેબ દાંડેકરની સેવા તથા તેમના વ્યક્તિત્વની સુવાસની તુલનામાં હું કશી ગણનામાં લેવા યોગ્ય વ્યક્તિ નથી એમ મને લાગવાથી મારા કોઈ પણ પ્રકારના સ્મારકનો વિચાર નહિ કરવા હું તમોને વિનંતિ કરું છું.'

કમિટીના સભ્યો આશ્ચર્ય પામ્યા, શામળદાસ ચોંકી ગયો અને સભાએ એ રસ્તાને 'રાવસાહેબ દાંડેકર રોડ'નું નામ આપવાનો ઠરાવ કર્યો.

અને બીજે દિવસે મળેલી જાહેર સભામાં રાવસાહેબ ઇચ્છાશંકરે જ પ્રમુખપદેથી એ રસ્તાનું ઉમંગથી નામકરણ કરતાં રાવસાહેબ દાંડેકરની સેવાની ઊંડા હૃદયથી પ્રશંસા કરી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેળાવેળાની છાંયડી

લે૦ ચૂનીલાલ મડિયા

એક વેળાના મોટા ને મોભાદાર ખોરડાની આબરૂ ઢાંકવાને કોઈ આરોવારો ન રહ્યો ને ઓતમચંદ જેવો ભડ વેપારી પણ આર્થિક ભીડમાં મતિ મુંઝાઈ જતાં આંધળોભીંત થઈ બેઠો ત્યારે ચતુરસુજાણ લાડકોરે પતિને હિંમત આપી: 'તમે ચાર છોકરાંના બાપ ઊઠીને આમ સાવ પોચા કાં થઈ જાવ? હોય ઈ તો. મલકમાં બીજા કોઈને વેપારમાં ખોટ નઈ આવતી હોય? દુનિયા આખીમાં કોઈ દેવાળાં નંઈ કાઢતાં હોય? વેપારધંધા કોને કિયે? આ તો તડકાછાંયા છે. કાલ સવારે છોકરાનાં નસીબ ઊઘડશે તો પાછાં ખાતા-પીતાં થઈ જાશું, દી આવતો થાશે તો ઈ જ અગાશીવાળી મેડી લઈ લેતાં કેટલી વાર?....'

ઓતમચંદ જાણે કશું સાંભળતો જ ન હોય એમ શૂન્યમનસ્ક બેઠો બેઠો, મહિને સવાબે રૂપિયાને ભાડે લીધેલા ધૂળિયા ખોરડાની ઊખડી ગયેલી ગારના પોપડા નખ વડે ખોતરી રહ્યો હતો.

પતિની મૂંઝવણ ઓછી કરવા લાડકોરે આજ ઉપરાઉપરી ત્રીજી વાર સૂચન કર્યું: 'તમે ઈશ્વરિયે મારા દકુભાઈ પાસે જઈને વાત તો કરો. તમારો હાથ પાછો નંઈ ઠેલે, હો.'

ઓતમચંદે ત્રીજી વાર પણ મક્કમતાથી ઇનકાર કર્યો: 'કોઈનું આપ્યું ને તાપ્યું કેટલા દી બેઠું રિયે?'

'પણ ક્યાં કોઈ પારકાં પાસે માગવા જાવું છે? આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મારો માનોજણ્યો દકુભાઈ—'

'ભાણાની ભાંગે, ભવની નહિ,' ઓતમચંદે મિતાક્ષરી ઉત્તર આપ્યો.

'અટાણે તો ભાણાની ભાંગે તો ય ભગવાનનો પાડ માનવા જેવો સમો છે,' લાડકોરે ઘરની કંગાલિયત એક જ વાક્યમાં રજૂ કરી દીધી. પછી એનો વિગતે સ્ફોટ કર્યો: 'રાતે મનુડાને રોટલીને બદલે ખાખરો આપ્યો તી ભાવ્યો નંઈ ને ભૂખ્યે પેટે સૂઈ ગ્યો. ચંપલીને વાટકામાંથી બટકે ઘી ચડાવીને ખાવાની ટેવ, તી હવે કોળિયા ગળે ઠહકાય છે. શેજાદાઓને તમે ટેવું પણ બવ સારી પાડી છે!'

'બચારાં ગભૂડાં કાંઈ સમજે છે?' ઓતમચંદે સહાનુભૂતિથી કહ્યું: 'એકવાર તો શેજાદાથી ય સવાયા હતાં ને? આપણો સમો બદલ્યો એમાં એનો શું વાંક?'

'એટલે તો કહું છું કે બીજા કોઈ સારુ નંઈ તો ઈ પહુડાંની દયા ખાઈને પણ દકુભાઈને વાત કરો. સગો મામો ઊઠીને ભાણજાંવને ભૂખ્યાં નંઈ રેવા દિયે. સાસ્તરમાં સો ભામણ બરાબર એક ભાણેજ કીધો છે.'

લાડકોરે 'મારો દકુભાઈ'ની જ્યારે મોં-પાટ જ લેવા માંડી, ત્યારે ઓતમચંદથી ન રહેવાયું. એણે હાથનો પોંચો સીધો કરીને પૂછ્યું: 'આ શું કહેવાય?'

'આંગળાં, બીજું શું?'

'ને આ?—'

'નખ, વળી.'

'બરાબર, પણ નખ આંગળીથી કેટલા છેટા છે?!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં સંધું ય સમજી જા,' ઓતમચંદે ભારેખમ મોંએ ચુકાદો આપી દીધો.

'તમે તમારી તો લાજ ખોઈ, પણ હવે મારી લાજ ખોવા બેઠા લાગો છો!' લાડકોરે છણકો કર્યો. 'મારો માનો જણ્યો દકુભાઈ સગી બેન હારે આવી જુદાઈ જાણતો હશે? તમે મારાં પિયરિયાંને સાવ ભૂખ સમજી બેઠા છો?'

'ભગવાન કોઈને ભૂખ ન આપે!' ઓતમચંદે સ્વાનુભવથી દુઆ ગુજારી. પછી ઉમેર્યું: 'પણ હું તો એમ કહેતો'તો કે એવા પારકે ઘીએ ચૂરમાં થાય ખરાં? માગતાં તો મુક્તાફળ મળે, પણ ભીખને માથે ભઠ.'

'વાહ રે તમારી શેઠાઈ! સગા ભાઈ આગળ બેન હાથ લાંબો કરે એ તમારે મન માગ્યું કે'વાતું હશે! અમે કળોયાં તો જીવીએ ત્યાં લગી ભાઈ પાસે માગીએ. અમારો તો લાગો લેખાય ને વળી મારા દકુભાઈનો હાથ તો હવે પોંચતો થયો છે. આ ખેપે તો મોલમિનથી ગાંહડ. ને ગાંહડા ઢરડી આવ્યો છ. દહકો આવતો થયો તો કેવો તરી ગ્યો, જોતા નથી? મારી સમરથ ભાભીને તો સૂંડલે સોને પગથી માથા સુધી મઢી દીધી છે ને મારા ભત્રીજા બાલુ સારુ તો મોટા મોટા નગરશેઠિયાની છોકરિયુંનાં નાળિયેર ઉપરાઉપરી પછડાયાં કરે છ, ઈ તમે જાણો છો?'

'હા, હમણાં ટોપરાનું બજાર તેજ છે ખરું! મને ખબર નહિ કે તારા દકુભાઈએ નાળિયેરનો ખેલો માંડ્યો છે!' આફત ને ચિંતાથી ઘેરાઈ ગયેલા ઓતમચંદમાંથી રમૂજવૃત્તિએ હજી વિદાય લીધી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ મોડી રાત ધણીધણિયાણીએ ઈશ્વરિયે જવાની ચર્ચામાં વિતાવ્યા બાદ આખરે, લાડકોરનું મન સાચવવા તથા પરદેશની કમાણીથી શાહુકાર બનેલા સાળાનો દાણો દાબી જોવાના ઉદ્દેશથી ઓતમચંદ ઈશ્વરિયે જવા તૈયાર થયો.

જામેલા વેપારના ચડતા દિવસમાં વછિયાતી ઉઘરાણી પાછળ જે ઘોડી પરથી જીન ન ઊતરતાં એ પવનવેગી 'ચંદરી'-ને તો દેવાળું જાહેર થયા પછી લેણદારો જપ્તીમાં લઈ ગયા હતા. પગે પંથ કાપવાનો હતો. ઘરમાં ઘી જેવી ચીજનો તો સ્વાદ જ જાણે કે ભુલાઈ ગયો હતો, તેથી ગોળપાપડીનું ભાતું બાંધવાનો તો પ્રશ્ન જ નહોતો. એટલે સાથવાનો સૂકો ભૂકો ને ગોળનો ગાંગડો બાંધીને ઓતમચંદે ઈશ્વરિયાનો કેડો લીધો.

સૂરજનો તાપ શું કહેવાય એની જેને જાણ નહોતી એ ઓતમચંદ આજે વખાનો માર્યો ટાંટિયા ઢસરડતો મારગ કાપી રહ્યો હતો. આખે રસ્તે, એક ફિલસૂફની પરલક્ષિતાથી પોતાના ભૂતકાળને એ વાગોળી રહ્યો હતો. જામતા વેપારની વધારેપડતી આશામાં પોતે જંજાળ વધારી મૂકી અને ઊંચી શાખ પર આવતી હૂંડીપત્રીઓનો કોઈ હિસાબ જ ન રહ્યો. પોતાની શાખ એવી તો જામી કે રાંડી-રાંડો અને ધર્માદા સંસ્થાઓ પણ સલામતી ખાતર ઓતમ-ચંદની જ પેઢીએ ધીરધાર કરવા લાગી. કમનસીબે દેશા-વરની એક મોટી આસામી ડૂલી એમાં ઓતમચંદને ભારે ફટકો લાગી ગયો અને જંગી રકમ સલવાઈ રહી. કોઈ હાંડલાંફોડાએ લાગ જોઈને ગપ હલાવી કે ઓતમચંદ પાઘડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરવવાના વેંતમાં છે. ઓતમચંદ પેલો ધક્કો તો ગમે તે જોગવાઈ કરીને ખમી ખાત, પણ આ ગપ ઊડતાં બૅન્ક પર દરોડો પડે એમ પેઢી પર હૂંડીપત્રીવાળાઓનો દરોડો પડ્યો. દૂધ-ચોખા અકબંધ રાખીને દેવાળું કાઢવાની કરામતોનો ઉદય થવાને હજી વાર હતી. ઈન્સૉલ્વન્સી એક્સપર્ટ્સ (દેવાળા–નિષ્ણાતો)ની વિશિષ્ટ સેવાઓ હજી સરજાઈ નહોતી, એ જમાનાની આ વાત. ઓતમચંદે નેકીને નજર સામે રાખીને પહેલવહેલી પતાવટો તો વિધવાઓ ને ધર્માદા સંસ્થાઓની કરી, પણ પોતે એટલો બધો ઘેરાઈ ચૂક્યો હતો કે પહોંચી વળવું મુશ્કેલ હતું. 'ઘર, ઘરેણાં ને ઘાઘરી' એ કહેવતના ત્રણે ય 'ઘ' વેચીને પણ ચુકવાય એટલું ચૂકવ્યું અને પછી ઠામનાં થોડાં ઠોસરાં લઈને કૂબા જેવા ઘરમાં વાસ કર્યો.

'વેળા પડી છે ને!' ઓતમચંદ અંતર્મુખ બનીને વિચારતો હતો: 'વેળા કરે એવું કોઈ ન કરે....'

અને તરત દકુભાઈનું ચિત્ર આંખ સામે ખડું થતાં એ માણસનો આખો ભૂતકાળ પણ ઓતમચંદની નજર સામે તરવરી રહ્યો. ઈશ્વરિયાના એક મેમણ શેઠિયાએ મોલમિનમાં ચોખાની મિલ નાખેલી, એમાં પેટવડિયા વાણોતર તરીકે એ બેકાર માણસ બર્મા ગયેલો. અનેક કાળાંધોળાં કરીને દકુભાઈ શી રીતે આગળ આવેલો અને ભોળિયા શેઠિયાને ભોળવીને એક દાયકામાં દકુએ પેઢી પર કેવો હાથ મારેલો એ હકીકત ઓતમચંદ જાણતો હતો. એનું અણહક્કનું નાણું પોતાના ઘરમાં ન પ્રવેશે એની ઓતમચંદે આજ સુધી ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તકેદારી રાખી હતી. આજે લાડકોરે એને ધક્કો મારીને ઈશ્વરિયે મોકલ્યો હતો, એ બદલ ઓતમચંદ ક્ષોભ તેમ જ ભય બંને અનુભવતો હતો.

દકુભાઈએ જેનું નામ 'દીવાનખંડ' પાડ્યું હતું એ ઓરડો અત્યારે મહેમાનોથી ભરચક્ક હતો. બાલુનું નાળિયેર લઈને એક મોટા ગામના નગરશેઠ આવ્યા હતા. ઓરડાની સજાવટમાં દકુભાઈએ લગારે કચાશ રાખી નહોતી. બર્મી જીવનનું નાનુંસરખું પ્રદર્શન જ જાણે કે અહીં ગોઠવાઈ ગયું હતું. ભીંત પરનાં ચિત્રોમાં બર્મી નિસર્ગ દૃશ્યો ને બર્મી રૂપસુંદરીઓ; ભોંયે બિછાવેલી જાજમ અને એની ઉપરનો ગાલીચો બર્મી બનાવટનાં; પાન–સોપારીની તાસક અને ડબ્બાનું નકશીકામ પણ બર્માનું, કાચના કબાટમાં દેખાતાં કાષ્ટ–કોતરકામનાં રમકડાં યે બર્મી. દકુભાઈના ભાવિ વેવાઈઓને આ ઝળહળાટે આંજી નાખ્યા હતા. દકુભાઈ વાતચીતમાં દર ત્રીજે વાકયે હેન્ઝાડા, પ્રોમ ને અકયાબનો ઉલ્લેખ કરતા હતા. 'અમારે મોલમિનમાં—' એ એમનો જપતાલ હતો.

બદામપિસ્તાં અને ચારોળી મિશ્રિત કઢેલાં કેસરિયાં દૂધ કાચનાં કપરકાબીમાં ગોઠવાઈને આવ્યાં ત્યારે તો મહેમાનોના આશ્ચર્ય અને અચંબાની અવધિ આવી રહી. કુતૂહલથી જ પુછાઈ ગયું: 'દકુભાઈ શેઠ, આ ઠામ વળી કઈ ધાતુનાં?'

'ધાતુ નથી; કાચ છે કાચ! ફણફણતાં દૂધ રેડો તો ય હાથ નો દાઝે!' દકુભાઈએ મોં પર આવશ્યક ભાર રાખીને કહ્યું.

કાઠિયાવાડમાં એકાદ બે રેલવે જંકશનોના પહેલા–બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગના રીફ્રેશમેન્ટ રૂમ સિવાય બીજે ક્યાંય કાચનાં વાસણોનો વિસ્તાર નહોતો વધ્યો એ દિવસોની આ વાત. મહેમાનના કુતૂહલનો પાર ન રહ્યો. સ્વાભાવિક શંકાથી જ પુછાઈ ગયું: 'મોઢે માંડવામાં ધરમનો કાંઈ બાધ નહિ ને?'

આખા ઓરડાને ભરી દે એટલું બધું દકુભાઈ હસી પડ્યા. બોલ્યા: 'અમારે મોલમિનમાં તો કાચની જ થાળી ને કાચનાં જ કચોળાં. અમારે મોલમિનમાં તો ફુલ હોલ ઈંગ્લિશ સ્ટાઈલમાં જ રે'વાનું.'

મહેમાનોમાં સાપના કંડિયા જેવી આંટિયાળી પાઘડી બાંધીને બેઠેલા એક વૃદ્ધે આના પર ટિપ્પણ કર્યું: 'સાસ્તરમાં કીધું છે કે કળજગમાં જેના ઘરમાં સવાશેર કાંસું રહેશે એ શાવકાર કે'વાશે....હવે તો આ કાચનાં ઠીકરાં હાલી મળ્યાં છે ઠીકરાં.'

દકુભાઈએ આ કથનનો જડબાંતોડ જવાબ આપ્યો: 'આ કાચ તો કાંસા કરતાં ક્યાં ય મોંઘો છે શેઠ!'

બરોબર આ વખતે દીવાનખંડના બારણામાં ઓતમચંદ આવી ઊભો. એના દીદાર એવા હતા કે ઘડીકમાં એને ઓળખવો પણ મુશ્કેલ પડે. પગપાળા કાપેલા લાંબા પંથે એના ઉઘાડા પગની ઘૂંટી સુધી ખેતરાઉ ધૂળના થથેરા લગાવી દીધા હતા. પેટમાં પડેલા વેંત એકના ખાડાને કારણે આંખો ઊંડી ઊતરી લાગતી હતી. દિવસોની વધેલી દાઢી ધૂળિયા મારગે રજોટાતાં આખો દીદાર વિચિત્ર દેખાતો હતો.

દકુભાઈ વેવાઈઓ સમક્ષ પોતાની સમૃદ્ધિ અને શાહુકારીનું વર્ણન કરી રહ્યા હતા એ જ ઘડીએ, દેવાળું કાઢીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિદ્ર બનેલા બનેવીએ બારણામાં દેખાવ દીધો તેથી દકુભાઈને એવી તો દાઝ ચડી કે મૂંગી ચીડમાં એમની આંખો ચાર થઈ ગઈ. કૂતરું વડચકું ભરે એમ દકુભાઈ તાડુકયા: 'ટાણું કટાણું કાંઈ જુવો છો, કે પછી હાલી જ નીકળ્યા છો ભાતુ બાંધીને ?'

કઢેલા દૂધના કટોરાની જ્યાફ્ત જોઈને જ ઓતમચંદ ડઘાઈ ગયો હતો, એમાં દકુભાઈને મોંએથી આવો અણધાર્યો ટોણો સંભળાતાં એ ગમ ખાઈ ગયો. એની થાકેલી આંખો સામે લાલ, પીળો ને વાદળી ત્રણે ય મૂળ રંગોની મેળવણીઓ થવા લાગી.

દકુભાઈથી આ ટોણો મારતાં તો મરાઈ ગયો, પણ પછી એમને ભાન થયું કે ભાવિ વેવાઈઓ સમક્ષ પોતાનું આવું ઉદ્દંડ વર્તન ખાનદાનીના દેવાળામાં ખપશે. બનેવીએ તો આર્થિક દેવાળું કાઢયું છે, પણ હું સજ્જનતાનો દેવાળિયો પુરવાર થઈશ. તુરત એમણે બગડી બાજી સુધારી લેવા કહ્યું: 'ઓશરીમાં વિહામો ખાવ જરાક.'

ઓતમચંદ દીવાનખંડમાંથી પાછો ફરીને થાકયોપાકયો, ઓશરીમાં બેસી ગયો. બેસતાં બેસતાં મનોમન ગણગણ્યો: 'વગર પૈસે ખાવા જડે એવી ચીજ તો એક વિહામો જ છે ને ?'

'વાણિયો ભારે હાથભીડમાં આવી ગ્યો બચારો.' મહેમાનોમાંથી એક જણાએ ઓતમચંદને ઓળખી કાઢતાં, દકુભાઈ સમક્ષ દિલસોજી વ્યક્ત કરી.

'હાથે કરીને હાથ ભીડમાં આવે એમાં કોઈ શું કરે ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દકુભાઈએ જવાબ આપ્યો. પછી ઉમેર્યું : 'ગજું માપ્યા વિના મોટા વેપલા કરવા જાય પછી તો આમ જ થાય ને ? આજ તો સહુને લખપતિ થઈ જાવું છે, પણ રૂપિયા એમ ક્યાં રેઢા પડ્યા છે ? આ અમે પંડ્યે કાચાં માથાં લઈને મોલ-મિન ખેડયું તંયે આ આવતો દી જોવા પામ્યા છંયે.'

ઓશરીમાં બેઠેલો ઓતમચંદ આ અપમાન બદલ સાળાને નહિ પણ પત્નીને દોષ દઈ રહ્યો હતો.

આજે બાલુના વેવિશાળની ખુશાલીમાં લાપશી–ભજિયાંનું મિષ્ટાન્ન રંધાઈ રહ્યું હતું. રસોડામાંથી સમરથવહુ ચૂલે તવો મૂકીને ભજિયાં તળવાનું તેલ ઓશરીમાંના ખાણિયા-માંથી કાઢવા હાથમાં બરણી લઈને બહાર આવી. ઓશરીમાં ઘૂડ–પંખીની જેમ બેઠેલા નણદોઈ પર નજર પડતાં એણે હાથ એકનો ઘૂમટો તાણ્યો અને હળવેકથી ખાણિયા પરની પથ્થરની ચાકી ખેસવી, ઝટઝટ એમાંથી તેલની બરણી ભરીને, નણદોઈની હાજરીમાં શરમાતી સંકોચાતી રસોડામાં દોડી ગઈ. કેડ સમાણા ઊંડા તેલના ખાણિયા પર ચાકી ગોઠવીને ફરી ઢાંકવા પણ એ ન રોકાઈ. એણે મનમાં વિચારેલું, 'પછી નવરી થઈશ ત્યારે ઢાંકી દઈશ.'

થોડીવારે બજારમાંથી બાલુ આવી પહોંચ્યો. એના બન્ને હાથમાં અકેકી ફાંટ હતી. એક ફાંટ એણે સીધી રસો-ડાના ઉમરા ઉપર ઠલવી. એમાંથી કેળાં, રીંગણાં, તૂરિયાં, અજમાનાં પાંદડાં વગેરેનો ઢગલો થયો. બીજી ફાંટ જરા ભારે વજનવાળી હોય એમ બાલુના મોંની તંગ રેખાઓ કહી આપતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસોડામાંથી તેમ જ દીવાનખંડમાંથી એકીસાથે સમરથ-વહુ તેમ જ દકુભાઈના અવાજો ઓતમચંદે સાંભળ્યા. સમરથ-વહુએ ધીમો છણુકો કર્યો: 'મારા તવાનું તેલ બળી ગયું તંયે તું શાકપાંદડાં લઈ આવ્યો. એ હું કંયે એનાં પતીકાં કરીશ ને કંયે ભજિયાં ઉતારીશ!'

દકુભાઈએ પૂછ્યું: 'સોમેસર ગોરને બરકી આવ્યો?'

'આવું છું એમ કીધું.' બાલુએ જવાબ આપ્યો.

'એમ આવું છું નહિ ચાલે મારે ઘેર, કહી દે એને, આવવું હોય તો કંકાવટી લઈને અબઘડીએ જ આવી જાય. આ કાંઈ નાતનાં લાહાં ખોરડાં માંઈલું ખોરડું નથી જા ઝટ, ઊભાઊભ પાછો જા, ને એને ભેગો જ લેતો આવ્ય!'

દકુભાઈના શંકિત માનસમાં શંકા પેઠી હતી કે થનાર વેવાઈઓ સમક્ષ ઓતમચંદની દરિદ્રતાનું જે કમનસીબ પ્રદર્શન થઈ ગયું છે એ જોઈને વેવાઈઓ કદાચ બાલુ જોડે સગપણ કરવાનો નિર્ણય ફેરવી બાંધશે! 'સારાં કામ આડે સો વિઘ્ન' એમ વિચારી, ઓતમચંદે ઊભા કરેલા વિઘ્ન બદલ એના પ્રત્યે મૂંગે મોઢે ચીડમાં દાંત કચકચાવતા એણે આ શુભ કાર્ય ઝટપટ આટોપી લેવાનું નક્કી કર્યું.

બાલુ પણ કપાળ કંકુઆળું કરાવવાની યૌવનસહજ ઉત્સુકતાથી બીજી થેલી પટારામાં મૂકવા રોકાયા વિના, ખાણિયા પાસે જ મૂકતોકને જે ઝડપે આવ્યો હતો એથીય વધારે ઝડપે સોમેશ્વર મહારાજને તેડવા દોડ્યો.

દીવાનખંડમાં ખાલી થયેલા દૂધ–કટોરા ફરી ભરાતા હતા, દકુભાઈ મહેમાનોનાં કાંડાં મરડીમરડીને અને સોંઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમસગરાં દઈ દઈને દૂધ રેડાવી રહ્યા હતા.

આ બધા વાતાવરણે ભૂખ્યા-ડાંસ ઓતમચંદને ઓશરીમાં જાણે કે સો સો કીડીઓના ચટકા ભરાવ્યા. આ હીણપતભર્યા વાતાવરણમાં એક ઘડી પણ હાજર રહેવાનું અસહ્ય લાગતાં એ ઊભો થઈ, કોઈને પણ જાણ કર્યા વિના ડેલી બહાર નીકળી ગયો અને ઝડપભેર પોતાના ગામને કેડે ચડીને પંથ કાપવા લાગ્યો. થોડી વારે ઓશરીમાં 'વવ વવ' કરીને ઝઘડતા બે બિલાડાઓએ એવી તો ધમાચકડી મચાવી મૂકી કે કશુંક પછડાવાનો ભફાક કરતોકને અવાજ ઊઠ્યો. દકુભાઈએ સોપારી વાંતરતાં વાંતરતાં રાડ નાખીને સમરથવહુને પૂછ્યું: 'એ....શું પડ્યું ?'

રસોડામાંથી જ સમરથવહુએ જવાબ આપ્યો: 'ઈ તો મીંદડે મીંદડાં વઢે છે, સુવાં....'

વાત વિસારે પડી.

રોંઢો નમતાં ઓતમચંદે અરધો પંથ કાપી નાખ્યો. કઢેલા દૂધની સોડમ નાકમાંથી દૂર થતાં, લાડકોરે પ્રેમપૂર્વક સાથે બંધાવેલો સાથવો એને યાદ આવ્યો. નદીનું ખળખળિયું આવતાં ઝાડનો છાંયો શોધીને એણે સાથવો છોડ્યો. દકુભાઈના દીવાનખંડના દૃશ્ય પ્રત્યે ફિલસૂફની અદાથી હસતાં હસતાં કળશામાં પાણી ભરીને એમાં ગોળ પલાળ્યો. શેકેલા લોટના ભૂકામાં ગળ્યું પાણી રેડીને કોળિયો ચોળ્યો ને ઘેઘૂર આંબલીને છાંયડે બેસીને પહેલો કોળિયો મોંમાં મૂકવા જાય છે ત્યાં તો પાછળથી કોઈએ બોચી પકડી. જોયું તો દરબારી ઘોડેસવારો ઊભેલા દીઠા! ઓતમચંદ આ બધું સમજવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયત્ન કરે એ પહેલાં તો કોઈએ પાછળથી આવીને ઓતમચંદને અડબોથ મારી.

'સાલ્લા ચોરટા મલકના! પારકા ગામમાં આવીને આવા ગોરખધંધા કર છ?' ગામનો પસાયતો કહેતો હતો.

'શું છે પણ, ભાઈસાબ?' ઓતમચંદે પૂછ્યું: 'મારો કાંઈ વાંક–ગનો?'

'વાંક–ગનાની પૂંછડી! તારી વાણિયાગત અમારી આગળ નંઈ હાલે. સીધો થઈને રૂપિયા સંધાય ગણી દે.'

'શેના રૂપિયા? કોના રૂપિયા?'

'શાવકારની પૂંછડી થા મા, સાલ્લા ડફેર!' પસાયતાએ ઓતમચંદના પડખામાં ઠોંસો લગાવતાં કહ્યું: 'દકુભાઈની ઓશરીમાંથી કોથળી સોતા રૂપિયા....'

'હું નંઈ, ભાઈસાબ! તમે માણહ ભૂલ્યા....'

'હવે મૂંગો રે મૂંગો, બાળા, અમને શીખવવા નીકળ્યો છો? અમારો ગુરુ થાછ?' હવે બીજા પસાયતાએ ગાલિપ્રદાન શરૂ કર્યું: 'નારુભા, આ પંડયે જ ચોર છે, ઘોળા દીનો. દકુશેઠે દીધાં ઈ સંધાંય એંધાણ સાચાં પડ્યાં: આ ચોમાહાની ધરો જેટલી દાઢી, આ કોરી ગજીનું કડિયું ને આ બગહરાની પછેડી....'

'તમારું કાઈ માના દીકરાવનું ડા'પણ આ ડંગોરા પાંહે નંઈ હાલે હો!' નારુભાએ પોતાનું હથિયાર બતાવીને ઓતમચંદને ધમકાવ્યો: 'સીધો થઈને કોથળી સોંપી દઈશ તો સારો માણહ ગણીને અમે પોલીસ કેસ નંઈ થાવા દઈએ.'

'પણ કઈ કોથળી?'

'મારો દીકરો, સતનું પૂતળું થાવા જાય છે!' ઓતમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદના વાંસામાં પસાયતાનો એક ગડદો અને પેટ પર પાટું પડ્યું અને એક ભૂખ્યા ને થાકેલા માણસના મોંમાંથી ઓય-કારો નીકળી ગયો.

'બાલુભાઈ બચારો તને સાજની માણહ ગણીને બાણિયાની પાળે કોથળી મેલી ગયો ને તું બાપનો માલ ગણીને બગલમાં....'

'હું અડચો હોઉં તો મારા પેટના છોકરાના સમ....'

'હવે સમવાળી! અમને આવું વાણિયા-સાસ્તર ભણા-વવા નીકળ્યો છો?' પસાયતાએ ગુસ્સે થઈને સીસાની કડિયાળી લાકડી ઓતમચંદને ફટકારી.

આ વખતે તો ઓયકારો કરવાની પણ એને શુદ્ધ સાન ન રહી. એ ડોળા તારવી ગયો.

પસાયતાઓ ગાળભેળ અને ગડ્ડા-પ્રહારો સાથે પ્રશ્નો પૂછતા જતા હતા: 'નદીમાં કયે ઠેકાણે કોથળી દાટી છે, બોલ! અમે અમારી મેળે ખોદી લઈશું, બોલ!'

પ્રહારો અને પ્રશ્નોનો એક અક્ષર સુદ્ધાં સાંભળી શકવાને ઓતમચંદ શક્તિમાન નહોતો. એ ઢગલો થઈ જઈને આંબલીના થડ નજીક ઢળી પડ્યો હતો.

લાઠીપ્રહારોને અંતે જ્યારે પસાયતાના જ હાથ દુખવા આવ્યા અને જ્યારે સમજાયું કે આમાં તો કંઈક આંધળે-બહેરું કુટાયું છે ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. ઓતમ-ચંદ જરા ય સળવળતો નહોતો. ગુનેગારને આવો ઢોર-માર મારવા બદલ આપણે જ ગુનેગાર ગણાઈશું એવો ભય ઉપ-જતાં પસાયતાઓ ઘોડે ચડીને ગુપચુપ ગામ ભણી વિદાય થઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓતમચંદે આંખ ઉઘાડી ત્યારે તદ્દન અપરિચિત વાતાવરણ જોયું. પોતે ખાટલામાં પડ્યો છે. પાંગતે એક પડછંદ-કાય માણસ બેઠો છે. બાજુમાં ગરવા મોંવાળી એક નમણી સ્ત્રી ઊભી છે.

'તમે કોણ?....' મહામહેનતે ઓતમચંદે હોઠ ઉઘાડી, બે શબ્દો ઉચ્ચાર્યા.

'અમને તો ક્યાંથી ઓળખો, શેઠ! મારું નામ વાશિયાંગ. મારું ખાડું લઈને વીરડીમાંથી ગામઢાળો આવતો'તો તંયે ખળખળિયામાં ઢોરાં પાવા ઊભો ને તમને આંબલી હેઠાળે ભાળ્યા. નાકે આંગળી મેલી જોઈ, તો હાહ ન હંભળાણો, પણ તાળવે તપાટ હતો એટલે જાણ્યું કે જીવ હજી તાળવે ચોંટ્યો છે. હું તો તમને ઝોળીએ ઘાલીને ઘેર ઉપાડી આવ્યો—રામને લેખે.'

'તમે મને જીવતદાન દીધું, ભાઈ!' ઓતમચંદે અહેસાન વ્યક્ત કર્યો.

'મેં નંઈ; મારી આ ઘરવાળીએ.' વાશિયાંગે બાજુમાં ઊભેલી આહીરાણી તરફ આંગળી ચીંધતાં કહ્યું : 'હું તો દી ઊગ્યાથી આથમ્યા લગણ ધણ લઈને વગડે ભટકું. આણે જ, કૂકડી ઈંડું સેવે એમ, તમારી સેવાચાકરી કરી, તમારા દાંતની દોઢ્ય વળી ગઈ'તી એમાં એણે ટોયલીએ દૂધ-પાણી ટોયાં. આજ આઠમે દી તમે આંખ્ય ઉઘાડી ને અમારી મે'નત લેખે લાગી.'

આ અજાણ્યા ઘરની સેવા-શુશ્રૂષા પામ્યા પછી ઓતમચંદ હરતોફરતો થયો અને પોતાને ગામ જવા નીકળ્યો ત્યારે આહીરાણીને એણે માની જણી બહેન કરીને પોતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામ આવવાનું ઇજન આપ્યું.

આહીરાણીએ કહ્યું : 'મારે સંધી ય વાતે સુખ છે, પણ પિયરમાં માનો જણ્યો ભાઈ નથી, તમે મારા ધરમના ભાઈ!'

ઘેર પહોંચ્યો ત્યારે લાડકોરે 'મારા દકુભાઈએ શું દીધું ?' એ પ્રશ્ન પૂછીપૂછીને ઓતમચંદની ગંધ કાઢી નાખી. દરેક વખતે એ પ્રશ્નને છેડે લાડકોર ઉમેરતી : 'પણ તમે આટલા બધા દી રોકાઈ કાં રિયા ?'

'દકુભાઈ મને ખસવા દિયે તો આવું ને ?'

'મારો દકુભાઈ વનેવિવેકે ઓછો નથી !'

'રોજ હું રજા માગું ને દકુભાઈ બારણા આડો ઊભીને મને રોકી દિયે....'

'મારો દકુભાઈ !'

'આઠમે દી તો હું માથું મારીને પરાણે નીકળી ગ્યો.'

'પણ તમને આપ્યું શું, એ વાત તો કરતા નથી !'

'ઘણું ય આપ્યું બચ્ચારે....'

'હું નો'તી કે'તી ? મારો દકુભાઈ—'

'....પણ આપણા ભાગ્યમાં ન સમાણું....'

'એમ કેમ બોલો છો ?'

'હું રૂપિયાની કોથળી બાંધીને ગામમાંથી નીકળ્યો એનો કોક જાણભેદુએ વે'મ રાખી લીધો હશે. નદીને ખળ-ખળિયે બે બુકાની-બંધા વાટ બાંધીને ઊભા'તા. મને ઢોર-માર મારીને સંધુંય આંચકી ગ્યા....'

'સાચું કિયો છો ?'

'આ જોઈ લે નજરોનજર, માન્યામાં ન આવતું હોય તો....' ઓતમચંદે કેડિયું ઊંચું કરીને વાંસામાં ને પડખામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊઠેલી લીલીકાચ ભરોડોને દર્શનીય પુરાવો રજૂ કર્યો.

*

ચાર ચાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. બધી વાત ભુલાઈ ગઈ. ચાર વર્ષના ગાળામાં ઓતમચંદ આપબળે ઠીકઠીક તરતો થઈ ગયો. ઉછીઉધાર મૂડીએ એણે ફરી વેપાર જમાવ્યો ને નસીબ આડેનું પાંદડું ઉડાડી મૂક્યું. લેણી રકમો ઓતમચંદે પાઈએ પાઈ ચૂકવી આપી અને ફરી વેપારી દુનિયામાં પૂર્વવત્ શાખ મેળવી લીધી.

ઈશ્વરિયેથી દકુભાઈએ બાલુના લગ્નની કંકોતરી મોકલી ત્યારે લાડકોર અર્ધીઅર્ધી થઈ ગઈ. આ ચાર વર્ષમાં દકુભાઈ બર્માની એક બીજી ખેપ કરી આવ્યા હતા, પણ આ ખેપમાં નાણાંનો ઉસરડો કરી આવવાને બદલે ખોઈને આવ્યા હતા એમ ગામમાં સંભળાતું હતું. લાડકોરે પોતાના ભત્રીજાના લગનમાં મહાલવાની ધૂમ તૈયારીઓ કરવા માંડી. 'વરની ફઈ' તરીકેના પોતાના સ્પૃહણીય હોદ્દાથી એ એટલી તો સભાન બની ગઈ કે ચોવીસે કલાક 'ઈશ્વરિયું' ને 'મારો દકુભાઈ' સિવાય બીજું નામ એના મોંમાંથી નહોતું નીકળતું.

જે દિવસે લાડકોર તથા છોકરાંઓ લગનિયાં બનીને મામાને ગામ જવા ગાડામાં બેઠાં, તે દિવસે ઓતમચંદે છેલ્લી ઘડીએ જણાવ્યું કે તમે સહુ જાવ, મારે વાગડિયા દરબારનો વજે જોખવા જવાનું છે એટલે મારાથી નહિ અવાય. પણ લગનને દી અવાશે તો ઘોડીએ ચડીને આવી જઈશ.

ઘરઘરાઉ ગાડા ઉપર ગાડીવાને માફો નાખી છાંયો કર્યો અને લાડકોર તથા છોકરાં ઈશ્વરિયાને મારગે પડ્યાં.

લગનને આગલે દિવસે લાડકોર દકુભાઈના દીવાનખંડની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓશરીમાં બેઠીબેઠી માથું ઓળાવતી હતી. પાછળ માંચી પર બેસીને સમરથવહુ નણંદના માથામાં ધુપેલ ચાંપતી હતી. ફળિયામાં જમણવારની તડામાર તૈયારીઓ થતી હતી. હોંશીલી ફૂઈએ ભત્રીજાના લગ્નને દિપાવવા આ ચાર દી'માં ભાતભાતનાં વડી–પાપડ વણી કાઢ્યાં હતાં. અત્યારે એ વડી–પાપડ ચૂલ પર તળાઈ રહ્યાં હતાં એ માટે મોટા જથ્થામાં તેલની જરૂરિયાત ઊભી થતાં ઓશરીમાંનો આખો ખાણિયો ઉલેચાઈ રહ્યો હતો. કંદોઈ તપેલાં ભરી–ભરીને તેલ ઉલેચતો જતો હતો. એવામાં એક તપેલું કશાક જોડે ભટકાતાં અવાજ થયો ને એ ચમક્યો ! એણે ખાણિયામાં આખો હાથ નાખીને એક વજનદાર થેલી બહાર કાઢી અને ઓશરીની છો પર એ પછડાતાં ચાંદીના રૂપિયાનો મીઠો રણકાર સંભળાયો.

'ઓહોહો ! ભાભી, તમે તો ભારે નાણાંવાળાં લાગો છો !' લાડકોરે હસીને કહ્યું : 'આમ તેલના ખાણિયામાં ય તમારે તો રૂપિયાની ખાણ્યું ભરી છે ને શું ?'

જવાબમાં સમરથ તરફથી કશું સંભળાયું નહિ, પણ એને સાટે ઉત્તરમાં ઊનાં ઊનાં બે આંસુ લાડકોર ઉપર પડ્યાં અને એ ચમકી. પાછળ જોયું તો ભાભીનું મોં કાળું ધબ્બ જોયું.

સમરથવહુએ રડતે અવાજે, તે દિવસે ઓતમચંદ પર વિતાડેલાં વીતકોની વાત પ્રામાણિકપણે અથેતિ લાડકોરને સંભળાવી.

'અરરર....મારા ધણી પર તમે આવાં આળ ચડાવ્યાં ?' મીંડલા ગુંથાવ્યા વિના જ લાડકોર ઊભી થઈ ગઈ. 'સગે ભાઈએ ઊઠીને બેનના વરને આવો ઢોર–માર મરાવ્યો ! ઈ ભાઈના પાણિયારાનાં પાણી મને નો કળપે. એના ઘરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નનો દાણો મારે પરમાટી પરમાણ....'

તુરત લાડકોરે પોતાના ગાડીવાનને ગોતીને ગાડું જોડાવ્યું અને છોકરાંઓ સાથે એમાં બેસી ગઈ, 'હાલો આપણે ગામ પાછાં.'

દકુભાઈએ બહેનનાં મનામણાં કરવામાં જરા યે મણા ન રાખી. છેલ્લા ઉપાય તરીકે એ ગાડા આડે સૂઈ ગયો પણ ખરો. પણ છંછેડાયેલી લાડકોર પીગળે એમ નહોતી. એણે તો સંભળાવ્યું: 'તારા ઉપરથી ગાડું હાંકી જાઉં તો ય મને હત્યા નો ચડે. તું તો માણસ–માર છો!'

ભૂખી–તરસી હાલી નીકળેલી લાડકોરે ખળખળિયાને કાંઠે પહોંચીને પોરો ખાવા ગાડું છોડાવ્યું. ગાડીવાન બળદને 'ત્રાહે....ત્રાહે' કરીને પાણી પાતો હતો ત્યારે સામે કાંઠેથી મારમાર ઘોડીએ આવતા ઓતમચંદે ઘોડીને ખદડૂક કરીને પાણીમાં નાખી.

'કેમ પાછાં આવ્યાં ઈશ્વરિયેથી?' ઓતમચંદે પૂછ્યું: 'તોરણ તો કાલ્યની તથ્યનાં છે ને?'

'એનાં તોરણમાં લાલબાઈ મેલવી છે મારે?' લાડકોરે કહ્યું: 'તમે તો મીંઢા, તી સદાયના મીંઢા જ રિયા! મને સાચી વાત પણ કોઈ દી નો કરી? નીકર ઈ રાખહ જેવા દકલાનું નામ પણ હું શેની લેત?....'

'પણ છે શું આ બધું?' ઓતમચંદ હસતો હતો.

'તમે તો સમંદર–પેટા, તી સંધુંય હસી કાઢો છો! આવો ઢોર–માર મારનારને ઘેર પોતાની પરણેતરને તમારા જેવો ધણી જ મોકલે.' લાડકોરે રડતાં રડતાં તેલના ખાણિયા-નો આખો પ્રસંગ અને સમરથવહુએ આપેલો અહેવાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓતમચંદને કહી સંભળાવ્યો.

‘ હોય ઈ તો, એમ જ હાલે; તંયે આપણી દશા મોળી હતી; આપણા કરમનો જ વાંક—’

‘ હવે રાખો, રાખો, આવા માણસ–માર ભાઈને તો કાંધ કાપીએ તો ય ઓછું. આજથી મને નભાઈ થઈ ગણજો. ઈશ્વરિયાની દશ્ય આજથી દેવાઈ ગઈ ગણજો....’

‘ એમ ગણશું લે, હવે છે કાંઈ ? ’ ઓતમચંદ પોતાની આદત મુજબ ફિલસૂફની ઢબે હસતો હતો.

‘ પણ તમે અટાણે આની કોર ક્યાંથી ? વજે તો વાગડિયા દરબારનો જોખવાનો હતો ને ? ’ લાડકોરે પૂછ્યું.

‘ વજે તો કોઈનો જોખવાનો નો’તો. મારે મારી બેનને ઘેર લગનમાં જાવાનું હતું એટલે બા’નું કાઢ્યું.’

‘ કઈ બેન ? આટલા વરહ કોઈ દી નામ તો જાણ્યું નથી !’

‘ આંહી ભીમોદર રિયે છે. ચાર વરસથી જ નાતો થ્યો છ એટલે નામ ક્યાંથી જાણો ? ઓતમચંદે કહ્યું : ‘ પણ હવે તો તમે ય હાલો. બચારાં બહુ રાજી થાશે પોતાની ભોજાઈને જોઈને. આમે ય લગનિયાં થઈને લગન ઊજવ્યા વિના ઘેર આવીએ તો અપશુકન ગણાય. હાલો, ગાડું ભીમોદરની દશ્યે વાળો.’

રસ્તામાં લાડકોર હજી રડતી જ જતી હતી અને ઓતમચંદ એની મીઠી મશ્કરી કર્યે જતો હતો.

‘ તારા એક ભાઈએ તારો ચૂડલો ભાંગવાનું કર્યું’, બીજા એક ભાઈએ એ ચૂડલાની રખ્યા કરી....’

‘ કોણે ? ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વાશિયાંગભાઈએ. એણે જ મને મરેલા જેવાને ઝોળીએ ઘાલીને ભીમોદરે આણ્યો ને આઠ દી લગી મારો ટેલટેપોરો કરીને બોલતો કર્યો, એને ઘેરે પણ કાલ્યની તથ્યનાં તારણ છે.'

'જીવતો રિયે મારો વીર! ક્રોડ વરહનો થાય....'

વાશિયાંગની ડેલીમાં દાખલ થતાં જ આહીરાણીએ આવીને ઓતમચંદનાં દુખણાં લીધાં ને આઠે આંગળીએ ટાચકા ફોડતાં કહ્યું: 'સાચું વેણ પાળ્યું મારા વીર! સમેસર પોગાડ્યાં. મામા વિના મારો બીજલ અણોહરો લાગતો'તો. પછી વાશિયાંગ તરફ ફરીને કહે: 'મારી ભુજાઈને પણ ભેગાં લઈ આવ્યા છ.'

'તારી ભુજાઈ, ને મારી બેન' વાશિયાંગે કહ્યું:

વળતે દિવસે, લાડકોરે બાલુ માટે ઘડાવી રાખેલાં ઘરેણાં બીજલને પહેરાવ્યાં ત્યારે એ જ સમયે, દકુભાઈ બાલુના સસરા જોડે ઝઘડતા હતા: 'દીકરી દીધા પછી પરણાવવી નથી, એમ? છેલ્લી ઘડીએ છટકી જાવ છો?'

'તને દીકરી કાંઈ તાંબાને પતરે લખી નથી દીધી. મારી છોકરીનો ભવ નથી બગાડવો, મારે.'

'પીઠી ચોળેલો વર પરણ્યા વિના પાછો ફરશે, એમ?'

'ફરવું ય પડે.' વેવાઈ ટાઢાબોળ જવાબ આપતા હતા.

ચાર વર્ષ પહેલાં ચાંદલા કરતી વેળા દકુભાઈએ વેવાઈને બતાવેલી 'અમારા મોલમિન'ની કાચની સમૃદ્ધિ, બર્માની બીજી ખેપમાં નંદવાઈ ગઈ હતી એ હકીકતની જાણ થતાં બાલુભાઈની 'આવતી' વહુ સવેલી બીજે ઠેકાણે પરણાવાઈ ગઈ હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવ અને માનસ

લે૦ ચંદુલાલ પટેલ

જે લોકો ભાંગેલી ખુરશીઓ ને બારીઓ રીપેર કરે, ક્યારેક સુથારોની સામે બેસી લાકડાના પાટિયા પર રંદો ફેરવવામાં મદદ કરે ને મોટેભાગે તો મકાન ધોળવાનું જ કામ કરતા હોવા છતાં પોતાની જાતને મિસ્ત્રીના માનવાચક નામે ઓળખાવતા હોય, એવી જમાતનો રામલાલ પણ હતો. એણે પણ ઘણાં પાટિયાં પર રંદા ને પુરાણી દીવાલો પર કૂચડા ફેરવ્યા હતા. એ સમજણો થયો ત્યારથી જ એના બાપાએ એને એ 'લાઈન'માં નાખ્યો હતો ને આજ ચુમાલીસમા વર્ષે પણ એ એ પ્રકારનો અનોખો મિસ્ત્રી જ રહ્યો હતો.

છેલ્લા એકાદ મહિનાથી એલિસબ્રિજ વિસ્તારમાં તૈયાર થતા એક બંગલા પર એ કામે જતો હતો. જો કે પોતાના ઘરથી એ જગા દૂર બહુ હતી છતાં 'ચાર રૂપિયા રોજ'નું આકર્ષણ ક્યાં ઓછું હતું?

તે દિવસે સાંજે કામથી પરવારી એ ઘર તરફ પાછો ફરતો હતો, ત્યારે એના મેલાઘેલા ને રંગનાં ધાબાંઓથી મઢેલા કોટના ખિસ્સામાં પચીસ રૂપિયાની બાદશાહી મૂડી પડેલી હતી. છેલ્લા અઠવાડિયાની મજૂરીના અઠ્ઠાવીસ રૂપિયા-માંથી, એડવાન્સ લીધેલા ત્રણ રૂપિયા કાપી લેવામાં આવ્યા હતા. બાકીના પચીસ મળ્યા હતા, ને ખૂબીની વાત તો એ હતી કે પાંચપાંચની એ પાંચ નોટોમાંથી કોઈને, એકાદ રૂપિયાનું ય દેણું હવે એને ચૂકવવાનું નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલિસબ્રિજ વિસ્તારમાંના પહોળા રસ્તાઓ, બંગલાઓ અને વૃક્ષો પર સંધ્યા ઊતરવા લાગી હતી. કરકસરીઓ રામલાલ બસનો આશરો લેવાને બદલે પગપાળો જ ઘર તરફ જઈ રહ્યો હતો. ચાલતાં ચાલતાં એણે વિચાર કર્યો કે ઘેર જતાંવાર જ પાંચની એક નોટ અંબા તરફ ફેંકવી ને કહેવું: 'અંબા, લે તારા માટે એકાદ સાડલો લઈ આવજે.' બાદ અંબાના ચહેરા પર આશ્ચર્યના જે લિસોટાઓ પડે એ જોઈને મૂછમાં હસ્યા કરવું.

મૂછનો વિચાર આવતાં એનો હાથ મૂછ પર ફરવા લાગ્યો. આખી જિંદગી ગરીબાઈમાં પસાર કરી હોવાથી એના સમસ્ત દેખાવમાં જે એક પ્રકારનો દુઃખમય પડછાયો હંમેશાં તરવરતો હતો એ ઘડીભર માટે અદૃશ્ય બની ગયેલો જણાયો. પાંચ નોટોનું એકસાથે ખિસ્સામાં હોવું એ કંઈ નાનીસૂની વાત નહોતી.

રસ્તો લગભગ નિર્જન હતો થોડી થોડી વારે સાયકલની ઘંટડીઓ વાગતી ને એની બાજુમાંથી સરરરર કરતી પસાર થઈ જતી. કયારેક એના પચીશ રૂપિયાના કુબેરભંડાર પર તિરસ્કારભર્યું હાસ્ય કરતી મોટરો પણ ભોં....ભોં કે ડૂરૂ....ર ....ડૂરૂ....રૂ....રના છણકા સાથે આગળ સરી જતી.

મૂછો પર હાથ ફેરવતા રામલાલે જોયું તો એક ગરનાળાની બાંધેલી બેઠક પરથી એક જુવાનીઓ તથા એક યુવતી ઊભાં થયાં ને પડખે ઊભેલી મોટરમાં બેસી, ધૂળના ગોટા ઉડાડતાં ચાલ્યાં ગયાં.

ધીમે ધીમે રામલાલ એ ગરનાળા નજીક પહોંચ્યો આજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલના જુવાનીઆઓ સુંવાળા સહચાર માટે કેવા ખરબચડા રસ્તા ને અનોખાં એકાંત સ્થળો શોધી કાઢે છે એ ખ્યાલે એણે હાસ્ય કર્યું.

ને એ હાસ્ય કોઈ શૃંગારિક કલ્પનાથી વધુ ચગે તે પહેલાં તો બંધ થઈ ગયું. મૂછો પરથી હાથ હટી ગયો. રામલાલના પગ થંભી ગયા ને એની નજરના ચોકઠામાં, ગરનાળા નજીક પડેલું એક પાકીટ સમાઈ ગયું.

ક્ષણભર એ સ્થિર પ્રતિમા શો ઊભો રહ્યો ને પછી એણે રસ્તાની બંને દિશા તરફ નજર નાખી. એક સાયકલ-સવારને આવતો જોઈ એ ઝડપથી ગરનાળાની પાળી પર બેસી ગયો ને ભંગારના અવતાર શા જોડા નીચે એણે પેલું પાકીટ દબાવી દીધું.

સાયકલ પસાર થઈ ગયા બાદ એણે પાકીટ ઊંચકી લીધું. કોઈ અજબ લાગણીથી એનું શરીર ગરમ બની ગયું. પાકીટ ખોલતાં જ એની આંખો પહોળી થઈ ગઈ. કેટલીં ય મિનિટોના વિચારોનો નિચોડ જાણે કે સેકંડોમાં સમાઈ ગયો....અને રામલાલ ઝડપથી ઊભો થઈ ગયો. એના થાકેલા પગમાં ચેતનં આવ્યું ને એણે વેગથી ચાલવા માંડ્યું. મુખ્ય માર્ગ છોડી એણે એક નાનો આડરસ્તો પકડ્યો–રખેને ક્યાંક પેલું 'જોડું' તપાસ કરવા પાછું આવે તો!

ઘર તરફનો બાકીનો રસ્તો કઈ ધૂનમાં ને કયા નશામાં કપાઈ ગયો એનું રામલાલને ભાન ન રહ્યું. પાંચની એક નોટ અંબા તરફ ફેંકવાનો જે નિર્ણય એણે કર્યો હતો એ નિર્ણયમાં સર્વાંગી ફેરફાર કરવા જેવી પરિસ્થિતિ પેલા પાકીટે ને તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ય વધારે તો એમાં છુપાઈ રહેલી લીલા રંગની નોટોએ ઊભી કરી હતી. એથી એ ફેરફાર કયા પ્રકારનો કરી શકાય ને શું કરવાથી એની જોરદાર અસર થાય એની માનસિક ભૂમિકાઓ રચતો એ ચાલી રહ્યો હતો. પચીસ રૂપિયામાંની પાંચની એક નોટ અંબાને આનંદિત કરી મૂકે તો આટલા બધા રૂપિયામાંની....

બહુબહુ ત્રિરાશિઓ ને પંચરાશિઓની ગૂંચવણભરી પદ્ધતિઓને અંતે એણે ફેંસલો કર્યો કે ઘેર પહોંચી કંઈ બોલવું નહિ, જરા ય હસવું નહિ, ફક્ત બારણાંને અંદરથી આગળિયો દઈ, ફાટેલા આસનિયા પર બેસી, કોઈ બૅન્કના કારકુનની છટાથી નોટો ગણવી ને છેવટે ગંભીર ચહેરે પત્નીને સવાલ કરવો : 'અંબા, આ બધા પૈસા ક્યાં મૂકીશું ?'

મનના ગગનને આવા ગુલાબી રંગે રંગતો રામલાલ ઘેર પહોંચ્યો, ત્યારે અંબા એની રાહ જોતી ચૂલા આગળ બેઠી હતી. અંદર દાખલ થઈ એણે કોટ કાઢી ખીંટીએ ભેરવ્યો. લીલા રંગનાં બે–ચાર છાંટણાંથી સુશોભિત ટોપીને પણ ત્યાં જ મૂકી. પછી નિત્ય મુજબ ખાલી ડોલ લઈને બહાર નળે જવાના બદલે એણે જ્યારે બારણું વાસ્યું, ત્યારે તાવડી પર રોટલો શેકતી અંબાએ પૂછ્યું : 'નાહવા નથી જવું ?'

રામલાલ કંઈ બોલ્યો નહિ. ચહેરાને ગંભીર રાખીને એણે ખિસ્સામાંથી પાકીટ ને છૂટી પાંચ નોટો કાઢી, ફાટેલા આસનિયા પર બેસી, પાકીટ ખોલી, અનાયાસે હાથ ચડેલી માયાને એણે બહાર ખેંચી કાઢી. નોટોની ભેગું એક સર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામાવાળું કાર્ડ પણ બહાર નીકળ્યું.

બૅન્કના કારકુન જેવું જ ભારેખમ મુખ રાખી એણે નોટો ગણવા માંડી. ગણતો જાય ને જુદી જુદી થપ્પીઓ કરતો જાય. સોસોની અઢાર નોટો, દસદસની પાંત્રીસ નોટો, પાંચપાંચની આઠ નોટોમાં પોતાની મજૂરીની પાંચ નોટો ઉમેરતાં તેર થઈ. એક બેની નોટ, ત્રણ રૂપિયાનું પરચુરણ ગણવાની એણે તસ્દી ન લીધી.

ગણગણવા લાગ્યો: 'અઢાર સો! અઢાર સો વત્તા સાડા ત્રણસો! ઓગણીસ, વીસ, એકવીસ સો ને પચાસ! પચાસમાં પાંચની તેર નોટોના પાંસઠ ઉમેરીએ તો થયા સવા સો: બે હજાર બસો પંદર! બે ને ત્રણ પાંચ....પચીસ ને પાંચ ત્રીસ!' એકાગ્ર મનથી બરાબર ગણતરી કર્યા બાદ જ એણે ઊંચુ જોયું. અંબાના ચહેરા પર વિસ્મયની સાથે ભયની લાગણી ફરી રહી હતી.

રામલાલે ગંભીર અવાજે પૂછ્યું: 'અંબા, આ બધા પૈસા ક્યાં મૂકીશું?'

શેકાઈ ગયેલો રોટલો ઉતારી અંબા ઊભી થઈ ગઈ. રામલાલ તરફ જતાં બોલી: 'મૂકવાની વાત પછી. પહેલાં એ કહો કે લાવ્યા કયાંથી?'

મહાપ્રયત્ને દબાવી રાખેલું હાસ્ય એની સમસ્ત તાકાત સાથે ફૂટી નીકળ્યું. નોટોને પાછી પાકીટમાં મૂકતાં રામલાલે કહ્યું: 'અરે મૂર્ખી! ભગવાન આપે છે ત્યારે છત્તર ફાડીને આપે છે!'

'તે આટલા બધા રૂપિયા કયું છત્તર ફાડીને આપ્યા?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ જાણીને તારે શું કામ છે?' રૂપિયાની ગરમી રામલાલને સ્પર્શ કરી ગઈ.

અંબાનું અંતર ફફડવા લાગ્યું. પોતે દસ વાર ગણે તો ય સરવાળામાં ભૂલ નીકળે એટલી બધી નોટોવાળું પાકીટ જોઈને એને જાતજાતની શંકાઓ આવવા લાગી. અવાજ ધીમો કરી એણે સવાલ કર્યો: 'ક્યાંકથી ઉઠાવી તો નથી લાવ્યા ને?'

'ઉઠાવી જ લાવ્યો છું,' કહેતાં રામલાલે સ્મિત કર્યું. 'બાકી તારા કે મારા કુટુંબમાં એવું કોઈ નથી કે જેનો વારસો મળે!' અંબાની શંકા દૃઢ થઈ ગઈ. શું એમણે ક્યાં ય હાથ માર્યો હશે? કોઈનું ખિસ્સું....

'ક્યાંથી લાવ્યા?' અંબાએ ઝડપથી પ્રશ્ન કર્યો.

'એક ગરનાળા પાસે પડ્યું હતું, ઉઠાવી લીધું!'

એ જવાબથી અંબાએ થોડી શાંતિ અનુભવી. પતિના ચહેરાને એણે બારીકાઈથી જોવા માંડ્યો. પછી કહ્યું: 'બિચારા કોઈ જીવનું પડી ગયું હશે....નોટોની સાથે કાગળની ચબરખી જેવું કંઈ હતું એ શું છે?'

પ્રશ્ન સાંભળી રામલાલને થયું કે અંબા વધુ ઊંડા પાણીમાં ઊતરતી' જાય છે. એને એ ન ગમ્યું. પૈસા મળવાનો આનંદ વ્યક્ત કરવાને બદલે અંબાને વાત વલોવતી જોઈ એ પાછો સખત બન્યો. 'માથાઝીક મૂક ને જલદી થાળી પીરસ; મારે બહાર જવું છે. વિચાર થાય છે કે એકાદ તૈયાર કોટ લઈ આવું, સપરમા દિવસે પહેરવા કામ લાગે!'

અંબા તો પોતાના જ ખ્યાલમાં ખૂંતેલી હતી. ગણગણી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ બિચારાને કેવી ચિંતા થતી હશે?'

'કોને?'

'પાકીટવાળાને.'

રામલાલ પાછો હસી પડ્યો, ખડખડાટ હસી પડ્યો. 'પાકીટવાળાને શું ચિંતા થવાની હતી? કોઈ મોટરવાળો હશે; લાખોનો ધણી! કાનખજૂરાનો એકાદ પગ ભાંગ્યો તો ય શું?'

'એટલે તમે આ પૈસા રાખી મૂકવા માગો છો?'

'ત્યારે શું તું એમ ધારે છે કે હું એના માલિકને પાછા આપી આવીશ?'

અંબા ચૂપ રહી. કોઈ બિચારાના, પછી ભલે એ બિચારો મોટરવાળો ને લાખોનો ધણી હોય; પૈસા પડી જાય ને મળ્યા બાદ આપણે પાછા ન પહોંચાડીએ એ તો એક જાતની લુચ્ચાઈ જ કહેવાય. જેના પર આપણો હક્ક ન હોય એના પર અધિકાર રાખીએ તો તો શરમાઈને નીચું જ જોવું પડે ને!

એણે થાળી પીરસી ત્યારે રામલાલે પાકીટ ખિસ્સામાં મૂકી મોં ધોયું. બાદ એ જમવા બેઠો.

રોજ તો અંબા પણ એની સાથે જ બીજી થાળી પીરસીને જમવા બેસતી, પણ આજ એણે પતિની એક જ થાળી પીરસી. રામલાલની વર્તણૂકનો મૂગો વિરોધ કરતી હોય તેમ!

'તારે નથી જમવું?'

'પહેલાં એ કહો કે પેલી ચિઠ્ઠી જેવું શું હતું....?'

'પાકીટવાળાનું નામઠેકાણું હતું, ફક્ત એક તારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતમાં જ ઠેકાણું નથી.' રામલાલનો પિત્તો ગયો. 'બીજું કંઈ પૂછવું છે?'

અંબાએ નકારાત્મક માથું હલાવ્યું. થોડીવાર ચૂપ રહી એ બોલી: 'ફક્ત એક વાત કહેવી છે.'

'તે કહી નાખ એટલે છેડો છૂટે.'

'મારાં આ લવંગિયાં રસ્તામાં પડી જાય ને કોઈને મળે ને એ માણસને આપણાં લવંગિયાં ખોવાયાં છે એની ખબર હોય છતાં એ આપવા ન આવે તો એના વિષે તમારો શો મત થાય?'

'તું તો કંઈ સમજતી જ નથી,' રામલાલે રોટલો ભાંગતા કહ્યું. 'મેં આખી જિંદગી વૈતરું કર્યું એના બદ-લામાં આપણને શું મળ્યું? શરીર પર એવા જ ગાભા જેવાં કપડાં રહ્યાં; ખાવામાં રોટલા, ચટણી ને વાસી શાક રહ્યાં. મનની કોઈ મુરાદ પૂરી થઈ છે તારી કે મારી? આજ જ્યારે....'

'મારે કોઈ તૃષ્ણા પૂરી નથી કરવી. હું તો એટલું જ કહું છું, કે જેના નસીબમાં જે લખ્યું હોય એ મિથ્યા નથી થવાનું. એ પાકીટ પાછું ન આપી આવવું હોય તો તમારી મરજી.'

ચાવેલું બટકું ગળે ઉતારી રામલાલે કહ્યું: 'પહેલેથી જ આમ સમજી ગઈ હોત તો? કોઈ મોટરવાળાના નસી-બમાં પાકીટ ખોવાનું લખ્યું હશે, આપણા નસીબમાં એ જડવાનું લખ્યું હશે, આ તો નસીબની વાત છે. લુચ્ચાઈની વાત ક્યાં છે....? અને જો અંબા! કાલ તારે જે કંઈ લાવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તે કહેજે.'

'લાવવું હોય તે કહું? આ પારકા પૈસાથી હું દેહ ઢાંકું? શણગાર સજું? જુઓ, હું તમને અત્યારે જ કહી દઉં છું કે એ પૈસામાંથી એક પણ પાઈ મારા માટે ખર્ચશો નહિ. તમારે જોઈએ તો છેલછબીલા થઈને ફરજો ને સિનેમાના જલસા ઉડાડજો.'

રામલાલનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો. 'અંબા!' એ જોરથી તાડૂક્યો.

'રાડો પાડવાની જરૂર નથી. હરામના પૈસાથી....'

'અં....બા!' રામલાલે ફરી ડારતી બૂમ પાડી. ભોજનમાંથી એનો રસ ઊડી ગયો. પૂરું જમ્યા વગર જ એ ઊભો થયો ને હાથ ધોઈ 'ધરમનું પૂછડું ન જોયું હોય તો' એવું બબડતાં એણે કોટ–ટોપી પહેર્યાં ને અંબા તરફ નજર નાખ્યા વગર એ બહાર ચાલ્યો ગયો.

એના મનમાં એકસામટા અનેક વિચારોનું આક્રમણ થઈ ગયું. હરામના પૈસા? રામલાલ મિસ્ત્રીના ખિસ્સામાં હરામનું ધન? જેણે જિંદગીમાં કોઈનું દેણું રાખ્યું નથી, કોઈને છેતર્યા નથી, પરિસ્થિતિથી મજબૂર બની જેણે પત્ની સાથે, કેટલીય વાર એક ટંક ભોજન કર્યું છે, અરે, જેણે બીજા મુકાદમો ને મિસ્ત્રીઓની ખુશામત કરી કદી રોજી મેળવી નથી, એવા રામલાલના ખિસ્સામાં હરામનું નાણું....? પણ પાકીટમાંની નોટોને હરામનું નાણું કહી શકાય? કોઈનું ખિસ્સું કાતર્યું નથી, કોઈનું કમિશન ખાધું નથી....વિધિએ પોતાની ગરીબ જિંદગી સામે, એક રીતે જોયું હોય તો એનો

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો અર્થ કરવાથી શો ફાયદો ?

વિચારોની ડાળીએ કૂદતું મનપંખી આખરે અંબાના ખ્યાલમાં રત બન્યું....એ કદી ઊંચે અવાજે બોલી નથી, જીવનમાં મળેલી અધૂરી જરૂરિયાતો વિશે એણે કદી ફરિયાદ કરી નથી. શ્રદ્ધા અને સહનશીલતાથી એણે સંસાર ચલાવે રાખ્યો છે. એવી અંબા આજ જરા ઊંચા અવાજે કેમ બોલી ? આટલી મોટી રકમ જોઈને એને આનંદ કેમ ન થયો ? પોતાની મજૂરીના પાંચ–પંદર રૂપિયા જોઈ એને જેટલી રાહત થાય એટલી રાહત પણ અનુભવવાને બદલે એ વ્યગ્ર કેમ બની ગઈ? 'હરામના પૈસા' જેવો શબ્દ એની જીભ કેવી રીતે....

એક મોટી દુકાનના શો રૂમમાં એની નજર પડી. કેવા મઝાનાં કપડાં હતાં? કોટિંગ, શર્ટિંગ, મલમલ, ધોતિયાં, છીંટ, પાલવ: આવાં કપડાંનો એકાદ કોટ પહેર્યો હોય તો રંગ રહી જાય. અને રામલાલનાં પગલાં એ દુકાનનાં પગથિયાં પર પડ્યાં. પહેલું ટપ, બીજું ટપ....ટપ ને ચોથે સોપાને એનું ચડાણ અટકી ગયું....

હરામના પૈસાનો કોટ....! પણ કોણ કહે છે કે પૈસા હરામના છે....? એક અંબા જેવી અભણના કહેવાથી....

અચાનક રામલાલને એક બીજી વાત યાદ આવી ગઈ. પગરસ્તા પર ઊભા રહીને બીડી સળગાવતા એક રાહદારીને જોઈ એની એ જૂની વાતનું સ્મરણ થઈ આવ્યું.

હજી થોડા દિવસો પહેલાં જ જ્યારે એનો એક સાથીદાર કામમાં દિલચોરી કરતો હતો, ત્યારે એણે એને કહ્યું હતું: 'આમ બેઠોબેઠો બીડીઓ શું ફૂંક્યા કરે છે? હરામનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાણું નહિ પચે હો !'

એ વાત યાદ આવતાં જ રામલાલનું આખું માનસ પલટાઈ ગયું. કામમાં દિલચોરી કરીને મેળવેલું નાણું હરામ-નું કહેવાય તો પછી માલિકનાં નામ–ઠામ સાથે મળેલા પાકીટને એના મૂળ માલિકને પહોંચતું ન કરવું એ શું કહેવાય?

એ મોટા સ્ટોર્સને ચોથે પગથિયે ઊભા ઊભા જ એણે ફેંસલો કરી લીધો. ચારે પગથિયાં સામટાં ઊતરીને એણે ચાલવા માંડ્યું. બેસતી રાતમાં ઝબૂકવા માંડેલી રસ્તાની બત્તીઓ પસાર કરતો એ એક બત્તી નીચે થોભ્યો. પાકીટ ખોલી અંદરથી સરનામાવાળું કાર્ડ કાઢ્યું ને વાંચવા લાગ્યો : જગમોહન ઘીઆ, જગકુટિર, મોહન સોસાયટી, અમદાવાદ. પછી પોતાની પાંચ નોટો એણે જુદી તારવી લીધી. પાકી-ટને બંધ કરી, ખિસ્સામાં મૂકી, સરનામું યાદ રાખતો એ એલિસબ્રિજ તરફ ચાલ્યો. પૂછપરછ કરતાં કરતાં એણે જગ-કુટિર શોધી કાઢીને કમ્પાઉંડમાં દાખલ થઈ, એક આલી-શાન મકાનનું બારણું ખખડાવ્યું.

જાણે કે મહેફિલ જામી હોય એવા અવાજો અંદરથી આવતા હતા. એ અવાજો સાંભળતો રામલાલ ઊભો રહ્યો. બેએક મિનિટ થઈ છતાં બારણું ન ખૂલ્યું, ત્યારે એણે ફરીથી કમાડ ઠોક્યું.

તરત જ દરવાજો ખૂલ્યો, બારેક વર્ષની એક છોકરી એના તરફ ટગરટગર જોઈ રહી. રામલાલની તેલ–મેલથી ખરડાયેલી ટોપી, કધોયું ને ફાટેલું ધોતિયું. આ બધાં પર છોકરીની આંખો ત્વરાથી ફરી ગઈ પછી વાક્ય સર્યું : 'પછી આવજે, જા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છોકરી પોતાને કોઈ ભિખારુ ધારી રહી છે એ જાણતાં રામલાલને વાર ન લાગી. એણે તત્કાળ પાકીટ બહાર કાઢ્યું ને કહ્યું : 'હું ભિખારુ નથી, છોડી! આ પાકીટ આપવા આવ્યો છું.'

'પાકીટ!' કહેતી છોકરી પાકીટને તાકી રહી. એની લંબાઈ–પહોળાઈ ને રંગ પરિચિત લાગતાં જ એણે તરાપ મારી પાકીટ લઈ લીધું ને ઝડપથી બારણું બંધ કરી અંદર ચાલી ગઈ.

રામલાલ ત્યાં ઊભો જ રહી ગયો. શ્રીમંતોનાં છોકરાંઓ વિશે સાંભળેલી બધી વાતોના વિચારે ચડ્યો ના ચડ્યો, ત્યાં તો પાછું બારણું ખૂલ્યું ને એ જ છોકરી બહાર ડોકાઈ બોલી : 'જરા ઊભો રહેજે, પાકીટ મારા ભાઈનું જ છે.... ઊભો રહેજે હો!' પાછું ભડાક લઈને બારણું બંધ થઈ ગયું.

રામલાલ ઊભો રહ્યો. એને પહેલો વિચાર એ આવ્યો કે પેલી ટેણકૂડી છોડીએ એને તુંકારાથી સંબોધ્યો હતો. પોતાની પોળના જુવાનિયા જ્યારે એને 'કાકા, જરા ડોલ ભરવા દેશો?' કહેતા, ત્યારે આ ટચલી આંગળી જેવી છોડી એને 'ઊભો રહેજે' કહેતી હતી. બીજો વિચાર એ આવ્યો કે આટલી મોટી રકમવાળું પાકીટ પાછું આપનારના દીદાર જોવાની પણ ઘરની અંદરના કોઈને પડી નહોતી. ત્રીજો વિચાર આવ્યો કે ઇનામ આપવા માટે કેટલી રકમ નક્કી કરવી એની ચર્ચા અંદર થતી હશે તેથી કોઈ બહાર નહિ આવ્યું હોય. આ ત્રીજો વિચાર રામલાલ મિસ્ત્રીના મોંને મલકાવી ગયો.

પચીસ–પચાસ રૂપિયા તો મળી જ જવાના એની એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતરી હતી. એ ઇનામની રકમને અંબા હરામનું નાણું નહિ સમજે એની પણ એને ખાતરી હતી. એ રકમમાંથી પોતે એક કોટ ને અંબા એક સાડલો ખરીદશે એની પણ એને ખાતરી હતી ને આ બધી ખાતરીઓથી જ્યારે એનું દિલ ભરાવા લાગ્યું, ત્યારે પાછો દરવાજો ખૂલ્યો. એ જ ચહેરો પાછો ડોકાયો પણ છોકરીના હાથ ખાલી નહોતા. એક હાથમાં મીઠાઈનું ફેન્સી બાકસ હતું!

'લે ખાવાનું છે' ને બારણું બંધ! રામલાલ મિસ્ત્રીના દેદાર જોવાની કોઈને ય ફુરસદ ન જણાઈ.

એનો ચહેરો ઉજ્જડ થઈ ગયો. આટલી મોટી રકમ પાછી આપવાનું ઇનામ એક ફેન્સી બાકસ! એ બાકસને હાથમાં ઝાલીને એણે કમ્પાઉંડ છોડી દીધું. રસ્તા પરની બત્તીના તેજમાં એણે એને ખોલ્યું અને જે નજરે પડ્યું એ જોઈને એની બધી ય લાગણીઓને જાણે કે પક્ષાઘાત લાગુ પડી ગયો. એ બાકસમાં, ખાતાંખાતાં વધેલી મીઠાઈની, દીપોત્સવી નિમિત્તે તૈયાર કરેલી વાનગીઓની એઠ ભરી હતી. પેંડાના ટુકડા પર અથાણું ચોટ્યું હતું, મઠિયાંનો ભૂકો હતો, હિંદુસ્તાનના ભાગલા જેવા ઘૂઘરાના બે ભાગ હતા, ટોપરાપાકની થોડીક કણીઓથી વિભૂષિત બનેલી ત્રણ સુંવાળીઓ હતી, હલવાના એક ટુકડા પર મકોડો ફરી રહ્યો હતો.

એકાદ પળ રામલાલ એ મીઠાઈને જોઈ રહ્યો. એનો ફિક્કો ચહેરો વધુ ફિક્કો પડી ગયો. પણ બીજી જ પળે એણે એક વિકટ હાસ્ય કર્યું. જગમોહન ઘીઆનો, પેલી છોકરીનો, એઠ ભરેલા ફેન્સી બાકસ જેવા એ વિશાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંગલાનો ને બગીચાનો ને આ બધાંની આડમાં જાણે કે એમના જેવી સમસ્ત જમાતનો ઉપહાસ કરતો હોય તેમ એ હસી પડ્યો. મીઠાઈના ફેન્સી બાકસને એણે તિરસ્કારથી જગકુટિરના કંપાઉન્ડમાં ફેંક્યું ને ચાલતી પકડી.

એને પોતાની જાતનો ગર્વ થયો. ઘીઆ કુટુંબના લોભી, માણસાઈહીન માનસ સાથે જ્યારે બાવીસ સો રૂપિયા પાછા આપનાર ખાનદાન રામલાલની એણે સરખામણી કરવા માંડી, ત્યારે તો જિંદગીનું બધું ય દુઃખ એ ભૂલી ગયો. એને થયું કે બંગલાઓમાં રહેવું ને રૂપિયામાં આળોટવું એ કંઈ મોટી વાત નથી: મોટી વાત તો એ છે કે હરામનું નાણું લીધા સિવાય જીવન જીવી જવું. ફેન્સી બાકસ જેવા બાહ્ય આવરણ કરતાં તો અંદરના અંતરના ફેન્સીપણાની વાત જ મોટી વાત છે.

કોઈ સમ્રાટની માફક ઝૂલતો ઝૂલતો રામલાલ ઘેર પાછો ફર્યો, ત્યાર અંબા એ પાછો આવશે કે નહિ એની આશંકાથી ધ્રૂજતી બેઠી હતી. પતિને જોતાં જ એના મન પરનો ભાર હળવો થઈ ગયો; તેમાં ય જ્યારે રામલાલે મીઠું સ્મિત કર્યું, ત્યારે તો અંબાને થયું કે ઘરમાં બાદશાહી ભલે ના હોય પણ જનમનો ફેરો તો સફળ છે.

'અંબા,' રામલાલે કોટ–ટોપી ઉતારતાં કહ્યું, 'આપી આવ્યો.'

'આપી આવ્યા?' અંબાનું હૈયું હલકું ફૂલ બની ગયું.

'હા, આપી આવ્યો,' જાણે કે કોઈ મહાદાન કર્યું હોય એવા અભિમાનથી રામલાલ બોલ્યો. એણે વાઘા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખીંટીએ ભેરવ્યા.

'શું દીધું?' અંબાના સવાલમાં આતુરતા હતી.

'એઠ, મીઠાઈ ને મઠિયાની એઠ. એમને થયું હશે કે ગાય–કૂતરાં વળી ક્યાં શોધવા જવાં?'

'પછી?'

'પછી શું? એના કંપાઉન્ડમાં જ ફેંકીને આવતો રહ્યો.' બાદ આસનિયાને ચૂલા આગળ હડસેલતાં કહ્યું: 'લે હવે, થાળી પીરસ. જતા–આવતાની પાંચ માઈલની તાજી મુસાફરી કરી આવ્યો છું!'

વધુ કંઈ પણ જાણવાની ઇંતેજારી અંબાએ ન દાખવી. પૈસા એના મૂળ માલિકને પાછા પહોંચતા થયા હતા એનો જ એને સંતોષ હતો.

મૂગાંમૂગાં ગરમું ઉઘાડીને એણે થાળી પીરસી. પછી જ્યારે એણે બીજી થાળી પણ સાથે જ પીરસવા માંડી, ત્યારે રામલાલની આંખોમાં કોમળતા છવાઈ ગઈ: 'તેં હજી નથી ખાધું?'

'તમે ખાધા વગર ચાલ્યા ગયા, તે પછી અમને ખાવાનું ક્યાંથી ભાવે? તમે મે'નત કરો, મજૂરી કરો. તમે જ પૂરું ધરાઈને ન જમો ત્યારે મારે ગળે હરામનું....'

એ આખી ઓરડી અટ્ટહાસ્યથી ભરાઈ ગઈ. કોળિયા ઝડપથી ગળે ઉતારતો રામલાલ બોલ્યો: 'અંબા! જગતની નજરે ભલે એ મોટા હોય, પણ માનવ તરીકે તો આપણે જ મોટાં છીએ હો! એ બધા તો પેલા ફેન્સી બાકસ જેવા છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદનું મોત

લે૦ ડૉ. જયંત ખત્રી

ડીલાઈલ રોડ પર આર્થર રોડ હૉસ્પિટલ આગળ, એક આદમી બસમાં દાખલ થતાં દરવાજામાં જ ફસડાઈ પડ્યો. એને ઊભો કર્યા પછી કંડકટરે પોતાના પાટલૂનના પાછળના ભાગમાં ડાઘ ઘસીને સાફ કરી નાખ્યા. આગળની સીટ પર બેઠેલી પારસી બાનુએ એને જોઈ નાક પર રૂમાલ દાબ્યો. એક યુરોપિયને પોતાની સીટ બદલી. બીજા કોઈએ પોતાના રેઈનકોટનો કૉલર ઊંચો કર્યો.

સમી સાંજે હૉસ્પિટલમાંથી રજા પામેલો એ ક્ષયનો દરદી હતો. જાણે મનુષ્યશાસ્ત્રનો અભ્યાસ કરવા લાયક જીવતું હાડપિંજર ન હોય! ક્ષયનાં જીવડાંઓના ધાકથી છાતી બેસી ગઈ હતી, પણ ગાલનાં હાડકાં બહાદુરીથી આગળ ધસી આવ્યાં હતાં. સુકાઈ ચીપડાઈ ગયેલા હાથમાં ચામડી નીચે હાડકાં, નસો અને સ્નાયુતંતુઓ બેહૂદી રીતે દેખાઈ આવતાં હતાં. બાકીના અંગ પર લેંઘો અને પહેરણ આળસ અને કંટાળાથી લટકી રહ્યાં હતાં. કોટ અને કોટના ખિસ્સામાં ટોપી સરી જવાની અણી પર એના ખભા ઉપર પડયાં હતાં. એ બધાં સાથે બંધબેસતી ન હોય એવી એની મોટી આસમાની આંખો ઘડીભર બસમાંની વ્યક્તિઓ પર તો ઘડીભર બહારની દુનિયા પર કુતૂહલથી નાચી રહી હતી.

કંડકટરે દૂરથી પૂછ્યું: 'કહાં જાનેકા?'

'ભીંડી બજાર!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કુછ સોચ બિચારકે બયઠતા ક્યોં નહિ, તુમ લોગ !' એણે જોરથી દોરી ખેંચી અને ડ્રાઈવર આગળ કંડક્ટરની તુમાખીની ઘંટી વાગી. 'ચલો, ઊતર જાઓ !'

'અરે ભાઈ, હમે કહાં ટ્રામ તક છોડ દો.'

'બોલા, ઊતર જાઓ ! સુનતા નહિ !'

'કાયકો ઊતર જાય ? તુમ અપના પયસા લે લો ?'

ફરી ઘંટી વાગી. એક આનાની ટિકિટ કપાઈ. ક્ષયનો એ બાદશાહ સાત રસ્તા પર ઊતરી ગયો. સાત રસ્તાથી એ ટ્રામમાં બેઠો. નિરાંતે થાક ઉતારતો હોય એમ આડો વાંકો થઈને બેઠો. એની બારી આગળથી અલબેલી મુંબઈનો એક ભાગ પસાર થતો હતો. એ જોયા કરતો હતો જાણે આ દુનિયા પોતાની જ ન હોય–અથવા હોય તો હવે ક્ષણભર માટે જ એવા કુતૂહલથી ! એની આંખો ક્યારેક પરાણે મીંચાઈ જતી અને ત્યારે એના ઇતિહાસનો–ના, એના નહિ, એણે પોતામાં સંઘરી રાખેલા ક્ષયનાં જીવડાંઓના ઇતિહાસનો થોડો ભાગ એનાં મનઃચક્ષુ આગળ તરી આવતો.

બે વરસ પહેલાં એના એક ફેફસાએ એકાદ ક્ષયના જંતુને ઉદારતાથી જગા આપી. આજે એનાં બંને ફેફસાંમાં અસંખ્ય જંતુઓને રહેવા, ખાવા માટે ખાડાઓ થઈ ગયા હતા. એ જંતુઓ વાલજીની છાતી જ નહિ, એની ઘણીખરી સંપત્તિ પણ ખાઈ ગયાં હતાં. એ ગરીબ તો હતો જ. ઘણી બધી ધર્માદા હૉસ્પિટલોની હવા અને દવા એની છાતી ખાઈ આવી. છેલ્લે આર્થર રોડ હૉસ્પિટલે ય એને બે મહિના સંઘરી 'ડીસચાર્જ' કર્યો. વાલજી હજી ય મરવાનું આળસ કરતો હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારો ! ટ્રામની બારીમાંથી બહાર નાસભાગ કરતી એની નજર શો શો સંદેશ એના મગજને પહોંચાડતી હશે ? પોતાની ન હોય એવી આ દુનિયામાં હજી ય એના માટે ક્યા ભાવો સંઘર્યા પડ્યા હતા !

વરસાદના દિવસોમાં સંધ્યાને પણ પશ્ચિમ તરફ વધારે વાર ટહેલવું ગમે છે. વાલજીની નજર એ ટહેલતી સંધ્યાનું અડપલું કરવા એની પાછળ દોડી રહી હતી, ત્યાં બૂમ પડી: ‘ ભીંડીબજાર બદલી. ’

વાલજી નળબજાર ઊતરી પડ્યો. પણ એણે બદલી ન કરી. ઝીણાં ઝીણાં ફોરાં ટપકી રહ્યાં હતાં. તુફાની પવન વાઈ રહ્યો હતો. મસ્તીએ ચડેલી સંધ્યા રાત્રિની ધાક વગર રંગ બદલાવે જતી હતી. નહિ ! વાલજીએ ટ્રામની બદલી ન કરી. એની અંદરનાં જીવડાંને પણ આ વાતાવરણનો નશો ચઢવા લાગ્યો. એણે ચાલવા માંડ્યું.

છ છ મહિનાના હૉસ્પિટલના વસવાટ પછી આજે એને તંદુરસ્ત માણસની જેમ રસ્તે ચાલવાની તક મળી હતી. વાલજીના વિચારોમાં હજી ય યુવાનીની તાકાત હતી. એણે જોરથી પગ ઉપાડ્યા—પણ એ એને તાબે નહિ થતાં થથરી ઊઠ્યા. કંઈ વાંધો નહિ ! બીજી વખત એણે એની ચાલમાં બેદરકારી લાવવાનો પ્રયત્ન કર્યો. હાથને ઝટકો આપ્યો. બંકી સાંકળ જેવી ડોકને મરોડ આપ્યો. પાનવાળાની દુકાનના અરીસામાં એણે પોતાનું દર્શન ચોરી લીધું.

અંદરથી એક ઉમળકો ઊઠ્યો અને પહોળા થઈ ગયેલા હોઠે પાછળી પરુવાળા દાંત હસી ઊઠ્યા. માર્કીટ આગળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તા પર ફેંકાયેલી કહોવાઈ ગયેલી શાકભાજી અને ઈંડાંને થથરતા પગ નીચે કચરતો વાલજી લથડતો લથડતો આગળ ચાલ્યો. આજે એને કશી પરવાહ નહોતી. એના ખભા પરથી કોટ સરી જાય છે? છો સરી જતો. એક મોટર એના લૂગડાને અડીને પસાર થઈ જાય છે. પણ વાલજી તો હસીને એની પાછળ જ જુએ છે. આ આનંદની કક્ષાએ મોત આવે તો ય શું? બબ્બે વરસ મોત તરફ કૂચ કર્યાં પછી આ આનંદ આજે પ્રગટ્યો હતો. એ આનંદના વેગ સાથે એનું શરીર ભલે ને નહિ ચાલી શકતું, તો ય એ ડાબે ને જમણે ડોલી રહ્યું હતું. એ ડોલનમાં કોઈક સ્ત્રી સાથે ફસડાઈ પડતાં વાલજીને ગાળો પડતી, પણ એ કશું સાંભળતો નહિ. એ તો ફેરિયાઓની હાથગાડીમાં ચમક ચમક કરતાં કાચનાં રંગબેરંગી વાસણો અને કચકડાનાં રમકડાં પર આંખો નચાવતો ચાલ્યો જતો. અરે શું સજાહ! ભલે ને આ દુનિયા એની પોતાની ન હોય! પણ આ આનંદ ને આ અવધિ આજે ઘણાં વરસ પછી એને મળ્યાં હતાં. બસ, વાલજીને ચાલ્યા જ કરવું હતું, જ્યાં સુધી શરીર કાબૂમાં રહે ત્યાં સુધી–જ્યાં સુધી આ વેગ વધારતો આનંદ લથડતા શરીરથી આખરે છૂટી જઈ ક્યાંક ઊડી જાય ત્યાં સુધી!

સેન્ડહર્સ્ટ રોડથી પાયધૂની તરફ ખૂણા પર કાપડવાળાની દુકાન આગળ વળાંક લેતાં એ પોતાની જ ચપળતા પર જરા મુશ્કરાયો. ચાર–છ શરબતની ગાડીઓએ લપસણી કરી દીધેલી ફૂટપાથ પર જરા એ લપસ્યો, પણ તરત જ એ બેસી ગયો. હસતાં હસતાં ઊઠવા ગયો અને ફરી પડ્યો. પિત્તળની ચમકતી ખીલીઓવાળો ચાબુક લઈ ઊભેલો એક પઠાણ હસી

૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યો. શરબત-ગાડીવાળા એમના ઘરાકોનાં ટોળાં સાથે હસ્યા. સામેની દુકાનમાં ખોળામાં ગજ અને મોટું પેટ લઈ બેઠેલો કાપડિયો પણ હસ્યો. પણ કંઈ પરવાહ નહિ! બીજો પ્રયત્ન કરીને વાલજી પોતાને મન કોઈ દહાડો નહિ બતાવેલ અદાથી ઊભો થયો.

એ પણ બધાની જોડે જોરથી હસવામાં ભળ્યો. ખૂબ હસ્યો. એનું નબળું શરીર સહન કરી શકે તે ઉપરાંત હસ્યો. આટલો બધો આનંદ! આવા દૂબળા શરીરમાં ક્યાં સમાયો હશે?

અને એ આગળ ચાલ્યો. એની આંખો લાલ થઈ ગઈ, મગજમાં લોહી ધસી આવ્યું અને ખોપરી પર નાનકડા સર્પો જેવી નસો દોડધામ કરી રહી. જમણા હાથની પહેલી ગલીમાં વાલજી વળ્યો. એનું નિત્ય જાણીતું વાતાવરણ વહાલભરી રીતે એની નજરને ભેટ્યું.

ઇસ્માઈલખાનની બકરીનું નાનકડું બચ્ચું દોડધામ કરી રહ્યું હતું. એ ખાટલા પર હલીમા ચાચીના પાપડ અને સેવ સુકાતાં હતાં. દૂરના મકાનમાં મમદુની તાજી પરણેતર ચોથે માળથી દોરી વતી એક નાનકડી બાસ્કેટ રસ્તા પર સેરવી ભેળપૂરી ખરીદી રહી હતી. મેલા બુરખાવાળી મુસલમાન સ્ત્રીઓ, ફાટેલી સાડીવાળી ઘાટણો, ચીકણી આંખો અને ગંદા નાકવાળાં અર્ધનગ્ન બાળકો કિકિયારી પાડતી મુરઘીઓ પાછળ દોડી રહ્યાં હતાં. જમણી બાજુ ચાર માળનું વલીમામદનું આલીશાન મકાન અને એની બાજુમાં જાણે એના ખોળામાં બેઠું હોય એવું બેઠા ઘાટનું શંકર લેલેનું મકાન પડી જવાની બીકે લાંબું થઈ સૂતું હતું. એ મકાન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂર દેખાતી 'બકરા ચાલ'ની પછીતની વચમાં 'સેધા સુતાર'ની ચાલ આવી. હાશ! વાલજીના પગ છેલ્લી વાર એના હુકમનો અનાદર કરી ધ્રૂજી ઊઠ્યા. વાલજીએ ઊંચે જોયું. પહેલો માળ, બીજો માળ, ત્રીજો માળ! બસ, એ જ. ગૂણપાટના ફાટેલા પડદા; તુલસી, અજમા અને બારમાસીનાં પાણી નીતરતાં કૂંડાં, આઠ દિવસે એક જ વખત સાબુથી ધોવાતાં ફાટેલાં સાડી અને ધોતિયાં, લેંઘા, ખમીસ–અને એ જર્જરિત, ફાટેલી, મેલી વસ્તુઓ પાછળ આવજા કરતી વ્યક્તિઓને વાલજીએ ઝાંખી રીતે જોઈ! દરવાજામાં વળતાં જ પાનવાળાની દુકાને એણે શંકરને 'દેશી ડબલ ચૂના, કાળી કાંડી' પાન માગતાં સાંભળ્યો. એની નજર ચૂકવી એ અંદર પેઠો. એની નજર એક ઠેકાણે ઠરી ગઈ. ત્રીજો માળ, તુલસીનાં કૂંડાં નીચે કઠેડા પરથી એક ખાટલો ટિંગાવેલો હતો. એની પાછળ એક બંધ કમાડવાળી એની જ ઓરડી હતી. એણે મહામહેનત કરી હસવું ખાળ્યું. દાદરને પગથિયે પગ મૂકવા જતાં જ એની પાછળથી એના બુઢ્ઢા દરવાન બદરીનાથ ભૈયા બોલ્યા:

'કૌન વાલજી? તું આ ગયા? તબિયત તો અચ્છી હય ના?'

'હાં, અચ્છી હય.'

હજી તો પહેલો દાદર પૂરો ચઢ્યો પણ નહિ હોય ત્યાં તો જીવી ડોસી સામે મળ્યાં, 'વાલજી! ક્યારે પાછો આવ્યો?

'હમણાં જ મા!'

'સારો છે ને?'

'હા, મા.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જીવતો રહે બેટા!' અને વાલજીનો પગ ઉપરની પગથીનું નિશાન ચૂક્યો. એણે કઠેડાને પકડી સમતોલપણું જાળવી લીધું. પહેલા માળના નળ પર રામજી મિસ્ત્રીની વહુએ એને જોઈ લાજ કાઢી. એકબે છોકરાંઓ એને જોઈ રમતાં રહી ગયાં અને એને ઓળખ્યાથી સામે જોઈ રહ્યાં. બીજે માળ ગોપાળજી જોશી ચાલીસાં જ ઘીના દીવે પાઠપૂજા કરી રહ્યા હતા. એમણે તો પૂજા થોભાવ્યા વગર એની સામે હસીને ડોકું ધુણાવ્યું.

આખરે વાલજી ત્રીજે માળ પહોંચ્યો. છેલ્લું પગથિયું ચઢતાં એનું મોઢું ફાટી ગયું. ગળામાંથી પરાણે એક અમાનુષી અવાજ નીકળી ગયો. કપાળ પરની આસમાની નસો ફાટફાટ થઈ રહી. એના મનમાં થયું કે અહીં જ બેસી જાઉં! એ વિચારે જ એને હસવું આવ્યું. હાંફતી છાતીએ ખુલ્લા મૂકેલા મોઢા પર સહેલાઈથી હાસ્ય આવી ગયું, પણ કેવું ફીકું અને દયામણું! એનાં થાકેલાં અંગો પર એણે જુલમ ગુજાર્યો. પાવડા જેવા હાથોથી કઠેડાનો આશરો લેતો લેતો એ આગળ ચાલ્યો. આખરે પેલા તુલસીના પાણી ઝરતા કૂંડા નીચે પહોંચ્યો, ત્યારે સામેની પોતાની ઓરડીમાં નજર ફેંકતાં પહેલાં એણે છુટકારાનો દમ લઈ, આંખો મીંચી. અંધારાં ચારે તરફથી એના પર ધસી આવ્યાં, કાનમાં ભીષણ અવાજો થયા, ખોપરીમાં કોઈએ બેચાર હથોડા લગાવ્યાનું દુ:ખ થયું. પણ આજના આનંદના પ્રમાણમાં આ દુ:ખ શી વિસાતમાં હતું? એણે આંખો ખોલવા ફોગટ પ્રયત્ન કર્યો. આ સ્થિતિમાં એણે ઓરડીમાંથી કોઈ પુરુષનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજ સાંભળ્યો :

'જોને ગોમતી, દુઃખ તો મને પણ થાય છે, પણ વાલજી આ હાલતમાં કેટલા દિવસ ટકી શકશે ! પછી તારો કાંઈ વિચાર કર્યો ?'

વાલજી કઠેડો મૂકી અધબીડ્યા કમાડ આગળ આવ્યો. એની ઇચ્છા અંદર જવાની હતી, પણ એને ફરી ચક્કર આવ્યાં.

'મારી વાત પર વિચાર કરજે. વાલજીનું મોત હું નથી ઇચ્છતો, તો ય એ તો હવે આવવાનું જ છે, ત્યારે મારા નાના પ્રેમજીની મા થઈ મારા ઘરને તારું કરી રહેજે. મારે ય દુનિયામાં કોણ છે ? વાલજી તો હવે થોડા દહાડાનો મહેમાન ! બાકી રહી તું અને મારો દીકરો પ્રેમજી !'

વાલજીએ સાંભળી લીધું. કોઈક બીજી ભાવનાએ એના દિલમાં ફોગટનો બળવો જગાવ્યો. આજનો આનંદ એનો રાજા થઈ બેઠો. બીજા કોઈ ભાવ માટે અત્યારે સ્થાન નહોતું.

એણે કમાડ ખોલી નાખ્યું અને અંદરની સાદડી પર ફસડાઈ પડ્યો. ગોમતીએ એની લાજ કાઢી. ગોપાળે—એના મિત્રે એને પકડી લીધો.

'પણ તું એકલો કેમ આવ્યો ?'

'હું આવતી કાલે સવારના તો પૂરી લઈ આવવાની હતી !' ગોમતી બોલી, 'આટલી ઉતાવળ શી હતી ?'

જવાબમાં વાલજી માત્ર હસ્યો. એ હાસ્ય દૂબળું, ફીકું તો ય તાજગીભર્યું હતું. એ જોઈ ગોમતીને થોડી ટાઢક વળી. 'કંઈક તો સારા છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ત્રણેએ સાથે બેસીને ચા પીધી. મોસંબીનો રસ નીચોવતા ગોમતીના બન્ને હાથો પરની બંગડીઓ મીઠું રણકી રહી હતી, ત્યાં બન્ને પુરુષોનું ધ્યાન ખેંચાયું. ગોપાળને બીજી જ પળે પોતાની જાત પર તિરસ્કાર આવ્યો. એણે પાછું ફરી વાલજી તરફ જોયું અને એને ખભે વહાલથી હાથ મૂક્યો. પણ વાલજીની ચકોર નજરે મોસંબીના રસમાં આંસુનું એક ટીપું ભળી જતું જોઈ લીધું. એ ગોપાળ તરફ જોઈને ધીમું હસ્યો. આજ એના મોઢા પર હાસ્ય ન હોય તો બીજું શું હોઈ શકે?

વાલજીના આગ્રહને વશ થઈ ગોપાલ પણ એ રાતે ત્યાં જ જમ્યો. ગોપાળ એની તબિયતના ખબર પૂછતાં પૂછતાં રહી ગયો! એને એમ થયું કે રખે ગોમતી એનો અવળો અર્થ કરે. અને ગોમતીએ પણ એ ખબર ન પૂછ્યા. એને બીક લાગી કે રખે એ ખબર પૂછતાં ક્યાંક એમનો આ આનંદ મોળો પડી જાય!

પાછળ મસીદના ઘડિયાળમાં દશના ટકોરા થયા. ગોપાળ ગયો. ગોમતી બારણું અંદરથી બંધ કરી વાલજીની પથારી આગળ ઓશીકા પાસે બેઠી. વાલજી બારી બહાર, 'બકરાની ચાલ' ઉપરથી ફક્ત અંધારા જેવા દેખાતા વાદળછાયા આકાશમાં જોઈ રહ્યો હતો. ટેવાયેલી આંખો, વાદળનો પડદો જાણે માત્ર ભ્રમ હોય એમ એની પાછળ પણ તારલાઓ ગણી રહી હતી. ગોમતીએ ધીમે રહીને ઘૂંઘટ ખુલ્લો કર્યો. માંહ્યથી, અજવાળી સાતમના ક્ષિતિજે ડૂબી જતા ગમગીન ચંદ્ર જેવું, આંસુભર્યું મુખારવિંદ વાલજીની આંખો તરફ નમ્યું, ઝૂકી પડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હજુ કંઈ સારા નથી,' ગોમતીનું મન બોલ્યું. શરીર ધ્રૂજ્યું. મોટી આંખો, ગાલના ખાડા, છાતી, હાથ ! પળવારમાં તો એની નજર આખા શરીરનું દુઃખદાયક પરિભ્રમણ કરી ગઈ. કેમે ય કરીને એનાથી ગળાનો ડૂમો રોકી શકાયો નહિ. વાલજીએ જોરથી પાસું બદલ્યું અને એ તકની રાહ જોતી ગોમતી એના દૂબળા ખભામાં મોઢું સંતાડી રુદનમાં તૂટી પડી. સત્તાવીસ વરસની જુવાન, તંદુરસ્ત, સુંદર, ઘાટીલી પરણેતરે રડતાં રડતાંય કાવ્યની અસંખ્ય ઊર્મિઓ ફેલાવી. એનાં આંસુથી ભીંજાઈ વાલજીનું જીવતર આ છેલ્લી પળે ય ધન્ય બન્યું. એના આનંદની ઉચ્છૃંખલ મસ્તી શમી ગઈ. મંદ, ધીરો, એકધારો પ્રવાહ વહેવા લાગ્યો. આ વખતે જ એને બારણા પાછળ રહી ગોપાળ–ગોમતીનો સાંભળેલો વાર્તાલાપ યાદ આવ્યો. ગોમતીનો હાથ પકડી એણે એને બાજુમાં ખેંચી. પેલી વીખરાઈ ગયેલી લટોને એમ જ સમાર્યા વગર રહેવા દઈ એના હાથનાં હાડકાં ગોમતીના ગાલ પર ફરી વળ્યાં.

'ગોમતી, આજે હું ઘેર પાછો ફર્યો એથી આનંદ થાય છે?'

'નહિ તો! આજે એવું કેમ બોલો છો તમે?' ગોમતી બેઠી થઈ ગઈ.

'કંઈ નહિ–અમસ્તો જ! મારા પગ ન દાબે? બહુ દુખે છે!'

ગોમતી પગ દાબવા બેઠી. અને એક પછી એક મિનિટ પસાર થવા લાગી. ઘાસલેટની બત્તીના ઝાંખા તેજમાં પિત્તળનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસણો અજબ ચમકી રહ્યાં હતાં. ઘરની વ્યવસ્થા સફાઈદાર અને સંપૂર્ણ હતી. વાલજી ફરી પહેલાંના જેવું જ હસ્યો. ફરી ફરી એ મસ્તીખોર આનંદ એની પર સવાર થવા તલપી રહ્યો.

'ગોમતી!' એ ખરેખર હસી પડ્યો, 'એક વાત પૂછું, ગુસ્સે ન થાય તો!'

'પૂછો ને?'

'હું–હું–' એનું હાસ્ય ફાટી જતું હતું, 'મરી જાઉં તો?' એના હાસ્યની પાછળ રહેલું ગાંભીર્ય ગોમતી ન ઓળખી શકી. એને એ મશ્કરી જ ભાસી.

'જાઓ, જાઓ,' ગોમતી પણ હસી પડી અને એ હાસ્યના આનંદભર્યા આઘાતથી મોઢા પર લાગ જોઈને ધસી આવેલી બેચાર લટોને એણે લટકો કરી સરખી કરી મૂકી. 'એમાં આટલા બધા હસો છો શાના?'

હાશ! વાલજીને ટાઢક વળી. પરણ્યાની પહેલી રાતે જ ગોમતી એને ખૂબ ખૂબ ગમી ગઈ હતી. આ કદાચ છેલ્લી રાત હતી. એ બે રાતો વચ્ચેનું અંતર ઘસાઈ જઈ એ બંને રાતો અસંભવિત રીતે એકબીજીને ભેટી પડતી ભાસી!

'વાહ આનંદ!' વાલજીના મને પુકાર્યું.

કોણ માને કે આ એકોતેર રતલના વજનવાળા પોણા છ ફીટ ઊંચા ક્ષયના દરદીએ તે રાતે ગોમતીની છેડતી કરી, સતાવી, હસાવી, આનંદથી ભરી દીધી હશે? બબ્બે વરસની અસહ્ય માંદગીનું દુઃખ ભુલાવી દેવાની તાકાત પણ છેલ્લી ઘડીએ એનામાં આવી ગઈ હશે? હાય હાય! શું મજાહ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોમતી હસતી હસતી એવડી વળી ગઈ ને એમ જ સૂઈ રહી! એમ જ ઊંઘી ગઈ. એ સુકુમાર હોઠો પરથી હાસ્યને ઊડી જવાની તક પણ ન મળી.

એક વાગ્યો, બે વાગ્યા. વાલજીને ઊંઘ ન જ આવી. એની નસેનસમાં લોહી આનંદના ધબકારા કરતું દોડયે જતું હતું. એનો ઉશ્કેરાટ વધતો જતો હતો.

'આખરે આ શા માટે?' એણે પોતાની જાતને જ પૂછ્યું. કંઈ જવાબ ન મળ્યો. એ ખરેખર આનંદ હતો કે એની ભ્રમણા જ હતી. આનંદ! આજે કેટલા મહિનાઓ–વરસો પછી એને આનંદ પ્રાપ્ત થયો હતો! વચમાં એ કેવો દુઃખી હતો? એની કલ્પના પાછળ દોડી ગઈ. બબ્બે વરસનો કંટાળાભર્યો ઇતિહાસ એણે ફરી તાજો કર્યો. ગોમતીની કસુવાવડ થઈ, એનું કાંડાનું ઘડિયાળ અને સોનાનો કંદોરો ગયાં. ગોમતીના તો લગભગ બધા દાગીના ચાલ્યા ગયા. અને એને પહેલી રાતના આપેલું વચન યાદ આવ્યું, 'જોજે તો ખરી, મારી મીઠી, ક્યારેક તને આખી ને આખી દાગીનાથી મઢી દઈશ!' એ વચન ન જ પળાયું.

અને–એણે ગોમતીને વાંકી વળીને સૂતેલી જોઈ. મોઢા પર હાસ્યની સંધ્યા મટી રહી હતી. વાલજી નીચો નમ્યો. પણ કહોવાઈ ગયેલા હોઠોથી ભરયૌવનમાં તસતસતું તાઝગીભર્યું સુખડું ચૂમવાની એની ઇચ્છા મરી ગઈ. એના ઓશીકા પર જેમતેમ વીખરાઈ ગયેલી સાડીની કોરને એણે ચૂમી લીધી. એને રડી પડવાની ઇચ્છા થઈ, પણ કેમે કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંસુ નીકળ્યાં નહિ. થયું, 'થોડી વાર મનને ફૂભવી દઉં' પણ એનો આનંદ એનો શત્રુ નીવડ્યો. એ ભયંકર રાક્ષસી આનંદે એના બીજા બધા ભાવોને હણી દીધા હતા—એ જેમ ક્ષયનાં જીવડાંઓનો શિકાર બન્યો હતો, તેમ જ આજે એના આનંદનો પણ ગુલામ બની ચૂક્યો હતો.

હૉસ્પિટલ છોડ્યા પછી એણે પહેલી જ વાર ઉધરસ ખાધી. સપાટે ઊભો થઈ ગયો. રખે ને ગોમતી જાગી જઈ એના મોઢાના હાસ્યની ચિરસંધ્યાની રાત પડી જાય! એની બીકે એ બારી તરફ ફર્યો. એક ગરમાગરમ બળખાએ એના મોઢાને ભરી દીધું. બહાર થૂંકી એણે ધોતિયાથી મોઢું લૂછ્યું તો એમાં લાલ ડાઘ પડ્યા. લોહી! ફરી પાછું લોહી!

બહારનું આકાશ હવે ખુલ્લું થઈ ગયું હતું. તારલાઓ ચમકી ચમકી પરસ્પર ભ્રાતૃત્વની જાણે આપલે કરી રહ્યા હતા. એ કેટલું ઊંડું—કેટલું દૂર દૂર હતું! એની આમંત્રણ આપતી મોકળાશનું આકર્ષણ અજબ હતું. એને ફરી ઉધરસ આવી. આ વખતે વધારે જોરથી એની ખોખરી છાતીના ઢીલા તાંતણા ખોટા સૂર કાઢતા હતા.

વાલજીને ખરેખરી બીક લાગી કે હવે ગોમતી જરૂર જાગવાની. અને જાગશે તો?

હમણાં નહિ તો સવારે એ ખચિત જાગશે. ત્યારે ફરી પાછી એની એ જ લોહીની ઊલટીઓ, માથું ભમાવી દેતી ઉધરસ, આકરો તાવ અને દુર્ગંધ મારતા પસીનામાં તરબોળ થઈ જતાં શરીરનો એને સામનો કરવો પડશે. એ મૂર્ખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારે કયા ભ્રમમાં, કઈ આશાને તાંતણે આમ નિરાંતે ઊંઘી રહી છે! અને જોયું પેલું હાસ્ય! હજી ય કેવું એના હોઠ પર કૂદકી ફરે છે? મૂરખ નહિ તો બીજું શું? એને મન આવતી સવાર આજ રાત કરતાં યે વધારે સુખભરી ઊગશે!

અરે, પણ આ ઉધરસ સોળી પડશે કે નહિ! ખોંખોંખોં. જાણે ઉધરસનો ભમરડો ફરવા લાગ્યો. વાલજી બારણું ખોલી બહાર કઠેડા આગળ ધસી ગયો. આંતરડાં આંટી ખાઈ ઉપર ચઢ્યાં. શ્વાસ બંધ થતો લાગ્યો. છાતી બેસી ગઈ. જાણે આંખોમાં, મગજમાં બધું લોહી ધસી આવ્યું. એને ઊબકો આવ્યો તે રોકવા પ્રયત્ન કર્યો. અને મોઢામાંથી ઊલટીનો ફુવારો વછૂટ્યો. લોહી! હજી કેટલુંક બાકી હતું! હૃદય જોરથી ધડકી ઊઠ્યું. એક, બે, ત્રણ, ગણાય નહિ એટલી ગતિથી આખું ય શરીર હૃદયમય થઈ જઈ વાગી, થડકી રહ્યું. વાલજી ત્યાં જ બેસી ગયો.

એની બીક વધતી ચાલી. કાલે ઊઠીને ગોમતી એને આવો બીમાર જોઈ શું કરશે? શું કરશે બીજું? આટલા દિવસ કર્યું હતું એ જ—ચાકરીસેવા! હટ્! હજી પણ ચાકરીસેવા?

એને ફરી ગોપાળ—ગોમતીનો વાર્તાલાપ યાદ આવ્યો. પોતાના મરણ પછી ગોપાળ ગોમતીને એની પત્ની થવા સમજાવતો હતો. ત્યારે ગોમતીએ હા નહિ તો ના પણ નહોતી કહી.

શા માટે નહિ? હવે એની પાસે આપવા જેવી વસ્તુમાં ક્ષયનો ચેપ માત્ર બાકી હતો. બીજી હતી મોતની છેલ્લી ભેટ! ગોમતીની અરધી જુવાનીભર એણે એને પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદગી સિવાયનો બીજો ખ્યાલ આવવા નહોતો દીધો. પણ તેમાં એનો ય શું વાંક હતો?

વાંક જરૂર હતો. પોતાને વહાલભર્યું આમંત્રણ આપતા મોતને ખોટા વાયદા આપી, જેમતેમ જીવતો રહી, ગોમતીને વધારે ને વધારે રિબાવી રહ્યો હતો. રસ્તામાં મરી જાણનાર પશુઓ કરતાં ય એ હૃદયહીન હતો.

આખરે એની આંખમાં બે આંસુ ચઢ્યાં, ગાલનાં હાડકાં પર જરા ઠરી જઈ નીચે ખાડામાં ટપકી પડ્યાં. હાશ! એને શાંતિ વળી. એની શુદ્ધિ પાછી ફરતી હતી. એ આંખો મીંચીને પડી રહ્યો. માથાનું લોહી નીચે ઊતરી ગયું. હાથ-પગ થથરતા બંધ પડ્યા. એના રાક્ષસી આનંદનું મોત થયું.

ધીરે રહીને વાલજી ઊઠ્યો. નળ પર જઈ કોગળા કર્યા. પિવાય એટલું પાણી પી પેટ ભરી લીધું. અને ગોમતી પર છેલ્લી નજર નાખવાની ઇચ્છા કર્યા વગર એ દાદર ઊતરી ગયો. એને કોઈએ પડકાર્યો નહિ. ગલીના નાકા પર ઉધરસ ખાવા એ જરા થોભ્યો અને આગળ ચાલ્યો

રાત્રિના ત્રણેક વાગ્યા હશે. અલબેલી મુંબઈની ભીંડીબજાર પણ અત્યારે લગભગ સૂની થઈ ગઈ હતી. એની નજર ઊંચી હતી. ચચ્ચાર છ–છ માળનાં વિચિત્ર મકાનોથી ઊંચે દૂરના આકાશની નિગૂઢ શાંતિ પીતો પીતો એ ચાલ્યો. એનું શરીર લથડિયાં ખાતું હતું, પણ નજરની દોર પર એના વિચારોનો પતંગ કેટલે ય દૂર, કેટલે ય ઊંચે ગુલાંટ ખાઈ રહ્યો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાશ, કેટલી બધી મોકળાશ! કેવી અલભ્ય મુક્તિ! નળબજારની મારકીટ સામે ચોરબજારની ગલીના નાકે ફૂટપાથ પર ચઢવા જતાં એણે ઠોકર ખાધી, ઊંધો પડ્યો. પળવાર પડી રહ્યો. માથું ફૂટ્યું ને એમાંથી લોહીની ધાર ચાલી. એણે ઊઠવા પ્રયત્ન કર્યો. ઊઠ્યો. બે ડગલાં ચાલ્યો અને ભયંકર ઉધરસમાં તૂટી પડ્યો. ક્યાંક આશરો શોધવા એણે ફોગટ વલખાં માર્યાં. સામેની દુકાનના ઓટલે પહોંચવા જતાં અધવચ જ એ તૂટી પડ્યો. એની નજરનાં અંધારાં વધતાં ચાલ્યાં. મોકળાશ વધારે ને વધારે પસરવા લાગી. વનરાજીમાં વાતા પવનના સુસવાટ જેવો શાંત રવ એના કાનોમાં ગુંજી રહ્યો. અંધારું અને સંગીત એકાકાર થવા લાગ્યાં.

અરે, આ ફરી પાછી પેટમાં વાઢ આવી. ફરી પાછું હતું એટલું બધું ય લોહી મગજમાં ધસી આવ્યું. વાલજી ઊઠીને બેઠો થયો. ફાટફાટ થતી આંખોએ એની બાજુમાં ટપાલ નાખવાનો લાલ ડબ્બો જોયો. હાથ પહોળા કરી એ એના પર પડ્યો, પકડી લીધો; ત્યાં ફરી ઊલટીનો ફુવારો વછૂટ્યો. ઓહ! ઊબ! એના બન્ને હાથનાં આંગળાં ઢીલાં થઈ સરી પડ્યાં—પોતાના જ લોહીની ઊલટીમાં એ ઢગલો થઈ પડ્યો. પેલા મોટા આસમાની ડોળા ઉપર પાંપણો લચી પડી. આંખોની દોર તૂટી ગઈ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજીદ અને મુન્ની

લે૦ જયંતી દલાલ

એ બંને જિગરજાન દોસ્ત હતા. શહેરના મહોલ્લામાં લગભગ પડખે પડખે જ એમનાં ઘર આવેલાં. કોઈ નિશાળમાં ઇકબાલની કવિતા ગાતું: 'પર્વત હો સબસે ઊંચા–હમસાયા આસ્માં કા' અને આ બંને એકબીજા સામું જોઈને છાનું હસી લેતા. બચપણની ઉદાત્ત કલ્પનામાં એમણે પડોશમાં આવેલી મસ્જિદના મિનારાને હિમાલયનું નામ આપ્યું હતું. સૂરજ ઊગમણે હોય ત્યારે મજીદના ઘરનો છાંયો મુન્નીલાલના મકાન-ની છત પર પડતો અને સૂરજ આથમણે આવે ત્યાં તો મુન્ની-લાલના ઝરૂખાની પાંખ પડછાયા વાટે મજીદના ઝરૂખે હાથ-તાલી દઈ દેતી.

'જોયું હમસાયા,' મુન્નીની આંખો પલકારા મારી લેતી. અને સામેથી મજીદ પણ ડોકું હલાવી દેતો.

નિશાળ છોડીને જીવનસંગ્રામમાં ઝંપલાવવા ગયા તો ત્યાં ય એમને સાથે રહેવાનું મળી ગયું. નસીબજોગે બંને રેલવેમાં ટિકિટ–ચેકર થયા અને ટર્મિનસ પર એ એવી ગોઠવણ કરી લેતા, કે બંનેને સાથે જ કામે નીકળવાનું થાય. સાથે જ નોકરી કરવાને લીધે અને બચપણની ભાઈબંધીને લીધે મનમેળ ખૂબ જ જામ્યો હતો. અને મનમેળ જામવાની કિંમત પણ એમને ભરી આપવી પડતી. એમની સામે લાંચની ફરિયાદો થતી પણ એમાંથી એ સાફ પાર તરી આવતા. એમને જુદી જુદી નોકરી પણ અપાઈ. આમાં એમને થોડું માઠું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતું. એ બે સાથે કામ કરતા હતા તેમાં કોઈ શું કામ જાણતું હશે, એ જ એમને સમજાતું નહોતું.

અને જીવનમાં સરળ વહ્યે જતા ઝરણા આડે શિલા આવી. ન જાણે ક્યાંથી વાતાવરણમાં ઝેરની ફૂંક લાગી હતી. આંખનાં અણિયાળાં પલટાયાં હતાં. પાંપણને પલકારે કશી દીવાલ ઊભી થતી હતી. મુન્ની અને મજીદ લગી પણ આ વાત આવી. કોકે મુન્નીને કહ્યું: 'જોજે, બહુ લબ્યો છે તે જોતો રહેજે.' મજીદના કાનમાં પણ કોકે ફૂંક મારી: 'ઇસકા નતીજા અચ્છા ન હોગા.' અને પહેલી જ વાર બંનેને લાગવા માંડ્યું કે બંને જુદા હતા. એકે આંખ ન ઉઘાડી ને બીજાએ નેણ ચોર્યું. 'હમસાયા'ના પડછાયા જુદા પડવા માંડ્યા. કદાચ એ જ બીજા કશાના પડછાયામાં અંધારે લપેટાઈ ગયા હતા.

ન બોલાયેલી સમજૂતી ન હોય એમ બંને હવે એક-મેકને ટાળતાં અલગ રાખતા. જુદી જુદી કામગીરી મેળવવાની કોશિશ કરતા અને ન જાણે કેમ પણ એકમેકનાં છિદ્ર જોતા થયા.

(૨)

એક પ્રસંગે એમના વૈમનસ્યને ખૂબ જ વધારી મૂક્યું. બનાવ, બનવાની રીતે તો સાવ નાનકડો રોજિંદો હતો. મુન્ની ઉપર હમણાં હમણાં સ્ટાફના માણસો જલતા હતા. સ્ટાફમાં ગેરકોમની સારી એવી ભરતી થઈ હતી અને મુન્ની લગભગ એકલો પડી ગયો હતો. એને કાઢવાની પણ સારી રીતે પેરવી થતી હતી. એને કાને પણ આનો ઇશારો આવી ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. મનમાં એને રોષ ચઢતો. આજુબાજુના લોક એને ઉશ્કેરવાનો પણ યત્ન કરતાં, છતાં એ એમને કાબૂમાં રાખીને બેઠો હતો. ઇમાનદારીથી નોકરી કરવી એમાં જ એ માનતો હતો.

અને કમનસીબે જે વસ્તુ એ ટાળવા માગતો હતો તે જ એના સામે આવીને ઊભી રહી. યાર્ડમાંથી રામપુરી ચાકુનું એક પારસલ પકડાયું અને સ્ટાફમાંથી અવાજ ઊઠ્યો: 'એ મુન્નીનું જ કામ! એના વિના કોણ પકડાવી દે?'

મુન્નીએ આ સાંભળ્યું અને પોતાની જાત પર ધિક્કાર છૂટ્યો. માનવ માનવને કેટલી હદ લગી હીણો માનતો હશે? જૂનાં સંસ્મરણો જાગ્યાં. ઉગમણા અને આથમણા સૂરજના પ્રકાશની કામગીરીથી પડતા પડછાયા યાદ આવ્યા અને મનને મારીને એ મજીદને મળવા ગયો.

મુન્ની સાથે વાત કરવાની ના તો ન પાડી શકાઈ, પણ મુન્નીની વાત તો એને કેવળ પારસાઈ લાગી. 'માણસ કેવો અને કેટલો ઢોંગ કરી શકે છે?' મજીદે મનમાં વિચાર્યું. મુન્નીને તો સોનાની જાળ પાણીમાં નાખ્યાનો અરેરાટ થયો.

(૩)

અને દેશભરમાં હુલ્લડો ફાટી નીકળ્યાં. માનવતા મોં સંતાડીને ગંગાને તળિયે ડૂબી ગઈ. યુગ યુગ પહેલાં માનવીએ વિસારી મૂકેલી જંગાલિયતને જાણે ફરીથી એકવાર પૃથ્વીના પટ પર દર્શન દઈ જવાની ઇચ્છા થઈ આવી અને માનવીએ પૂર્વજની એ ઇચ્છાને પૂરી પાડી તર્પણ કર્યું.

પશુ લોહી ચાખીને વીફરે છે. માનવીની આંખમાત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહી જોઈને વીફરે છે. બુદ્ધિ, સમજ, વિવેક સહુ આજે તો હિંસાનો નવતર પ્રકાશ શોધવામાં ખર્ચાતાં.

ટ્રેનો પરના હુમલા એ દેશમાં અન્યત્ર સામાન્ય બનાવ બની ગયો હતો. છતાં હજુ આ સ્ટેશનોએ એ ઉપદ્રવ આવ્યો ન હતો.

મુન્ની અને મજીદને સંયોગવશાત્ એમના સ્ટેશનથી બદલાતી ટ્રેનમાં ચેકિંગ માટે જવાનું હતું. આગળના સ્ટેશને હિંદુ નિરાશ્રિતો ઊતરતા હતા. થોડા માઈલ દૂર મુસ્લિમ સ્થળાંતરિયા ઊભરાતા હતા. વાતાવરણ તંગ હતું. સરકારે અહીં કશું ન બની જાય એને માટે ભારે તકેદારી રાખી હતી. છતાં ક્યારે શું બને તે કહી શકાતું નહીં.

મુન્ની તો હંમેશ મુજબ કામે ચડ્યો. ડબ્બે ડબ્બે ફરતો એ એક ડબ્બામાં આવી પહોંચ્યો. બારણું ખોલી એ અંદર દાખલ થયો અને એને વાતાવરણ સાવ જુદું જ લાગ્યું. પળભર તો એને ચાલુ ટ્રેને ઊતરી જઈ બીજા ડબ્બામાં જવાનું મન થયું, પણ એણે પોતાની જાતને એમ કરતાં વારી. બહારનું સિગ્નલ ગયું અને ટ્રેને ઝડપ પકડી ત્યાં મુસાફરોમાંથી એકે મુન્નીને પડકાર્યો:

'કોણ છે તું?'

મુન્નીએ જવાબ વાળ્યો, પણ એથી પેલાને સંતોષ ન થયો. ટિકિટ ચેક કરવાની વાત તો આમાં આવે જ ક્યાંથી? થોડીક માથાકૂટને અંતે ડબ્બાના બે મુસાફરે ધારદાર ચાકુ કાઢ્યાં.

'પણ મારે તમને ખાતરી કેમ કરીને આપવી કે હું હિંદુ છું?' મુન્નીએ મસ્ત અવાજે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જનોઈ કે શિખા તો હતાં જ નહિ. છેવટે કપડાં ઉતરાવીને જ સંતોષ માન્યો. એકાદેક શ્લોકનો પાઠ કરાવ્યો, દેવદેવીઓનાં નામ પૂછ્યાં.

ટ્રેન તો એની મેળે દોડી જતી હતી. બીજું સ્ટેશન આવતાં લગી તો આસની સાથે જ બેસવાનું હતું. અને બીજે સ્ટેશને એ ઊતરી જઈને ખબર ન કરી દે એટલા માટે સમજાવટ અને ધાકધમકી બંનેનો પ્રયોગ થયો. મુન્નીએ કોઈને ખબર ન આપવાની ખાતરી આપી. પણ પેલા ય કાચા ન હતા.

'ટ્રેન ઊપડે ત્યારે જ ઊતરજે!'

એ દિવસની દસ મિનિટ તો મુન્નીને દસ ભવ જેટલી લાંબી લાગી.

છેવટે ડંકા પડ્યા. સિગ્નલ મળ્યું. સિસોટી વાગી અને મુન્નીને જવાની છૂટ મળી. બારણું ઉઘાડી બહાર ઊતરવા એણે પગ લંબાવ્યો, તો એણે જોયું કે મજીદ એ જ ડબ્બામાં પેસવાનું કરતો હતો.

એક પલકારામાં મુન્નીએ નિર્ણય કરી લીધો. જોસથી એક મુક્કો એણે મજીદના દાંડો પકડી રહેલા હાથ પર માર્યો. મજીદની પકડ ઢીલી પડી ગઈ, ટ્રેનના વધતા જતા વેગમાં એ પ્લેટફૉર્મ પર પછડાયો.

પાછળ મુન્નીએ પણ કૂદકો માર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારભારી

લે૦ ઝવેરચંદ મેઘાણી

આવતી કાલે સાંજે રાઓલજીના જામદારખાનામાંથી થોડાએક ઝવેરાતની હરાજી થવાની છે. જૂના કામદારના સાળા દિલ્હીમાં નામાંકિત ઝવેરી હતા. તે આ હરાજીમાં ઊભા રહેવાને માટે સાંજની ગાડીમાં આવી પહોંચ્યા છે.

સ્ટેશન પર રાજનું કોઈ વાહન હાજર ન જોવાથી મહેમાન ભાડે ઘોડાગાડી કરીને બનેવીને ઘેર ગયા. માન્યું કે કાગળ પહોંચ્યો નહિ હોય.

ઘોડાગાડી શહેરની બજાર વચ્ચેથી નીકળી ત્યારે દુકાને દુકાનેથી ઝવેરીનાં અસ્વાગતની માર્મિક ચેષ્ટાઓ થતી ગઈ. પરંતુ હરાજી તો ઉઘાડે છોગ થવાની હતી. એથી સીધો તો કોઈ આક્ષેપ કોઈથી થઈ શકે તેવું હતું નહિ. કયો એવો માર્ગ છે કે જે માર્ગે કારભારી સાહેબ પોતાના સાળાને ખટાવશે? લોકોને ગમ ન પડી. પણ ગમ ન પડી તો થઈ શું ગયું? સાળો–બનેવી કોઈક ને કોઈક ઇલમ અજમાવ્યા વિના કંઈ થોડા રહેવાના છે? ને કારભારી સાહેબને તો હવે જઈફી બેઠી, જમાનો બદલાઈ ગયો; હવે એ લાંબું નહિ ચલાવે; તો પછી જતાં જતાં થોડોઘણો હાથ માર્યા વિના તો થોડાક જ રહેવાના? રહે તો એના જેવો હૈયાફૂટો કોણ? તો તો એના કારભારમાં ધૂળ પડી!

'પણ ભાઈ!' ડાહ્યા માણસો બોલી ઊઠતા, 'હાથ મારવામાં ય હિંમત જોઈએ છે. હાથ કેમ મારવો તે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ગોરા એડમિનિસ્ટ્રેટરો જ જાણે છે. આમ જુઓ તો કડકા ને કડકા. તરવારની સજેલી ધાર જેવા. ને આમ નજર કરો તો પાંચ વર્ષે પેન્શન લઈને વિલાયતમાં જઈ, મરે ત્યાં સુધી લીલાલહેર કરે મારા બે....હા!'

શહેર જ્યારે કાળા–ગોરા અમલદારોની આવી સરખામણી કરી રહ્યું હતું ને આપણા કાળાઓને ગોરા અમલદારોની જેમ સિફતથી ખાતાં આવડતું નથી એવો ખેદજનક નિર્ણય થઈ રહેલ હતો, ત્યારે ઝૂંઝા કારભારીને ઘેર સાળો–બનેવી પાટલા પર બેસી વાળુ કરતા હતા. કારભારીનાં પત્ની જશોદાબહેન, શરીરે સોજા છતાં રસોડામાં રોટલી વણતાં હતાં.

બહેનના ભાઈની નજર, દરેક જમવા બેસનાર પરોણાની આદત હોય છે તે પ્રમાણે, બહેનના ઘરની દીવાલો ઉપર અને ખૂણાઓમાં, આજુબાજુ, આરપાર બીજા ખંડોમાં, સર્વત્ર ચુપકીદીથી ભમતી હતી. થાળીમાં હજુ પીરસાવાનું શરૂ થતું હતું. પરોણાના હાથનાં આંગળાં ઉપર બે હીરાજડિત વીંટીઓ હતી, તે વડે થાળીના કાંઠા ઉપર એ ટકોરા મારી રહ્યા હતા.

જમતાં જમતાં સાળા–બનેવી વચ્ચે આડીઅવળી વાતો થઈ. તેમાં એકાદ બે વાર ઝવેરાતનો ઉલ્લેખ થયો.

'કુલ કેટલુંક હશે?'

'એનો કાંઈ નેઠો જ નથી. નોંધબોંધ રાખેલી જ નથી. રાઓલજીની પેઢાનપેઢીથી એ જ રસમ ચાલી આવે છે, કે હોય તેટલું તાળાચાવીમાં પડ્યું રહે. જરૂર પડે ત્યારે વેચીને નાણાં કરવામાં આવે; ને સગવડ હોય ત્યારે નવી ખરીદી કરીને ઉમેરવામાં આવે. તે સિવાય તો ભગવાન જાણે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો જાણે ચાવી રાખનારો.'

દેશી રાજ્યોનાં જામદારખાનાંને વિશે આવું કહેવું એમાં અતિશયોક્તિ નથી. જામદારખાનાંના રત્નહીરાના ને મોતી-માણેકના ખજાના હમેશાં અકળિત તેમ જ ભેદી જ રહેતા આવ્યા છે. એ અઢળક દોલતની ચાવીઓ કેવળ વિશ્વાસને જોરે જ સચવાતી આવે છે. એમાંથી પગ કે પાંખો કરી પલાયન થઈ જતાં જવાહિરોને કોઈએ જાણ્યાં નથી. જામ-દારખાનાંની દુનિયા અતલ છે, એણે કૈંકને નિહાલ કર્યા છે.

ફરી એક વાર અને પછી તો ફરી ફરી વાર ઝવેરીએ બહે-નના ઘરની ભીંતો નજરમાં લીધી. બનેવીને પણ ટીકી ટીકીને નીરખ્યા કર્યું. ઝૂંઝા કારભારીની ઉંમર તે વખતે સાઠ વર્ષની હતી. એની આંખોમાં ખીલનો રોગ ખૂબ જોર કરતો હતો ને બહેનના શરીરે સોજા ઊતરતા જ નહોતા.

બહેનનાં છ–સાત છોકરાં રમીને ઘરમાં આવ્યાં ત્યારે પણ મામાએ બધાંને ધારી ધારી નિહાળ્યાં. તે તમામનાં મોં ઉપર, શરીર ઉપર, કપડાંમાં ને શણગારમાં ગરીબી બોલતી હતી.

વાળુ કરીને કારભારી આવતી કાલના લિલામની તૈયા-રીને માટે બહાર ગયા. સામી પરસાળે મહેમાનોને માટે રાખેલા ઓરડાની હીંડોળાખાટે ઝવેરી લાંબું અંગ કરી સૂતા હતા ને સામે એક ચાકળો નાખીને પચાસ વર્ષની વયનાં જશોદાબહેન ભાઈ સારુ પાન ચોપડતાં બેઠાં.

'જશોદા!' ભાઈએ હોકો પીતે પીતે વાત કાઢી: 'તારું તો ઘર જોઈ જોઈને આજે હું સળગી ગયો છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હોય ભાઈ!' જશોદા સમજી ગઈ.

'શું હોય ભાઈ! કામદારની આંખો જવા બેઠી, તારું શરીર અટકી પડશે, છોકરાં હજી નાનાં છે, પણ કામદારને કશો વિચાર જ ન આવે? કઈ જાતના માણસ!'

'હશે ભાઈ, જેવા છે તે મારે તો ગિરધર ગોપાળ સમાન જ છે.' જૂના યુગની ભદ્રિક બહેને જવાબ દીધો.

'મને બીજું કાંઈ નથી લાગતું, જશોદા! પણ આવતી કાલે પહેલી ને છેલ્લી તક જેવું છે. હું ક્યાં કહું છું કે કામદાર હરામી કરે કે લબાડી કરે? હું કશા છળપ્રપંચની ય વાતો કરતો નથી. રાજને એણે દેવામાં કશું બાકી નથી રાખ્યું. રાઓલજીને ગાદી અપાવવામાં એણે ગાંઠનાં ગોપીચંદન ખરચ્યાં છે, ને હવે શું રાઓલજીની પાસેથી થોડીક કદર પણ ન કરાવી શકાય?'

બહેને જવાબમાં ફક્ત નિઃશ્વાસ નાખ્યો. એને ઝાઝું બોલતાં આવડતું નહોતું.

'એમ ઊંડા નિસાસા નાખ્યે તારાં પાંચ છોકરાં નહિ ઊછરે બાઈ! અને આ તાંબાપિત્તળનાં ઠામડાં ય વેચવાં પડશે એવા માઠા દા'ડા તું દેખવાની, માટે મારું કહ્યું માન.'

તે પછીની વાત ઘણા જ ધીમા અવાજે થઈ. મધરાતે કારભારી ઘેર આવ્યા ત્યારે પલંગ ઉપર એમના પગ દાબતાં દાબતાં જશોદાએ વાત ઉચ્ચારી. પ્રથમ તો વર્ણન ઘરની ગરીબી વિષે જ થવા લાગ્યું. નિર્ધન સ્વામીની છાયા જેવી પત્ની જશોદા, ઓછાબોલી ને સંતોષી જશોદા આવી વાત વર્ષે–છ માસે એકાદ વાર ઉચ્ચારતી. અને એ ઉચ્ચારતી ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતો સૂતો સ્વામી પીઢ વયે પણ પત્નીના દેહમાં પોતાના પગની આંગળીઓ વડે ગલીપચી કરી ગરીબાઈની વાતમાંથી યૌવનનો રસ ચૂસતો. આજે ય બેઉએ યુવાવસ્થાને ફરી એક વાર પોતાની પાસે તેડાવી.

રાજકાજમાં પ્રભાવશીલ અને ઉપાધિમગ્ન રહેતો પતિ જો કોઈની જોડે ટીખળ કરતો, તો બસ ફક્ત આ જશોદાની જોડે. તે ય કોઈક વિરલ વેળાએ. આજે ટીખળની જરૂર પડી; કેમ કે જશોદા પુત્રી સાવિત્રીને બીજી વારનું આણું વળાવવાના ખર્ચની માર્મિક વાત કાઢી બેઠી હતી.

'પણ તું ચિંતા શાની કરે છે? ગિરધર ગોપાલની મૂર્તિને રોજ ટપકાં કર્યાં જ કરે છે, તે શું નાહકની? ઓલ્યો નરસઈયો ને મીરાં ને બોડાણો કેવાં દોંગાં હતાં! ફાવી ગયાં. તું થોડીક હુશિયાર બનીને માગી લે ને હારબાર?'

'પણ હું યે હારની જ વાત કરું છું. હાર તો મારો લાલ અનેક જૂજવી જૂજવી રીતે આપે છે.'

'કહે, તને શી રીતે આપવાનો છે?'

'હું તો માનું છું કે એણે જ, મારા વા'લાજીએ જ મારા ભાઈને આજે અહીં મોકલેલ છે.'

'હં હં!' કારભારીનું કુતૂહલ વધ્યું.

જશોદા પતિને કોઈ અકળ સમસ્યાની ચાવી બતાવતી હોય તે પ્રકારે બોલી ગઈ.

'મારા ભાઈએ જ કહ્યું કે તમે તમારે કશા ય ઊંડા પાણીમાં ન ઊતરો. ફક્ત આટલું કરો કે એ જેના સામી આંખો માંડે તેની ચિઠ્ઠી ઉખાડી નાખવી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું ? શું ?' કારભારી આ સતજુગી સ્ત્રીના ગોટા ઉપર રમૂજ પામતા હતા.

'એમ કે જામદારખાનું છે ને ?'

'હા.'

'તે ત્યાં તમે લિલામ વખતે જાવ ને ?'

'હા.'

'તે લગરીક વે'લા જાવ.

'હા.'

'મારા ભાઈને જોડે લઈ જાવ. નંગો બતાવવા સારુ લઈ જાવ ખરા ને ?'

'હા, હા !'

'એ જે નંગ ઉપર નજર માંડે, તમને ઇશારો કરે, તે નંગ ઉપરથી તમારે ચિઠ્ઠી ઉખાડી નાખવી; એટલે એ નંગને લિલામમાં કોઈ માગે નહિ. પછી કાલે એ તમે ઘેર લઈ આવો. પછી મારો ભાઈ છે ને એ નંગો છે. બેચાર નાનાં નંગ હશે તેનું પણ મારો વા'લોજી ગિરધર ગોપાળ સાત પેઢી સુધી ખાઈએ એટલું અપાવશે.'

કારભારીના પગનાં આંગળાં પત્નીના શરીર ઉપર કોમળ સ્પર્શથી ફરી રહ્યાં હતાં તે ધીમેથી બંધ રહ્યાં. સ્ત્રીએ જોયું કે પતિને આ વાત કંઈક ગળે ઊતરતી જાય છે, એટલે એણે જેટલું કહેવાનું હતું તેની પૂર્તિ કરી.

'કોઈ કરતાં કોઈને જાણ થવાની નથી. રાજમાં કોઈને આ વાતનો હિસાબ નથી. તમે એકલા જ બધું જાણો છો. અરે તમને ક્યાં ખબર છે કે કેટલાં ફલાણાં નંગ ને કેટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢીકણાં નંગ ! અઢળક ખજાનો : ખજૂરાના હજાર પગ : એક ભાંગ્યે શો તૂટો આવી જવાનો ?'

કારભારીએ આંગળાં સહેજ સંકોડી લીધાં. જશોદા ફરીથી બોલી :

'તમે ભલેને ગંગોત્રીના જળ જેવા નિરમળ રહ્યા છો, પણ ગામ કાંઈ કહ્યા વિનાનું રહ્યું છે ? ગામ તો તમામ ગપત–ભંડારની કંઈક વાતો હાંકે છે. આમે ય જશ નથી ને આમે ય લાભ નથી, તો પછી મારો ભાઈ બચારો કહે છે કે આવા હૈયાફૂટા શા સારુ થવું ? કોણ જશનાં પોટલાં બંધાવી દેવાનું છે ? ને આમાં તો જામદારખાનામાંથી લેવું છે ને ! એ ક્યાં કોઈની ચોરી છે ?'

કારભારી પલંગ પરથી ખડા થયા, બોલ્યાચાલ્યા વિના એ બહાર નીકળ્યા, ચોગાન ઓળંગીને સામી પરસાળે ચડ્યા. અવાજ કર્યો :

'નૌતમ ઝવેરી !'

મહેમાન જાગી ઊઠ્યા. કારભારી કશીક મસલત કરવા આવ્યા હશે એમ માન્યું. કહ્યું : 'પધારો ને ! ક્યારે બહારથી આવ્યા ?'

'હું તમને કહેવા આવ્યો છું કે પરોઢિયાની ચાર વાગ્યાની ટ્રેન છે, તમારે એ ટ્રેનમાં ઊપડવાનું છે.'

'કેમ ? ક્યાં ?'

'તમારે ઘેર.'

'પણ લિલામ ?'

'લિલામમાં તમારે ઊભા રહેવાનું નથી, તમારા નામનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ સુદ્ધાં કોઈ જોડે રાખવાનો નથી ને તમારી પઢાવેલી બહેનને પણ તમારે જોડે લઈ જવાની છે.'

'કેમ ? કેમ ?'

'તમને ઝવેરાતના વેપારમાં જશોદા ઘણી જ મદદગાર થઈ પડશે.'

'પણ–'

'પણબણ કશું જ નહિ, હું ઘોડાગાડીની વરધી આપું છું. જશોદાને તૈયાર કરું છું. તમને પટાવાળો પોણા ચારને ટકોરે જગાડવા આવશે.'

એટલું કહીને કારભારી પોતાને ઓરડે ગયા. ત્યાંથી ઠંડીગાર હવાનું કાળજું વીંધીને આવા આવા તૂટક સ્વરો ઝવેરીના કાનમાં પ્રવેશતા હતા :

'ત્રીશ વર્ષ–તેં મારું પડખું સેવ્યું–ત્રીશ વર્ષ–ધિક્કાર છે–હું ભૂલ્યો–કુળ ભૂલ્યો–જોવામાં ભૂલ્યો–સ્ત્રી મારી શત્રુ–મને ખબર નહોતી–જાત નહિ કજાત....' વગેરે વગેરે.

'પણ–'

'પણ ને બણ કશું નહિ, જાઓ પિયર.'

(૨)

'પણ....'

'પણ ને બણ કશું જ નહિ. ચાવીઓ નહિ મળે. તોડો તાળાં.'

એ જ ઘરમાં, એ જ પરસાળ ઉપર, પાંચ વર્ષ પછી આ જ બોલના ઘોષ ઊઠી રહ્યા છે. બે અવાજો પૈકી એક અવાજ એનો એ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ ચોમાસાંના પાણી આ બનાવ ઉપર વરસી ગયાં હતાં. કારભારી વિશેષ જઈફ બન્યા હતા. જશોદાને વધુ સોજા ચડયા હતા. જુવાનજોધ પુત્રના અવસાનના જેવો મામલો મચી રહ્યો હતો. રાજના પોલીસઅધિકારી ફતેહખાન પોતાની ટુકડી લઈને કામદારના ઘર પર આવી ઊભા હતા. પોલીસને બહાર ખડી કરી ફતેહખાન અંદર લાચાર ચહેરે વિનય ધરીને કારભારીને સમજાવતા હતા:

'પણ સાહેબ, આપને ખાતરી છે, તો પછી ચાવીઓ આપવામાં વાંધો શો છે?'

'નહિ, નહિ, ચાવીઓ નહિ આપું. મહારાજા રાઓલજીનું જ આ મકાન છે, એની જ આ ધરતી છે. સુખેથી એ જડતી લઈ શકે છે; પણ તે તાળાં તોડીને, મારી ચાવીઓ વતી તાળાં ખોલીને નહિ.'

'સાહેબ, પણ આમાં મારી કમબખતી છે. હું આપનું ફરજંદ, મારે ઊઠીને તાળાં તોડવાં!'

'જરૂર. રાઓલજી ઊઠીને પોતાના ફરજંદની જડતી લે છે, તો તમને શો વાંધો છે? તોડવાં!'

'રાઓલજીને કોઈએ ભરાવ્યું છે, તે તો અબઘડી નીકળી જશે ને એ શરમિંદા બનશે, સાહેબ! ફક્ત આપ જો....'

'કશું જ બીજું બનવાનું નથી, ખાનસાહેબ!' કારભારીનું શરીર ધ્રૂજી ઊઠયું હતું. 'તોડો તાળાં ને ગોતી લ્યો ગંઠો.'

એક પહેરણભેર કારભારી ચોગાનમાં ઊભા રહ્યા. પરસાળને ખૂણે એનાં નાનાં ભાણેજડાં રડારોળ કરતાં હતાં ને જસોદા બે હાથ જોડીને વીનવતી હતી, કે 'શા સારુ તોડાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છો ? ચાવીઓ આપવામાં આપણું શું જાય છે?'

'તું ઊઠીને મને આવી શિખામણ આપે છે કે ?'

કારભારીના સ્વરમાં ચિરાડો પડી રહી હતી.

ફતેહખાને બહાર જઈ ત્રણચાર ઠેકાણે ટેલિફોનો કર્યા. ભારે પગલે એ ઘરમાં આવ્યા; સાથે સીદી સિપાહીઓ હતા.

મુખ્ય ઓરડામાં જઈને ફતેહખાને સિપાહીઓને પહેલી પેટી બતાવી.

એ પેટી ઉપર સિપાહીઓના હથોડા જે ક્ષણે પ્રથમ વાર પટકાયા, તે જ ઘડીએ એકસામટાં પંદર કુટુંબીઓના કંઠમાંથી કિકિયાટા ઊઠ્યા. રડારોળ ન સહેવાય તેવી બની. ફતેહખાન લડાઈમાં જઈ આવેલો કઠણ છાતીવાળો અફસર હતો, પણ આજથી પચીસ વર્ષ ઉપર એક કારભારીના ભર્યા ઘરનાં તાળાં રાજના દાગીનાની ચોરીના આળસર તૂટે એ બનાવમાં જે ભેદકતા રહી હતી, તે ભેદકતા યુદ્ધક્ષેત્રની કાપાકાપીમાં એને કદી જ નહોતી લાગી.

સુવાવડી બે દીકરીઓ ભીંત સાથે શિર પટકવા લાગી ત્યારે ફતેહખાનથી ન જોવાયું. એણે કારભારી તરફ નજર કરી. ડોસા ચૂપચાપ અડગ ઊભા છે. ડોસાના કપાળ પર એકસામટાં દસ હળ હાલતાં હોય તેવી ઊંડી કરચલીઓ ખોદાઈ રહેલ છે. ડોસાની સફેદ પાંપણો આંખો ઉપર ઢળી પડેલ છે.

ફતેહખાને જઈને કહ્યું: 'સાહેબ, આ દીકરીઓ તાજી સુવાવડી છે. એની તબિયતનો વિચાર કરો.'

'રાઓલજીની ય એ દીકરીઓ છે ને ખાનસાહેબ ! રાઓલજીને પણ ગમત માણવા દો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથોડાની ઝીંકાઝીંક બોલી. એક વાર મર્યાદાનો પડદો તૂટ્યા પછી સિપાહીઓને ભાંગફોડની લજ્જત આવી. એ ભાંગફોડે એક કલાકમાં તો ઘરને ખેદાનમેદાન કર્યું. તૂટેલાં પેટીઓ ને કબાટોમાંથી લૂગડાંલત્તાં ફેંદાઈ ફેંદાઈ આખા ઘરમાં ફેંકાયાં. એકસામટી પચાસેક ઠાઠડીઓનાં ખાપણો વડે પથરાયેલા સ્મશાન જેવું ભીષણ દીવાનનું ઘર બની ગયું. ફૂટફૂટ ઊંડી તો ઘરની જમીન ખોદાઈ ગઈ. ઘરની ચોપાસ ગામલોક સૂનમૂન જમા થયું હતું.

ઓરડેઓરડો ફેંદીને ફતેહખાન બહાર નીકળ્યા. 'કંઈ જ નથી સાહેબ!' કહીને શરમિંદા બન્યા, ત્યારે બહાર ઘોડાગાડીનો સંચર સંભળાયો. ન્યાયાધીશ સાહેબ દોડતા અંદર આવ્યા, ફતેહખાન પ્રત્યે બોલી ઊઠ્યા: 'બહાર બાપુ પધારેલ છે, કહે છે કે જડતી બંધ કરો. ગંઠો જડી ગયો છે.'

'હેં! ગંઠો જડી ગયો!' એક અવાજ સંભળાયો.

એ બોલનારી કારભારી સાહેબની સુવાવડી પુત્રી હતી. સહુનું લક્ષ ત્યાં ગયું.

'ગંઠો જડ્યો કે? મારા બાપુએ નો'તો ચોર્યો કે? હેં, નો'તો ચોર્યો કે? ચોર બીજા હતા કે? બાપુજીને અમથા અમથા ચૂંથ્યા કે? હેં-હેં-હેં-હેં-'

એવું બોલતી, હસતી, ચીસો પાડતી, રડતી, દાંતિયાં કરતી એ સુવાવડી દીકરી નીચે પટકાઈ. પરસાળના પથ્થરોએ એનું માથું ફોડી નાખ્યું.

વૃદ્ધ કારભારીએ માથું ખોળામાં લીધું ત્યારે એમાં જીવ નહોતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાત્રા ફળી

લે૦ ધનસુખલાલ મહેતા

મુંબઈની એક ધર્મશાળા કહો કે એક સેનેટોરિયમ કહો, એના એક રૂમમાં લગભગ બાસઠ–ત્રેસઠ વર્ષના મણિશંકર અને તેની પંચાવન–સત્તાવન વર્ષની વહુ ગંગાબા બેઠાં હતાં. રૂમનો ઉપયોગ એમને થોડા કલાક માટે જ કરવાનો હતો. રાતની ટ્રેનમાં તો એ બન્ને સચીન પાસે સનોદરા નામના ગામડે જવાનાં હતાં; એટલે એ રૂમના ફર્નિચરમાં ખાસ કશું ન હતું અને હતું એનો ઉપયોગ પેલાં બે કરવા માગતાં ન હતાં. ખૂણામાં એક મોટી ટ્રંક, એકાદ બે પોટલાં અને બે બિસ્તરા હતા. બિસ્તરા છોડીને તે ઉપર બંને બેઠાં હતાં. કાચુંકોરું ખાઈને, ઉપર શિરોઈનું પાણી પી, તંબાકુવાળું પાન મોંમાં નાખીને બંને તકિયે અઢેલી અઢેલીને જુદા જુદા બિસ્તરા પર અર્ધબેઠેલી, અર્ધસૂતેલી સ્થિતિમાં હતાં.

'કેમ, આખરે જિંદગીની મોટી મુરાદ પાર પાડી ને? હવે સંતોષ થયો?' મણિશંકર બોલ્યા. 'લગભગ બધાં જાત્રાનાં સ્થળ જોઈ કાઢ્યાં.'

'સંતોષ તો થાય જ ને,' ગંગાબા બોલ્યાં. 'એકવાર ગામડાગામમાં ઠરીઠામ થયા પછી થોડું નીકળાવાનું હતું!' મણિશંકર મુંબઈના એક મોટા જૂની ઢબના શેઠિયાને ત્યાં મહેતાજી હતા. મોટા બાબુસાહેબ હતા ત્યાં સુધી નાના બાબુને રમાડવાથી માંડીને પછી સ્કૂલ લઈ જવા–લાવવામાં અને પછી ભણીગણીને મોટા થયા ત્યારે દેશી નામું શીખવવામાં મણિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંકરે પોતાની જાત ખરચી નાખી હતી. મણિશંકર મહેતાજી-ના માનમરતબો સાચવવામાં કમી નહોતી રાખી. મોટાં બાસાહેબને તો મહેતાજી વગર ચેન પડે નહિ, પણ નાનાં બાસાહેબને પણ છોકરાંના મંદવાડમાં, સોનીઓ અને ઝવેરી-ઓને ત્યાં ધક્કા ખાવામાં અને બીજાં અનેક નાનાંમોટાં કામમાં મણિકાકા વગર ચાલતું નહિ.

મોટાં બાસાહેબ, નાના બાબુસાહેબ તેમ જ નાનાં બાસાહેબે મહેતાજીને મુંબઈમાં જ રહેવા ઘણું સમજાવ્યા, પણ જુવાનીમાં એક નાની વિદ્યા નામની છોકરી થઈ અને પાંચ વર્ષની થતાં અચાનક ગુજરી ગઈ. પછી કશું સંતાન ન હતું, તેમ જ નજદિકનાં કોઈ સગાંસ્નેહી પણ વરવહુ બંનેમાંથી કોઈને હતાં નહિ, એટલે અમુક પ્રકારની શાંતિ સાધવા બંને વરવહુ મથ્યા કરતાં હતાં. સચીન પાસે સનોદરા નામના ગામડામાં થોડી બાપિકી જમીન હતી અને પડુંપડું થઈ રહેલું એક નાનું ખોરડું હતું. એના ઉપર બંનેની નજર ઠરી હતી. બાબુસાહેબે આખરે જ્યારે જાણ્યું કે તરતમાં તો મણિકાકા કે ગંગાકાકી કોઈ રીતે મુંબઈમાં રહેવા તૈયાર થાય એમ નથી, ત્યારે એ ભલા શેઠે બંનેને લાંબી જાત્રા કરવાની જોગવાઈ કરી આપી. તે ઉપરાંત સનોદરામાં પોતાને ખરચે ખોરડું સરસ કરાવી આપ્યું; અને આસપાસના નાના જમીન-ના ટુકડા લઈને ખોરડાની આસપાસ ફળિયું પણ મોટું કરાવી આપ્યું; પિસ્તાળીશ વરસનું મુંબઈમાં ભેગું કરેલું રાચરચીલું ત્યાં મોકલાવી આપ્યું; અને મહિને સારું જેવું પેન્શન પણ બાંધી આપ્યું. તે ઉપરાંત વર્ષમાં એકાદ બે વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિકાકાએ ઓછામાં ઓછું આવી જવું એવી શરત પણ કરી દીધી અને જ્યારે પણ સનોદરાથી કંટાળે, ત્યારે શેઠના કમ્પાઉંડ-માં એ ધણીધણિયાણી માટે બે રૂમ તૈયાર છે જ, એમ સમજી લેવાનું પણ કહી દીધું.

મણિકાકા અને ગંગાકાકી ઉભયને બધી રીતે સંતોષ હતો, માત્ર હૈયાના એક ઊંડા ખૂણામાં પોતાની પાંચ વર્ષની પુત્રી વિદ્યા વર્ષો પહેલાં ગુજરી ગઈ હતી, તેનો જખમ વણ-રુઝાયેલો કોઈ કોઈ વાર સાલ્યા કરતો હતો.

'કહો ન કહો, પણ તમને જાત્રા ગયાનો સંતોષ થવો જોઈએ એટલો થયો દેખાતો નથી.' વર્ષોથી સાથે રહેલાં વૃદ્ધોને કોઈવાર મૌન ગમે છે તો કોઈક વાર એવું મૌન સહન ન થવાથી ગમે તે વિષય સાધીને વાત કરવાની આદત પડી ગઈ હોય છે. મણિશંકરે અત્યારે મૌનભંગ કરી કહ્યું.

'સંતોષ નથી થયો એમ તો કેમ કહેવાય? પણ–પણ....' જવાબ દેતાં ગંગાકાકી અટકી ગયાં.

'તમે આ બાબતમાં હજી નાદાન રહી ગયાં. ભલાં, સંતાનની ઊણપ હવે પૂરી થવાની હતી?' મણિશંકરે કહ્યું.

'તે તો હું ય જાણું છું, પણ આખી જિંદગીમાં કોઈનું ભૂંડું તાક્યું નથી. એક પૈસો હરામનો ખાધો નથી, છતાં મારી ઉમેદ કેમ નહિ ફળી હોય?' ગંગાકાકી ઊંડો નિઃશ્વાસ નાખતાં બોલ્યાં.

'ભગવાનની રમત કોણ જાણે છે? પણ હા, હું બધો સામાન સનોદરા મૂકવા ગયો હતો, ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે આપણે ત્યાં લગભગ ચાલીસ વરસ પછી જઈએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ.' મણિશંકર વાત પલટતાં બોલ્યા.

'હા એ પણ ખરું. આપણા કંદોઈ, મોદી વગેરેમાંથી કોઈ નહિ હોય! ગંગાકાકી બોલ્યાં.

'નારે, કંદોઈના છોકરાનો છોકરો દુકાન ચલાવે છે અને મોદીનો ભાણેજ બુઢ્ઢો ડોસો થઈ ગયેલો મેં જોયો. એનો છોકરો જ બધું કામકાજ કરે છે.' મણિશંકરે કહ્યું: 'અને હા, પેલી નન્દી સોયાણીના છોકરાની વહુ—નન્દી તો ઘણાં વરસ થયાં મરી ગઈ છે—ગલબી પણ એવી ઘરડી થઈ ગઈ છે, કે ન પૂછો વાત.'

'ગલબી મળી હતી?' ગંગાબાએ અજબ થઈને પૂછ્યું.

'હા રે, પહેલાં તો તમે જાણો છો ને કે આપણા ઘરની અને એના ઘરની વચ્ચે ત્રણ બીજાં ઘર હતાં; પણ આ નાના બાબુસાહેબે એ ત્રણે નાનાં ઘર લઈ લઈને આપણું ફળિયું મોટું બનાવી દીધું છે; એટલે હવે તો આપણું ફળિયું પૂરું થાય એટલે ગલબીનું ઘર. એ મારી સાથે વાતે વળગી'તી. હવે તો બધે સુવાવડ કરાવવા એની છોકરી જાય છે, પણ હજી બેત્રણ ઘર એવાં રહેલાં છે, કે જ્યાં પ્રસંગ આવે તો ત્યાં ગલબીને બે દિવસ અગાઉ ઘરમાં રાખી જ લે છે.' મણિશંકર બોલ્યા.

'હું એ, મેં ય મુંબઈ કાંઈ કેટલાંના છૂટાછેડા કરાવી આપ્યા છે તે ક્યાં ભૂલી જાઓ છો? પણ પેટની જણીનું એવું કરવાનો પ્રસંગ ન આવ્યો!' ગંગાબાએ વળી પાછો ઊંડો નિઃશ્વાસ મૂક્યો અને પાછાં ગણગણ્યાં: 'તમે મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાંડી ગણો કે ગમે તે ગણો, પણ હજી મને એમ છે કે ભલો ભગવાન મારી જાત્રા અફળ નહિ જવા દે. કેવી રીતે ફળશે એ તો એ જ જાણે!'

×

બૉમ્બે સેન્ટ્રલ પર કોઈ દિવસ નહિ ને તે જ દિવસે ભીડ જરા પણ ન હતી. મુહૂર્ત કાંઈક સારું નહિ હોય કે પછી કોણ જાણે, પણ જ્યાં જુઓ ત્યાં ડબા ખાલી. ગુજરાત મેલ સ્ટેશન પર આવ્યો અને મણિશંકર ને ગંગાબાએ આસાનીથી એક છેવટનો બે સામસામી સીટવાળો ડબો હાથ કરી લીધો અને સામસામા બિસ્તરા છોડીને ધણીધણિયાણી બારીએ બેસી ગયાં. ઉતાવળ કરવાની તેમને જરા પણ જરૂર ન હતી; કારણ કે બીજાં બધાં કંપાર્ટમેંટ પણ લગભગ ખાલી હતાં. નાના બાબુસાહેબ અચાનક બહારગામ ગયા હતા એટલે એ આવી શક્યા નહિ; પણ નાનાં બાસાહેબ, બે છોકરાં, એક ઘાટી અને એક આયા ડબા શોધતાં મણિ-શંકર બેઠા હતા ત્યાં આવી પહોંચ્યાં. તેમને જોઈને વૃદ્ધ વરવહુને હર્ષનાં આંસુ આવી ગયાં. ઘાટીએ ફ્રૂટનો મોટો કંડિયો અને મીઠાઈની ગંજાવર ટોપલી ડબામાં મૂકી દીધાં અને ઘડીભર તો છોકરાંઓ પણ 'મણિકાકા–ગંગાકાકી'ની બૂમો મારતાં ડબામાં ચડી ગયાં.

બહુ સામાન્ય સ્થિતિનાં વૃદ્ધ સ્ત્રીપુરુષને મૂકવા આવ-નારમાં, સહેજે વરતાઈ જાય તેવાં લક્ષાધિપતિનાં બે છોકરાં અને બુટ્ટી, જડ અને ગળાના હીરાના કંઠાથી ઝળકઝળક થતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુવાન શેઠાણીને જોઈને આસપાસનાં માણસોમાં સહજ આશ્ચર્યની ઝણઝણાટી પસાર થઈ ગઈ. વર્ષમાં બે વાર તો મુંબઈ આવવાનું જ એવું વચન પાછું લેવાયું. ગંગાકાકીએ પોતાની કોથળી છોડીને બંને છોકરાંને બબ્બે રૂપિયા અને ઘાટી તેમ જ રામાને એકેક રૂપિયો આપ્યો. એ જોઈને નાનાં બાસાહેબ પણ આગળ આવીને પગે લાગ્યાં અને બોલ્યાં: 'ગંગાકાકી, બાકીમાં તો મને જ રાખી ને?'

જવાબમાં ગંગાબાની આંખમાંથી ઊર્મિનાં ડળકડળક આંસુ ખરી પડ્યાં. વળી પાછી જરાક ધ્રૂજતે હાથે કોથળી ઉઘાડવામાં આવી અને પાંચ ખણખણતા રૂપિયા નાનાં બાસાહેબના હાથમાં મુકાયા. 'નાનાં બાસાહેબ, મારી ભૂલ તમે બરાબર બતાવી, હાં!'

છલકાતી આંખે યુવતીએ સામો જવાબ વાળ્યો: 'નાનાં બાસાહેબ કહેવું હોય તો રૂપિયા પાછા આપું.'

'અરે ભાઈસાબ, પાછી ભૂલ થઈ. જસુભાભી! પેલું નામ પાછું ખેંચી લઉં છું, બસ?' ગંગાબાએ કહ્યું.

આ દૃશ્ય જોઈને અને સંવાદ સાંભળીને મણિકાકા પણ ઉશ્કેરાઈ ગયા અને ગજવામાંથી નાના હોલ્ડ–ઑલના કદનો વાટવો કાઢીને પાસેના સ્ટૉલ ઉપરથી ચૉકલેટ અને પીપર-મિન્ટ લઈ આવ્યા અને વ્યગ્ર હોવા છતાં આનંદી દેખાવાનો ડોળ કરીને તેમણે તે પાંચે જણને વહેંચી આપ્યાં.

ગાડીએ વીસલ મારી. મણિકાકાએ ઘાટી અને રામાને બૂમ મારીને એકેક છોકરાંનો હાથ પકડાવી આઘે ઊભાં રખાવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જસુભાભી! તમે પણ જરા છેટે ઊભાં રહો, દીકરા! ગાડીનું કાંઈ કહેવાય નહિ' એમ કહીને એમને પણ દૂર કર્યાં અને ગાડી લગભગ ઊપડવા માંડતી હતી અને મણિશંકર પોતાના એ નાના થર્ડકલાસના ડબાનું બારણું દેવા જતા હતા, ત્યાં એક જુવાન બાઈ હાંફળીફાંફળી આવીને તે જ ડબામાં ચડી ગઈ અને તેમનાથી બીજા છેડા ઉપર આવેલી એક બારી આગળ ટૂંટિયું વાળીને ફસડાઈ પડી. ગાડી ઊપડી.

ડબાના ઝાંખા અજવાળામાં વૃદ્ધ જોડાંની આંખ ટેવાઈ. ડબામાં એક તરફની બે બારીએ, બિસ્તરા પાથરીને બેઠેલાં વૃદ્ધ પતિપત્ની અને બીજી તરફની એક બારીએ ટૂંટિયું વળીને બેઠેલી પેલી યુવાન સ્ત્રી. બે વૃદ્ધોની નજર સહેજ પેલી યુવતીનું નિરીક્ષણ કરવામાં રોકાઈ. અરધોએક કલાક થવા આવ્યો હતો છતાં યુવતીની છાતીનો કંપ નરમ પડયો જણાતો ન હતો. સામાનમાં સાથે કશું જ નહોતું એ નવાઈ જેવું તો હતું જ; કારણ કે સ્ત્રી નિઃશંક ખાનદાન કુટુંબની જણાતી હતી અને ઘણી ખૂબસુરત હતી, પણ એ યુવતીને પોતાના ખાનદાન કુટુંબનો મોહ હોય એમ લાગતું ન હતું તેમ જ પોતાની એ આગળ પડતી ખૂબસુરતીને ઢાંકવાના એના પ્રયાસ પણ નવાઈ ઉત્પન્ન કરે તેમ હતા. કમ્મર સુધી પહોંચે તેવા તેના કાળા ભમ્મર વાળ પણ કેવળ વિખરાયેલ સ્થિતિમાં હતા. નાકે અને કાને કાંઈ આભૂષણ હોય એમ પણ જણાતું ન હતું.

'બહેન, કયાં જવું?' ગંગાબાએ સ્નેહથી પૂછયું.

'આ....આ....આમ,' જવાબ દેતાં અવાજ ધ્રૂજતો હોય એમ લાગ્યું. વધુ બોલાશે તો રડી પડાશે જાણીને કેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઠ દબાવ્યા હોય તેમ સ્ત્રીનું વાક્ય અધૂરું રહ્યું.

'પુરુષ વર્ગમાં કોઈ સાથે હશે ને?' ગંગાબાએ પાછું કુમળાશથી પૂછ્યું.

'ના, છે, ના કોઈ નથી—મારે કોઈ નથી,' જવાબ પાછો થડકાતો મળ્યો. ગંગાબાની વૃદ્ધ આંખે પેલી સ્ત્રીના એક હાથમાં ત્રણેક કાચની બંગડી જોઈ, પણ બીજો હાથ અડવો લાગ્યો અને કપાળ તદ્દન કોરું હતું. કાંઈક વ્યગ્રતાથી, ચિંતાથી ગંગાબાએ મણિશંકર સામે જોયું. મણિશંકરે પણ વસ્તુસ્થિતિ જોઈ હતી અને જોવાથી એમના શાંત ચહેરા પર અશાંતિની કરચલી પડી હતી.

ગાડી નિયમિત અને ત્વરિત ગતિથી ચાલ્યા કરતી હતી. થોડી વાર સુધી ડબામાં મૌન પ્રસર્યું. એટલામાં પેલી યુવતીએ સહેજ લથડિયું ખાધું હોય એમ પેલાં બેને જણાયું. 'દીકરા, આમ કેમ કરે છે? શરીરે સારું નથી? ભૂખ લાગી છે?' વાત્સલ્યથી આટલું ગંગાબાએ કહ્યું અને પોતે ઊઠીને પેલી યુવતી પાસે જવાનું કરતાં હતાં એટલામાં યુવતીનું મોં તરડાયું. બેહદ યત્નથી રડવાનું દબાવીને બોલતી હોય તેમ તે બોલી: 'માજી, નાહકની પીડા શીદ ધરો છો? સુખે મરવા તો દેશો કે નહિ?' હૈયાના ઊંડાણમાંથી ધીમેથી આટલી કિકિયારી નીકળી અને યુવતી આવેશમાં આવી ગઈ. પોતાની તરફનું બારણું તેણે ઉઘાડ્યું અને ઊભી થઈને તે બહાર કૂદવા જતી હતી ત્યાં મણિશંકરે એને કમ્મરમાંથી પકડી લીધી. યુવતીના મોંના ભાવ બદલાયે જતા હતા; એટલા અલ્પ સમયમાં મણિશંકરની બુદ્ધિ વસ્તુસ્થિતિ પારખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ હતી અને વ્યવહારકુશળ મણિશંકરે એક પળ પણ ગુમાવી નહિ. એકાદ પળ ગઈ હોત તો પછી પેલી યુવતીને પડવા જતાં અટકાવવી મુશ્કેલ થઈ પડત. ગંગાબાએ સફાળાં બારણું બંધ કરી દીધું. બંનેએ મળીને યુવતીને ગંગાબાના પાથરેલા બિસ્તરા ઉપર બેસાડી અર્ધ સુવાડી દીધી.

'મેં તમારા બેનું શું બગાડ્યું છે? હજી મને છોડો, ભાઈસાબ! હું તમારે પગે પડું છું.' ધીમી કિકિયારી પાડતા, ભયંકર દુઃખથી છલકાતા અવાજે યુવતી બોલી. ગંગાબાએ એને બળ કરીને પોતાના બિસ્તરા ઉપર સુવાડી દીધી અને એમ કરવામાં અકસ્માતથી યુવતીનું માથું ગંગાબાના ખોળામાં આવી ગયું. યુવતી અસહ્ય માનસિક વેદનાથી પીડાતી હતી, અને શરીર પણ તેનો પડઘો પાડી રહ્યું હતું. આ અસહ્ય વેદનાથી પીડાતાં અંગ અને આત્માને ગંગાબાના ખોળાનો સ્પર્શ થતાં એ અંગ અને આત્માથી લજ્જાની માત્રા સુકાઈ ગઈ અને જાણે યુવતીનાં એ ઉભય આત્મા અને અંગના કકડેકકડા થઈ જતા હોય તેમ તે મુક્ત કંઠે રોતી ગઈ, ગંગાબાને બાઝતી ગઈ અને વચમાં વચમાં બોલતી ગઈ:

'તમને ખબર નથી, મા, નહિ તો આમ ન કરો. મને જીવતી જોવા કોઈ રાજી નથી,' હૃદય પિગળાવતા રુદનમાંથી અવાજ નીકળ્યો. 'હું સધવા નથી.'

'દીકરી, બેટા! શાંત થા, હિંમત રાખ. અમે બ્રાહ્મણ છીએ. અમે તો એટલું જાણી શકીએ ના!' ગંગાબા એના વાંસા ઉપર વાત્સલ્યથી હાથ ફેરવતાં બોલ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાડી કહરવાની પાકી લહેથી, ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી.

થોડીવારે પાછી યુવતી બોલી: 'તો યે મા, પૂરું નથી જાણતાં. મા, હું તો પાપી....'

'ખબરદાર દીકરી! એક શબ્દ પણ વધુ બોલી છે તો!' સ્નેહથી અને અનુકંપાથી નીતરતો છતાં પ્રભાવશાળી મણિશંકરનો અવાજ યુવતીનાં ડૂસકાં અને ગાડીના એક-સરખા નિયમિત ધ્વનિના ટુકડામાંથી ગાજી ઊઠ્યો: 'પાપનો હિસાબ કરનાર હું કોણ? તેની શિક્ષા માગનાર કે પ્રાયશ્ચિત્ત કરાવનાર અમે કોણ? પણ, બસ બેટા, એક વાત સાંભળી લે. મારું નામ મણિશંકર ત્રિપાઠી અને આનું નામ ગંગા. હું તારો બાપ છું અને આ તારી મા! સમજી? નહિ સમજી હોય તો સમજી લે કે તું અમારી બંનેની લાડકવાયી એકની એક છોકરી વિદ્યા.' ઊર્મિથી આટલું બોલ્યા પછી શ્વાસ ખાઈને તેમણે પાછું કહ્યું: 'તમે કેમ બોલતાં નથી? હું ખોટું કહું છું?'

'શું બોલું? મારા પેટની વાત તમે કહી નાખી, પછી મારે બોલવાપણું ક્યાં રહ્યું?' ગંગાબાનો અવાજ ધીમેથી કંપતો છતાં સ્પષ્ટ નીકળ્યો. 'પણ હવે હું યે મોઈ! વાતમાં ને વાતમાં ભૂલી જાઉં છું, તો બેટા વિદ્યા! ભૂખ લાગી છે, દીકરી?'

'ના, ના, ના.' યુવતીનો જવાબ મળ્યો.

'વિદ્યા, દીકરા, તને ખબર નહિ હોય. મણિશંકરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં કોઈ દી કોઈ જૂઠું બોલતું નથી. બોલવાની જરૂર પણ રહેતી નથી. કેટલા ટંકથી ખાધું નથી ?' મણિશંકર ભાતાનું પોટલું છોડતાં બોલ્યા.

'બાપાજી, હવે જૂઠું નહિ બોલું, ત્રણચાર ટંક નીકળી ગયા હશે.' દીકરી વિદ્યા બોલી.

મણિશંકરે પોટલામાંથી બાજરીનાં ત્રણચાર ઢેબરાં કાઢ્યાં. એક કાગળના કકડામાં મૂકીને પોતે કાગળ ધરી રાખ્યો. બનતા જતા પ્રસંગની પરંપરાથી અતિ વિહ્વળ થયેલી અને પોતાના હૈયાના તોફાનમાં લગભગ ડૂબી જતી યુવતી બળાત્કારે બેઠી થઈ. ગંગાબાએ પોતાના શરીર સાથે એને ટેકવી રાખી. બેએક કોળિયા મોંમાં ગયા એટલે યુવતીને ઊલટીના ઊબકા જેવું થયું.

'એ પોટલામાં પેલી નાની દાબડીમાં સંભાર છે તે જરા કાઢોને, પેટમાં ભૂખથી કાચલી પડી ગઈ છે તે એકલાં ઢેબરાં મોંમાં નહિ જાય.' ગંગાબા બોલ્યાં. મણિશંકરે ફંફો-સીને સંભારની દાબડી કાઢી, તેમાંથી થોડો, કાગળમાં ઢેબરાં જોડે મૂક્યો.

'જો ધીમે ધીમે ખા બેટા, હોં !' મણિશંકર બોલ્યા. બે એક ઢેબરાંથી વધુ ન ખવાયાં ! 'કાંઈ નહિ, રાતે વધારે ન ખવાય તે જ સારું. આવે વખતે પેટ જરા હલકું રહેને એ જ ઠીક. લે, દીકરી, પાણી પી લે અને પછી નિરાંતે સૂઈ જા; અને તમે પણ થોડી ઊંઘ કાઢી લ્યો.' ગંગાબાએ કહ્યું.

'તમે સાચું કહ્યું. બે વાગ્યા સુધી હું ઊંઘી જાઉં પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે રાજા. પછી હું બેસીશ ને તમે ઊંઘ કાઢજો.' મણિ-શંકરે કહ્યું અને પોતાના બિસ્તરા ઉપર લંબાવ્યું. વિદ્યાને પણ ગંગાબાએ સુવડાવી દીધી અને એક શાલ તેને ઓઢાડી. બેપાંચ ક્ષણમાં તો વિદ્યા ભરનિદ્રામાં પડી. માત્ર કોઈ કોઈ વાર ડૂસકાંથી એનું આખું અંગ કંપી ઊઠતું હતું. ઊંઘમાં પણ તેના એક હાથે ગંગાબાનો હાથ જોરથી પકડી રાખ્યો હતો.

ગંગાબાએ યુવતી જાગે નહિ એવી રીતે એક હાથમાં પહેરેલી કાચની બંગડી કાઢી બારીમાંથી બહાર ફેંકી દીધી; અને પછી નિદ્રાવશ થતા મણિશંકરને ધીમેથી કહ્યું : 'મેં નહોતું કહ્યું ! ભલા ભગવાને મારી સામું–આપણી સામું જોયું ખરું. સંતાન મળ્યું અને ઠાકરજીની મહેર હશે તો ત્રણચાર મહિનામાં સંતાનને ઘેર સંતાન પણ આવશે. જાત્રા ફળી કે નહિ ?'

'હવે તો કેમ કહેવાય કે જાત્રા ફળી નહિ ? ભગવાન, તારી કૃપા છે એટલી ને એટલી રાખજે મારા નાથ !' આટલું કહેતાં કહેતાં મણિશંકરની આંખ પણ નિદ્રાથી મીંચાઈ ગઈ અને મોં ઉપર સંપૂર્ણ સંતોષની રેખાઓ સ્થિર થઈ ગઈ. ગંગાબા ભગવાનના નામનું રટણ કરતાં કરતાં સૂતેલી દીકરી સામે માત્ર જનની જ જોઈ શકે તેવી ઊંડી ઊંડી વાત્સલ્યભરી નજરથી જોયાં કરતાં હતાં.

અને ગાડી કહરવાની પાકી લેહથી, ત્વરિત ગતિથી, ગાઢ અંધકારને ભેદીને આગળ ચાલી જતી હતી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડાતો તલાટી

લે૰ પન્નાલાલ પટેલ

'અલ્યા, આ શાનો ધમકાર આવે છે?' મેં પાછળ ચાલતા વેઠિયાને પૂછ્યું.

'મોટરના જેવો લાગે હે, સા'બ. બાવસી, શિકાર કરવા આવ્યો હે તે પાછા વળ્યા ઓહે.' વેઠિયાએ કહ્યું. અને જરાક વાર પછી પાછો બોલ્યો :

'પે....લી આવે....પણે....ઊંસી ડુંગરી પર, એ.... એ ઊતરી....'

એણે હાથ લાંબો કર્યો હતો એની એંધાણીએ તાકતાં મેં આંખને ખેંચી, પણ શાની દેખાય! ઘણાંખરાં તેજ તો ચોપડીઓમાં ચૂઈ ગયાં હતાં.

પછી તો એ મને, 'સા'બ, પેલું ઊંસું ઝાડ દેખાય એણી ડુંગરી પર અમણાં આવી લાગે હે; જોતા રે'જો.' એમ કહી બતાવવા લાગ્યો.

હું, માથામાં વચ્ચોવચ વાટ કાઢી હોય તેવી ફરફરની ડુંગરીઓ પર દેખાતી સડક પર જોવા લાગ્યો, અને એક ટેકરી વટાવી બીજી ટેકરી પર અમે ચડ્યા ત્યાં તો સામેની ત્રીજી ટેકરી પર ધૂળનાં વાદળ ઉડાડતી ધસી આવતી મોટર દેખાઈ.

ઠાકોર સાહેબને–બાપજીને સલામ ભરવાનો લા'વો લેવા હું જરા કમ્મર પર લટકતી તલવાર, પડતલો, સાફો વગેરે ઠીકઠાક કરતો હતો, એટલામાં તો એ આવી લાગી અને પૂરી પાધરી સલામ ભરું ન ભરું ત્યાં તો પસાર! ઠાકોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહેબની સૂરત પર શિકારની લિજ્જતનાં હાસ્ય જોઈ, શિકાર થઈ ગયો માની, જોઉં છું, તો પેલો વેઠિયો તો દૂર જઈ ઊભો હતો. નહિ કે કપડાં બગડવાની બીકે; કારણ કે એ બીક તો એણે કેડયે હાથપનાની ધોતલી અને માથે બે આંટા વળે એટલું લાંબુ ફાળિયું બાંધી જનમથી જ ટાળી હતી; પણ ઠાકોર સાહેબની બીકે જ તો! એના મનથી તો એ વાઘ કરતાં ય વિકરાળ પ્રાણી હતું.

પાછા અમે રાબેતા મુજબ ચાલવા લાગ્યા. થાકના માર્યા ફરિયાદ કરતા પગને ટાઢા પાડવા મેં પેલા વેઠિયાને પૂછ્યું: 'અલ્યા, હજુ માંડવી કેટલે દૂર રહી?'

'આ આવ્યું ભેંડા; ને એને પેલે છેડે, એ....આવી માંડવી. એકાદ કોહે ઓહે સા'બ.'

એના ખડતલ પગનો એ એક કોસ સાંભળી મેં ધીમેથી નિઃશ્વાસ નાખ્યો; કારણ કે એનો કોસ એટલે મારા જેવાના ચોખ્ખા બે કોસ થઈ ચૂકયા. હું મનમાં મનમાં આ વેરો ઉઘરાવા જવાના સરકારી રિવાજ પર ચિડાયો. આસામીઓ પોતે જ આવીને ભરી જાય તો શું ખોટું? મને રેલવેઓ અને સગવડવાળું અંગ્રેજ બાપાનું રાજ ગળ્યું મધ લાગ્યું. અત્યારે મોટરો પૂરતું નહિ, પણ પહેલાં યે લાગતું જ હતું; એટલે જ તો ગઈ સાલ અમદાવાદ ગયો હતો ને? પણ ન તો કાળમુખી કોઈ મિલે સંઘર્યો કે ન કોઈ સાહેબે વાત તકાત કરી. આખરે ગજવાએ ભૂખના માર્યા બંડ કર્યું, અને પાછો આ ઝાડી–ઝાંખરામાં આવી પટકાયો. સારું થયું કે પાંચ –દસ રૂપિયાનું પાણી કરતાં ય આ દસ રૂપિયાના તલાટીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરી મળી; નહિ તો વળી શું ય થાત. પણ આનો ય શો ભરોંસો! ગઈ કાલે જ ઠાકોરસાહેબે ચેતવણી આપી હતી, 'એમ દયાને ને નોકરીને નહિ બને—'

અમદાવાદથી ભલે ડોશી માટે સાલ્લો ય ન લવાયો, પણ એક કવિ ભાઈબંધ પાસેથી નવી ધૂન તો જાણી લાવ્યો હતો; અને એ, આ કુદરત જોવાની. મેં થાકતાં મન અને આંખોને જમણાડાબી, તો વળી નાકની દાંડી સામે, એમ ફેરવવા માંડ્યાં. જમણી બાજુ ચારપાંચ હરણાંનું ટોળું દેખાયું, અને એ થોડેક છેટે આગળ દોડી અમારી આડું ઊતરી ગયું, પણ આવું તો બહુ જોયું હતું. હરણ આડું ઊતર્યા વગર નથી રહેતું એ તો હું જાણતો હતો; એમાં કંઈ મજા ન પડી! વળી બેચાર સસલાં બાઈ બાઈ ચારણી કરતાં આ બાંટેથી બીજે બાંટે સરકી જતાં જોયાં; પણ એમાં ય શું? કેટલાં ય તેતરયુગલ દોડતાં અને ઊડતાં, પ્રણયગોષ્ઠિ કરતાં કે ચણતાં દીઠાં; પણ હવે તો એ ય જૂનું થઈ ગયું હતું. વળી પડછંદકાય લીલ, તથા હાથ મૂકતાંમાં લપસી પડે એવાં રોઝ પણ મારે તો રોજનાં હતાં. આખરે થાક્યો અને મનને મૂગી કુદરત તરફ વાળ્યું. રેશમી કપડા જેવા નવસાજ સજેલી વનરાજીની ટોચોને અનિલ સાથે ચાળાચટકા કરતી જોઈ, બાજુની શાખાઓને પાડોશીથી ઘડીમાં હાથ મિલાવતી તો પાછી રિસાઈ જતી દીઠી; તો વળી નીચેની શાખાઓ ધરતી માતાને વાયુ ઢોળતી નિહાળી. પણ પછી શું? પાછું મેં પેલા વેઠિયાને પૂછ્યું: 'અલ્યા, અડધો કોસ થયો કે નહિ?'

'અરે સા'બ એટલામાં! અજુ તો પૂરા હાદવા ય ની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા હાં.'

વાત ખોટીય નહોતી. એનો બુલંદ સાદ, એટલે શીળી રાતના બબ્બે માઈલના સીમાડા તો રમતો રમતો ઓળંગે. હવે તો મન અને પગ બેઉનાં ઢીંચણ વળુંવળું થઈ ગયાં; કંઈ વાહન ભાડે મળે એવી આશા હોત તો જરૂર ભાગી પડત. ખિસ્સું તો હમણાં પેલા ગામલોકોની 'પાઘડી'થી રાતુંમાતું હતું.

છેવટે અમલદારશાહીનો અંચળો દૂર કરી હું પેલા વેઠિયા સાથે વાતે વળ્યો.

'અલ્યા, તારે માબાપ છે કે?'

'જીવતાં હે.' તે બોલ્યો.

'કેટલા ભાઈ છો?'

'બે.'

અને પછી 'બેનો કેટલી છે? એ બધામાં વડું કોણ?' એવું બધું ઘણું પૂછ્યું, પણ એ તો એકથી બીજો શબ્દ હરામ હોય તો વાપરે. એ વખતે મને પેલા અમદાવાદમાં એક–બે વાર સાંભળેલા ભાષણ કરનાર યાદ આવ્યા; અને મનમાં મનમાં બોલી દીધું: 'રંગ છે એમની જીભને!' પછી વિચાર કરવા લાગ્યો કે આ જ જીભને શું કર્યું હોય તો પાનો ચઢે? આખરે મને ચાવી જડી અને એના જુવાન હૈયામાં પલીતો ચાંપ્યો:

'અલ્યા, તું પરણ્યો છે કે?'

'હોવ.'

મારા અદેખા દિલનું ગળું દબાવતાં મેં આગળ પૂછ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બૈરી અહીં છે કે પિયર?'

'પિયર હે. પણ ની તેડવી હે.'

'કેમ?'

'મને ની ગમતી હે.'

'નાનપણમાં પરણ્યો'તો?' મેં શંકા ખાતાં ખાતાં પૂછ્યું: કારણ કે એમનામાં તો મોટી ઉંમરે પરણે છે.

'ના, પૈણ્યો તો પોર હું; પણ મારા ભાએ, હામી એક ગામેતીની સોરી જાણી પૈણાવ્યો, પણ ઈ થોડીક ખૂંધી હે; એટલે ની ગમતી હે.'

'તે એ વખતે ના કહેવું હતું ને?'

'એ વેળાએ મારો ભા માને થોડો? અમથું બોલી બગાડું એ મફતનું.'

'તે હવે ય બગાડવું તો પડશે જ ને?' મેં પૂછ્યું.

'ઉંહું. એ તો એમ કરેહ. આ પૈણત હે એને એક ફેરા તેડી જુદો થઈ જઈ પસે એને કાઢી મેલી, કોક મન-ગમતીને ઘરમાં ઘાલે. પસે બગડહે તો ય, કી' એમના ભેગા રે'વું હે તે ઉસ્સાટ?'

હું તો એની બુદ્ધિ પર મનમાં ને મનમાં ફિદા થઈ ઊઠ્યો. થોડી વાર મૂગામૂગા ચાલ્યા પછી એ બોલ્યો: 'પેલું-સાપરું દેખાય, સા'બ.'

મેં મારી આંખોને ખેંચી, પણ શાનું દેખાય જ. ઝાડીનો અડધો ભાગ મગિયા રંગમાં ડૂબ્યો હતો, બાકીના પર આસ્તે આસ્તે આછા ગુલાબી રંગની પીંછી ફરતી હતી. જમણા હાથ પર જોતાં જણાયું કે સૂર્ય પણ સંધ્યાને બારણે જઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યો છે. વસંતનો સમીર પણ લાંબી લાંબી ફાળે અનંતનો આરો ખોળતો વહી રહ્યો હતો. કોણ જાણે એની લહરીઓએ મારો થાક ઝાપટી નાખ્યો તેથી, કે પેલાએ મુસાફરીનો આરો આવ્યાનું પડીકું બંધાવ્યું તેથી–એ ગમે તેમ હોય, પણ શરીર સહેજ હળવું લાગ્યું ખરું. મેં સહેજ જોરથી પગ ઉપાડ્યો પણ એટલામાં પાછળ આવતા વેઠિયાનો ખ્યાલ આવ્યો. મારે તો ભારમાં ભાર ગણું, તો હાથમાં સોટી ને કમ્મરે તલવાર, અને ગણીએ તો પહેરેલાં કપડાંનો; પણ એને માથે તો મારો આખો ઘરવખરો હતો. વાસણકૂસણ અને કપડાંલત્તાંથી ઠઠ ટ્રંક અને બિસ્તરો, વળી ઉપર સરકારી ચોપડાનો બસ્તો એ તો છોગાનો. મેં સહેજ કતરાતી આંખે પાછળ જોયું, પણ એ તો આવતો હતો–જાણે રમતો રમતો ચાલતો ન હોય. હું મારી આ શરીરના ભારથી થાકી જતી જાત માટે શરમાયો; પણ મને એ શરમને ઉડાડી દીધી. 'એ તો નાનપણથી મજૂરી કૂટતી ભીલની જાત છે, તું ઓછો મજૂર છે? તું તો ભણેલોગણેલો ઊંચ જાતિનો સુંવાળો માણસ!'

મનની એ માયકાંગલી દલીલથી કચવાઈ હું પાછો આજુબાજુ જોવા વળ્યો. વૃક્ષોની ટોચો પર પડતા આછા ગુલાબી પડછાયા ઊડતા ભાળ્યા. આભની પશ્ચિમ ભીંત પર કેસરિયા રંગની છોળો ઊડેલી દેખાઈ, પણ આસ્તે આસ્તે એ સંધ્યા ય અલોપ થવા લાગી. જ્યાં ત્યાં આભમાં આછા આછા પથરાયેલા સંધ્યાના રંગને અંતરમાં છુપાવતા વાદળગર્ભ પરથી પાછી ધરતી પર નજર પડતાં છાતી ધડકી ઊઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતર પોકારી ઊઠ્યું: 'ભૂંડા, પગ ઉપાડ? આ હમણાં અંધારું પડશે ને કોઈ વાઘનો કોળિયો થઈ જઈશ!' મેં પેલા વેઠિયાને પૂછ્યું: 'અલ્યા, ક્યાં ગયું પેલું છાપરું કે'તો'તો એ?'

'આ આટલી ડુંગરી આડી હે સા'બ.'

'સરકારી કોટડી તો તેં જોઈ છે ને?' મેં પૂછ્યું; કારણ કે અહીં હું પહેલી જ વાર આવતો હતો.

'એ તો સા'બ, પેલે છેડે આવી. ઉં તો ગામેતીને છાપરે ભાર મેલી પાછો વળી જેશ. અમારી હદ તો ઇ પૂરી થાય હે. પસે ઈ લોક તમને પુગાડહે ઠેઠ.'

મને કંટાળો આવ્યો. મનમાં થયું: 'સરકારે એક સળંગ વેઠિયો લઈ જવાનો કાયદો રાખવો જોઈએ. આ તો એક ગામ આવ્યું, ત્યાં તો ભાર ઉતારી પેલો વેઠિયો જતો રહે. પાછો ગામેતી જાય, માણસ બોલાવી લાવે, ત્યારે પાછું આગળ વધાય. પણ એટલામાં એક આછા આછા આવતા રુદનસ્વરે મારી વિચારમાળાને તોડી નાખી.

'અલ્યા, એ કોણ રુએ છે?'

'કુણ જાણે સા'બ! કુણેક બૈરું રુએ હે!' વેઠિયો બોલ્યો. વિલાપના અસ્પષ્ટ અવાજને વહી લાવતી એક પવનલહરીએ કટારીની પેઠે મારું અંતર ભેદી નાખ્યું. ભર-જંગલમાં આ વેળાએ આવું રુદન જીવનમાં પહેલી જ વાર મેં સાંભળ્યું! કોણ જાણે કોની, કેમ, પણ એક જાતની બીક લાગવા માંડી. પેલાની ડુંગરી ય કાંઈ નાનીસૂની નહોતી. ટોચ પર આવતાં વિલાપની એક કડી ચોખ્ખી સંભળાઈ.

'પાંમણા! તું તો હેંડી ગ્યો! છોરાંનું કુણ રણીધણી....!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પગ થાક ભૂલી જઈ જોરથી ઊપડ્યા. ચારે બાજુથી ભય ભાસવા લાગ્યો; જાણે મોતના મુલકમાં ન આવી પડ્યો હોઉં!

વિલાપ આગળ વધતા હતા: 'રામ, તું તો દુઃખમાંથી છુટ્યો....મારી આંઈ હું વલે....!' મેં જાણી લીધું કે એક આસામી આ દુનિયા છોડી ગયો છે. સાથે સાથે મહેસૂલની પણ ફિકર પેઠી.

એટલામાં એક છાપરું આવ્યું, ત્યાં વેઠિયાએ સામાન ઉતાર્યો. મેં પણ જીવી ગયાની ખાતરી થતાં દમ લીધો. પણ હૈયાના હાલહવાલ ભૂંડા હતા! પેલા વિલાપો સાથે હવે તો બાળકોનું આક્રંદ પણ સંભળાતું હતું.

ગામેતી–મુખી મૈયતમાં ગયેલો જાણી પેલા જુવાને, પોતાની હદ પૂરી થવા છતાં ય મને કોટડી સુધી પહોંચાડ્યો.

મારો સિપાઈ પણ પોતાના ગામે ચક્કર લગાવી આવી પહોંચ્યો હતો. તેણે વેઠિયા પાસેથી સામાન સંભાળી તેને રજા આપી. મને વિચાર આવતાં કહ્યું: 'અલ્યા, અત્યારે ક્યાં જઈશ? અહીં જ પડી રહે.'

'ના રે, સા'બ, હું ઘેર જતો રે.' કહી ચાલતો થયો.

સિપાઈએ વેળાસર ગામેતી પાસે મંગાવી રાખેલ સીધા-સામાનની રસોઈ કરીને હું ખાવા બેઠો, પણ પેલા વિલાપોના ભણકારા અને નાદાર આસામીની શંકાએ પૂરુંપાધરું ખાવા ન દીધું. પછીથી સિપાહીએ પણ ખાધું; અને અત્યારે વાસણ માંજનાર કોઈ આવી શકે એમ ન હોવાથી, એક બાજુ ઢગલો કરી મારી પાસે આવી બેઠો.

મેં એને ગામની હાલત જાણવા પૂછ્યું: 'નાથુખાં, આ ગામનો વેરો વસૂલ થતાં કેટલા દિવસ લાગશે?' ભલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સિપાહી હતો, પણ આઠદસ વર્ષના અનુભવે તલાટીને પણ ટપી જાય તેટલો કાબેલ હતો; મને તો એની ભારે ઓથ હતી.

'શું કે'વાય સા'બ? હરાયા વર્ષે તો બે દનમાં ભરાઈ જતો'તો, પણ આ તો કાઠું વર્ષ છે.' અને જરા વિચાર કર્યા પછી બોલ્યો: 'વધારેમાં વધારે ચાર દન.'

'સુઆ ચાર દન થાય, તોપણ પેલા ઊંટડી ગામ જેવું ન થાય હો? આપણા માટે ઠાકોરસાહેબનો અભિપ્રાય સારો નથી.' મેં કહ્યું.

'એ તો, સાહેબ, તમે એ બેત્રણ આસામીઓ પર રે'મ કરી. નહિ તો કે'તો'સ્તો? 'આ લોકો તો ચમત્કારે નમસ્કાર કરે એવા છે.' આ વખત આપ મને હુકમ દઈ દેજો ને. જોજો પછી.'

હું જાણતો હતો કે નાથુખાં કેવો દંડાબાજ છે. આસામીને ખાવાના ય સાંસા કેમ નથી હોતા, પણ નાથુખાંનો ચમત્કારી દંડો વેરો વસૂલ કરતો; અને તેથી જ તો તેની નોકરી આટલો લાંબો આવરદા ભોગવી રહી હતી.

'જુઓ, કાલે શું થાય છે,'—કહી હું ખાટલામાં લાંબો થયો. એ પણ બાજુના બીજા ખાટલામાં સૂતો.

ઘણાંય પાસાં ઘસ્યા કર્યાં, પણ ઊંઘ નહોતી આવતી. નજર આગળ બે દિવસ પર ઊંટડી ગામે પહેલી જ વાર સ્વતંત્ર રીતે વેરો ઉઘરાવવાની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી, તે દૃશ્ય ખડું થયું. આસામીઓની ચારે દિશામાં થતી દોડધામ, ખાલી હાથવાળાઓની કાકલૂદીઓ અને ઉપરથી પડતો નાથુખાંનો દંડો એ બધું ફરી પાછું યાદ આવ્યું. એ તો વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહુકાર ખેડૂતોની વસ્તીવાળું ગામ હતું. તો ય ત્રણ આસામી-ઓનો વેરો તો બાકી જ રાખવો પડ્યો હતો. પણ એ દયાથી હું નોકરી માટે નાલાયક ઠરીશ એનો મને એટલો બધો ખ્યાલ ન હતો, જેટલો ઠાકોર સાહેબે કરાવ્યો. અને આ તો ભીલવાડ ગામ હતું! આસામીઓને બદલે હું ઈશ્વરને પ્રાર્થી રહ્યો કે એમની કોઠીઓને કાંઈ નહિ તો વેરા જેટલું બક્ષે. કોણ જાણે ક્યારે ઊંઘ આવી હશે; કારણ કે પાસે ઘડિયાળ નહોતું, તેમ આભના તારલકાંટા જોઈને પણ સમય જોતાં નહોતો આવડતો.

વગરકહ્યે પ્રણાલિકા અનુસાર ગામેતીને ત્યાં અગાઉથી અમારા આવવાની મોકલાવેલ ખબરથી ચા, ખાંડ વગેરે મંગાવી રાખેલું હશે તે મંગાવી નાથુખાંએ ચા મૂકી; મને ઉઠાડ્યો અને મને ચા પાઈ, પોતે પી હાથમાં સોટી લઈ ગામમાં ઊપડી ગયો.

થોડીવારમાં તો ગામેતી આવી પહોંચ્યા. પાછળ એક પછી એક એમ ત્રીસેક ભીલ આસામીઓ પણ આવી લાગ્યા. નાથુખાં પણ એક ભીલને સાથે લઈ આવી પહોંચ્યો અને સીધો રસોડામાં ગયો. હું સમજી ગયેલો કે ભીલની બગલમાં ઘાલેલું, વહાણાનું ઝંખનાર પ્રાણી (મરઘું) શાકપાંદડા માટે આવ્યું છે; કારણકે નાથુખાં ગામના ગજા પ્રમાણે 'પાઘડી'-નો વેંત કરતો.

મેં દફતર છોડતાં કહ્યું: 'ચાલો વેરો છોડો.' બધા ય એકમેકનું મોં જોવા લાગ્યા. મેં એ તરફ લક્ષ ન આપતાં પહેલું નામ, 'કનકા અળખા કોણ છે?' કહી ટોળી તરફ નજર ફેરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જણ સહેજ ઊભો થઈ બોલ્યો : 'ઉં હું, સા'બ !'

'તો પછી સંભળાતું નથી ?' અને હાથ લાંબો કરતાં મેં કહ્યું : 'ચાલ, લાવ, વેરો લાવ.'

'સા'બ, ની લાવ્યો હું !'

પહેલે જ કોળિયે માખ ! મને ગુસ્સો ચઢ્યો : 'સાલા, તો પંદર દન આગમચથી કે'વડાવ્યું છે તો ય હજુ ઊંઘે છે ? ઠીક ! હમણાં તારી વલે કરું છું,' કહી બીજાઓ તરફ જોતાં હું બોલ્યો : 'ચાલો, કોણ કોણ લાવ્યા છો ? જે જે લાવ્યા હો તે તે ભરી દો.'

ફક્ત ચાર જણ ઊઠ્યા. તેમાં એકને તો અધૂરો વેરો હતો. પેલા ત્રણ જણનો વેરો જમા કરી, દફતર એક બાજુ ખસેડી, મેં નાથુખાંને બોલાવ્યો. બધાયનાં વિલાયેલાં મોં પરથી રહ્યુંસહ્યું લોહી ઊડી જતું જોઈ મેં નાથુખાંને કડકને બદલે નરમ હુકમ સંભળાવ્યો : 'આ લોકને કહી દો કે આજ સાંજ સુધીમાં વેરો ભરી દે, નહિ તો બૂરા હાલ થશે.'

નાથુખાં બિચારો ઠંડો જ પડી ગયો. કારણ કે હું એને ભાગ્યે જ બોલાવતો, અને બોલાવતો ત્યારે નાથુખાં સમજી જ જતો કે દંડો વાપરવાનો છે. તે તો અંદરથી બાંહ્યો ચઢાવીને આવ્યો હતો. આખરે તેણે જબાનથી તો અચ્છી તરહ મારો ચલાવ્યો, અને એકબે નામચીન આસામીઓને સારી પેઠે ચેતવણી આપી બધાયને કાઢ્યા.

પાછળ પેલા સદ્ધર આસામીઓ સાથે ગામેતીએ મને અરજ કરવા માંડી : 'સા'બ, ઊણ તો વરહ સુકામણે ગ્યું હે; ને સોમાહામાં ય કાંઈ ની પાક્યું હે ! આવતે વરહે ભેગો ભરહાં સા'બ ! આટલી રે'મ કરો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ બિચારા શું જાણે કે સા'બને એમનાં ચામડાં ઉતારવાની, એમનાં મરઘાં-બકરાં ખાવાની અને ફૂટી બદામ ન ઊપજે એવાં છાપરાંને, કોઈ લેનાર મળે તો હરાજ કરવાની ને એવી એવી તો કંઈક છૂટ છે; પણ રે'મ કરવાની છૂટ નથી! હું કંઈ કહું તે પહેલાં તો મારી અડધી તો શું પણ એથી યે વધારે અમલદારી સાચવનાર નાથુખાં ઘૂરક્યો: 'એ રે'મ બે'મ કરાવવી હોય તો પછી જજો ઠાકોર સાહેબ પાસે.' અને જમીન પર સોટીના ટકોરા કરતાં બોલ્યો: 'હમકો તો અબ્બીકા અબ્બી વેરા ચાહીએ.'

'પણ સા'બ! ઠાકોર સા'બ તો કાંઈ કાંને જ ની ધરતા હેં. આપ હરખાંને ન કેઈએ, તો કને કેવા જાં!' બીજો બોલ્યો.

'ચલ ઊઠ યહાંસે?' હું અકળાઈ ઊઠતાં બોલ્યો. સાંભળવામાં હરકત તો કાંઈ જ નહોતી, પણ મારાથી સાંભળ્યું જાય તો ને?

'સા'બ, અમારું તો કોઈ ય રણીધણી ની હે!' વળી ત્રીજો બોલ્યો.

'ભોગ તમારા!' નાથુખાંએ કહ્યું અને તે ત્રણે ય જણની આગળ જઈ બોલ્યો: 'લવારો છોડો. બેસવું હોય તો છાના મરો, નહિ તો ચાલતા થાઓ,' અને પછી રસોડા તરફ પીઠ ફેરવતાં બોલ્યો: 'જોઉં છું કેવો વેરો નથી નીકળતો.'

'મારી નાખજો સા'બ; બીજું તો....'

નાથુખાં પાછો ફરતાં ઘૂરક્યો: 'સાલ્લાઓ, તમે લોકને તો ટેવ જ પડી છે. જ્યારે હોય ત્યારે રોદણાં રુઓ છો. હું તમને ક્યાં નથી ઓળખતો? પણ યાદ રાખો, તમે તો શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તમારો બાપ આપશે.' અને સોટી હલાવતો બોલ્યો : 'આ દેખી છે ને ?'

પછી તો પેલા લોકો પણ ગયા. હું પણ રસોડામાં જઈ નાથુખાંએ તૈયાર કરેલી સામગ્રીને ચૂલે ચઢાવવા અને રસોઈ-પાણી કરવામાં લાગી ગયો. આટલા માટે જ શાહુકારી વસ્તી-વાળું ગામ વધારે ગમે, કારણ કે ભોય કે હજામ હોય એટલે આ બધી કડાકૂટ તો ઓછી ?

ખાઈ પરવાર્યા પછી નાથુખાં પાછો લટાર મારવા ઊપડી ગયો. સાંજ સુધીમાં વળી પાંચ–છ આસામીઓ વેરો ભરી ગયા. મેં અમલદારી ઢબે જ પૂછ્યું : 'સાલ્લાઓ, હવે ક્યાંથી વેરો નીકળ્યો ?'

'સા'બ, એક પટેલને ઘેર સોરાને હળ હાંકવા મેલી, લી આવ્યો !' એકે કહ્યું. બીજો બોલ્યો : 'કાંઈ જૂઠું બોલતો'તો, સા'બ ! ઘરમાં ઓહે ને ના કે'તા અહું, સા'બ ! ઘરમાં એક આંહડી અતી એ વાણિયાને ઘેર મેલી, લી આવ્યો, સા'બ !' હું તો જાણે સાંભળતો જ નથી એમ લખવાનો ડોળ કરતો હતો. વળી ત્રીજાએ કહ્યું : 'રૂપિયા દીઠ એક મહીને બે આનાનું વ્યાજ કરી, લી આવ્યો સા'બ ! હું કરવું ? સરવના ઉધારા નભે, કાંઈ રાજના ઉધારા થોડા નભે ?'

અને એમ છેવટે ત્રણ દિવસે બે આસામીઓ સિવાય સૌનો વેરો આવી ગયો. આ બે આસામીઓમાં એક તો પેલી તાજી જ રાંડેલી બાઈ હતી. બીજો ડાંડ હતો, પણ એ ડાંડની ઝાઝી ફિકર નહોતી; કારણ કે નાથુખાંના કહેવા પ્રમાણે એ તો બેચાર દિવસમાં મુકામ પર આવીને ભરી જવાનો. ક્યાંક લાગ મળવો જોઈએ, પછી ભલે કોઈ પટેલનો બળદ હડફેટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢે, કે પછી કોઈ વાણિયાનું છાપરું ફાડે.

પેલી બાઈનો પ્રશ્ન મને એટલો બધો મૂંઝવતો હતો, કે એટલો તો કદાચ એ બાઈને પણ નહિ મૂંઝવતો હોય. આજ સવારથી નાથુખાંએ એને મારી આગળ બેસાડી હતી. બાળકો પણ સાથે જ હતાં. મોટામાં મોટો છોકરો સાતેક વર્ષનો હતો. એક ખોળામાં હતું. વચોટ ડગલીઓ ભરતું હતું. ગામના બેઠેલા આઠદસ પુરુષોના મોં પર પણ એ બાઈની લાચારીના પડછાયા પડ્યા હતા. ચીલક વગેરે ઠેકાણે કરતાં મેં આખા દિવસનો ઘોળાતો સવાલ ગામેતીને પૂછ્યો: 'શું કર્યું પછી આનું?'

'સા'બ, મારો કે તારો! તમે ધણી હો!' એક બુઢ્ઢાએ કહ્યું.

મને એ ધણી શબ્દ ડામ જેવો લાગ્યો. હજુ ય ગામને ધણીના ઓરતા છે? મેં કહ્યું: 'ધણી તો બેઠા છે, મે'લોમાં. ઘાટસર વેરો ભરી દો નહિ તો....'

'નહિ તો હમણાં આ બાઈની પીઠ પર પથ્થર ચઢાવું છું!' નાથુખાંની જીભ મારી કુમકે આવી.

'બાવસી, ઘરમાં તો ખાવા કણકો ય ની હે! ઉં કીંથી લાવું! આ સોરાં જ જિવાડવાં ભારે હે ને માબાપ! પાણો ચડાવો તો ય આપ ધણી હો!' બાઈએ કહ્યું. આંખોમાંથી રેલાતી આંસુની ધાર મારાથી દીઠી નહોતી જતી.

એટલામાં નાથુખાં ગામેતી તરફ જોઈ બોલ્યો: ગામેતી, શું કામ અમસ્તો મને ગુસ્સે કરો છો! તમારા ગામની આબરૂ માટે તલાટી સાહેબે ય કાંઈ નથી બોલતા. સવારની વાતનો દન આથમ્યો. ઝટ નિકાલ લાવો, નહિ તો હું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્થર ચઢાવું છું. પછી તમારા ગામનું નાક જાય તો ય ને રે' તો ય,' ને પછી કંઈક યાદ આવ્યું હોય તેમ બાઈને પૂછવા લાગ્યો: 'તારે કેટલા બળદ છે?'

'બાપસી, એક તો મરવા પડ્યો હે; ને એક જ હારો હે! ઉણુ હળે ય કીંમ કરીને ઊભું કરે?'

'અલી, સબ બાતકી હમકુ ફિકર કયું?' નાથુખાં છંછેડાયો અને ગામેતી તરફ જોઈને બોલ્યો: 'ગામેતી, આબરૂ બચાવવી હોય તો બળદ વેચી આવો!'

'પણ સા'બ! પસે કાંઈ આદમી હે, તે બળદ બીજા લાવીને હળ ઊભું કરહે! પોર બે ય વરહોનું ભેગું ભરહે સા'બ, પણ ઊણુ તો નથી, મારી નાખો!' ગામેતીએ કહ્યું.

મને થયું, પણ હળ હાંકશે કોણ? બૈરું જો છડા પર હાથ દે–હળ હાંકે, તો તો આ જ લોકો પોકારી ઊઠે, કે વરસાદ રૂઠવાનો, ધરતી રસાતળ જવાની! મેં પૂછ્યું: 'પણ આ છોકરો મોટો થાય ત્યાં સુધી કોણ હળ હાંકવાનું છે?'

'સા'બ આ સોરો હે, એ હળ પર આથ રાખી, અમથો અમથો ફરહે; ને બાઈ હંગાથે રઈ નભાવહે! હું કરે? સા'બ! કાંઈ સુટકો હે....!' એક બુઢ્ઢો બોલતો હતો.

હું વિચારે પડ્યો: આવી રીતે ગુજારો કરનાર, છોકરાં ઉછેરનાર બાઈને બળદ વેચાવી પાંગળી કરી દેવી? વળી વેરો બાકી રાખવાનો વિચાર થયો પણ ઠાકોર સાહેબનાં તાજાં જ વેણ 'આમ બાકી રાખતા ફરશો તો મારે ઊઠી જવું પડશે' એ યાદ આવ્યાં. અને એમણે આપેલો જુલાબ તો ભુલાય એવો નહોતો: 'વેરો વસૂલ ન થાય તો ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાઓ.' છતાં ય અત્યારે ઘેર જવાનું પસંદ કરત, પણ પછી? સમરાંગણ તો સૂનાં પડ્યાં હતાં, નહિ તો કોઈ લડાઈમાં જોડાઈને ય રાજપૂતાઈ બતાવતાં ખપી જાત! વળી વાણિયાનો ચોપડો પણ ગળા સુધી ભરાઈ ગયો હતો. ઘેર ડોસાડોસી દીકરાના પગાર પર બેઠાં હતાં. કેટલી ય રખડપટ્ટી પછી માંડ મળેલી દસની નોકરી સાથે અણમોલી 'પાઘડી' હાથે કરીને જતી કરવાનો જીવ ન ચાલ્યો. મારી તરફ જવાબની રાહ જોઈ તાકી રહેલા નાથુખાંને ઊઠતાં ઊઠતાં મેં હુકમ કર્યો. 'બળદ વેચીને વેરો ભરવાનું ના કે' તો પથ્થર ચઢાવી દે.' અને દેખવું ય નહિ ને દાઝવું ય નહિ, એ વિચારે ચાલતો થયો જંગલમાં ફરવા.

પાછળથી આવતા નાથુખાંના 'ઊઠ એ ભૂંડણ, પડ ઉંગડી? અલ્યા એ, પેલો પથ્થર લાવ!' એ અવાજો મને તીર જેવા લાગ્યા. પછી તો ઉપરાઉપરી અવાજો અથડાયા: 'નાથુભાઈ સા'બ! મારાં સોરાંની દિયા આણો!' વળી બાળકોની રોકકળ તો અસહ્ય હતી. ત્યાં તો મારે કાને ગામ-લોકના અવાજ પડ્યા: 'નાથુભાઈ સા'બ! બળદ વેચી આવહું રે'વા દો.' અને નાથુખાંનો, 'દન ઊગતાં પે'લા પૈસા જોઈએ, નહિ તો બધાયની ખેર નથી હાં!' એ અવાજ તો મેં ઢાળ ઊતરતાં ય સાંભળ્યો.

બાઈ સાથે રોતાં–કકળતાં બાળકો મારા જમણા હાથ તરફ જતાં મેં સાંભળ્યાં. મેં ઘણો ય જોરમાં પગ ઉપાડ્યો, છતાં ય ડુંગરે ડુંગરે અથડાતા બાઈના એ રુદન–પડઘા મારે કાને અથડાયા વગર ન રહ્યા: 'નખોદિયા....મને વનવગડે રઝળતી મેલી હું કામ ગ્યો....!' જાણે ધા નાખતી સ્વર્ગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલા પતિ પાસે જવાબ ન માગતી હોય! મેં લગભગ મૂઠીઓ જ વાળી. ઘણું ય મનને કુદરત તરફ વાળવા મથ્યો, છતાં ય રડતી રડતી ચાલી જતી બાઈનો અવાજ હૈયા સોંસરો પેસી જ ગયો: 'ઉં....હું જાણું કે આ દન આવહે, નીકર તો સોરાંને ગળે....નાનપણમાં નખ દેત રે....!' મારું અંતર ચિરાઈ ઊઠતું હતું. જાણ્યેઅજાણ્યે મારા પગ જમણે હાથે વળી ગયા!

બાઈના આંગણામાં પહોંચતાં મેં મારી જાતને પૂછ્યું: 'શું કામ અહીં આવ્યો?' ત્યાં તો આંગણામાં આભના છત્ર નીચે વિલાપતી એ બાઈએ મારા પગ પકડી લીધા. મને યમરાજને પગે પડતી સાવિત્રી યાદ આવી, એક પતિ માગતી; જ્યારે આ? 'સા'બ મારો કે જિવાડો, તમે ધણી હો! મારાં સોરાં મરી જાહે; સા....બ!'–'ફક્ત રૂપિયા દસ!' હું બોલી પડ્યો: 'ઊઠી જા, તારો વેરો આવી ગયો.' અને પીઠ ફેરવતાં મેં ઉમેર્યું: 'બળદ ન વેચતી!'

સીધા મુકામ પર આવી મેં ચોપડામાં એ બાઈનો વેરો જમા કરતાં નાથુખાંને 'મુકામ ઉઠાવ,' કહી કોટ ચઢાવવા માંડ્યો. નાથુખાં બોલતો હતો: 'અત્યારે સા'બ? હજુ તો પેલી બાઈનો વેરો–' મેં પીઠ ફેરવતાં કહ્યું: 'આવી ગયો.' ભીલોના સવાલો 'કી થકી ભર્યો ઓહે? તલાટી સા'બ હાસું કે' હે!' સંભળાયા. પાછળ નાથુખાંનો અવાજ પણ સંભળાતો હતો. 'તલાટી સા'બ, નોકરીનો તો ખ્યાલ કરો?! અલ્યા! એ, ઊઠો, બે જણ સાથે જાઓ....છેવટ હાળીએ ફસાવી માર્યા!!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દત્તક પિતા

લે૦ પીતાંબર પટેલ

એ વખતે મારી પત્ની સુવિદ્યા પ્રસૂતિગૃહમાં હતી. હું સવારસાંજ રોજ તેની ખબર કાઢવા જતો. ત્યાં મારા જેવા બીજા અધીરિયા પતિઓ પણ આવતા હશે, પણ મારું ધ્યાન એક ડોસાએ ખેંચ્યું. તેમની ઉંમર સાઠ ઉપરની હશે, પણ તેમની તંદુરસ્તી એવી તો સુંદર હતી કે તેમની ઉંમર દેખાવા દેતી ન હતી. હું દવાખાનામાં પગ મૂકું એટલે બહાર બાંકડા પર એ બેઠેલા જ જણાય. અમને સવારે આઠ વાગ્યા પછી અંદર જવા દેતા; એથી હું રોજ આઠ વાગ્યા પહેલા પહોંચી જતો, પણ મારા આશ્ચર્ય વચ્ચે હું એ ડોસાને મારા પહેલાં આવેલા જોતો. તે બહાર બાંકડા પર બેઠા બેઠા મરાઠી દૈનિક 'લોકમાન્ય' વાંચતા જ હોય. તેમના મોં પરની પ્રસન્નતા, નિર્મળતા તેમની સાથે પરિચય કરવા પ્રેરે એવી હતી.

હું તેમને વહેલા વહેલા આવેલા જોતો એથી મને મનમાં થતું :

'આ ડોસા કોની ખબર કરવા આવતા હશે? આ ઉંમરે તેમને ઘેર ઘોડિયું તો નહિ બંધાયું હોય! ઘરમાં મારી પેઠે એકલા હશે તે રોજ ખબર કાઢવા આવતા હશે!'

સમજો કે આ ઉંમરે પણ એ પિતા બનતા હોય તો ય મારે શું? અને તે કોને મળવા આવે છે, કોને નહિ એવા ઊંડા પાણીમાં ઊતરવાની મારે શી જરૂર? છતાં મન કેડો છોડતું ન હતું. વારંવાર મનમાં થયા કરતું કે આ ડોસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોને મળવા આવે છે?

પાંચ દિવસ પછી સુવિદ્યાનો ખાટલો બીજી જગ્યાએ બદલ્યો ત્યારે થોડો ભેદ ખૂલ્યો. સુવિદ્યાની બાજુના ખાટલા-વાળી બાઈને એ ડોસા મળવા આવતા હતા, પણ એને જોતાં તો ઊલટા મનના તરંગો વધી પડ્યા. એ બાઈની ઉંમર માંડ વીસેક વર્ષની હશે. તેની ભાષા પરથી લાગતું કે એ ઉત્તર હિંદુસ્તાનની છે અને આ ડોસા તો મહારાષ્ટ્રી છે. એ બંને વચ્ચે કયું સગપણ હશે! આ બાઈ ન તો તેમની દીકરી હોઈ શકે કે ન તો તેમની સગી હોઈ શકે; અને તેમની તેની સાથે વાતચીત કરવાની રીતભાત પણ કહી આપતી હતી કે એની સાથે એને દીકરી જેવો સંબંધ છે, આથી તો આ વૃદ્ધમાં મને રસ પડ્યો. એમના વ્યક્તિત્વમાંથી નીતરતી નિખાલસતા જો મેં ન જોઈ હોત તો હું એમને ભેદી માણસ જ ધારી બેસત. એમને આ બાઈ સાથે કંઈ આડો સંબંધ હોય એની કલ્પના પણ કરવી એ પણ પાપ હતું.

માનવીનું મન કેવું વિચિત્ર છે! મારે અને એ ડોસાને કંઈ લેવાદેવા ન હતી, બોલવાચાલવાનો પણ સંબંધ ન હતો; છતાં મન એની એ વાતની ખણખોતર કર્યા કરતું હતું, ઑફિસમાં પણ એકાએક એ વાત યાદ આવી જાય. મેં સુવિદ્યાને પણ પૂછી જોયેલું, તે પણ એ બાબતમાં કંઈ પણ જાણતી ન હતી. પણ બે દિવસ પછી તેણે કહ્યું, કે એ તો એના પિતાજી છે. આ ડોસા એના પિતા છે! એમ કેવી રીતે બંધ બેસે? મરાઠી છોકરી હોત તો....તો તાળો ય મળી જાત, પણ પંજાબી જેવી લાગતી બાઈના પિતા મરાઠી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય એ વાત તો ગળામાં ઊતરતી ન હતી. સુવિદ્યા આમે સીધીસાદી સ્ત્રી છે, તે કદી મારી પેઠે ખોટી લપ્પનછપ્પનમાં પડતી નથી. તેમાં ય મુંબઈમાં રહ્યા પછી તો 'એમાં આપણે શું!' કહી પડોશીની વાતમાં ય કદી કૌતુક દેખાડતી નથી. એ આ બાઈને શાની પૂછે કે એ મરાઠી ડોસો તેનો પિતા કેવી રીતે બની ગયો?

મેં એને કહ્યું:

'પણ તું એને પૂછી તો જો....એમાંથી જાણવા જેવું રહસ્ય નીકળશે.'

'તમે તો એવા ને એવા રહ્યા. કોઈની વાતમાં આપણે શા માટે માથું મારવું?'

'પણ આ તો શંકા આવે એવો મામલો છે....'

'એમાં આપણે શું? હું તો કોઈને કંઈ ન પૂછું.' સુવિદ્યાએ મને ઠપકો આપી ચૂપ કરી દીધો.

એ પછી એ બાબતમાં મેં કંઈ ન પૂછ્યું, પણ એ ડોસાને હું ફાટી આંખે તાકી રહેતો. એ હિંદીમાં પેલી બાઈ સાથે વાત કરતા. ઘડીકમાં નાના બાળક સામે જોઈને હસે. ઘડીકમાં એ બાઈને હસાવે. પોતે તો નિરંતર બાળકની પેઠે હસતા જ હોય! આ પ્રમાણે પાએક કલાક હસીહસાવીને ચાલ્યા જાય. એ બાઈ પણ ડોસા સાથે હસે. ડોસા જાય ત્યારે તેમને હસીને વિદાય આપે. આ તે કેવાં પિતાપુત્રી! પુત્રીની સુવાવડ વખતે પિતા તેની ખબર પૂછવાગાછવા આવે તેવું મેં જોયું તો નથી, પણ સાંભળ્યું ય નથી. આ બાઈની મા નહિ હોય તે પિતા ખબર કાઢવા આવતા હશે? હું આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નમાં જેમ જેમ ઊંડો ઊતરતો જતો હતો, તેમ તેમ ગૂંચવાતો જતો હતો.

અને વિશેષ કૌતુક તો એ બાઈને જોયા પછી થયું. એની તંદુરસ્તી સુવાવડમાંથી ઊઠ્યા પછી ય એવી ને એવી હતી. તેના ગાલના ગુલાબની સુરખી એવી ને એવી તાજી રહી હતી. તેના મોં પર વિધાતાએ રૂપનું લીંપણ કર્યું હતું. એકવાર આંખ પડે તો ખસેડવાનું મન ન થાય તેવી તે રૂપાળી હતી. એ એટલી બધી સુંદર હતી કે એને વિશે હું સુવિદ્યાને કંઈ પૂછું તો તે મનમાં બીજું જ ધારી બેસે, એટલે મારે પરાણે ચૂપ રહેવું પડ્યું હતું.

પણ આખરે તેનો પરિચય થયો. ખુદ સુવિદ્યા એ રૂપાળી બાઈને ત્યાં મને લઈ ગઈ અને ત્યારે મને એક મહાનુભાવનો પરિચય થયો.

સુવિદ્યા 'એમાં આપણે શું ?' કહેતી હતી ખરી, પણ આખરે તો તે સ્ત્રી હતી. તે કેવી રીતે તેનું કૌતુક શમાવી શકે ? અને બંનેના ખાટલા બાજુબાજુમાં હોય પછી પરિચય ન થાય એ જ નવાઈ! પણ એ દવાખાનામાં હતી ત્યાં તેણે મને કંઈ કહેલું નહિ. સુવાવડમાંથી ઊઠ્યા પછી બેત્રણ મહિના પછી તેણે કહ્યું :

'આ રવિવારે ક્યાં જવાનું છે ?'

'ક્યાં ય નહિ, કેમ પૂછવું પડ્યું ?'

'મારે એક બેનપણીને ત્યાં જવું છે.' અને મારી સામે જોઈને બોલી : 'તમારે પણ સાથે આવવાનું છે.'

'એવી તે વળી કઈ બેનપણી હતી ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'છે એક નવી....'

'નવી ?'

'હા, હમણાં જ બેનપણી બનાવી છે.' અને ટીખળ કરતી હોય તે રીતે તેણે કહ્યું : 'તમે એને જોઈ પણ છે.'

'મેં જોઈ છે !' પેલી રૂપાળી બાઈની વાત હવે મનમાં દબાઈ ગઈ હતી; એટલે એ તો યાદ ન આવી. 'શું નામ ?'

'મનોરમા.'

'મનોરમા....એવી તો તારી કોઈ બેનપણી નથી !'

'મેં કહ્યું નહિ કે નવી બેનપણી છે ?' અને હસીને મને ચીડવવા બોલી : 'તમે તમારે રવિવારે મારી સાથે આવજો ને ! રૂપાળી છોકરી દેખાડીશ.'

'રૂપાળી છોકરી....' આ શબ્દો કાને પડતાં જ હું બોલી ઊઠ્યો :

'પેલી દવાખાનામાં હતી તે ?'

'હા....હા....એ જ. આ રવિવારે એને ઘેર જવાનું છે. ત્યાં ગયા પછી એની બધી યે વાત કહીશ. ત્યાં સુધી તમારે એ બાબતમાં પ્રશ્નો પૂછીને મારું માથું ખાવું નહિ.'

અને મારી નવાઈ વચ્ચે સુવિદ્યા મને દાદર લઈ ગઈ. બીજે માળે બ્લૉક હતો. તેના પર નામ લખ્યું હતું : વાસુદેવ નારાયણ જોષી. મેં ઘંટડી મારી અને પેલા ડોસા દેખાયા. તેમણે અમારો પ્રેમથી સત્કાર કર્યો. ઘરમાં પગ મૂકતાં જ એમ લાગે કે સંસ્કારી વાતાવરણમાં પ્રવેશ કરીએ છીએ. એમાં સાદાઈ હતી, મન હરી લે તેવી પ્રસન્નતા હતી. ઘરની ગોઠવણીમાં, તેના રાચરચીલામાં એવું કંઈક હતું, કે મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હળવું બની જાય અને શાંતિ અનુભવે. એ ડોસાના વ્યક્તિ-ત્વમાં એવું કંઈક હતું કે થોડી જ વારમાં આપણને તેમના બનાવી દે. આપણને એ ઘર પણ પરાયું ન લાગે. આવું આભિજાત્ય પણ ભાગ્યે જ જોવા મળે છે.

વાતમાં ને વાતમાં મનોરમાની વાત નીકળી. ડોસાએ ટૂંકમાં મને તેની કથની કહી. મનોરમાએ ડોસાની વાત કરી. એ વાત હૈયામાં એવી તો કોતરાઈ ગઈ છે કે ભૂંસી ભુસાય તેમ નથી. એ વાત માંડીને તો ક્યાં કહેવા બેસું? પણ આ પિતાપુત્રીનું મિલન આ પ્રમાણે થયેલું:

વાસુદેવ જોષી તો નિવૃત્ત છે. સવારસાંજ વાંચવામાં વખત પસાર કરે છે. ખાસ કરીને તે ગીતા પરનાં જુદાં જુદાં ભાષ્યો વાંચે છે. અમે ગયા એ વખતે પણ તેમના ટેબલ પર સાતવલેકરનું ગીતા પરનું પુસ્તક પડ્યું હતું. ઘરમાં તેમની જ ઉંમરનાં તેમનાં વૃદ્ધ પત્ની છે, પણ તેમનું શરીર વધુ કૃશ દેખાય છે. તે હવે ઝાઝું હરીફરી શકતાં પણ નથી. ઘરમાં વૃદ્ધ દંપતી સિવાય કોઈ નથી. છતાં વાસુદેવદાદાના વ્યક્તિત્વથી ઘર ભર્યું ભર્યું લાગે છે. માણસના વ્યક્તિત્વની, તેના ચારિત્ર્યની અને આત્માના તેજની અસર વાતાવરણને કેવું ભરી દે છે, તેની પહેલવહેલી પ્રતીતિ આ ઘરમાં જ થઈ.

વાસુદેવદાદાનો પુત્ર ગોપાલકૃષ્ણ દિલ્હીમાં ભારત સર-કારની મધ્યસ્થ કચેરીમાં સારા હોદ્દા પર છે. તેનો આગ્રહ પણ છે કે આ વૃદ્ધાવસ્થામાં માબાપ તેની સાથે રહે તો સારું, તો તે તેમની સેવાચાકરી પણ કરી શકે; પણ વાસુદેવ-દાદાને મુંબઈ છોડી દિલ્હી જવું ગમતું નથી. આખી જિંદગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈમાં કાઢ્યા પછી ક્યાં નવા વાતાવરણમાં જવું? અગાઉ બેએક મહિના ડોસાડોસી દિલ્હીમાં રહેલાં પણ બન્નેને ગમેલું નહિ. તેમાં ય ડોસીની તબિયત ત્યાં સારી રહેતી પણ ન હતી, ત્યારથી તે મુંબઈ છોડીને ક્યાં ય ગયાં જ નથી.

પણ છએક મહિના પહેલાં વાસુદેવદાદાને દિલ્હી જવું પડેલું. ખાસ કારણ તો ન હતું, પણ દાદાનો પૌત્ર જરા બીમાર હતો. બીજું ઘણા વખતથી ક્યાં ય નીકળ્યા ય ન હતા એટલે બાળકોને જોવા, તેમની સાથે રમવા અને હવાફેર કરવા તે દિલ્હી ગયા હતા. ડોસીની તબિયત સારી રહેતી ન હતી; એટલે તે પૂનામાં તેમની બહેનને ત્યાં ગયાં હતાં. દિલ્હીથી પરત આવતાં દાદાને વિચિત્ર સંજોગમાં મનોરમાનો ભેટો થઈ ગયો.

તે દિલ્હીથી ગાડીમાં બેઠા હતા, ત્યાં સુધી તો તેમણે મનોરમાને જોયેલી પણ નહિ. પરંતુ બેએક કલાક પછી ટિકિટ–ચેકર આવ્યો. એમાં મનોરમા પકડાઈ ગઈ. તે દાદાની પાછળ જ બેઠી હતી. ટિકિટ–ચેકર તડૂકવા માંડ્યો, એટલે દાદાનું એ તરફ ધ્યાન ગયું. ડબામાં બેઠેલાઓને તો તમાશો જોવા મળ્યો હોય તેમ ઊભા થઈને મનોરમાને જોઈ રહ્યા હતા. ટિકિટ–ચેકર ભાષણ કરતો હોય તેમ બોલે જતો હતો.

'બાપની ગાડી હશે? ટિકિટ વગર ગાડીમાં બેસતાં શરમ નથી આવતી? કપડાંનો ભભકો કરવા જોઈએ છે ને ટિકિટ લેવાતી નથી! આવાં પેસેન્જરો જ કંપનીને દેવાળું કઢાવશે.'

મનોરમાની સ્થિતિ વિચિત્ર બની હતી. તે શું બોલે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લોકો તેની સામે ફાટી આંખે તાકી રહ્યા હતા એટલે તે મોં પણ ઊંચું કરી શકતી નહોતી.

'ચાલો પૈસા કાઢો. એમ મફત મુસાફરી નહિ થાય.' અને ટિકિટ–ચેકરે ચોપડી કાઢી લખવા માંડ્યું.

'મારી પાસે પૈસા નથી.' મહામહેનતે મનોરમા બોલી.

'પૈસા ન હોય તો ચાલો, ઊતરો નીચે.'

એકલીઅટૂલી અબળા ક્યાં જાય ? વાસુદેવદાદાએ ડોકી ફેરવીને જોયું તો મનોરમા રડી રહી હતી. અસહાયતા અને મોં પરની કરુણતા જોઈ દાદા ઊભા થઈ ગયા. મનોરમાને રડતી જોઈ કેટલાક કહેવા લાગ્યા :

'જાને દો, જાને દો....માસ્તર. નિરાશ્રિત હોગા.'

કોઈ કહેવા લાગ્યા :

'બિચારી કહાં જાયેગી....અકેલી તો હૈ....'

'હમ કુછ નહિ જાનતા, બીના ટિકિટ વો મુસાફરી નહિ કર શકતી....ચલો બાઈ, પૈસા નિકાલો, નહિ તો ખડી હો જાઓ.'

અને સૌના આશ્ચર્ય વચ્ચે વાસુદેવદાદાએ કહ્યું :

'માસ્તર, યે રહા પેસા....ઉનકો પરેશાન કયું કરતે હો ?'

માસ્તરની, લોકોની અને મનોરમાની સૌની નજર દાદા ઉપર પડી.

'કીધર જાના હૈ, બેટી ?' દાદાએ મનોરમાને પૂછ્યું.

મનોરમા શું કહે ? એને ક્યાં જવું હતું તેની તેને ય ખબર ન હતી. તેના મોં પરની મૂંઝવણ પામી જઈ દાદાએ જ કહી દીધું :

'અચ્છા, બમ્બઈકી ટિકિટકા ચાર્જ કરો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઘડી પહેલાંનું ટીખળનું વાતાવરણ પલટાઈ ગયું. ટિકિટ–ચૅકર પૈસા લઈ ચાલ્યો ગયો. દાદાએ મનોરમાને પોતાની બાજુમાં બેસાડી. એને આશ્વાસન આપ્યું. વનવગડામાં મીઠી વીરડી મળી હોય તેમ મનોરમા દાદાના માયાળુ શબ્દો સાંભળી રડી પડી–જેમ દુઃખી પુત્રી પિતા આગળ રડે તેમ.

અને વાસુદેવદાદાએ મનોરમાને હિંમત આપી શાંત કરી. વાતમાં ને વાતમાં તેની દીન દશા જાણી લીધી.

મૂળ એ રાવલપિંડીની. પિતા તો મરી ચૂક્યા હતા પણ મોટાભાઈ અને મા હતાં. ઘરની સ્થિતિ સામાન્ય હતી. મોટાભાઈ નોકરી કરે એમાંથી ઘર ચાલતું, પણ દેશના ભાગલા પડ્યા. રમખાણો થયાં. તેમાં સૌને ભાગવું પડ્યું. મનોરમા તેના ભાઈ અને મા સાથે દિલ્હી આવી. લાખો માણસો દિલ્હીમાં આવ્યાં હતાં. કોઈને રહેવા ઘર ન હતું, ખાવાનું પણ ઠેકાણું ન હતું. જ્યાં જગ્યા જોઈ ત્યાં લોકો પડ્યાં રહેતાં હતાં. નિરાશ્રિતોના કેમ્પમાં પણ જગ્યા ન હતી. કિડિયારાંની પેઠે નિરાશ્રિતો ઊભરાયાં હતાં. દિલ્હીના રસ્તાઓ ઉપર ચાલવાની જગ્યા પણ ન હતી. સૌ લાચાર હતાં. અસહાય હતાં. આટલાં બધાંનું ઠેકાણું પાડવું સરકાર માટે પણ મહામુશ્કેલ હતું.

એ વખતે મનોરમા ગુલાબની છડી જેવી મનોહર હતી. જોતાં જ આંખમાં વસી જાય એવી હતી. તેના પર કેટલી ય આંખો ચકળવકળ થતી હતી અને એક જણે તેની અસહાયતાનો લાભ પણ લીધો. બધાંને આશરો આપવાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાને તે તેના ઘેર લઈ ગયો. થોડા દિવસ બધાંને રાખી મનોરમાના ભાઈને અને તેની બાને નિરાશ્રિત કેમ્પમાં મોકલી દીધાં. મનોરમા પણ જવા માગતી હતી પણ તેણે કહ્યું :

'મનોરમા ભલે અહીં રહેતી. હું તમારા માટે ઘરની તપાસ કરું છું. મળશે એટલે બધી વ્યવસ્થા થઈ જશે. મનોરમાને ત્યાં કેમ્પમાં રાખવી ઠીક નહિ. ત્યાં કોણ કેવું હોય કેવું નહિ! એ બધા વચ્ચે આમ ઉંમરલાયક છોકરીને મૂકવી તે ઠીક નહિ. અહીં મારે ત્યાં મારાં છોકરાં સાથે રહેશે.'

જ્યાં આકાશપાતાળ એક થઈ જાય એવી દશા થઈ હોય, માથા પર દુઃખની ઝડીઓ વરસતી હોય, ત્યાં માને કે ભાઈને બીજું સૂઝે ય શું? તેમને આ ભલા માણસના શબ્દોમાં વિશ્વાસ આવ્યો. ગૃહસ્થી છે, બૈરી–છોકરાંવાળો છે, હમદર્દી છે, પંજાબી–તેમની જાતવાળો છે. એ તેમના ભલા માટે તો મનોરમાનો ભાર ઉપાડે છે. તો ભલે બહેન સુખી થતી. કેમ્પમાં હેરાન થાય તેના કરતાં અહીં રહે તે શું ખોટું છે!

અને મનોરમા મા અને ભાઈથી જુદી પડી. પેલાએ ભલાઈ દેખાડી તેની ચાલ શરૂ કરી. મનોરમાને ફસાવી. મનોરમાએ તેનું સર્વસ્વ ગુમાવ્યું. તેનું જીવતરથી ય મોંઘું શિયળ પણ ગુમાવ્યું. તે ત્યાંથી ભાગી કેમ્પમાં ગઈ. ત્યાં ય પુરુષોએ તેનો ખોટો લાભ લીધો. તેનું રૂપ તેના દુશ્મનની ગરજ સારતું હતું. જેની નજરે પડતી તે તેનો ઘાટ ઘડવાનો પેંતરો રચતો. પુરુષજાતે આ રૂપાળી સ્ત્રીની દશા ખરાબ કરવામાં કંઈ બાકી ન રાખ્યું. તે તેની માને મળી ત્યારે તો તે બેજીવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મા કયા ઉમળકાથી દીકરીને આવકારે ?

મનોરમા માટે હવે મરવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. 'હું તારી સાથે શાદી કરીશ' એમ કહેનાર પણ હાથતાલી આપી ચાલ્યો ગયો હતો. જે આવતા તે મીઠી મીઠી વાતો કરતા. હવે મનોરમાને પોતાની જાત માટે તિરસ્કાર આવ્યો હતો. તેણે પુરુષજાત પર વિશ્વાસ મૂક્યો, એ ભોળપણ પર તિરસ્કાર છૂટ્યો હતો. આવી અપમાનજનક દશામાં જીવવું તેના કરતાં મરી જવું એ જ સારું છે; અને મનોરમાએ આપઘાત કરવાનું નક્કી કર્યું. તે કેમ્પમાંથી ભાગી છૂટી. નીકળી હતી આપઘાત કરવા અને આવી પહોંચી સ્ટેશન પર. એ વખતે આ ગાડી ઊભી હતી. તે કશી ય ગણતરી વગર ડબ્બામાં બેસી ગઈ. ક્યાં જવું છે તેની ય ખબર ન હતી. શું કરવું છે તેની ય ખબર ન હતી. તે ગાડીમાં કેવી રીતે બેસી ગઈ તેની ય ખબર ન હતી. તેની બુદ્ધિ ચાલતી ન હતી. હૃદયને મૂર્છા આવી ગઈ હતી. મરવા નીકળેલી મનોરમાને જ્યારે ટિકિટ–ચેકરે પકડી, ત્યારે તેને ય થયું કે તે શા માટે ગાડીમાં બેઠી ?

એ મનોરમા દાદાની હૂંફમાં મુંબઈ આવી.

દાદાએ કહ્યું :

'કોણ જાણે કેમ પણ એને જોતાં જ મને મારી દીકરી સુશીલા યાદ આવી. તેને મરી ગયે ત્રણ વર્ષ થયાં. પહેલી સુવાવડમાં જ તે મરી ગયેલી. એ હોત તો આવડી જ હોત. મને થયું પ્રભુએ સુશીલાને નવા રૂપે મોકલી છે. સુશીલાની માને પણ મનોરમા ગમી ગઈ અને અમે તેને દીકરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણીને રાખી.'

અજીવી બાઈ ને, કશી ય ઓળખાણપિછાન વગર દીકરી તરીકે રાખવી એ કેવી મોટી વાત હતી!

મનોરમા બાબાને ધવડાવવા બીજા ખંડમાં ગઈ એટલે દાદા બોલ્યા :

'પ્રભુની માયા અકળ છે. મનોરમા મને મળી એમાં હું તો એનો જ હાથ જોઉં છું. અમે બંને વૃદ્ધ થયાં છીએ. દીકરો તેનું ઘર કરીને રહ્યો છે. અમને આ ઘર છોડીને બીજે ક્યાં ય જવું ગમતું ન હતું. એવામાં જ પ્રભુએ મનોરમાને મોકલી આપી. અમે એના બાબાને રમાડીશું અને મજા કરીશું. દીકરી છે તે અમારી સેવાચાકરી તો કરશે.' અને ડોસી તરફ હાથ કરીને દાદા બોલ્યા: 'મારે તો ઠીક, પણ એને તો ઘડપણમાં શાંતિ રહેશે ને! હવે દીકરી મળી છે એટલે માને શું દુઃખ?'

દાદાની વાણીનો રણકો એવો મધુર હતો કે કાનમાં ગુંજ્યા કરે. એ વાણી માનવતાથી રસેલી હતી. તેમની જીવન જોવાની નવી સૃષ્ટિમાં પણ માણસાઈ આગળ તરી આવતી હતી. તેમણે નિરાશ્રિતોની, સ્ત્રીઓની કરુણ દશાની, અપહૃતાઓની વાત કરી. એ બધામાં તેમની સ્વસ્થ દૃષ્ટિનું દર્શન થતું હતું. માણસાઈની ઇજ્જત કરવી, માનવતાને પ્રગટ કરવી એ તેમની પ્રવૃત્તિનું લક્ષ્ય હતું. તેમની સાથેની વાતચીત પરથી લાગ્યું કે તેમણે માત્ર ધર્મનાં પુસ્તકો વાંચ્યાં ન હતાં, પણ એના વિચારોનું પરિશીલન કર્યું હતું. એ વિચારો પચાવ્યા હતા અને જીવનમાં પણ ઉતાર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોરમાની બાબતમાં તેમણે કહ્યું:

'તેની આ દશા થઈ તેમાં તેનો શો દોષ? પુરુષો સ્ત્રીઓને ભોગ્ય વસ્તુ ગણે છે તેને લીધે જ સ્ત્રીઓની આ દશા થઈ છે. બધાએ ભેગા થઈને એક કુમારીની જિંદગી રોળી નાખી. પુરુષ જ્યાં સુધી સ્ત્રીની ઇજ્જત નહિ કરે, ત્યાં સુધી સંસાર કદી ય સુખી નહિ થાય. મનોરમાની લાચાર દશાનો બધાએ લાભ લીધો....કોઈએ તેનો હાથ પકડ્યો નહિ. તેને બધાએ મોતના મોંમાં મૂકી દીધી. આ છે આપણું પૌરુષ!'

દાદાની ટીકાથી મેં નીચે જોયું. વર્ષોથી પુરુષજાતે સ્ત્રીઓની અવદશા કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. દાદા જેવા મહાનુભાવો પુરુષોનાં પાપ આ રીતે ધોઈ રહ્યા હતા. મેં અંતરથી તેમને વંદન કર્યાં.

હું મનમાં દાદાની પ્રશંસા કરી રહ્યો હતો ત્યાં મનોરમા ચા અને નાસ્તો લઈને આવી. તેનું પોતાનું ઘર હોય એવી આસાનીથી તેણે બધું કામ ઉપાડી લીધું હતું. સુવિદ્યા તેને મળવા રસોડામાં ગઈ હતી તે ય બહાર આવી. મારા બાબાને દાદાએ ખોળામાં લીધો અને લાડ કરવા લાગ્યા. એ વખતે દાદા મને બાળક જેવા નિર્દોષ લાગ્યા. મને થયું મનોરમાનો બાબો દાદાને જરૂર બાળક બનાવી દેશે.

અમે નાસ્તો કરી ચા પીવા લાગ્યાં. દાદા બધાંને હસાવતા હતા. અમે પહેલી જ વાર આ ઘરમાં પગ મૂકતાં હતાં, છતાં કેટલી ય જૂની ઓળખાણ હોય તે રીતે દાદા વાતો કરતા હતા. અમે પણ વાતોમાં ચડ્યાં હતાં. મનોરમા જીવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરનું ઝેર ભૂલી જઈને હસતી હતી. જાણે તેણે નવો અવતાર પ્રાપ્ત કર્યો હતો. તેણે હસતાં હસતાં અમને કહ્યું:

'સામાન્ય રીતે લોકો પુત્રને દત્તક લે છે, પણ મેં તો દાદાને દત્તક પિતા બનાવ્યા છે. આમે હું નાની હતી ને મારા પિતા ગુજરી ગયા હતા. એ પિતા મને મારા કટોકટીના સમયે મળી આવ્યા અને મને નવી જિંદગી આપી!'

'એમ કહે કે આ બાબાએ આપણને બધાંને નવી જિંદગી આપી.' કહી દાદા મનોરમાના બાબાને વહાલથી બચીઓ કરવા લાગ્યા અને પોતાની પ્રશંસા ટાળવા તેમણે વાતોનું વહેણ બદલી નાખ્યું.

એ વાસુદેવદાદાને નમન કરી અમે છૂટાં પડ્યાં. મનોરમા અને સુવિદ્યા બહેનપણીઓ બની ગયાં છે એટલે દાદાને અવારનવાર મળું છું. દરેક વખતે મને પાસાદાર હીરાની પેઠે તેમની ઝળહળતી માનવતાનું એકાદ નવું પાસું જોવા મળે છે. એમને જોઉં છું ને મનમાં થાય છે:

'આવા મહાનુભાવોની માનવતા જ આ દુનિયાને ટકાવી રાખે છે. સંસારમાં અસત્ય છે, અનીતિ છે તો આવી માનવતા પણ છે. માનવજાત જીવતી રહેશે તો તે આવા ભદ્ર પુરુષોના પ્રેમને લીધે જ.'

અને એ દિવસથી મનોરમાની પેઠે અમે ય દાદાને દત્તક પિતા માનીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરી મા

લે૦ રમણલાલ વ. દેસાઈ

(૧)

નાનકડો કુસુમાયુધ આજે મૂંઝવણભર્યો આનંદ અનુભવતો હતો. ગમે એવી, સારાં કપડાં ધારણ કરેલી, સ્મિતભરી કોઈ યુવતી ઘરમાં ફરતી હતી. કુસુમાયુધ તેનાં માતાપિતાને એટલો વહાલો હતો; કે તેનું નામ લાંબું પણ નવાઈભર્યું હતું. પરંતુ માતા એ પુત્રને લાડ લડાવવા જીવી નહિ, તેને ચાર વર્ષનો મૂકી તે સ્વર્ગવાસી થઈ અને ત્યારપછી બે વર્ષ વીતી ગયાં; છતાં તેની માતા પાછી આવી નહિ.

'મા ક્યાં ગઈ?' એ પ્રશ્ન કુસુમાયુધના હૃદયમાં સતત રમ્યા કરતો હતો.

કોઈ કહેતું: 'એ તો પ્રભુના ધામમાં ગઈ.' કોઈ કહેતું: 'મામાને ઘેર ગઈ.' કોઈ કહે: 'એ તો જાત્રા કરવા ગઈ છે.' નોકર કહેતો: 'એ તો મરી ગઈ.'

'પણ મને લીધા વગર એ કેમ ગઈ?' કુસુમાયુધની એ આંસુભરી ફરિયાદ સૌની આંખમાં આંસુ લાવતી હતી. એક વર્ષ સુધી એ ફરિયાદ કરી કરી થાકેલા બાળકે છેવટે પ્રશ્ન બદલ્યો: 'પણ મા પાછી તો આવશે જ ને?'

એ પ્રશ્ન સાંભળી સૌ કોઈ તેની સામે જોઈ રહેતું, કવચિત્ આંખ ઉપર લૂગડું ઢાંકી દેતું, અને કોઈ વખત થડકતે કંઠે જવાબ આપતું: 'હા હા, આવશે હો! જાઓ, રમો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો જવાબ બાળકના અંગેઅંગમાં સ્ફૂર્તિ પ્રેરતો. તે દોડતો, રમતો, હસતો, ચારપાંચ દિવસે વળી પાછો એનો એ પ્રશ્ન પુછાતો. છેવટે તેણે એ પ્રશ્ન પૂછવાનું પણ ઓછું કરી નાખ્યું. આસપાસનાં સર્વ મનુષ્યોએ કાવતરું કરી તેને તેની માથી વિખૂટો પાડ્યો હોય એવી માન્યતા તેના હૃદયમાં જન્મી અને તે એકલો એકલો રમવા લાગ્યો. માત્ર રાત્રે ઊંઘમાં તે કોઈવાર લવી ઊઠતો: 'મા! મા!'

તેનો પિતા ઝબકીને જાગી ઊઠતો અને તેને શરીરે હાથ ફેરવતો.

એકાએક તેણે સુંદર મુખવાળી કોઈ સ્ત્રી ઘરમાં જોઈ. માનું મુખ કોઈ પણ દેખાવડી યુવતીમાં જોવા તે મથતો. માના સરખું લૂગડું પહેર્યું હોય એવી સ્ત્રીને તે ધારીધારીને જોતો, એવી કોઈ સ્ત્રી મળવા આવી હોય તેને ઘરમાં રહેવા આગ્રહ કરતો. માની નજરનો ભૂખ્યો બાળક આમ તેની સમજ પ્રમાણે માની શોધખોળ કર્યા કરતો હતો.

બીજી સ્ત્રીઓ આવીને જતી રહેતી. આ સ્ત્રી તો પાછી બધાંની માફક નાસી નહિ જાય? એ વિચારે તેને ગભરાવ્યો. સૌની માફક આ યુવતીએ પણ તેને પાસે બોલાવ્યો. તેણે બેત્રણ પેટીઓ પોતાના સૂવાના ઓરડામાં ગોઠવાવી તે ઉપરથી એને લાગ્યું તો ખરું કે આ સ્ત્રી બહુ ઝડપથી નાસી નહિ જાય. છતાં ખાતરી કરવા તેણે પૂછ્યું: 'તમે અહીં રહેશો કે જતાં રહેશો?'

પેલી યુવતીને હસવું આવ્યું. તેણે સામો પ્રશ્ન કર્યો: 'તમને શું ગમશે? હું રહું તે કે જાઉં તે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અહીં રહો તે જ ગમે.' કુસુમાયુધે જવાબ આપ્યો. તેને સમજ પડી નહિ કે આ સ્ત્રી તેને બહુવચનથી શા માટે સંબોધે છે.

તે સ્ત્રીએ કુસુમાયુધને થોડાં રમકડાં આપ્યાં, સારાં કપડાં પહેરાવ્યાં, માથું ઓળી આપ્યું, પોતાની સાથે જમવા બેસાડ્યો. બાળકને બહુ નવાઈ લાગી. આવી સારી સ્ત્રી કોણ હશે? કેમ આવી હશે? કુસુમાયુધ તેની આસપાસ જ ફરવા લાગ્યો.

તેને એમ પણ લાગ્યું કે પોતાની માફક પિતાને પણ આ સ્ત્રી ગમી છે ખરી. પરંતુ પિતાની આગળ તે બહુ ધીમે ધીમે કેમ બોલતી હતી? આડું કેમ જોયા કરતી હતી? આછું આછું હસતી કેમ હતી? આ સ્ત્રી ઘરમાં રહ્યા જ કરે તો કેવું સારું? મા પણ કેવી ઠરીને ઘરમાં રહેતી હતી?

કસુમાયુધથી રહેવાયું નહિ એટલે સૂતા પહેલાં તેણે પૂછ્યું: 'તમે મારાં સગાં થાઓ કે નહિ?'

'હા.'

'શા સગાં થાઓ?'

યુવતી સહજ અટકી. તેની આંખ સ્થિર થઈ. તેણે સગપણની સમજ નહિ પડી હોય કે શું? તત્કાળ સ્થિર થઈ તેણે જવાબ આપ્યો: 'હું તમારી મા થાઉં.'

'મા?'

કુસુમાયુધના હૃદયમાં અનેક વિચારો આવી ગયા. સગપણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભરતાં ખરેખર તેને એક વખત તો એમ જ થયું કે માની કોટે બાઝી પડું. પરંતુ કોણ જાણે કેમ તે એવી ચેષ્ટા કરી શક્યો નહિ. છતાં તેણે તે સ્ત્રીનો હાથ પકડી લીધો અને પોતાના બે હાથ વડે દાબ્યો. મા કહેવડાવવા માગતી સ્ત્રી જરા હસી; પરંતુ એટલું હસવું કાંઈ બસ થાય? શા માટે તે પોતાને ખોળામાં લઈ વહાલ નથી કરતી? કુસુમાયુધે શંકા પૂછી: 'તમે મારાં ખરાં મા થાઓ?'

બાળકની બુદ્ધિ મોટાંને તાવે છે. પરણીને આવેલી તે પહેલે જ દિવસે એક બાળક આ યુવતીની કપરી પરીક્ષા લેતો હતો. તે જાણતી હતી કે મારે એક બાળકને ઉછેરવાનો છે; તે જાણીને જ તેણે પોતાનાં લગ્ન થવા દીધાં હતાં. પરંતુ બાળઉછેર એ માને જ અતિ વિકટ થઈ પડતો પ્રશ્ન અપરમાને તો ઘણો જ વિકટ થઈ પડે એવો હતો, એની તેને પૂરી ખબર નહોતી. છતાં તેણે જવાબ આપ્યો: 'હા ભાઈ! હું તમારી ખરી મા થાઉં, હો!'

'ત્યારે તમે મને 'તું' કહીને કેમ બોલાવતાં નથી?'

'એમ કરીશ.'

'અને હું તમને શું કહું?'

'બહેન કહેજો.'

મા કે બા જેવો શબ્દોચ્ચાર સાંભળવાની એ યુવતીની હજી તૈયારી નહોતી. પત્ની તરીકેના કંઈ કંઈ કોડ તેને પૂરવાના હતા. 'મા' કે 'બા' શબ્દ તો બહુ ઘરડો પડે એમ તેને લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળક હતાશ થયો. એ તેની ખરી મા નહોતી. નિઃશ્વાસ નાખી તે ઊંઘી ગયો.

બીજી વાર લગ્ન કરનાર પુરુષને લોકો હસે છે, મહેણાં મારે છે. ક્વચિત્ તેનો હળવો તિરસ્કાર પણ કરે છે. મોટે ભાગે સ્ત્રીઓ અને પત્નીસુખ ભોગવતા પુરુષો આ વૃત્તિ ધારણ કરે છે. સ્ત્રીઓની એ વૃત્તિ સકારણ છે. સ્ત્રીઓને સંસારસુખ વગર ચાલશે અને તેમણે ચલાવવું જ જોઈએ એવી પ્રથા પાડનાર પુરુષો સંસારસુખ વગર ક્ષણ પણ ચલાવી ન લે તો તેઓ સ્ત્રીઓના તિરસ્કારને પાત્ર છે, જ પરંતુ પત્નીસહ સંસાર-સુખ અનુભવતા પુરુષો પણ એ તિરસ્કારવૃત્તિ દેખાડવામાં સામેલ થાય, ત્યારે તેમને કોઈ જરૂર કહી શકે કે એ હક તમારો નથી.

બાળક કુસુમાયુધના પિતાએ ફરી લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. પુરુષના એ હકનો તત્કાળ સ્વીકાર થયો અને તેનાં લગ્ન થયાં. પુરુષ સમજણો હતો; તેણે પરણવા તૈયાર થયેલી યુવ-તીને કહી દીધું કે ગત પત્નીના પુત્રને પોતાના પુત્ર તરીકે જ તેણે ઉછેરવો પડશે. યુવતીએ તે કબૂલ કર્યું. એક પ્રકારના ઉત્સાહથી કબૂલ કર્યું અને ઘરમાં આવી માતૃભાવભૂખ્યા કુસુમાયુધને પોતાના જ પુત્રની માફક ઉછેરવાનો પ્રામાણિક પ્રયત્ન તેણે આદર્યો.

'કુસુમાયુધ! હવે ઊઠશો કે? સાત વાગી ગયા,' ધીમેથી તે બાળકને જગાડતી.

'હવે માથામાં ધુપેલ નંખાવવું જોઈએ,' બાળક તેની પાસે બેસી વાળ ઓળાવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હવે નાહી લ્યો.' કુસુમાયુધ નાહી લેતો.

'ભાઈ! હવે ઊઠી જાઓ. બે કરતાં વધારે રોટલી ન ખવાય.' માતાની આજ્ઞા પાળી બાળક ઊઠી જતો.

'બહુ દોડવું નહિ, હો!' બાળકના પગ આજ્ઞા થતાં અટકી જતા.

'અને ચીસ પાડીને બોલાય જ નહિ,' બાળકના અણુઅણુમાં ઊભરાતો ઉત્સાહ શમી જતો.

બાળકને રીતસર ઉછેરવાની તીવ્ર વૃત્તિ અપરમામાં જાગૃત થઈ ગઈ. બાળક સુખી અને સારો થાય એ માટે તેણે ભારે મહેનત લેવા માંડી.

બાળક સારો થતો ચાલ્યો, આજ્ઞાધારક થતો ચાલ્યો; પરંતુ તેને ખરેખર શંકા થવા લાગી: 'મા આવી હોય?'

આકાશમાં ઊડતું–કલ્લોલતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની જાય અને જે સ્થિતિ અનુભવે, તે સ્થિતિ કુસુમાયુધની થઈ, તેનાં કપડાંમાં સ્વચ્છતા આવી; તેની ગતિમાં સ્થિરતા આવી; ગૂંચવનારી પ્રશ્નપરંપરાને બદલે ડહાપણભરી શાંતિનો તેણે સહુને અનુભવ કરાવ્યો; અને આખો દિવસ પગ ન વાળતો ધાંધલિયો છોકરો નિશાળે જવાની પણ હા પાડવા લાગ્યો.

માત્ર તેનું શરીર સુકાતું ચાલ્યું.

'આ કુસુમાયુધ બિલકુલ લોહી લેતો નથી. ડૉકટરને પૂછો ને?' અપરમાને ચિંતા થઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતાને વધારે ખાતરી થઈ કે મા પોતાની ફરજ બરાબર બજાવે છે. તેણે સારા ડૉક્ટરને બોલાવ્યો. ડૉક્ટરે કુસુમાયુધને જોઈ મત આપ્યો: 'કાંઈ ખાસ વિક્રિયા નથી. કૉડલીવર આપો.'

માએ કૉડલીર કાળજીપૂર્વક પાવા માંડ્યું. બાળકને લાગ્યું કે આ ગંદી દવા પીવી એના કરતાં માંદા રહેવું એ વધારે સારું છે, છતાં માની શિખામણ અને આગ્રહ આગળ તેણે પોતાના મતને કચરી નાખ્યો.

'ભાઈ! આટલી દવા પી લ્યો, પછી રમવા જાઓ,' મા કહેતી.

'બહેન! એ તો નથી ભાવતી.'

'ન ભાવે તો ય એ તો પીવી પડે.'

'કેમ?'

'ડૉક્ટર સાહેબે કહ્યું છે.'

'એમના કહ્યા પ્રમાણે કરવું જોઈએ?'

'હાસ્તો!'

'તે બધાયના કહ્યા પ્રમાણે કરવું જોઈએ?'

'મોટાં કહે તે પ્રમાણે નાનાંએ કરવું જ જોઈએ.'

'ન કરીએ તો?'

'માંદા પડાય.'

'હું માંદો પડ્યો છું?'

'હા જરાક.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દવા ન પીઉં તો ?'

'તો મરી જવાય.'

અપરમાએ બીક બતાવી. બાળકને તે ધમકાવતી નહિ. બાળઉછેર વિષે તેણે ઘણું વાંચ્યું હતું એટલે ધમકાવવા કરતાં વાદવિવાદ કરી બાળકને નિરુત્તર બનાવી તેની પાસે પોતાનું કહ્યું કરાવતી. આટલી લાંબી વાત ક્વચિત જ થતી, પરંતુ થતી ત્યારે બાળકને શાસ્ત્રીય રીતે સમજાવ્યાનો તેને સંતોષ થતો. જો કે બાળકનો મત એ વિષે જુદો જ હતો.

'મરી જવાય તો શું ખોટું ?' શાંત બની કૉડલીવર પી જતા બાળકના હ્રદયમાં પ્રશ્ન થયો.

'મા મરી ગઈ છે એમ કોઈ કહેતું હતું.' તેને પોતાની માતા સંબંધી ઝાંખી ભુલાઈ જવા આવેલી વાત યાદ આવી.

'હું પણ મરી જાઉં તો માને મળાય નહિ ?' તેના મને તર્ક કર્યો. એ તર્ક તેને પ્રમાણરૂપ લાગ્યો.

કૉડલીવર અને કાળજી છતાં કુસુમાયુધ ખરેખર માંદો પડ્યો.

(૩)

'ભાઈ! તમને શું થાય છે?' નિત્યનિયમ પ્રમાણે નાહીને જમવા આવતા બાળકને માતાએ પૂછ્યું.

'કાંઈ નહિ, બહેન !' કુસુમાયુધે જવાબ આપ્યો.

'અરે, પણ તમારી આંખો તો લાલ થઈ ગઈ છે!'

'મને ખબર નથી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને આ શરીર ઉપર રૂંવાં ઊભાં થઈ ગયાં છે!'

'જરા ટાઢ વાય છે.'

'ત્યારે તમે નાહ્યા શું કરવા?'

'નાહ્યા સિવાય જમાય નહિ અને જમ્યા સિવાય તો નિશાળે કેવી રીતે જવાય?' કુસુમાયુધે પોતાના જીવનને ઘડતા એક ગૃહનિયમનું પ્રમાણ ટાંક્યું. એમ કરતાં બાળક વધારે કંપી ઊઠ્યો. માતાએ જોયું કે કુસુમાયુધના દાંત કકડી ઊઠતા હતા. તેણે બૂમ પાડી: 'અરે બાઈ! જો ને, ભાઈને તાવ તો નથી આવ્યો?'

નોકરબાઈએ આવી બાળકના શરીરને હાથ અડાડ્યો અને કહ્યું: 'બા સાહેબ! શરીર તો ધીકી ઊઠ્યું છે!'

'આમ એકદમ શાથી થયું?'

'હું નવડાવતી હતી ત્યારે મને શરીર જરા ઊનું લાગ્યું હતું.'

'ત્યારે તેં નવડાવ્યો શું કામ?'

'મારા મનમાં કે અમસ્તું જ હશે.'

'જા જા, પથારી પાથરી ભાઈને સુવાડી દે. બરાબર ઓઢાડજે. હું ડૉક્ટરને બોલાવું.'

'પણ બહેન! મારી નિશાળનું શું?' નોકરબાઈના હાથમાં ઉંચકાતા કુસુમાયુધે પૂછ્યું.

માતાને આ બાળકની નિયમભક્તિ જોઈ દયા આવી. તે બોલી ઊઠી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મોઈ નિશાળ! આવા તાવમાં જવાય? જઈને સૂઈ જાઓ, ભાઈ, હો! હું આવું છું.'

નોકરબાઈ બાળકને ઊંચકી લઈ ગઈ. માતા બબડી ઊઠી: 'ભાડૂતી માણસો! એમને શી કાળજી? શરીર ઊનું હતું ત્યારે નવડાવ્યો જ શું કામ? પણ નોકરને શું?'

થોડીવારમાં ભાડૂતી ડૉક્ટર પણ આવી પહોંચ્યા. ભાડૂતી બાઈના હવાલાને બદલી નાખી તે ક્ષણ પૂરતો બાળકનો હવાલો અપરમાએ લીધો. બાળકને તાવ કેમ આવ્યો, ક્યારે આવ્યો વગેરે હકીકત તેણે ડૉક્ટરને કહી. સૂવા મથતા બાળકની આંખોનાં પોપચાં ડૉક્ટરે ખેંચી ઉઘાડ્યાં; તેની બગલમાં થર્મોમીટર ખોસી દીધું; બાળકને તેમણે ચત્તું કર્યું, ઊંધું સુવાડ્યું અને તેની છાતી, પેટ તથા વાંસામાં તડિંગ તડિંગ આંગળાં ઠોક્યાં. ઊથલાઊથલી પૂરી કરી ડૉક્ટરે દવા લખી આપી; અને જરૂરપડ્યે ફરી બોલાવવાનું ધીરજપૂર્વક સૂચન કરી તેઓ ચાલ્યા ગયા.

બાળકનો તલખાટ વધી ગયો. તેનો દેહ આમતેમ તરફડતો હતો. માતાએ ડૉક્ટરને ફરી બોલાવ્યા. બાળકના પિતાને પણ કચેરીએથી બોલાવ્યા. પતિપત્ની બાળકની પાસેથી ઊઠ્યાં નહિ. રાત્રે માએ જમવાનું પણ માંડી વાળ્યું.

બાળકના માથા ઉપર સતત બરફ મૂકવાનો ડૉક્ટરનો હુકમ હતો. ડૉક્ટર હુકમ આપતી વખતે હુકમ પળાવાની શક્યતાનો ભાગ્યે જ વિચાર કરે છે. નોકરો બરફ મૂકી કંટાળ્યા, અને બાળકના માથા ઉપર જ ઝોકાં ખાવા લાગ્યા. માતાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરોને સુવાડી દીધા અને બરફ ફેરવવાનું પોતે શરૂ કર્યું. ફરજ બજાવવા મથતી માતાને એમાં કાંઈ ભારે કામ લાગ્યું નહિ. રાતના બાર વાગતા સુધી તેણે વગર આંખ મીંચ્યે બાળકને માથે બરફની થેલી ફેરવ્યા કરી. પછી તેના પતિએ આગ્રહ કરીને તેને સુવાડી અને તે પોતે પુત્રની શુશ્રૂષામાં રોકાયો.

માતાને કોણ જાણે કેમ ઊંઘ ન આવી. જરા વાર થઈ અને બાળકે ચીસ પાડી: 'ઓ મા!'

અપરમા પથારીમાંથી એકદમ ઊઠીને બેઠી થઈ ગઈ. અણઘડ પુરુષના હાથમાંથી થેલી તેણે લઈ લીધી અને તે પાછી પોતે બાળક પાસે બેઠી.

રાત્રિના એકાંતમાં ફરી બાળક લવી ઊઠ્યો: 'મા!'

'ઓ દીકરા!' એમ જીભે આવેલા શબ્દ માતાએ ઉચ્ચાર્યા નહિ; તેને જરા શરમ આવી. તેણે માત્ર એટલું જ પૂછ્યું: 'કેમ ભાઈ! શું છે?'

બાળકે આંખ ઉઘાડી અને અપરમા સામે જોયું.

'તમે નહિ.' કહી બાળકે આંખ મીંચી દીધી.

'બૂમ પાડી ને?'

'એ તો માને બૂમ પાડી.' આંખ ખોલ્યા વગર બાળકે કહ્યું.

'તે હું જ મા છું ને!' માતાએ કહ્યું.

બાળકે ફરી આંખ ઉઘાડી માતા તરફ તાકીને જોયું.

'હા, પણ હું તો મારી ખરી માને બોલાવું છું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપરમાનું હૃદય ધડકી ઊઠ્યું. તેના હૃદયમાં ચીરો પડ્યો: 'હજી આ બાળકને હું ખરી માતા સરખી નથી લાગતી ?'

તેણે કહ્યું: ' 'તે હું જ વળી ખરી મા છું.'

'ખરી મા મને તું કહેતી હતી તમે નહિ.'

'મેં ક્યારે તને 'તમે' કહીને બોલાવ્યો ?' માતા જુઠ્ઠું બોલી.

'પણ મારી ખરી મા તો મરી ગઈ છે ને ?'

'તે હું પાછી આવી, જોતો નથી ?'

'કેમ ?'

'આ દીકરા, તારે માટે !'

અપરમા ખરી મા બની ગઈ. તેણે બાળકના મુખ ઉપર પહેલું ચુંબન લીધું. તેના હૃદયમાં માતૃત્વનો પાતાળકૂવો ફૂટી નીકળ્યો. બાળકની નાની પલંગડીમાં તે સૂતી અને બાળકને તેણે છાતી સરસો દાબી દીધો.

બાળકને આ ઉમળકાનો ઊંડો અર્થ સમજવાની જરૂર નહોતી. તે તો એટલું જ સમજ્યો કે આમ છાતી સરખો ચાંપીને ખરી મા જ સૂએ. ખરી માને બાઝીને કુસુમાયુધ ગાઢ નિદ્રામાં પડ્યો; તેના દેહને બાળતો અગ્નિ શાંત પડી ગયો.

હવે તેના મસ્તક ઉપર બરફ મૂકવાની જરૂર નહોતી. આજે તે માની અમૃતભરી સોડ પામ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોદર

લે૦ રામનારાયણ વિ. પાઠક

વકીલ પરમાણંદદાસનાં પત્ની ચંદનગૌરી ગુજરી ગયાં ત્યારે એમનો બેનો પ્રેમ જાણનારા એમ જ માનતા કે પરમાણંદદાસ કદી આ આઘાતમાંથી ઊભા થઈ શકશે નહિ. પણ તેઓ તો સિદ્ધાંત પ્રમાણે ચાલનારા હતા. સ્મશાનયાત્રામાંથી પાછા ફર્યા પછી બીજે જ દિવસે તેમણે પોતાના નોકર કોદરને બોલાવી કહ્યું: 'જો કોદર! હવે આપણા શાંતિબાબુનાં આપણે જ બા થવાનું. તારે અને મારે થઈને એની બધી સંભાળ લેવાની. તું મારા કહ્યા પ્રમાણે ચાલીશ તો તેમાં કાંઈ બહુ મુશ્કેલી પડવાની નથી.'

સામાન્ય માણસને લાગે કે પરમાણંદદાસ જેવા પ્રતિષ્ઠાવાળા, રુઆબવાળા, કડપવાળા વકીલ પોતાના એક તુચ્છ નોકરને આવી વાત ન કરે, પણ એમના સખત અને જલદ સ્વભાવમાં અત્યંત માર્દવ પણ હતું, જે તેમનાં પત્ની સારી રીતે જાણતાં અને જેનો અનુભવ કોદરને પહેલેથી હતો. કોદર તેમના ઘરના માણસ જેવો થઈ ગયો હતો. છપ્પનિયા પહેલાંના કોઈ કાઠા વરસમાં એ છોકરો ઉત્તર ગુજરાત તરફથી રખડતો રખડતો આવેલો અને તેની નાતજાતની પડપૂછ કર્યા વિના પરમાણંદદાસે તેને પોતાના ઘરમાં નોકર રાખ્યો, મોટો કર્યો, થોડું ભણાવ્યો અને ઘરના માણસ તરીકે પોષ્યો. ચંદનગૌરીના પણ તેના ઉપર ચારેય હાથ હતા. તેના આવ્યા પછી આ એક શાંતિબાબુનો જન્મ થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે તેમને મન કોદર સારાં પગલાંનો હતો. અને કોદરને તેમને અનુકૂળ રહેવાનો સ્વભાવ પડી ગયો હતો. પરમાણુંદદાસ પણ કોદરથી ખુશ રહેતા. તેમને ખુશ કરવા બહુ સહેલું પણ હતું; કારણકે તે સિદ્ધાંત પ્રમાણે ચાલનારા હતા. તેમની જરૂરિયાતો ઓછી હતી અને તે પૂરી પડતાં તેઓ તરત ખુશ થતા.

પરમાણુંદદાસે, શાંતિએ કેટલે વાગે ખાવું, કેટલે વાગે રમવું, કેટલે વાગે તેને ફરવા લઈ જવો, કેટલે વાગે ઉંઘાડવો, કેટલે વાગે જગાડવો તે સર્વ નક્કી કરી દીધું. તેમનો કાયદા ઘડવાનો સ્વભાવ, જે પત્નીના માર્દવમય વાતાવરણમાં મુગ્ધ થઈ પડી રહ્યો હતો તે હવે જાગ્રત થયો અને તેમણે કઈ ઋતુમાં કયાં કપડાં પહેરાવવાં, ચોમાસામાં અમુક જ ફલાલીનનાં કપડાં કરાવવાં, ચામાં ઋતુએ ઋતુએ કયો મસાલો નાખવો તે પણ ધાર્મિક ચોકસાઈથી નક્કી કરી દીધું. શાંતિ મોટો થતો ગયો તેમ તેમ તેની નિશાળનો વખત, તેણે કયે દિવસે કઈ દિશામાં ફરવા જવું, કેટલે દૂર જવું, કઈ કસરતો કરવી વગેરે સર્વ દિવસવાર અને કલાકવાર નક્કી કરી દીધું. એ જમાનામાં અંગ્રેજોનો વખતસર અને ચોકસાઈથી કામ કરવાનો ગુણ ઘણો મોટો ગણાતો અને પરમાણુંદદાસે ઘરમાં તેનો અમલ પૂરેપૂરો કર્યો.

કેટલાક માનસશાસ્ત્રીઓ આ સાંભળી કહે કે આવા ઘરમાં કોદરે બંડ કર્યું હશે, શાંતિએ તોફાન કર્યું હશે, ઘરમાંથી નાસી ગયો હશે, અથવા ચોરતાં શીખ્યો હશે, બાપને ધિક્કારતાં શીખ્યો હશે, અથવા બાપ મરી ગયા પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે તદ્દન ઊલટાં આચરણો કર્યાં હશે. પણ આમાંનું કશું જ બન્યું નહોતું. શાંતિ ઘણી જ તંદુરસ્ત અને મનદુરસ્ત સ્થિતિમાં મોટો થતો ગયો અને પરમાણંદદાસ ગુજરી ગયા પછી શું થયું તે તો મારી વાતનો મુખ્ય વિષય છે. એટલે હમણાં કહેતો નથી, પણ તેમના જીવતાં તો ઘર ઘણું સારું ચાલ્યું. પ્રચારની દૃષ્ટિથી કહેતો નથી, અને આમ ક્યાંક લખવાથી કે એકાદ દાખલાથી કોઈ કશું માની જતું નથી, પણ પરમાણંદદાસનો આ પ્રયોગ તો ઘણો જ સફળ થયો. કોદર એક સાથે શાંતિની મા, તેનો મોટો ભાઈ અને ચાકર બન્યો. શાંતિ મોટો થયો ત્યારે તેણે પણ, શબ્દ પાછળની વ્યંજના પેઠે, બધા નિયમોની પાછળ રહેલી પિતાની નિઃસીમ મમતા, મૃદુતા, ઉદારતા, મુક્તિ અનુભવી. અને જો કે આવી વસ્તીવાળા ઘરનો કોઈ એકમ તરીકે વિચાર કરે નહિ પણ નોકર અને પિતાપુત્રનું આ ઘર એક આદર્શ ઘર બન્યું.

આવા નિયમબદ્ધ વ્યવહારવાળા ઘરમાં કશા જ બનાવો ન બને એ સ્વાભાવિક છે. પણ શાંતિ બી. એ. થઈ રહ્યો ત્યારે એક બનાવ બન્યો. પરમાણંદદાસના મિત્રોએ શાંતિને બારિસ્ટર બનાવવાનું કહ્યું. પરમાણંદદાસને પણ પોતાનો દીકરો બારિસ્ટર થઈ પોતાનો ધંધો હાથ કરે એવા કોડ થયા. તેમણે તરત જ નક્કી કરી નાખ્યું. તેને માટે ઇંગ્લેંડમાં જે કાંઈ પત્રવ્યવહાર કરવો જરૂરનો હતો તે કર્યો. બીજી તરફ તેમના સિદ્ધાંત પ્રમાણે શાંતિ ઇંગ્લેંડ જવા ઊપડે તે પહેલાં તેને પરણાવવાની તજવીજ કરવા માંડી. સુરત નજીકના એક ગામના એક સંસ્કારી કુટુંબની, તે જમાનામાં મળી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેટલી મોટી ઉંમરની કન્યા, નામે માલતી સાથે તેમણે શાંતિનાં લગ્ન પણ કરી નાખ્યાં. શાંતિને ઇંગ્લેંડ મોકલવા પહેલાં, પરમાણંદદાસના સિદ્ધાંતમાં એવું આવતું હશે તે, તેમણે પુત્રને અને પુત્રવધૂને પાસે બોલાવ્યાં, અને હજી માલતીએ ઊંચું મોં કરીને શાંતિને કદાચ જોયો ય નહિ હોય અને તેની સાથે વાતે ય નહિ કરી હોય તે પહેલાં પુત્રની સામે જોઈને, પણ બંનેને ઉદ્દેશીને કહ્યું: 'શાંતિ ઇંગ્લેંડ જાય પછી તમે બંને એકબીજાને કાગળો લખજો. મેં જમિયતરામભાઈને વાત કરી છે.' પુત્રની ડાયરીમાં માલતીના પિતા જમિયતરામનું સરનામું લખાવ્યું અને માલતી પાસે ડાયરી નહોતી એટલે કોદર પાસે મંગાવીને શાંતિ પાસે તેમાં ઇંગ્લેંડનું તેનું સરનામું લખાવીને તે ડાયરી માલતીને આપી. પુત્રને ઇંગ્લેંડ વિદાય કર્યો, પુત્રવધૂને પિયેર મોકલી અને પોતે 'મજબૂત મનના રહેવું જોઈએ,' 'નકામી હૃદયની નરમાશ શી બતાવવી' કરી, પુત્રને વળાવવા મુંબઈ સુધી પણ ન ગયા.

શાંતિએ ઇંગ્લેંડ જઈ માલતી સાથે પુષ્કળ પત્રવ્યવહાર કર્યો; પણ તેમાં ક્યાંય સંવનન કે પ્રેમની વાત આવતી નહોતી. તેનામાં પિતાનો વારસો ઊતર્યો હતો એમ કહો, કે પિતાના સ્વભાવની તેના મન ઉપર એવી અસર થઈ હતી એમ કહો, તેને બોલ્યા વિના એકલા ઊંડો વિચાર કરવાની ટેવ પડી હતી. તે પોતાની ઊંડી લાગણી શબ્દોમાં મૂકતાં કે બીજી રીતે બતાવતાં શરમાતો. લાગણી જેમ તેના હૃદયની વધારે નિકટની, તેમ તે વિશે તે વધારે મૂગો રહેતો. તેણે પ્રેમ સિવાયની જ બધી વાતો કર્યા કરી. પોતે કેમ રહે છે, કોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે છે, શું જોવા જાય છે, ઇંગ્લેંડની રીતભાત કેવી છે, એ જ તેણે લખ્યા કર્યું.

એ સિવાય તેણે કાંઈ બીજું લખ્યું હોય તો તે માત્ર પોતાના પિતાના ગુણો વિશે. કારણકે શાંતિ એમ માનતો કે પોતે ઘર માંડ્યા પછી તેની પહેલી ફરજ પિતાને સંતોષ આપી સુખી કરવાની છે અને તેમાં તેની પત્ની સહધર્મચારિણી થાય એમ તે ઇચ્છતો હતો.

પણ પરમાણંદદાસના જીવનમાં આ ચાકરી ભોગવવાનું હતું નહિ. પુત્ર ઇંગ્લેંડ ગયા પછી જાણે તેમની સર્વ શક્તિઓ હરાઈ ગઈ. પુત્રને સ્ટેશને વિદાય કરીને પાછા આવી, તેમણે હજી સુધી બહાર નહિ કાઢેલી પોતાની પત્નીની અને કુટું-બની છબીઓ અને થોડા દિવસ પર પડાવેલ. પુત્રની છબી બેઠકના ઓરડામાં બહાર મૂકી, અને તે રાતે કોદરે જમવા બોલાવતાં, તેમની નિયમિત જિંદગીમાં કદાચ પહેલી વખત જ, તેમણે જમવાની ના પાડી. શાંતિનો પત્રવ્યવહાર નિયમિત હતો. તેને તેઓ પોતાના ખુશખબર નિયમિત આપ્યા કરતા, પણ તેમનું શરીર ઘસાતું જ ચાલ્યું. તેમના મિત્રોને ચિંતા થઈ, તેમણે ખરું કારણ કલ્પ્યું; પણ પુત્રને અભ્યાસ છોડાવી અહીં લાવવો કે તેને પોતાની માંદગીની ખબર આપવી એ તેમને સિદ્ધાંતની વિરુદ્ધ લાગ્યું. બીજી તરફથી તેમને તો ખાતરી જ હતી કે હવે દેહ ટકવાનો નથી. તેમણે મરણ બાદ શાંતિને નિયમિત પૈસા મળે તેની ગોઠવણ કરી, પોતાની બધી મિલકતની વ્યવસ્થા કરી અને જરા પણ નિર્બળતા બતાવ્યા વિના દેહ છોડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિને પિતાના મૃત્યુના સમાચારથી આઘાત લાગ્યો. ઘરનો ભાર પોતા પર આવ્યો તેનું ભાન તેને અસ્વસ્થ કરવા લાગ્યું. બીજી તરફથી માલતી સાથે રહેવાની ઇચ્છા તેને ગૂઢ રીતે આકર્ષવા લાગી. આથી હવે ઘર કેમ ચલાવવું, ઇંગ્લેંડના લોકો ઘર કેમ ચલાવે છે, કેવી વ્યવસ્થા રાખે છે, એ જ તેણે તેના પત્રોનો વિષય કર્યો હતો. યુરોપની મુસાફરીનો કાર્યક્રમ રદ કરી સીધા દેશમાં જવાનો કાર્યક્રમ જણાવી દીધો. તે પ્રમાણે મુંબઈ ઊતરી જમિયતરામને ઘેર થોડા કલાકો ગાળી માલતીને સાથે લઈ તે નક્કી કરેલા દિવસે સવારે અમદાવાદમાં ઊતર્યો.

સ્ટેશને કોદર સામો આવ્યો હતો. ઘેર જતાં ગાડીમાં રસ્તો આખો તેણે 'બાપુ'ને શું થયું, તે કેમ રહેતા, તેમને કેવી ચિંતા થતી, છેવટે કેમ ગુજરી ગયા અને અંત વેળાએ તેમણે શાંતિભાઈની અને માલતીબહેનની કેવી ભલામણ કરી એ વાત ઠેઠ સુધી જુદાજુદા રૂપમાં કહી 'અને મેં એમના પગો પર હાથ મૂકી કહ્યું, કે જેમ આજ સુધી કરતો'તો તેમ જ મરતાં સુધી ભાઈની ને બહેનની ચાકરી કરીશ,' ત્યારે બાપુનો જીવ ગતે ગયો! શાંતિલાલ કોદરના મોં પર તેની પ્રતિજ્ઞાની ભીષણતા અને ઉંમરના વધવા સાથે તેનો વધારે આગ્રહી વેગવાળો ધૂની થયેલો સ્વભાવ પણ જોઈ શક્યો. કોદરને હવે શાંતિલાલની ચાકરી સિવાય જીવનમાં કોઈ હેતુ રહ્યો નહોતો.

પિતા વિનાના થયેલા ઘરમાં શાંતિલાલે ગંભીર પગલે પ્રવેશ કર્યો. પરમાણંદદાસના વખતમાં જેમ ચીજો ગોઠવાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી તેમ જ બધું ગોઠવેલું હતું. માલતી પતિની ગંભીરતા સમજી ગઈ. ઘણી વાર પુરુષ ગમગીન થાય છે ત્યારે સ્ત્રી સ્વાભાવિક રીતે જ સ્ફૂર્તિમાં આવી પતિની આસપાસ સ્ફૂર્તિ અને આનંદનું વાતાવરણ ફેલાવવા પ્રેરાય છે. માલતીને લાગ્યું કે તેણે સૌથી પ્રથમ ચા–નાસ્તો તૈયાર કરવાં જોઈએ. તેણે કહ્યું: 'કોદરભાઈ, મને બધું બતાવો. લાવો હું ચા તૈયાર કરું. તમે એમને દાતણની સામગ્રી આપો.' પણ માલતીએ આ પરિસ્થિતિથી મનમાં મુગ્ધ રીતે કાર્યક્રમ ઘડ્યો હતો, તો કોદરે તો મહિનાઓ અને વરસોથી ઘડી રાખ્યો હતો. જાણે જગતનો સ્વાભાવિક નિયમ કહેતો હોય તેમ તેણે કહ્યું: 'બહેન, તમને શાંતિભાઈનો ચા કરવો નહિ ફાવે. કેમ ખરું ને ભાઈ! મેં તમારે બંનેને માટે દાતણ-પાણી મૂકી રાખ્યું છે.' એમ કહી તેણે શાંતિલાલ સામે જોઈ ઉત્તર માગ્યો. શાંતિલાલ પિતાના–કોદર અને પોતા સાથે પડાવેલા–ફોટા સામે જોતો હતો. તેને કોદર અત્યારે પિતાના એક જીવંત સ્મારક જેવો લાગતો હતો. તેણે કહ્યું: 'એને કરવા દો.' જેમ કોઈ બાળકને તેની રમત ભાંગતાં થાય તેમ માલતી ખસિયાણી પડી ગઈ. તે વખતે તો તે ગમ ખાઈ ગઈ, પણ ચા પીતી વખત કોદર કંઈ કામે દૂર જતાં તેણે શાંતિલાલને એક જ સવાલ ગંભીર થઈ પૂછ્યો: 'ગઈ કાલ મેં તમને ચા કરી આપી હતી તે તમને ફાવી નહોતી?' શાંતિલાલે સરળ રીતે હા પાડી. પણ માલતીના પ્રશ્નમાં વ્યંગ્યરૂપે એવું સ્પષ્ટ તહોમત હતું કે કોદરને આપેલ આદરનો તે ખુલાસો કરી શક્યો નહિ અને જરા અસ્વસ્થતાના વાતાવરણમાં કામ આગળ ચાલ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલતી નાહી રહીને રસોડામાં જાય છે તો કંસારનો સર્વ સામાન તૈયાર રાખી કોદર ઊભેલો. માલતી નાહતી હતી તે દરમિયાન તેણે શાંતિલાલને શું રાંધવું તે પૂછેલું. શાંતિલાલે ઠીક લાગે તે કરો એમ કહેલું. અને કોદરે કહેલું: 'ભાઈ, આજે તો કંસાર જ હોય, મેં તૈયાર કરાવી રાખેલ છે.' શાંતિલાલે 'ભલે' કહેલું અને તે પ્રમાણે ઉમંગમાં ને ઉમંગમાં માલતી રસોડામાં જાય તે પહેલાં તેણે બધું તૈયાર કરી મૂકેલું હતું. માલતી શું રાંધવું તેનો વિચાર કરે કે શું રાંધવું તે શાંતિલાલને પૂછવાનો વિચાર કરે કે પોતે નિર્ણય કરે, તે પહેલાં કોદરે કહ્યું: 'મેં ભાઈને પૂછ્યું છે. ભાઈએ કંસાર કરવાની હા પાડી છે.'

માલતીએ પોતે પૂછ્યું હોત તો શાંતિલાલ એ જ જવાબ આપત અને કદાચ માલતી પણ એ જ નિર્ણય કરત. પણ માલતીને આ પારકો નિર્ણય સ્વીકારવો પડ્યો તે ન ગમ્યું. બાળકને કંઈ પણ ચીજ હાથમાં લઈ મોંમાં મૂકતાં આવડે છે તે જ ક્ષણથી તે બીજાના હાથે ખાતું નથી. બીજાના હસ્તક્ષેપનો તેને અમર્ષ થાય છે. અને માણસ દરેક નવી પ્રવૃત્તિ કરે છે ત્યારે એ જ બાલમાનસથી તે શરૂ કરે છે. માલતીને પણ એ જ અમર્ષ થયો. તે પાછી બીજી વાર ગમ ખાઈ ગઈ.

જમી-પરવારી રહ્યા પછી શાંતિલાલે માલતીને કહ્યું: 'ઘરમાં સામાન મંગાવવો હોય તેનું લિસ્ટ તૈયાર કરો, આપણે મંગાવીએ.' ઘણીખરી વસ્તુઓ તો ઘરમાં હતી; પણ એકબે વસ્તુઓ સાથે માલતીએ સ્ટવનું નામ આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વખતે અમદાવાદમાં હજી સ્ટવ નવોસવો પ્રવેશ કરતો હતો અને માલતીને નવી જ ચીજ ઘરમાં વસાવવાનો શોખ થયો. પણ સ્ટવનું નામ સાંભળતાં કોદર એકદમ ચમક્યો અને બોલ્યો: 'ના ભાઈ, બાપુ સ્ટવ લાવવાની ના કહેતા હતા. તેનાથી રસોઈ ખરાબ થાય છે.' માલતીએ કહ્યું: 'આપણે ફક્ત ચા જ કરીશું, ઝટ થઈ શકે.' પણ કોદરે તરત જ રદિયો આપ્યો: 'તમે ચાની ફિકર કરો મા, ને હું કહેશો તેટલો વહેલો ઊઠીને કરી આપીશ. બાપુ કહેતા કે તેનાથી ભડકો થાય ને ક્યાંક બળી જવાય.' શાંતિએ 'કંઈ નહિ, હમણાં સ્ટવ વિના ચલાવી લો. પછી વાત.' કહી વાત બંધ કરી.

નદી પહેલી જ વખત પોતાના ઉદ્ભવસ્થાનમાંથી નીકળી આગળ જતી હોય અને તેના માર્ગમાં જડ ડુંગરો આવે ને તે મુઝાય, તેનાં પાણી ભટકાઈને પાછાં વળે અને તેનું પાત્ર ઊંડું ખોદાવા માંડે, તેમ માલતીના મનમાં થયું. તે જેટલી કોડીલી હતી તેટલો તેને આઘાત થયો. પણ તે જેટલી કોડીલી હતી તેટલી જ માનિની હતી, તીખી હતી ને ગૌરવવાળી હતી. તે ફરી ગમ ખાઈ ગઈ. 'ભલે ત્યારે એમ' કહી, તેણે એ વાત પૂરી કરી.

જેમ વેલની નસેનસમાં પાણી ફરી વળે, તેમ માલતીની દરેક ઊર્મિ, વિચાર, આઘાત, દુઃખ શાંતિલાલ સમજી શકયો હતો. તેને સમજાયું કે કોદરની રીત માલતીના ઊછરતા કોડની આડે આવે છે, પણ બીજી તરફ તે એ પણ સમજતો હતો કે કોદર ઘરડો થયો છે. જૂના નિયમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય તે કશું સમજી શકવાનો નથી, અને પિતાના આદેશ પ્રમાણે મારા સિવાય બીજા કશાને માટે જીવી શકવાનો નથી. તેને મનમાં થયું કે કોદરે પોતા માટે કેટલું કર્યું છે અને તેનું મન એક બાજુથી કેટલું આગ્રહી અને બીજી બાજુથી કેટલું ભંગુર, કેટલું બરડ થઈ ગયું છે તે માલતીને સમજાવું, તો જ માલતીનું સમાધાન થશે.

રાત્રે કોદરે પરમાણંદદાસના જ મુખ્ય ઓરડામાં બન્નેને માટે જૂની રીત પ્રમાણે ઢોલિયા બિછાવી રાખ્યા હતા. શાંતિ અને માલતી એકાંતમાં મળતાં શાંતિએ વક્તવ્યની પ્રસ્તાવના કરવા કહ્યું: 'કેમ, તને જરા એકલું તો લાગશે. તારા પિતાને ઘેર તો વસ્તારી કુટુંબ છે. અહીં તો કોઈ નથી.'

માલતીએ કહ્યું: 'ના, કોદરભાઈ છે ને!' એ એક જ વાક્યમાં તેણે એટલી કડવાશ, એટલી તીખાશ મૂકી કે શાંતિલાલ આગળ વાત જ ન કરી શક્યો. તેને લાગ્યું કે માલતીના અનુનયને માટે બીજો ઉપાય શોધવો પડશે.

આખી રાત બન્ને કશી પણ વાતચીત વિના સૂઈ રહ્યાં. માલતીએ પિયેરથી નીકળતી વખતે શાંતિના કાગળોમાં આવેલી હકીકત વિશે, તેણે સાઈકલ ઉપર કરેલી મુસાફરીઓ વિશે, તેણે એક રાત એક ડુંગર ઉપર રાતવાસો કરેલો અને ત્યાં ધુમ્મસના અંધારામાં ડુંગરની કરાડ ઉપર અજાણતાં આવી ચડેલા; જે વાંચીને માલતી ભયભીત થઈ ગયેલી અને તેનાથી તે અજ્ઞાત રીતે જિતાઈ ગઈ હતી એ વિશે, અનેક વાતો પૂછવાની મનમાં ધારેલી, પણ તેમાંથી એક પણ તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીભ પર આવી શકી નહિ. અમદાવાદ આવતાં ગાડીમાં એક બાઈએ માલતીને પૂછેલું: 'તમે ક્યાંનાં રહેવાસી?' અને માલતીએ જરા પણ વિચાર કર્યા વિના પિયેરનું નામ ન દેતાં 'અમદાવાદનાં' કહેલું, ત્યારે હવે માલતી તદ્દન મારી થઈ ગઈ છે એ વિચારનો ઉમળકો આવતાં, જળભર્યો મેઘ પર્વત પરની વનરાજિને આલિંગે તેમ, માલતીને આલિંગનમાં સમાવી દેવાની તેને ઈચ્છા થયેલી; પણ અત્યારે બન્નેની વચ્ચે જાણે કોદર આવી ગયો હતો. બન્નેની વચ્ચે હજારો માઈલનું અંતર હતું ત્યારે તેમનાં હૃદય નિકટ હતાં, અત્યારે બન્ને નિકટ હતાં ત્યારે તેમનાં હૃદયો ફરફર થતાં જતાં હતાં.

બીજે દિવસે સવારથી જ બનાવો અવળી દિશાએ ચાલવા લાગ્યા. માલતીએ વહેલાં ઊઠવાની ટેવ કેળવી હતી. તે સવારે દૂધવાળાનો અવાજ સાંભળી ઊઠીને દૂધ લેવા જતી હતી ત્યાં શુકનમાં સામો જ કોદર મળ્યો. તેણે કહ્યું: 'બહેન, શા માટે આટલાં વહેલાં ઊઠ્યાં છો? મેં દૂધ લઈ લીધું છે. દાતણ કરવાના પાટલા ઢાળી રાખ્યા છે. તમે દાતણ કરશો એટલામાં ચા તૈયાર થઈ જશે.'

માલતીને કોદર જાણે દરેક કામમાં આગળ જઈ આડો ફરતો જણાયો. નાની નાની બાબતમાં તેને જાણે પોતાનું જીવન વ્યર્થ થતું લાગ્યું. એક વેલીને સહસ્ર ફૂલે ફાલવું હોય પણ તેની કળીઓ ઊગતાં જ કપાય તેવી તેની દશા થઈ. અનેક નાનાં દુઃખો તેને પજવવા લાગ્યાં. અને તે દરેક નાના દુઃખની પછવાડે તેને અનંતતા દેખાવા લાગી. બીજા દિવસની આખરે પરિસ્થિતિ બગડી હતી, સુધરી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ને આમ દિવસો ને માસો ચાલવા માંડ્યા. માલતીને આ સ્થિતિ સામે ફરિયાદ કરવી કે તે ઉપર ગુસ્સો દર્શાવવો તે નિર્બળતા લાગી. આવી સ્થિતિમાં પ્રેમ કરવો, બતાવવો, આમંત્રવો કે યાચવો, તે તેને લઘુતા જણાઈ. તે એટલી ગૌરવશાળી હતી કે પોતાનું દુઃખ તેણે કોઈ પણ માણસ આગળ દેખાવા દીધું નહિ. બહારનાં કોઈ માણસ આમની સ્થિતિમાં કશું અસાધારણ જોઈ શકયાં નહિ; કોદર કદી જોઈ શકે તેમ નહોતો. શાંતિલાલ બધું જોતો હતો, સમજતો હતો પણ તેને માલતીના રસગર્ભ હૃદયની આસ-પાસ એવું એક જડ કોચલું બંધાતું જણાયું, કે જેને સહે-લાઈથી ભેદી શકાય એમ તેને ન લાગ્યું. સમગ્ર સ્થિતિના સકારણ ખુલાસા વિનાના કોઈ ક્ષણિક અનુનય કે પ્રેમોર્મિથી ન માને એવી તે માનિની હતી. અને આ કુટુંબના ગત અનુભવ વિના, તે અનુભવથી ઘડાયેલું કોદરનું માનસ, તે પોતાના જીવનના આવેશમાં સમજી શકે તેમ નહોતી, તો કોદરનો ઇતિહાસસિદ્ધ જડ આગ્રહ માફ કરી કે નિભાવી તો ક્યાંથી જ શકે? આવા ઘરમાં બે અત્યંત રસોન્મુખ હૃદયો એકબીજાથી પરાઙ્‌મુખ હિજરાતાં અકથ્ય દુઃખમાં દિવસો ગાળવા લાગ્યાં; સુખી એક માત્ર હતો કોદર, તેની સેવાની કૃતકૃત્યતામાં.

દરમિયાન શાંતિલાલ કોદરને માઠું ન લાગે તેમ તેને દૂર કરવાનો વિચાર કરતો હતો. તેને એક યુક્તિ જડી. ઑફિસમાં વધારે જોખમવાળા કામમાં તેના જેવા ભરોસાદાર માણસની જરૂર છે એમ કહી તેને ખાસ પોષાક પહેરાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સારી જગાએ બેસી રહેવાનું તેણે નિયુક્ત કરી નાખ્યું. એ રીતે ઘરમાં દિવસના ઘણાખરા કલાકોની તેની ગેરહાજરી તે મેળવી શક્યો. આથી માલતીને કોદર તરફની પજવણી ઓછી થઈ લાગી ખરી, પણ તેના મનનું સમાધાન ન થયું. તેને લાગ્યું કે જાણે તેના ઉપર ઉપકાર કરવા એક માણસને ખસેડ્યો છે. ગૃહિણીના સ્વાભાવિક અધિકારમાં પોતે આવી હોય એવી તેને પ્રતીતિ ન થઈ. શાંતિલાલ આ પણ સમજી ગયો. પણ ચાહીને–માંડીને વાત કરીને આવી અંગત વાતનો ખુલાસો કરવો એ તેને અરુચિકર, અ–નાજુક, અરસિક લાગ્યું. સમય જતાં માલતીનું મન જરા પીગળશે ત્યારે સ્વાભાવિક રીતે વાત કરવી ઠીક પડશે, એમ માની તેણે હમણાં વખત જવા દીધો. માલતીએ પોતાના સ્વભાવ પ્રમાણે કદી કશું પૂછ્યું પણ નહિ.

એક દિવસ બપોરના ઘરમાં ચાનું પાણી ઊકળતું હતું. માલતી બીજા ઓરડામાં હતી, ત્યાં કોદર ઑફિસના કાંઈ કામે આચિંતો આવ્યો અને ચા ઊકળતી જોઈ 'બહેન, તમે ચામાં મસાલો નાખવો ભૂલી ગયાં છો.' એમ બોલી અંદર ફુદીનો, એલચી, તજ વગેરે નાખ્યું. માલતી ત્યાં જાય અને કશું ન થાય એટલા માટે શાંતિલાલ ત્યાં ગયો અને 'કંઈ નહિ, ભલે કોદર ચા કરે' એમ કહી પાછો વળ્યો, ત્યારે ઘણા દિવસના રોષે માલતીના મોંમાંથી નીકળી ગયું: 'મને સમજાતું નથી કે હું તે એક વરને પરણી છું કે બેને?' પણ આ વાક્ય કહ્યા પછી તેને ઘણું જ માઠું લાગ્યું. અંતસ્તાપમાં અને મૂંઝવણમાં તેને હિસ્ટીરિયા થવા જેવું લાગ્યું, રડી જવાશે એમ તેને લાગ્યું. પણ તેણે મન ઉપર કાબૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખ્યો. એમાંથી એક પણ થઈ ગયું હોત તો બન્નેની વચમાં સમાધાનનો પ્રસંગ આવી જાત, પણ માલતીએ ફરી સઘળું મનોબળ ભેગું કર્યું અને બહારથી સ્વસ્થ થઈ. પોતાનું વાક્ય તેને માફી માગવા જેવું લાગ્યું હતું, પણ કોદરની સ્થિતિથી તેને પોતાને જે અન્યાય થતો હતો તે તેને અત્યારે ઊલટો વધારે તીક્ષ્ણ અને અસહ્ય લાગ્યો. તે માફી માગવા સુધી જઈ શકી નહિ. શાંતિલાલ જાણે તેની આંખો પારદર્શક હોય તેમ આ બધું સમજી શક્યો. તેણે માલતીને પોતાના મનથી જ માફી આપી; એટલું જ નહિ, તે સમજ્યો કે માલતી હવે વધારે સહન નહિ કરી શકે.

કોદર ઘેર ન આવે તેવી તેણે યુક્તિઓ કરી. પણ એ પ્રયોજન સ્ફુટ કર્યા વિના કરેલી એ યુક્તિઓથી એ પ્રયોજન પૂરેપૂરું સાધી શકાયું નહિ. એકવાર રવિવારના દિવસે એકબે મિત્રો બેઠા હતા. માલતી સાથે ચા-પાણીની તૈયારી થતી હતી, ત્યાં ઓચિંતો કોદર આવ્યો અને જૂની રીતે બોલ્યો: 'બહેન, તમે મસાલો નાખવો ભૂલી ગયાં છો?' શાતિલાલે આજે છણકો કરીને કહ્યું: 'દરેક બાબતમાં નકામી ડખલ શા માટે કરે છે? શાંતિથી બેસતાં નથી આવડતું?' કોદર કંઈક બાપુના વખતની વાત કરવા જતો હતો ત્યાં શાંતિલાલે ધમકાવીને કહ્યું: 'મારે એ નથી સાંભળવું. તું તારી જગાએ જા.'

'બાપુનું વચન નથી સાંભળવું' એ શબ્દોએ કોદરને આભ તૂટ્યા બરોબર લાગ્યું. તે ત્યાંથી એ જ વખતે પહેર્યે કપડે નીકળી ગયો. શાંતિલાલને લાગ્યું કે આ ખોટું થયું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મિત્રો અને માલતીની હાજરીમાં તેણે પોતાની લાગણી દબાવી રાખી. મિત્રો ગયા પછી તેણે તરત ઊઠીને તેને શોધવા પોતાના ઑફિસના નોકરોને મોકલ્યા. જમતાં તેને જમવું ભાવ્યું નહિ. માલતીએ આ બધું જોયું. તે સમજી અને તેને ઊલટું વધારે ખરાબ લાગ્યું. તેને ફરી મનમાં થયું કે કોદરને ઑફિસમાં કાઢ્યો તે માત્ર બહારથી મારું મન મનાવવા જ હતું, બાકી તો એમના હૃદયમાં માત્ર કોદર જ હતો. રાત્રે શાંતિલાલને ચિંતાતુર દેખતાં તેને લાગ્યું કે કોદર હાજરીમાં હતો તેથી વધારે હવે ગેરહાજરીમાં વ્યવધાનરૂપ થયો. આ દંપતી જે એટલાં બધાં એકમેકને ચાહતાં હતાં–ચાહવાને આતુર હતાં, તે પ્રેમની નિરાશાના લગભગ અંતિમ બિંદુએ પહોંચ્યાં. બન્નેને પોતાનો સહવાસ એક શિક્ષારૂપ હતો.

બીજે દિવસે પણ કોદરનો પત્તો લાગ્યો નહિ. કોદરને આ ઘર સિવાય કોઈ મિત્ર કે બેસવા–ઊઠવાનું ઠેકાણું નહોતું; એટલે તેની ખોળ વધારે મુશ્કેલ થઈ પડી. તેનું ગામ કયું હતું તે તો કોદર પોતે પણ ભાગ્યે જ જાણતો હશે. શાંતિલાલે માલતીને કશું જ જણાવ્યા વિના પોલીસ મારફત તપાસ કરાવી, પણ બીજે દિવસે પણ કશો પત્તો લાગ્યો નહિ.

ત્રીજે દિવસે બપોરે વરસાદ આવ્યો અને સાંજથી અમદાવાદમાં એવી ઠંડી પડી, જે કોઈ પણ જીવતા માણસની સાંભરણમાં નહોતી. પછીના દિવસોમાં આ ટાઢનું વર્ણન કરતાં વર્તમાનપત્રકારોએ લખેલું, કે ઠંડીને દિવસે પારો ૪૦ ડિગ્રી સુધી ગયો હતો. અમદાવાદ ફરતો ત્રીસ માઈલ સુધીનો પાક બળી ગયો છે. સરકારે ભયંકર દુકાળને પહોંચી વળવા તૈયા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીઓ કરવી પડશે. માત્ર પાક જ નહિ, ઘણાંખરાં મોટાં ઝાડો પણ કાળાં પડી ગયાં છે. મુંબઈ–અમદાવાદ વચ્ચે દોડતી મેઈલમાં ત્રણ માણસો ટાઢથી મરી ગયાં હતાં. કૂતરાં, વાંદરાં, ખિસકોલીઓ અને કબૂતર અને કાબરો સુદ્ધાં ટાઢથી મરી ગયેલાં રસ્તા ઉપર પડ્યાં હતાં અને બીજે દિવસે બપોરના બાર સુધી તેને ખેંચી જવાને ભંગી પણ મળી શક્યા નહોતા. શહેરમાં મજૂરી કરવા આવેલું કાઠિયાવાડનું એક ઢેડનું કુટુંબ નદીની રેતમાં સૂઈ રહેલું તે આખું, ધણી-ધણિયાણી અને પાંચ છોકરાં સર્વે ટાઢથી મરી ગયેલાં હતાં. એક વર્તમાનપત્રમાં વળી કોઈ લહેરી કવિએ આ ટાઢ ઉપર કવિત જોડયું હતું, જેની છેલ્લી પંક્તિઓ નીચે પ્રમાણે હતી:

બહુ અવગુણ પણ એક અદ્વિતીય ગુણ,
પિયુ–પ્રિયા હૈયાં આવાં બદ્ધ કદી હતાં નહિ.

આવી રાત્રે શાંતિલાલે બાર વાગ્યા સુધી અંદર દીવાનખાનામાં ફર્યા કર્યું. માલતીએ સૂતાં સૂતાં આ સાંભળ્યા કર્યું, પણ તે તેને સૂવા ઊઠવાનું કહી શકી નહિ. શાંતિલાલ સૂતા પછી તેણે તેના ઉજાગરાના શ્વાસોચ્છ્વાસો અને પછી ઊંઘમાં નિશ્વાસો સાંભળ્યા કર્યા. ચિંતા, ગુસ્સો, દ્રોહ, મૂંઝવણ એ સર્વથી તેને રાત આખી ઊંઘ આવી નહિ. સવારના સમયે તેણે દાદર ઉપર કંઈક અવાજ સાંભળ્યો. દૂધવાળો હશે જાણી તે કમાડ ઉઘાડી બહાર ગઈ અને ત્યાંનું દૃશ્ય જોઈ તે ક્ષણભર સ્તબ્ધ જ થઈ ગઈ.

કોદર એક કોથળાની માફક ભિંજાયેલે કપડે ઢગલો થઈ પડ્યો હતો. માલતી તેને ઓળખી શકે તે પહેલાં તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું: ‘બહેન, ભાઈ ગમે તેમ કહે પણ તેમને આજે મસાલો નાખીને ચા પાજો, નહિતર શરદી થઈ જશે. બાપુ કહેતા ગયા છે.’ માલતી બહાદુર હતી, નહિતર કોદરના ભયંકર મૃત્યુપારથી આવતા જેવા અવાજથી તે ભડકી ગઈ હોત. તેણે એકદમ ઘરમાં જઈ ‘કોદરભાઈ બેભાન થઈ ગયા છે, ઝટ ઊઠો’ કહી શાંતિલાલને ઉઠાડ્યો. બંનેએ તેને ઊંચકી ઓરડામાં પહેલો જ માલતીનો ઢોલિયો આવ્યો તેના પર તેને સુવાડ્યો. ‘તમે તેમને કોરા કરી ગરમ કપડાં પહેરાવો’ કહી તેણે ટુવાલ અને પતિનાં જે ઝટ હાથમાં આવ્યાં તે ગંજીફરાક વગેરે હાજર કર્યાં. નોકરને જગાડી તે જ વખતે દાક્તરને બોલાવવા દોડાવ્યો. ઘરમાં જઈ સ્ટવ કરી તેના પર પાણી ગરમ મૂકી, ઘરમાંથી કોદરે જ તૈયાર કરેલો સૂંઠનો ભૂકો આણી, તેણે કોદરને પગે ઘસવા માંડ્યો. શું કરવું તે શાંતિલાલને વારંવાર પૂછતી તે જીવ પર આવી કોદરને બચાવવા તેની સારવાર કરવા લાગી.

પણ તે સારવાર વ્યર્થ ગઈ. દાક્તર આવ્યો અને તેણે કહ્યું કે થોડા કલાકનો જ સવાલ હતો. માલતીએ મસાલો નાખી ચા કરીને આણી, પણ કોદર પી શક્યો નહિ. અને સવારના નવેક વાગ્યે, જેની સેવામાં તેણે જીવન વિતાડ્યું હતું અને ખોયું હતું, તેની એક છેલ્લી સેવા લઈ તે વિદાય થઈ ગયો.

દિવસ આખો કોદરની અંતિમ ક્રિયામાં ગયો. રાત્રે શાંતિલાલ તેના ઓરડામાં સૂવા ગયો ત્યારે માલતી આરામ-ખુરશી પર માથું નાખી પડી હતી. શાંતિલાલ જોઈ શક્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે રડતી હતી. પાસેના ઢોલિયા પર બેસી શાંતિલાલે ધીમેથી તેને માથે હાથ ફેરવ્યો. ધીમેથી માથું ઊંચું કરી તેને કહ્યું: 'તેમાં તું શા સારુ રડે છે? એ જતો તો રહ્યો મારા કહેવાથી!' અને એમ કરતાં તેણે માલતીને નરમાશથી ઊભી કરી ઢોલિયા પર લીધી. જાણે કંઈક શબ્દની જ જરૂર હોય તેમ આટલું સાંભળી તેણે શાંતિલાલના ખભા પર માથું નાખી, લાંબા નિઃશ્વાસથી અસ્ખલિત અશ્રુપ્રવાહે રડી દીધું. શાંતિલાલે તેને શરીરે પંપાળ્યા કર્યું અને રડવું કંઈક ઓછું થયું ત્યારે ફરી કહ્યું: 'તેમાં તારો શો દોષ?' માલતીએ રડવું રોકી કહ્યું: 'નહિ, નહિ, નહિ. તમે એને લઢ્યા તે મારાથી કંટાળીને. હું જ એને ખરી મારનાર છું.' અને એમ કહી તેણે ફરી રડવા માંડ્યું. માલતીના મનનું સઘળું બળ અત્યારે તેના પશ્ચાત્તાપમાં આવી રહ્યું. બળવાનનો પશ્ચાત્તાપ પણ બળવાન હોય છે. આ બીજો આવેગ પૂરો થયો ત્યારે તેણે કહ્યું: તમે મને કોઈ દિવસ વારી પણ કેમ નહિ!' શાંતિલાલે નરમાશથી કહ્યું: 'તને એ ન ગમે તેમાં તારો દોષ નહોતો. કોઈ પણ સ્ત્રી તેને સહન ન કરી શકે, એવો એ થઈ ગયો હતો. ઘરકામમાં એટલી ડખલગીરી કોઈથી સહન ન થાય. પણ હું જાણતો હતો કે એને ના પાડીશ તો નાસી જશે અને ઘરથી દૂર જતાં એ હિજરાઈને મરી જશે.' માલતીએ હવે સ્વર બદલતાં ઠપકાથી કહ્યું: 'તમે મને આટલી સમજાવી હોત તો હું તેને નિભાવી લેત.' શાંતિલાલે હવે જરા હસીને કહ્યું: 'પણ સાચું કહેજે. મેં તને એમ પહેલાં કહ્યું હોત તો તું સાચું માનત ખરી? તને એમ જ લાગત કે માત્ર તેને રાખવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર તે મરી જશે એવી ખોટી ધમકી આપું છું. કેમ ખરું કે નહિ?'

માલતીએ સરળ મને ફરી શાંતિલાલના મોં પર મોં નાખી દઈ તેના ગાલ પર ભીની પાંપણ હલાવી હા પાડી.

અને આપણે આટલેથી આ પ્રસંગ મૂકી દઈ વાતમાં આગળ ચાલીએ. આપણે જાણી લીધું કે માલતીના રસગર્ભ ચિત્તની આસપાસ તેણે ઊભું કરેલું કઠોર પડ આજે પીગળીને સરી ગયું છે એટલું બસ છે. એથી વધારે જોવાની જરૂર નથી. રસશાસ્ત્રીઓ માનતા હશે કે કરુણા કે વિષાદ શૃંગારનો વિરોધી ભાવ છે; પણ આપણા સાચા જગતમાં આ પરિસ્થિતિ કામદેવને જરાપણ ઓછી ગોચર નથી હોતી.

ઉપરનો બનાવ બન્યાને દોઢેક વરસ વીત્યા પછી માલતી પિયેરથી એક સુંદર પુત્રને લઈને આવી. સૂતેલા છોકરાને જોઈ શાંતિએ માલતીને કહ્યું: 'આનું નામ શું પાડશું?'

માલતીએ શાંતિના ખભા પર મોં નાખી દઈ, છુપાવી કહ્યું: 'કુ ઉપર નામ પાડો.'

કોદરે જ તેમને ઘેર ફરી જન્મ લીધો છે એમ માલતીએ લાગણીવશ થઈને કહ્યું હશે. કદાચ તેણે કે શાંતિએ કોઈએ એ સાચું માન્યું પણ નહિ હોય. પણ આ જગત, જ્યાં માનવચૈતન્ય પણ જડ દેહને વળગી જડ થઈ જાય છે, જ્યાં સ્વજનો પણ એકબીજાને નથી સમજતાં, નથી સમજી શકતાં અને નથી સમજાવી શકતાં, ત્યાં આવા નવા સંબંધ સિવાય આ ત્રણ જીવાત્મા ભેગા થઈ શકે એમ નહોતું એટલું તો નક્કી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમ અને મંગળ

લેખિકા : વિનોદિની નીલકંઠ

પોષ મહિનાની રાત હતી. બાજુમાં સગડી રાખી હું ઘણા દિવસના ચડી ગયેલા પત્રો લખવા બેઠી હતી, ત્યાં ગોમતી ડોશી આવીને સગડીની સામી બાજુએ બેઠી. ગોમતી ડોશી અમારી દૂધવાળી તેમ જ દળાણુંવાળી છે. તેનો ધણી પહેલાં સરકારી ઑફિસમાં પટાવાળો હતો, હવે નિવૃત્ત થઈ પેન્શન ખાય છે. સોમ અને મંગળ એ બે તેમના દીકરા. મોટો સોમ અને નાનો મંગળ. બંને રંગે કાળા, મોટા લંબગોળ માથાવાળા, બંનેના કાન મોટા મોટા. અમે વર્ષોથી જોતાં આવેલાં કે ગોમતી ડોશીને મંગળ તરફ ખૂબ પક્ષપાત છે. બે ભાઈઓ લડે તો મા અચૂક નાનાનો જ પક્ષ લે, મંગળને કદી માર તો શું પણ ઠપકો પણ ન મળે. સોમો અળખામણો તો ન જ કહેવાય, પણ મંગળ ઘણો જ વધારે માનીતો છે, એમ તો અમને સૌને લાગતું.

હવે સોમ અને મંગળ બંને જુવાનીને ઉંબરે ચડ્યા હતા. ગોમતી ડોશી મારી પાસે બેઠાં, પણ જે કહેવું 'તું તે કહેતાં એકદમ જીભ ઊપડતી નહોતી, તે હું જોઈ શકી. ડોશીએ સગડીમાંની રાખ ખંખેરી, દેવતા સતેજ કર્યો. અંગારનો રાતો આતશિયો રંગ ગોમતીના ચીમળાઈ ગયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચહેરાને પણ જાણે ઓપ આપી રહ્યો. કેટલીક માનસિક ગડમથલ પછી ડોશી બોલ્યાં: 'બહેન! આ ફેરી તો તમારે બસો રૂપિયાની જોગવાઈ કરી આપવી પડશે.'

કદી પૈસા માટે હાથ ન ધરનારી, સ્વાશ્રયી ગોમતીને મોઢે આ પ્રકારની માગણી સાંભળી મને ખૂબ આશ્ચર્ય થયું. ગોમતી અમારું દળણું દળતી, કઠોળ ભરડી આપતી, એની ભેંસનું દૂધ–ઘી અમે લેતાં, તે સર્વનો હિસાબ ચોખ્ખો ચટ્ટ રહેતો, પણ તે ઉપરાંત તે કદી કશાની પણ આશા ન કરતી. સોમ–મંગળ જ્યારે નાના હતા ત્યારે અમે કદી કશું તેમને આપીએ તો પણ જાણે આપનારને ખોટું ન લાગે, તેટલા માટે જ ડોશી તે લેવા દેતી. બાકી 'તમારા પુણ્યપ્રતાપથી સુખનો રોટલો ખાઈએ છીએ' એ જ તેનો સદાનો સભ્ય જવાબ. કેરીની મોસમમાં અમારા આંબાવાડિયાની કેરીઓ આવે, અથાણું હોય, એવું કાંઈ પણ ગોમતીને આપવા બોલાવું તો તે જાણે લેવાને ખુશી જ નહિ: 'બહેન! તમારું જ ખાઈએ છીએ ને!' એ જ એના સુખનો વારંવારનો ઉચ્ચાર રહેતો.

આવી ટેકીલી બાઈ બસો રૂપિયા માગવા આવી, ત્યારે અમને આશ્ચર્ય ઊપજે તો શી નવાઈ? ચાવીવાળું રમકડું જીવતું બનીને ચાલવા માંડે તો આપણને કેવો અચંબો લાગે? તેવો જ આ માગણીથી મને લાગ્યો. મેં પૂછ્યું: 'કેમ એવું શું ખરચ ઉપાડવાનું આવ્યું છે?' ત્યારે ડોશીએ જવાબ દીધો: 'જુઓ ને બહેન! આ સોમો એને મોસાળ ગયો 'તો, ત્યાં કોઈ રૂપાળી છોડીને જોઈ આવ્યો છે, તે હવે કહે છે, મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની સાથે પરણાવો. એટલે હવે મારે મંગળિયાને પરણાવ્યા વગર છૂટકો જ નથી.'

મેં તેની ભૂલ સુધારતાં કહ્યું: 'સોમાને કે મંગળને?'

'મંગળને!' ભાર દઈને મંગળનું નામ લેતાં ડોશી બોલી.

ગૂંચવાડામાં પડીને મેં પૂછ્યું: 'ત્યારે ગામડાની ગોરી ઉપર કોણ મોહીને આવ્યો? તમે તો સોમાનું નામ દીધું.'

'હા, બહેન, તે સોમો પરણનારો થયો, એટલે જ તો મારે પહેલું મંગળનું ઠેકાણું કરવું પડશે ને? અને પછી તરત સોમાનું કરીશું, એટલે બે પગરણ સામટાં કરવા જેટલી ખરચની જોગવાઈ નથી.' ડોશીએ સમજણ પાડી.

છતાં મને પૂરો સંતોષ ન થયો, તેથી મેં કહ્યું: 'કેમ, સોમો મોટો છે, મંગળ નાનો છે છતાં મંગળનું કેમ પહેલું? તમારે તો ગોમતી ડોશી, દરેકમાં મંગળ જ પહેલો, ખરું ને?

'હાસ્તો બહેન, મંગળ વડે તો આજ મારે જે છે, તે બધું જ છે ને! મારે તો પહેલો એ મંગળ અને પેટનો જણ્યો સોમો તેની પછી જ.'

અતિ આશ્ચર્યથી મેં પૂછ્યું, 'શું મંગળ તમારો દીકરો નથી!'

'ભગવાનની સાખે તે મારો દીકરો છે, બહેન, પણ તે મારા પેટનો નહિ.'

'ડોશી, આજ તો તમે ઉખાણા જેવી વાત કરો છો. બંને ભાઈઓ રંગે રૂપે પણ સગા સહોદર જેવા જ દેખાય છે, બરાબર ફોડ પાડીને વાત કરો ને!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બહેન! વાત ખૂબ લાંબી છે, તમે સાંભળશો?'

મેં જવાબ દીધોઃ 'આ શિયાળાની રાત પણ ક્યાં ટૂંકી છે? ચલાવો તમે તમારે.'

'તો સાંભળો બહેન. આ તો ઘણાં વરસો ઉપરની વાત છે. ગાંધી મહાત્માએ મીઠાની લડત ઉપાડી, ત્યારની આ બીના છે. ત્યારે મારા સોમાને ત્રીજું વરસ ઊતરવા આવ્યું હતું. સોમો નાનપણથી જ, બહેનને કહું, બહુ જ છૂટો. આખો દહાડો ક્યાં ભટકતો ફરે, તેની મને તો ભાળ જ ન મળે, પણ પાળેલાં ઢોર આખો દિવસ મન ફાવે ત્યાં ભટકે તોયે સાંજે જેમ માલિકને ઘેર આવીને ઊભાં રહે છે, તેમ આ છોકરો પણ દીવામાં બત્તી પડી, કે ઘરભેગો થયો જ સમજવો. પણ એક દિવસ જુદો જ બનાવ બન્યો. મીઠાની લારી સાથે મહાદેવભાઈ પકડાયા છે અને ભદ્રની કાચી જેલમાં તેમને લઈ આવવામાં આવ્યા છે, એવી વાત લાલ દરવાજાનાં મેદાનોમાં ઊડી. સોમો તો પૂરો ચાર વરસનો પણ નહિ, પણ ગાંધી મહાત્માનો જબરો ભગત! મહાદેવભાઈને જોવા આજુબાજુનાં બધાં છોકરાં દોડ્યાં, તે ભેગો સોમો પણ 'ઝીંદાબાદ' 'ઝીંદાબાદ' કરતો દોડ્યો. કાચી જેલ આગળ તો શું લોક, શું લોક, જાણે કીડિયારું ઊભરાયું અને તેમાં મહાદેવભાઈનાં દર્શન કરવા સોમલો ધક્કા મારી મારીને મહીં ઘૂસ્યો, તે તો ઘણાંયે જોયો હતો. બસ બેન, તે પછી તો પોલીસ આવ્યા, ટોળું વીખેરી નાખ્યું અને એમ કરતાં કરતાં સાંજ પડી, પણ મને લગારે ફિકર નહિ. હમણાં પંખીઓ માળા ભણી જશે, તેની ભેગો મારો સોમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘેર પાછો આવશે જ, એ મારી રોજની ખાતરી. પણ બેન, તે દિવસે તો સાંજની રાત થઈ, પણ સોમો ન જણાયો. હું જરા ગભરાઈ, અને અડોશ-પડોશમાં પૂછવા નીકળી. બધાં એક જ જવાબ દે: ' મહાદેવભાઈને કાચી જેલમાં લાવ્યા ત્યારે દેખ્યો'તો, પણ તે પછી નથી જોયો.' હવે મારા પેટમાં ફાળ પડી. હું તો લાલ દરવાજાનાં મેદાનો ખૂંદી વળી. મેદાનમાં કૂવો છે, તેમાં પણ જોયું. ઠેઠ ખાનપુર, મીરજાપુર, શાહપુર, સલાપોસ, ત્રણ દરવાજા અને રાણીના બગીચામાં પણ જોઈ વળી. 'હાય, હાય! મારો દીકરો!' એ જ બોલ દર શ્વાસે મારા મોઢામાંથી નીકળ્યો જાય અને ઘેલી અને બાવરી હું દોડાદોડ કરું. આંખમાંથી તો બહેનને શી વાત કરું, શ્રાવણ ને ભાદરવો રેલાયા જ જાય! અધીં રાતે હું ખાલી હાથે ઘેર આવી, ત્યારે સોમાના બાપા પણ બધે ફરીને છેવટે પોલીસમાં ખબર આપીને ઘેર આવી નિરાશ થઈને બેઠા હતા. આખી રાત અમે મૂઢ જેવાં આંગણામાં બેસી રહ્યાં. અમારા મનમાં એમ થાય કે અંધારું છે, તે છોકરો જડતો નથી. ક્યારે સવાર પડે ને બરાબર ખોળી વળીએ. ઉગમણી દિશા ભણી આંખ માંડીને હું તો બેઠેલી. છેવટે પરોઢ ફાટ્યું, ઉગમણી દિશામાં ઉજાસ પ્રગટ્યો અને મારા હૈયામાં પણ જાણે આશા ઊગી અને અમે વળી સોમાને ખોળવા નીકળ્યાં. નહિ તો સોમાના બાપા ચા પીધા વગર કોટડીની બહાર પગ પણ ન મૂકે, પણ તે દહાડે તે ચા કોઈને સાંભરી પણ નહિ. જમાલપુરમાં મારા જેઠ રહે છે તે ભણી કદાચ છોકરો ગયો હોય કરી, એના બાપા ત્યાં ગયા. મારે ઘેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો પાડપડોશણોનાં ટોળાં ઊભરાય—સૌ એક જ સવાલ પૂછેઃ 'બહેન, છૈયો ઘેર આવ્યો ?' પણ મારું મોઢું ને રોઈરોઈને ટેટા જેવી રાતી ને ફૂલી ગયેલી આંખો જોઈને સૌ કોઈ જવાબ સમજી જ જાય. સોમો સૌ સાથે હળી ગયેલો, એટલે બધાંને લાગણી થઈ અને તેથી જેને જ્યાં ફાવ્યું ત્યાં તે બધાં પણ શોધવા લાગ્યાં.'

શિયાળાની રાત ટાઢનો ચમકાર બતાવી રહી હતી. મેં સગડીમાંની રાખ ખંખેરી, થોડી કોલસાની ભૂકી ઉમેરી. ગોમતી ડોશીએ સાલ્લાના પાલવથી આંસુ નીતરતી આંખો લૂછી નાખી. મેં પણ છાનાંમાનાં આંસુ લૂછી લીધાં અને વાત આગળ ચાલીઃ 'બહેન! એમ કરતાં દિવસો ઉપર દિવસો જવા લાગ્યા. બધાં મને સમજાવે, કે 'તમે એમ જ સમજો કે સોમો હવે નથી. ભગવાને લઈ લીધો.' પણ માનો જીવ એમ માને ખરો? નવ માસ જેનો ભાર પેટમાં વેઠેલો, તે એકનો એક છૈયો, એમ વિસારે પડે ખરો કે?

'પોલીસવાળાએ થોડીઘણી ખોળ કરી હશે, એક નફટ અમલદાર તો એમ પણ બોલી ગયો કે 'છોકરો મહાદેવ-ભાઈને જોવા ગયો તો, ત્યારે તમારા ગાંધી મહાત્માને કહો ને! તે શોધી આપશે!' પણ બહેન! તેનું મને ખોટું ન લાગ્યું. જ્યારે આખું અંગ બળી ગયું હોય, ત્યારે હાથ ઉપર એકાદ નવો તણખો ઊડે, તો કંઈ વધારાની બળતરા નથી થતી. એમ કરતાં કરતાં એક મહિનો થયો. અમે તો રોજ જુદી જુદી જગ્યાએ ભાળ કાઢવા જઈએ. પછી જોષી, ભૂવા, દોરા–ધાગા, જંતરમંતર, સાધુસાંઈ, સૌ ઉપચારો અજમાવ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ કાંઈ બાધા રખાવે. તેમાં અમે અમારી કમાણીની બધી બચત રકમ ખરચી નાખી. મારી ડોકની હાંસડી, પગનાં કલ્લાં, હાથનું કડું–બધું વેચી માર્યું. ગામ–પરગામ પણ સોમાના બાપા રખડી આવ્યા, છતાં સોમાનો પત્તો ન જ લાગ્યો, અને એમ ને એમ બાર બાર મહિના વીતી ગયા. બાર માસમાં અમારે બંનેને માથે પળિયાં આવી ગયાં. ભરજુવાન અવસ્થા છતાં અમે બંને જાણે ઘરડાં થઈ ગયાં. લીલાછમ ઝાડને જેમ સૂરજનો તડકો ન મળે ને પાંદડાં પીળાં પડી જાય છે, તેમ અમારો સોમો ન મળવાથી અમને ઘડપણ આવી ગયું. મને તો બહેન, ખાવું–પીવું, બોલવું, ઓઢવું-પહેરવું કાંઈ ગમે જ નહિ. હવે સોમો તો ગયો જ, એમ તો હું સમજતી હતી, પણ છતાં મારે હૈયે એનું જ રટણ; અને ખૂણે ખૂણે એવી આશા પણ રહ્યા કરે, કે આજ આવશે, કાલ આવશે. રોજ વહાણું વાય ને હું જાણે આશાભરી ઊઠું અને રોજ રાતે સૂઈ જાઉં, પણ ઊંઘ તો મારી વેરણ બનેલી તે શેની આવે?

'સોમાને ખોવાયાને બરાબર પોણાબે વરસ થયાં ને મારા ભાઈને ત્યાં છોડીનું લગન આવ્યું તે મને લેવા આવ્યો. તો અમારા દુઃખની વાત તો એ જાણતા'તા અને છોકરો ખોવાયો ત્યારે અમે ગામડે કાગળ પણ મોકલાવ્યો હતો; અને તે પછી મારો ભાઈ આઠ દહાડા અહીં રહી પણ ગયેલો. પણ તે પછી અમારો ભાઈબહેનનો મેળાપ થયેલો નહિ. તે વચગાળામાં મારા શરીરમાં એટલો તો ફેર પડી ગયો હતો, કે બહેન! મારા માજણ્યા ભાઈએ મને ઓળખી નહિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને પૂછવા લાગ્યો: 'ડોશીમા, આ કોટડીમાં સોમાની બા રહેતાં હતાં, તે હવે અહીં નથી?'

'આ સાંભળી હું રોવા લાગી. પછી તો ભાઈએ મને ઓળખી. પણ બિચારે મારી દશા દેખીને લગનની તો વાત જ મોઢે ન આણી શક્યો, પણ તે ભાઈને ભગવાને જ મોકલેલો. તે કહે: 'ચાલ બહેન, અહીં અનાથ આશ્રમ છે, ત્યાં એક ફેર તપાસ કરી આવીએ.' તપાસ માટે તો હું સદા તૈયાર જ. અમો બે ભાઈ–બહેન આશ્રમમાં ગયાં. ત્યાં ચોગાનમાં છોકરાં રમતાં'તાં. સોમો ખોવાયા પછી જ્યારે પણ એવાં-એવડાં છોકરાં જોઉં, ત્યારે મારું હૈયું હાથમાં ન રહે ને આંખમાંથી પાણી વહ્યું જ જાય. મારો ભાઈ તો ઑફિસમાં તપાસ કરી, બધું પૂછવા લાગ્યો, પણ મારી તરસી આંખો તો છોકરાંનાં ટોળાં તરફ ધસી અને આશાભરી હું સોમાને ખોળવા માંડી. ચાર, પાંચ કે છ વરસનાં તો ત્યાં થોકબંધ છોકરાં રમતાં હતાં, પણ મારો સોમો ન હતો. પણ બાજુ ઉપર રેતીનો ઢગલો પડ્યો હતો, તેમાં વધારે નાનાં છોકરાં રમતાં હતાં. ત્યાં મેં એક અઢી–ત્રણ વર્ષનો છોકરો દીઠો. જાણે મારો સોમો જ જોઈ લો. એવો જ કાળો; એવું જ લાંબું નાળિયેર જેવું માથું, કાન પણ એવા મોટા. મારા સોમાનો જાણે નાનો ભાઈ જ ન હોય! એ મારો સોમો તો ન જ હોય. કારણ સોમો તો ખોવાયો, ત્યારે એને ત્રીજું વરસ ઊતરી ચોથું બેસવાની તૈયારી હતી અને તેને પાછાં પોણા બે વરસ થઈ ગયાં. એટલે એ તો ખાસ્સો છ વરસનો થવા આવ્યો હોત, પણ આ નાનો છોકરો જાણે સોમાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છબીએ છબી જ જોઈ લો!'

આટલે સુધી વાત આવતાં ડોશીના ચહેરા ઉપરથી જાણે એક વાદળ ખસી ગયું, તેની આંખનાં આંસુ પણ સુકાયાં. પાસેથી ટોપલીમાંથી કોલસાની ભૂકલી લઈ, મૂઠી ભરીને તેણે સગડીમાં ઉમેરી. રાખોડી ખંખેરી નાખી અને ઘડીભર તે નવી સળગતી કોલસાની કણીઓ તરફ જોઈ રહી. નીચા ઢળી ગયેલા તેના હોઠના બન્ને છેડા જરા જરા ઊંચા થયા અને તેના ઉપર એક ઝાંખી સ્મિતરેખા દેખાઈ. અંધારી રાત પૂરી થતાં, પરોઢે જાણે પૂર્વના આકાશમાં આછી આછી તેજરેખા જણાઈ; સગડીની માફક પોતાના સ્મરણપટ ઉપરથી પણ રાખોડી ખંખેરી નાખી મનને સતેજ બનાવતાં ડોશી બોલી:

'પછી મેં તો મારા ભાઈને કહ્યું: 'પેલો છોકરો આપણે લઈ જઈએ. હું એને ખોળે લઈશ. અહીં જે લખાણ કરવું પડે તે કરો. એ બધું ઝટ પતાવી દો.'

'તે દિવસે મંગળવાર હતો તેથી અને સોમાનો ભાઈ, એટલે મંગળિયો, એમ કહી મનમાં ને મનમાં જ મેં એનું નામ મંગળ પાડી લીધું. પણ તે દિવસે અમને છોકરો ન મળ્યો. ત્રણ દિવસ પછી આશ્રમની કમિટી બેઠી, ત્યારે અમારી પાસે લખાણ કરાવ્યું, અમે થોડુંઘણું ત્યાં દાન પણ કર્યું, અને મંગળને કેડમાં ઘાલી હું ઘેર આવી, અને બહેન! એ બિચારો માયાભૂખ્યો અનાથ છોકરો તો પહેલા દિવસથી જ મને આમ જૂની માફક વળગી ગયો. મને તો મા કહીને જ બોલાવે, સોમાના બાપાને એણે જ્યારે 'બાપા' કરીને સાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડ્યો, ત્યારે તો એમની આંખમાં પણ હરખનાં આંસુ આવી ગયાં. પછી ભગવાનની સાખે પ્રતિજ્ઞા લીધી કે આ પારકા જણ્યાને પોતીકા પેટથી પણ અધિક ગણીશું. આપણે એની આંતરડી ઠારીશું, તો આપણો સોમો જ્યાં હશે ત્યાં ભગવાન એની પણ આંતરડી ઠારશે. બસ, તે દહાડાથી અમારાં ઉપરથી દુઃખનાં વાદળાં જાણે દૂર હઠી ગયાં. સોમાના ખોવાયા પછી, તે રાત્રે હું પહેલી જ વાર, મંગળને પાસામાં લઈને નિરાંતે ઊંઘી. સોમાના બાપાએ સવારમાં ઊઠતાંવેંત ચા માગી. પછીને શુક્રવારે અમે ભેંસ લીધી. મંગળ શરીરે દૂબળો, તે અમને એમ કે ઘરની ભેંસનાં દૂધ–ઘી ખાય તો ઝટ તાજો થઈ જાય.'

'પણ પછી સોમ કેવી રીતે મળ્યો?' મેં ગોમતી ડોશીને પૂછ્યું.

'કહું છું બહેન! તે જ કહું છું.' ડોશી બોલી. 'ત્યાર પછી કેટલેક વખતે શ્રાવણ મહિનાના મેળા આવ્યા. અમે હોંસ કરીને બધા મેળાઓ મંગળને દેખાડ્યા અને એને ખૂબ રાજી કર્યો. શ્રાવણ માસની અમાસનો મેળો ઠેઠ અસારવામાં નીલકંઠ મહાદેવમાં ભરાય, તે મેં કહ્યું, પણ રોજના ડાહ્યા ને કહ્યાગરા મંગળને ભગવાને જ જકે ચઢાવ્યો. કહે કે બસ મને મેળામાં લઈ જાવ. એની જીદ જોઈ મેં કહ્યું, 'ચાલો ત્યારે.' સોમલો તોફાને ચડતો ત્યારે એના બાપ આંખ કાઢતા અને હું તો કદીક હાથ પણ ઉપાડતી; પણ આ મંગળને તો મારાથી ગરમ થઈ બે બોલ પણ ન'તા કહેવાતા. બસ, મારા મનમાં એમ જ વસી ગયેલું કે હું એને જેવો રાખીશ, તેવો મારા સોમાને જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ ગયું હશે તે રાખશે. એટલે મંગળને મેળામાં લઈને ગયાં. ત્યાં હીંચકા–ચકડોળ અટકે અને હીંચકા ખાલી થાય, ત્યારે નવાં માણસો બેસી શકે, એટલે અમે બાજુમાં ઊભાં રહ્યાં. જ્યાં ચકડોળ ઊભું રહ્યું કે પહેલા હીંચકામાંથી 'મા' કરતોક ને મારો સોમો મને વળગી પડ્યો. મારા મનના હરખની શી વાત કરું? ભૂખ્યાને અન્ન મળ્યું. તરસ્યાને પાણી મળ્યું. મૂએલાને જાણે ફરી જીવન મળ્યું, એમ જ કહોને! બે હાથે જોર કરીને હું તો કોટે બાઝેલા સોમાને વળગી જ રહી. ઘડીક તો મારી આંખમાંથી આંસુની ધારા વહી જવા લાગી. મંગળને તેડીને સોમાના બાપા પાસે જ ઊભા હતા. તે પણ હરખઘેલા બની ગયેલા. પણ ત્યાં મારી નજર મંગળ ઉપર પડી. બહેન, એનું મોઢું એવું તો ઓશિયાળું થઈ ગયેલું કે તે જોતાં જ મારી છાતી ચિરાઈ ગઈ. મેં કાળજું કાઠું કરીને, સોમાને એના બાપાના હાથમાં મૂક્યો ને મંગળને ઊંચકી છાતીએ ચાંપ્યો. અને ભગવાનની સામે લીધેલી પ્રતિજ્ઞા યાદ કરી કે દરેકમાં મંગળને જ પહેલો ગણીશું.

'પછી તરત જ એક પાટીદાર અને મોટી જાજરમાન પટલાણી આવી પહોંચ્યાં. અમારી સાથે ખૂબ લડ્યાં. પહેલાં તો કહે કે 'અમારો છોકરો!' પણ સોમો ટોળે વળેલા લોકોને કહેવા લાગ્યો, કે 'નહિ, આ જ મારાં માબાપ છે,' એટલે પેલાનું કોણ માને? પછી એ લોકો કહે કે 'અમે રૂ. ૧૫૧) આપીને બે વરસની વાત ઉપર વાઘરી પાસેથી વેચાતો લીધો છે. તે રૂપિયા અને બે વરસની ખોરાકીના પૈસા અમને આપો.' હું તો હરખઘેલી થઈ ગયેલી. મેં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું, એમને ગમે તેમ રાજી કરો, પણ સોમાને લઈને ઘેર ચાલો; પણ આસપાસ લોકોનું મોટું ટોળું જામેલું, તેથી પોલીસવાળા આવ્યા. ફોજદારે અમારી વાત સાંભળી, પેલા પાટીદારને ધમકાવીને ઊલટું નામઠામ લખી લીધું, અમારું પણ નામ વગેરે પૂછી લીધું અને અમને કહે, કે તમારે આ પટેલ સામે ફરિયાદ નોંધાવવી છે? પણ હવે અમારી શી ફરિયાદ? અમે ના પાડી. અને એ રીતે નીલકંઠ મહાદેવની મદદ લઈને આ મંગળ જ પોતાના મોટાભાઈને ગોતી લાવ્યો. મંગળ વડે જ સોમો છે. તેથી બહેન, મંગળ પરણશે પછી જ સોમાનું લગન થશે.'

ગોમતી ડોશીની અતિ રોમાંચક રસિક વાત પૂરી થઈ ત્યારે પોષ મહિનાની મધરાત જામી ગઈ હતી. સગડીના અંગારા ક્યારના ઠરી ગયા હતા. બીજે દિવસે માંગેલા બસો રૂપિયા ખુશીથી લઈ જવાનું કહી, મેં ડોશીને વિદાય દીધી અને હું પણ સૂવાની તૈયારી કરવા મંડી. પથારીમાં સૂતા પછી મને થયું: 'કોણ કહી શકે કે આંગળીથી નખ વેગળા એટલા વેગળા જ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલી વાડી

લે૦ સુન્દરમ્

'એ....બા....એ....બા....!'

નાભિથી હોઠ લગીનાં નાડીચક્રોમાંથી પસાર થતાં, જતરડામાંથી ખેંચાતા તાર પેઠે ખેંચાતો, તરડાતો, કંપતો, તીવ્ર અને કર્ણભેદક એક અવાજ ઝવેરીવાડના, એઠવાડના ફર્શવાળા રસ્તા પરથી ઊઠી, કચરાના ઢગલામાંથી નીકળતી ધુમાડી પેઠે ઊંચે ચડતો, શિશિરના આ સુપ્રભાતે સુવર્ણકાંતના આત્માને ક્ષુભવી રહ્યો હતો.

શિયાળાની હિમભરેલી ઠંડી હતી. ઊનાઉ ગલેબંધથી લપેટાયેલું પોતાનું ભરાઉ સુડોળ મોં સુવર્ણકાંતે લીલા અને ભૂરા કાચવાળી બારી ખોલીને બહાર કાઢ્યું. તાજી રંગેલી બારી ઉપર નંગ જડેલી વીંટીવાળા તેના હાથ ટેકો લઈ રહ્યા હતા.

તેનો ચહેરો જોઈને નીચેનો અવાજ વધારે કૃત્રિમ રીતે કરુણ આર્ત તીવ્ર અને સકંપ બન્યો.

'એ....રાજા લોક, એ દયાવંતા ! શેઠ....આ ગરીબને.... આ થથરતી બાઈને કાંઈ ઓઢવા આપો.'

રેવલીએ તો બરાબર વેશ સજ્યો હતો. કાલે તો ત્યાં હૉટેલ આગળ આખું અંગ કપડામાં ઢબૂરીને પેલા કો'ક સાથે બેઠી હતી અને આજે આ ગુલાબી ઠંડીના સુપ્રભાતે, જગતને જે વખતે ગરમ કપડાં પહેરવાની તક મળી છે ત્યારે ધડને ઉઘાડું કરીને અને છાતી ઉપર બે હાથ આડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાબીને આમ ઉઘાડીપુઘાડી કેમ નીકળી પડી છે?

સુવર્ણકાંત આવો વિચાર કરી રહ્યો હતો. રેવલી તેને બરાબર ઓળખતી હતી. તેનામાં રહેલું પોચું સ્થાન તેણે એક કુશળ ચિકિત્સક પેઠે જાણી લીધું હતું. પોતાના જ્ઞાનબળે જ રેવલી સવારની એક ફતેહ મેળવવા આજે આ એઠવાડ-ભરેલી પોળભૂમિમાં આટલી જેહમત ઝીલવા તત્પર થઈ નીકળી પડી હતી.

સુવર્ણકાંતે તેને પહેલપ્રથમ રૂપિયો આપેલો તે તો કદી તે ભૂલી શકતી જ ન હતી. એની દમલી બે મહિનાની જ હતી અને એને કપડામાં ઢબૂરી તે ફૂટપાથ પર બેસી રહેતી. કોઈ કશું નાખતું નહિ. ત્યાં એક જુવાનને ધીમે ધીમે ત્યાં થઈને તેણે જતો જોયો.

આખા દિવસની નિરાશા પછી આ છેલ્લો પાસો ફેંકવાનો તેણે વિચાર કર્યો. દાતાઓને પિગળાવવાને તે જે કૃત્રિમ દયામણો અવાજ ગળામાંથી કાઢતી, તે હવે તેને સ્વાભાવિક થઈ ગયો હતો.

'એ....રાજા....લોક....'

સુવર્ણકાંત ખચકાયો. રેવલીએ એની દમલીને બેઉ હાથમાં પકડી લાંબી કરી. એ તરવરતું દમિયેલ બાળક સુવર્ણકાંતની આંખોથી હાથેક જ દૂર રહ્યું. તેના શરીરમાં એક કંપ વ્યાપી ગયો. તે મોઢેથી 'અરરર!' ન બોલી ઊઠ્યો, એનું કારણ એટલું જ કે એવા શબ્દો ઉચ્ચારવાની પરિસ્થિતિ તેને કદી પ્રાપ્ત થઈ ન હતી. તે ગભરાયો, ડર્યો, બીધો, મૂંઝાયો.

'શું જોઈએ તારે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ રાજા લોક....આ બચ્ચાને....'

સુવર્ણકાંતે ખિસ્સામાં હાથ નાખ્યો. જે હાથમાં આવ્યું તે રેવલીના હાથમાં નાખી ત્યાંથી ચાલ્યો ગયો. રેવલી એ ચહેરો કદી ભૂલી શકી નહિ. તેને એક સદ્ધર ઘરાક મળ્યું.

રેવલીએ પોતે જ પોતાનાં ઘરાક બાંધી રાખ્યાં હતાં એમ કહેવું સાચું છે; કારણકે એ ઘરાક જાણતાં ન હતાં કે આ રેવલી અમારો વેપારી છે, પણ રેવલી ખરેખર વેપારી હતી; કારણકે વેપાર ઉપર જ નભતા આ શહેરમાં બધા વેપારી જ હોય છે. પછી ભલે તે શિક્ષક હોય, ચિત્રકાર હોય, મંદિર ધારણ કરનાર હોય, બૂટપાલિશવાળો હોય કે ભિખારી હોય, પોતાની આજીવિકાને નિશ્ચિત કરવા માટે એમણે પણ પોતાની મૂડી અને ઉત્પાદન, બજારભાવ, માગણી અને છત, હરીફો અને દલાલોના વિચાર કરી યોજનાપૂર્વક પગલાં લેવાં પડે છે અને રેવલીના એ વેપારમાં એની મૂડી તરીકે એનું મોટા દાંતવાળું મોં, જોઈએ તેવો કરુણ અવાજ કાઢી શકતો કંઠ, તથા દોઢ વરસે ક્યાંકથી મળી રહેતું એકાદ છોકરું, એટલી ચીજો રહેતી. આ ત્રણ ચીજોથી તે ગમે તેવા પાસેથી પૈસા પડાવતી.

સુવર્ણકાંતે જોયા વગર આપેલી ચીજ એક રૂપિયો હતો. રેવલીને આવો રૂપિયો કો'ક જ આપતું. એ રૂપિયો આપનારના મોં સામે જોતી અને લગભગ તેને મૂર્ખ જ માનતી. અણીના પ્રસંગે તે સુવર્ણકાંત પાસેથી દિવસમાં તેની પાછળ લાગુ રહીને ત્રણ ત્રણ વાર ભીખ પડાવતી.

ઉપરના બનાવ પછી રેવલીએ ઝવેરીવાડમાં આવેલું સુવર્ણકાંતનું ઘર શોધી કાઢ્યું અને સવાર, બપોર, સાંજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીખ પોતાના હક્ક તરીકે તે ત્યાંથી પડાવવા લાગી. ધીમે ધીમે તે પોળની જ એ ભિખારણ થઈ પડી. આખી પોળ રેવલીની લુચ્ચાઈ જાણતું. જે ઘરોમાં મોટાં છોકરાં હતાં તે ઘરો રેવલીના માગણમાંથી મુક્તિ મેળવી શકતાં. બાકી તો જે ઉંબરે આવીને એ ઊભી રહેતી, ત્યાંથી તે કંઈક લીધા વગર ખસતી જ નહિ. એનો એ ટટળતો અવાજ, એનું વાંદરાના બચ્ચા જેવું છોકરું! રેવલી બોલે અને છોકરું રડે ત્યારે જાણે કરવત લઈ કોઈ તમારું મગજ વહેરવા બેઠું ન હોય! એવે સમયે રેવલીને ખાતર નહિ પણ તમારી શાંતિ ખાતર પણ એને કંઈ નાખવું પડે.

રેવલીના પ્રતાપ સામે ભલભલા હારી ગયા હતા. સુવર્ણકાંતને હારી જવાનાં એકથી વધુ કારણો હતાં. એક તો એની પાસે ઠીક પૈસો હતો. બીજું પૈસાને એની પાસેથી જતા રહેવાની સારી ટેવ હતી. અને ત્રીજું એનું મગજ 'નબળું' હતું. જરા અમુક 'મજબૂત' મગજવાળા જ રેવલી સામે ટકી રહ્યા હતા. અનેક મિત્રોની સલાહ છતાં અને હૃદયને નિર્દય કરી મૂકે એવા જીવનવહેવારના સાણસામાં સપડાયા છતાં તે મગજને મજબૂત બનાવી શક્યો ન હતો.

રેવલી લુચ્ચી છે અને ઢોંગી છે, એવું મિત્રો કહેતા ત્યારે એ એમની સામે માત્ર હસ્યા કરતો. એનું હાસ્ય જ જાણે કહેતું: 'અને તમે બધા પ્રામાણિક અને સત્યવાદી! હી....હી....હી?' 'અરે આ કેટલી બદસૂરત, કેટલી ગંદી, દુષ્ટ, છિનાળ અને તું એને ચડાવે છે.' અને એનું શબ્દહીન હાસ્ય પાછું કહેતું: 'હી....હી....હી....હી....તમે ચોખ્ખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહીને, રૂપાળા દેખાઈને, પવિત્ર છો એમ જણાવીને આજી-વિકા મેળવી શકો છો એટલે તમે સારા! એને આજીવિકા મેળવવાનો આ જ રસ્તો છે. બાકી તમારા બંનેનું સાધ્ય તો એક જ છે. તમારા સંજોગો તમને જુદાં સાધનો વાપર-વાની તક આપે છે તેથી તમે સારા?' અને આજીવિકા મેળવવાને કેટલાંક માણસોને આવી બદસૂરતી, લુચ્ચાઈ અને ગંદકીને હથિયાર તરીકે વાપરવાં પડે એ તે સમાજની કેવી દશા, એ વિચાર કરતાં એના ટેબલ પર ચાનો પ્યાલો કેટલીય વાર ઠંડો થઈ જતો........

કર્રર, કર્રર, કર્રર, કરવત જેવો ચાલતો રેવલીનો અવાજ નીચેથી આવતો હતો:

'અરે રાજા લોક, તમારાં બાળબચ્ચાં સુખી રહેશે. આ ગરીબને....'

એ અવાજથી અત્યારે અને હમેશાં સુવર્ણકાંત ઊભો ને ઊભો વહેરાઈ જતો હતો. રેવલીને કૃત્રિમ અવાજ કરવો પડે છે એ ખાતર નહિ, પણ રેવલીને સદાને માટે અવાજ કરતી બંધ કરવા શું કરવું જોઈએ, એનો નિકાલ પોતે ન લાવી શકવા માટે. અને કાયમનો નિકાલ ન મળે ત્યાંસુધી એ જેટલી વાર તેને સાંભળતો, તેટલી વાર તત્કાળ પૂરતું તેને ભીખ નાખીને તે અવાજ અટકાવવા તે પ્રયત્ન કરતો. પણ એ અવાજ અટક્યો ન હતો અને બીજો ઉપાય જડે નહિ ત્યાં લગી તે પોતાની પાસે હતો તે જ એક ઉપાય અજ-માવ્યા કરતો. એટલે રેવલીનો આ કર્કશ અવાજ સાંભળવો એ તો નિત્યક્રમ થઈ પડેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આજે વહેરાઈ જવાનું કારણ બીજું જ હતું. હૉસ્પિતાલમાંથી સુવાવડ પછી પાછી આવેલી એની સૌભાગ્યવતી અને બેબીનો ખ્યાલ, તે બંને સવારની મીઠી ઊંઘમાંથી જાગી ઊઠશે એ ખ્યાલ તેને પીડા કરતો હતો.

'અરે, આ ચંડાળણ બેબીને જગાડશે!'

બેબીની ઊંઘ ન ભાગે એટલા માટે એને સંતોષી વિદાય કરવી એ જ એક ઉપાય હતો અને રેવલી આ કડકડતી ઠંડીમાં આટલો વેશ કાઢીને આવી તે સાધારણ ચીજથી સંતોષાવાની નહિ વળી! એને ગરમ જ જોઈશે.

'અરેરે, અમારે નસીબે તો ઠીક, પણ આ બાળકને પણ સુખે સૂવાનું નહિ?'

અને બેબી જાગી જ ગઈ હતી. તેનો અવાજ નીચેથી સંભળાતો હતો અને નવાઈની વાત કે જાણે રેવલીના જેવો જ એ અવાજ હતો, સુવર્ણકાંત ચોંક્યો.

રેવલીનો પોકાર એકધારો ચાલુ જ હતો.

'કેમ કોઈ નીચેથી આવીને આને વિદાય નથી કરતું?' એવો વિચાર સુવર્ણકાંત મનમાં કરતો હતો, ત્યાં નીચલા મજલાની બારી ઊઘડી અને બહેનનું ડોકું બહાર નીકળ્યું. વિધવા થયેલ, સંતાન વગરની બહેનની જીભ જુદી રીતે પણ રેવલીના જેવી જ કરવતની શક્તિવાળી હતી. તેમણે રેવલીને ચુનંદી ચારેક ગાળો સંભળાવી. પણ રેવલીએ તો ઉપરને માળે જ હાથ ઊંચા કરી પોકાર ચાલુ રાખ્યા. બહેનના પ્રસાદ માટે તેને પરવા ન હતી. બહેને પણ ઊંચે ડોકું કર્યું.

'અરે ભાઈ! બાળો ને આ કાગડીને! પરકાળી છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતદહાડો !'

સુવર્ણકાંત ચિડાતો હતો. એ દુષ્ટાને વિદાય કરવાને બદલે આ દલીલો શું કરવા કરે છે? અને તેણે રીસમાં ને રીસમાં ગળે વીંટેલો કાશ્મીરી દુપટ્ટો કાઢીને ફેંક્યો.

'બાળ તારું મોઢું ! ફરી ન આવતી.'

હા ! કેવો ભ્રમ ! એના આવા આચરણથી તો રેવલી ફરી ફરી આવતી હતી. પણ એ તો આપણને બોલવાની ટેવ પડી ગઈ !

ઉઘાડા ધડવાળી રેવલીએ ઊંચા હાથ કરી પડતું વસ્ત્ર ઝીલી લીધું. રેવલીના મોં પરનું વિજયી સ્મિત ઉષાના સ્મિત કરતાં યે વધારે પ્રફુલ્લ બન્યું.

સુવર્ણકાંત દુપટ્ટો ફેંકીને નીચે ધસ્યો. ભાઈ, ભોજાઈ અને બહેન રડતા બાળકના પારણા ઉપર ઝૂક્યાં અને અદ્ભુત રીતે ત્રણેના મગજમાં એકીસાથે વિચાર આવ્યો, કે 'આ કકળાણમાંથી છૂટી શહેર બહાર રહેવાને બંગલો બાંધ્યો હોય તો કેવું સારું !'

વિજયી રેવલી ગર્વભેર પોતાના સમરાંગણનો ત્યાગ કરતી હતી. ઓટલા પર દાતણ કરતા પોળવાસીઓની સામે તે જાણે મજાકભેર હસતી હતી અને પીઠ પાછળ લોકો બોલતા હતા:

'મોટો દયાવંત છે ત્યારે એને ઘર જ મંડાવી કેમ નથી આપતો ?'

'તે ઘરે ય મંડાવી આપશે અને જરૂર લાગશે તો ઘરમાં ય રાખશે. એને આશીર્વાદે તો ઘેર ઘોડિયાં બંધાયાં છે !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેવલી પોળને માથે ધીરે ધીરે એક આફતરૂપ થઈ પડી. લગભગ બધા ઘરવાળાએ રેવલીને આપવું બંધ કર્યું, પણ એથી તો ઊલટું સુવર્ણકાંતનું ઘર જ રેવલીને આશ્રયસ્થાન થઈ પડ્યું. લોકોની કલ્પનામાં સુવર્ણકાંતનું કુટુંબ અને રેવલી કોઈ અદૃશ્ય તંતુથી વધારે ને વધારે જોડાઈ જવા લાગ્યાં. આખી પોળમાં ટેવ મુજબ ટહુકા કરતી રેવલી સુવર્ણકાંતના ઉંબરામાં આવીને થંભતી અને ડાઉ ડાઉ કરતી કૂતરી અચાનક શાંત પડીને નીચે મોઢે ચાલી જાય તેમ તે ખાવાનું મેળવી પોળમાંથી ચાલી જતી. લોકોની કલ્પના કડક થતી ગઈ. પોતાની જ જ્ઞાતિનો, પોતાનો જ પાડોશી પોળવાસી આવી રીતે એક ભિખારણના આશીર્વાદ મેળવતો જાય, અથવા સૌ કોઈથી જુદો પડી જાતે જ વધુ દયાવંત અને દાતા છે એમ બતાવવા જાય, એ કેમ સહેવાય?

છેવટે પોળના દયાવંત અને રાજા લોકોએ વાનરસેનાને રેવલીનો પરાજય કરવા તૈયાર કરી અને એક સાંજે રેવલી માગવા આવી, ત્યારે તેને પજવીને ધૂળ અને પથરા ઉડાડીને અને તેનું ખાવાનું ઢોળી નાખીને હેરાનહેરાન કરી મૂકી, પુષ્કળ ધમકીઓ આપી તેની પાસે પોળનો ત્યાગ કરાવ્યો. પોળ એક મહામારીમાંથી છૂટી.

સુવર્ણકાંતે આ સાઠમારી જોઈ હતી. પણ તે તટસ્થ રહેવા સિવાય બીજું કંઈ કરી શકે તેમ ન હતો. રેવલી આ ત્રાસ પછી હવે નહિ આવે તેમ જાણતો છતાં સવારમાં રેવલીનો અવાજ સાંભળવાને ટેવાયેલો તે બીજે દિવસે એ અવાજ ન સાંભળી બેચેન બન્યો. પોળ પ્રખર રીતે શાંતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધારણ કરતી હતી. રેવલીના અવાજનો અભાવ જ એ અવાજના હજારો દિવસથી મગજમાં અંકાયેલા પડઘાને ગ્રામોફોનની મૂગીમૂગી રેકર્ડ પેઠે તાજો કરતો હતો.

આ બેચેની શાને? જે વસ્તુ ગમતી ન હતી તે આજે ન મળતાં આમ કેમ? રેવલી સુવર્ણકાંતની આધ્યાત્મિક ગુરુ હતી. એનો આત્મા રેવલીનો શિષ્ય હતો અને અજાણી રીતે, અદૃશ્ય રીતે, ધીરે ધીરે એ અંતર્મુખતા, વિચારશીલતા અને સમાજજીવનના ભયંકર વિરોધોનાં મૂળ શોધવાના પાઠ તેના મનમાં ઊતરતા હતા. એ દર્દ, એ ઝંખના અને એ માટેની ખોજ, રેવલી હાજર રહેતી તેટલો વખત સુવર્ણકાંતના જીવનની એકાગ્ર સ્થિતિ થઈ પડતાં. એ ડંખ, એ દર્દ, એ સામંજસ્ય સાધવાના યત્ન, એકી સપાટે અદૃશ્ય! કેટલી મોટી ખોટ!

રેવલી પોળભૂમિમાંથી નિવૃત્ત થઈ એનો આખો જશ છોકરાંઓએ પોતાનો માની લીધો એ બરાબર ન હતું. એ નિવૃત્તિનું જશભાગી એક બીજું પણ હતું. અને તે રેવલીનું તરતમાં જ જન્મવાનું બાળક.

*

તળાવમાં પાણીનું હિમ કરી દેતી શિશિરની ઠંડીભરી સંધ્યા બેસતી હતી. સુવર્ણકાંત પહેલે મજલે ખુલ્લી બારી કને આરામખુરશીમાં બેઠો હતો. પૂરતાં ગરમ કપડાંમાં હૂંફ લેતું એનું શરીર ક્રૂર ઠંડી સામે વિજયની ખાતરી અનુભવતું હતું. નીચે પોળમાં જતા–આવતા લોકોની લાલલીલી શાલ, દુપટ્ટા, ગલેબંધ તે બારીમાંથી જોતો હતો. આખું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગત, આખું નહિ તો પોળનું જગત તો ખરું જ, ઊનનાં વસ્ત્રોથી, કસરતથી, પાકથી અને હૂંફાળી સગડીઓથી શરીરને હૂંફાળું, તંદુરસ્ત અને મજબૂત કરવામાં મચેલું હતું. સુવર્ણકાંતે શાલમાં હાથ વધારે ઊંડે દબાવ્યા. 'હાથમોજાં લેવાં જોઈએ.' તેના મનમાં વિચાર ફૂટ્યો. મોજાંની હૂંફ અનુભવતા પગને તેણે લંબાવ્યા અને પગના અંગૂઠા હલાવી જોયા.

એની ખુરશી પાસે આછો અવાજ થયો. બહેન બેબીને લઈને ઊભાં હતાં: 'રમાડવી છે બેબીને, ભાઈ?' અને જવાબની વાટ જોયા વગર તેના ખોળામાં ગરમ કપડાંમાં લોટપોટ કરેલા બાળકને બહેને મૂકી દીધું. બાળક તેની સામે અદ્દભુત રીતે હસવા લાગ્યું. બેબીને કયાં કપડાં છે અને હજુ કયાં જોઈશે તે બહેન ગણાવતાં હતાં અને છેવટે બેબીના ગાલ પર ઝીણી ચીમટી ભરી તે બોલ્યાં:

'હવે એને, નાનકડી સોનાની બંગડી પહેરાવીએ તો? કાલે જોજો ને ચોકસીને ત્યાં.'

બેબીને રમાડતાં સુવર્ણકાંતની આંખો કોક બીજી જ ચીજ જોવામાં ગરક થઈ. બહેન ક્યારે ગયાં તેનો સુવર્ણકાંતને ખ્યાલ ન રહ્યો.

કાલે સાંજે રેવલી દેખાઈ હતી. ઓ રામ, કેવી જગાએ! કેવી દશામાં! ઘોડાપોળમાં, એક તબેલાના અર્ધા ઓટલા પર દાદરની નીચેની ત્રાંસી બખોલમાં રેવલી એનું બચ્ચું લઈને બેઠી હતી. પાસે ગોદડીનો ગાભો અને એક ઠીબરું પડ્યું હતું. તેણે ગમે ત્યાં ફાટેલાં, મેલાં, પાતળાં બે-ચાર લૂગડાં શરીર પર વીંટ્યાં હતાં. તેણે એ વસ્ત્રોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ છોકરાને ઢાંકીને ખોળામાં રાખ્યું હતું. રડતાં રડતાં છોકરું ઉછાળો મારતું ત્યારે તેના વાંદરાના બચ્ચા જેવા કાળા હાથ બહાર નીકળી આવતા હતા અને રેવલી તેને પાછી ધીરેથી ખેંચીને કપડાંમાં દાબી દેતી હતી. તેની પાસે એક ભિખારી જેવો માણસ બેઠો હતો. સુવર્ણકાંત આવ્યો ત્યારે તે તબેલા-વાળા પાસેથી બે પૈસા માગીને હોટલમાં ચા લેવા ગયો.

સુવર્ણકાંત રેવલીને જોઈ ખમચી ગયો. રેવલી અહીં? ઘોડાપોળમાંથી ટૂંકે રસ્તે સરિયામ રસ્તા પર જવાતું, તો પણ સુવર્ણકાંત એ રસ્તેથી ભાગ્યે જ જતો. ઘોડાપોળની ગંદકી, સંકડાશ અને બીજી નાલાયકીથી સારા માણસો ભાગ્યે જ ત્યાંથી પસાર થતા. ખૂબ ઉતાવળ હોય ત્યારે જ એ રસ્તાનો ઉપયોગ ન છૂટકે લોકો કરતા. સુવર્ણકાંત ઉતાવળમાં હોવા છતાં ઉતાવળ ન કરી શકયો. તે અટકી પડ્યો. તેને જોતાં જ રેવલી બોલી ઊઠી :

‘ અરે શેઠ....મારા રાજા....ભગવાન તમને સો વરસના કરે....મને ભૂલ્યા નથી ત્યારે....’

સુવર્ણકાંત જરા પાસે આવ્યો. જીવતી વેદના તરફ-ડિયાં ખાતી હોય તેમ બાળક ઊછળતું હતું.

‘ આ બચ્ચાને માટે કાંઈ આપો. ’ રેવલીના ફિક્કા હોઠ વળ ખાતા હતા.

‘ તને પેલું ગરમ કપડું તો આપ્યું હતું. કયાં નાખ્યું?’

રેવલીએ માથું નીચું ઢાળી દીધું.

‘ એ તો ગયું. પીટ્યો વેચીને દારૂ પી ગયો. મને તમારી પોળમાં પડી રહેવા દીધી હોત તો સુખે દહાડા કાઢત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામ રામ!' અને રેવલીએ એમ કહી પોતાના વાંદરિયાને બચ્ચી કરી. તેનું મોઢું કેટલીયે વાર સુધી છોકરા ઉપર ઢળી રહ્યું. સુવર્ણકાંત ચાલતો થયો.

ખોળામાંનું બાળક સુવર્ણકાંતનું મન ભયંકર રીતે આકર્ષી રહ્યું હતું. એ ગુલાબી બાળકને તેનાથી બચ્ચી લેવાઈ ગઈ. તેના શરીરમાંથી વીજળી પસાર થઈ ગઈ. તે એકદમ ભાનમાં આવ્યો. રેવલીએ પણ આ જ રીતે બચ્ચી કરી હતી અને કરડા વિરોધોથી ભરેલી એક દૃશ્યમાળા તેના મન આગળ પસાર થવા લાગી.

અહીં? લાખ વસાણાં ખાઈને સુવાવડમાંથી ઊઠેલી પોતાની સૌભાગ્યવતી, ગરમ કપડાંમાં વીંટાયેલું ગુલાબી બાળક, તંદુરસ્ત શરીરનો, છૂટથી વાપરી શકાય તેટલા પૈસાવાળો પોતે અને હૂંફાળો સગવડભર્યો આ ઓરડો, અને ત્યાં? પેલી દાદર નીચે પડી રહેલી રેવલી, વાંદરાના બચ્ચા જેવું એનું છોકરું અને પેલો મવાલી જેવો, ડુપટ્ટો વેચી દારૂ પી જનાર 'પીટ્યો.'

સુવર્ણકાંત સામસામે જોડકાં બેસાડતો હતો. એક તરફ તીવ્ર ઝગમગતો પ્રકાશ તો બીજે ઘોર ગાઢ અંધાર. કોના વાંકે? કોના પાપે?

'અરે ભાઈ! શું કરો છો? આ બેબી રડીરડીને અધીર થઈ ગઈ?' બહેને ઉતાવળે આવતાં ભાઈને વિચારતંદ્રામાંથી જગાડ્યો.

'હેં!' બે મિનિટથી ખોળામાં રડ્યા કરતા બાળકના રુદનના ભાનથી આઘાત પામી સુવર્ણકાંત બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેન બેબીને લઈ ચાલ્યાં ગયાં. પણ સુવર્ણકાંતના હૃદય ઉપર કોક વજ્રશિલા વધુ ને વધુ દબાણ અનુભવાવતી ધીરેથી પણ મક્કમતાથી જાણે ઊતરી રહી હતી.

સુવર્ણકાંત ઘીમાં બોળેલી રોટલી ખાતો, ખાઈને દ્રાક્ષાસવ અને બીજાં ટૉનિક પીતો, સાંજે પોતાના જેવડા કદના આયના સામે ઊભો રહી વ્યાયામ કરતો; ઋતુઋતુમાં તેના પોષાક બદલાતા, તેનાં ખાદ્ય અને પેય બદલાતાં; બુદ્ધિને ઉત્તેજે એવાં કિંમતી પુસ્તકો તે વસાવતો; સાહિત્યની, ચિત્રની, સંગીતની કે રંગભૂમિની નવામાં નવી કળાકૃતિનો આસ્વાદ લઈ શકવાની તેને આર્થિક અને બૌદ્ધિક સગવડ હતી અને ચાંદની રાતે અગાશીમાં તળાઈ ઉપર તેની પાસે બેઠેલી સૌભાગ્યવતી બેબીને લઈને રમાડતી હોય, ત્યારે જીવનમાં જે કંઈ મેળવવું અધૂરું રહ્યું હોય તે પણ મળી ગયું છે એમ લાગે, ત્યારે પૂર્ણ પ્રાપ્તિના અનુભવની ક્ષણને ટાંકણે તેના હૃદયમાં એક પ્રશ્ન ઊઠતો:

'મને જ કેમ? બીજા કોઈને નહિ અને મને જ કેમ આમ થાય છે?'

આખી પોળ ભરીને માણસો પડ્યાં છે, આખું શહેર ભરીને, અરે, આખી પૃથ્વી ભરીને માણસો પડ્યાં છે. પણ આ આવી ઘેલછા, ભ્રમણા, ઉન્માદ, ગાંડપણ કોઈને ય દેખાતું નથી. કોઈને ય ગળે ઘીમાં બોળેલી રોટલી અટકતી નથી. કોઈથી ય સવામણની તળાઈમાંથી ભરઊંઘમાં ઝબકીને જાગી જવાતું નથી.

દરેક જણ પોતાના આર્થિક જીવનના, નૈતિક માન્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાના તેમ જ ધર્મના પાયા સ્થિર રાખવા, પોતે જીવે ત્યાં લગી તો ટકે એવા અચળ કરવા મથે છે. કોઈથી નવી સ્થિતિ કલ્પાતી નથી, સમજાતી નથી, ઇચ્છાતી નથી. માત્ર મને જ આમ નવેસરથી વિચારવાનો કેમ અજંપો થયા કરે?

'હી....હી! હી....હી!'

દિગંત ગજાવતો ખડખડાટ અટ્ટહાસ્યનો અવાજ આવે છે.

'બચ્ચું! પાંખ વગરનું બચ્ચું! તું એકલો નથી, તારા જેવા જગતમાં ઘણા ય હતા, છે અને થશે. તું પણ એ જમાતનું એક ચેલકું છે. કોકે તને આવીને લઈ જવું જોઈશે. તું ચેલકું છે. નહિ તો તું જાતે જ પેગંબર થયો હોત. અમે આવીએ છીએ, આવીએ છીએ. તું બહાર નીકળી ઊભો રહેજે.'

પ્રચલિત જીવનથી જુદા પડી, જુદો અવાજ કાઢી જુદી ભાવના ઉચ્ચારી, જુદા આચાર સ્થાપી, કેવળ જુદી જ, પણ ઉચ્ચ અને સાચી જીવનપ્રણાલિ પ્રગટાવનારી જગતની આદિથી શરૂ થયેલી પીરપેગંબરોની હારમાળા સુવર્ણકાંતને સમજાવે છે અને કોક ક્ષણે એના મનમાં ચક્ષુ ખૂલી જાય છે ત્યારે એને સમજાઈ જાય છે, કે 'મનુષ્ય–જીવનમાં જે કૈં પ્રગતિશીલ ઊર્ધ્વગામી તત્ત્વ રહ્યું છે તે જ મને આમ સાદ પાડે છે. મારે આગળ અને ઊંચે જવું હોય તો એ અવાજ સાંભળ્યે જ છૂટકો. એ અવધૂતોની જમાતમાં દાખલ થયે જ સાર્થક્ય!'

પણ આ બધું કોક મધુર સ્વપ્નાની પેઠે સરકી જાય છે. પણ એ ભાવનાની દોરી એના હૃદય સાથે બંધાઈ ગઈ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ચોક્કસ છે અને એ પણ એટલું ચોક્કસ છે કે એ દોરી કોઈ બીજી ચીજના હાથમાં સપડાયેલી પણ છે. એ ઝાલનાર ગમે તે હોય; દ્રષ્ટા, પીર, પેગંબર, કે આખી માનવતા હોય, પણ એ દોરી ઘણી વાર ખેંચાયા કરે છે અને એ આંચકા ક્યારેક તો એવા સજ્જડ આવે છે કે એકે એક નસ ઢીલી થઈ જાય છે.

હાલ તો માત્ર એ દોરીના આંચકા ઓછા અગવડ-કરતા નીવડે એમ એની પરિસ્થિતિ એને માટે સગવડો ઊભી કરી રહી છે. તેની આજુબાજુનું જીવન 'જિવાય છે તેમ જીવો. બીજાની પંચાત મૂકો.' એમ કહી એને ખુરશીની ગોદમાં, સ્ત્રીની સોડમાં, બચ્ચાની બચીમાં, પલંગની પથારીમાં, વીમાની સલામતીમાં, વેપારની વૃદ્ધિમાં લપેટી લેવા પ્રયત્ન કરે છે.

'શું અમે મૂર્ખ છીએ? ભાવનાહીન છીએ? રાક્ષસ છીએ?' એમ બધાં પોળવાસી પૂછે છે. શાલદુશાલા ઓઢેલાં, અગાશીઓમાં ગુલાબી શરબતો પીતાં અને મોટરોની ગાડી-ઓમાં ઊછળતાં ગુલબદન અનેક જોડાં એને પૂછે છે.

શો જવાબ દેવો? પોતાની પાછળ, આડોશમાં, પાડોશ-માં પડેલા આ લોકોને શું જવાબ દેવો? એમને મૂર્ખ, ભાવનાહીન, ક્રૂર, જડ કે નિષ્પ્રાણ કહેવાં? સુવર્ણકાંત વાંચે છે, વિચારે છે અને ચોપડી બંધ કરે છે. એની સ્થિતિ કફોડી છે. એ પોતાના પાડોશીઓને જવાબ નથી દઈ શકતો. તેમ જ પેલી ખેંચાતી ગૂઢ દોરીને નથી તોડી શકતો. એ ઘરમાંથી નીકળે છે, રસ્તા પર ફરે છે, ગલીઓમાં આથડે છે, કીચડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં પગ ખરડાતાં તેનાં નાકનું ટેરવું ચડે છે, પણ ગટરમાં આળોટતાં માણસો જોતાં તેનું હૃદય ભાન ભૂલે છે અને આ બધું સહન ન થતાં મગજની બેભાનીમાં કોઈ ભિખારી સામો મળી જાય તો તેને ગજવામાંથી હાથમાં જે કંઈ આવે તે નાખીને હૉટેલમાં જઈને કોલ્ડડ્રિન્કનો ઑર્ડર આપે છે. એને અફસોસ થાય છે કે પોતાને દારૂ પીતાં નથી આવડતો. નહિ તો આ જલદી ભૂલી જઈ શકાત.

ખડિંગ ખટ, ખડિંગ ખડિંગ ખટ, ખચખચ! આ શું? કોદાળા અને પાવડા, કરવતો અને દાતરડાં, હથોડા અને છીણીઓ સુવર્ણકાંતના મગજ આગળ સંધ્યા જેવી કોક ધૂંધળી ક્ષણે પેલી જૂની જમાત આવીને ઊભે છે.

'સપાટ....સાફ! સપાટ....સાફ! દુનિયાનો એક ખૂણો અમે ચોખ્ખો કર્યો છે. સમજણ પડે છે?' કોક ભીષણ અવાજ પડકારે છે. 'સ....મ....જ....ણ....પ....ડે....છે? અમે આવ્યાં છીએ.'

સુવર્ણકાંતના મગજ ઉપરથી છેલ્લું પડ ઊઘડવાની તૈયારીમાં છે. એને વિશ્વદર્શન કરાવનાર પ્રભુના હજારો હાથ આ જ કોદાળા અને હથોડા, કરવત અને દાતરડાં છે.

'તારા મગજમાં હતું તે જગતમાં રચાઈ ગયું છે. સમજણ પડે છે તને? સ્વપ્ન સત્ય બન્યું છે. ભલે તારી પોળ અચળ લાગે, ભલે તારું શહેર, તારું મિલમંડળ, તારું રાજ્ય, તારો સમાજ, ભલે આખી પૃથ્વી તને અચળ લાગે! કાલે અત્યારે એ બધાં ઊખડી જશે. એ બધાંને ઉખેડવાં પડશે. એ વગર સ્વપ્ન તે સત્ય નહિ બને. આદર્શ તે વ્યવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર નહિ બને. ગુલાબી બચ્ચાં અને પાકનાં વસાણાં, અગાશીવાળા બંગલા અને રોનકદાર મોટરો, મિલનાં મંડળો અને રાષ્ટ્રોના કોલકરારો, એ બધાના પાયામાં અનેકનાં હાડપિંજર અને જીવતાં મડદાં, ખોલી અને ખટારા, દુકાળિયા જાતો અને દબાયેલા દેશો કચરાઈને પડ્યાં છે: અમે બધું ઉખેડ્યું છે. ઉપરનાને તોડી પાડશું. તું નીચે હઈશ તો ઊંચકી લઈશું. આ લે કોદાળો, તારે હાથે તેં જેટલાંને ચગદ્યાં હોય તેમને ઉપાડીને ઉપર લાવ. આ લે ઘણ, જે જે ઊંચે ચડીને બીજાને દબાવી રહ્યા છે તેને તોડી પાડ! એ અશક્ય નથી. અમે પૃથ્વીનો એક ખૂણો સાફ અને સપાટ કર્યો છે. અમારી કૂચ આગે વધે છે. ચાલ ચાલ રે, ચાલ!'

સુવર્ણકાંત ઝબક્યો. 'ભાઈ! ચા ઠંડી પડે છે!' બહેન ચા લઈ આવ્યા હતાં. 'પાછી લઈ જાવ.' કહી તેણે આંખો મસળવા માંડી. આ બચ્ચાનું પારણું, આ પાંચ ફૂટનો આયનો, બૅંકમાંના રૂપિયા, મિલના શેર, પાસે આવી રહેલો રાવબહાદુરનો ઇલકાબ, બધું આંકડાના તૂર પેઠે ઊડી જશે. ઉડાડી દેવું પડશે?'

જૂનું ઉખેડીને નવું રચવાનું થશે. આહ, જૂનામાંથી કશું જ પકડી નહિ રખાય?

'આવે છે તું? આવે છે તું?' પેલો અવાજ, જમાતનો ઘનઘોર ઘંટનાદ ધણધણે છે. સુવર્ણકાંત એ ક્રાંતિનાદે હાંફી જાય છે. 'હમણાં નહિ. હમણાં નહિ. ક્ષમા, પ્રભુ! ક્ષમા મને. હું આવીશ.'

'તું આવવાનો?' અને તેની મજાક કરતી હોય તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ક્રૂર હાસ્ય કરી એ જમાત ચાલી જાય છે.

સુવર્ણકાંત ઇચ્છતો કે અલાદીનના જાદુઈ ફાનસ જેવી ચીજ મળી જાય અને તેના એક ઘસારે તે આખું જગત નવું ઊભું કરી શકે. એ જાદુઈ ફાનસ રચવામાં આર્થિક બળોની અથડામણ, સ્વાર્થના પ્રચંડ પછડાટા, લોભવૃત્તિના લાખો પ્રપંચો, ગર્વનાં ઘોર તાંડવો અને એ બધાંને ભાંગતું, ચૂરા કરતું ભીષણ ભાવનાનું પૂર, સર્વવ્યાપી સંગઠન અને બલિદાન તથા શહીદીની અનેક ગંગાઓ, બ્રહ્મપુત્રાઓ, ઍમેઝોન અને વોલ્ગાઓ જોઈએ, એ વાત એ બચ્ચાને કોણ સમજાવે?

'તું આવવાનો?' એ પ્રશ્નના જવાબમાં સુવર્ણકાંતે એક દિવસે સાવ અજાણતાં એ પંથે જવાને ડગલું ભર્યું.

સુવર્ણકાંત એક દિવસ મોડો ઘેર આવ્યો. બહેન ઊકળ્યાં.

'ક્યાં ફર્યા કરો છો? ડોક્ટરને જલદી બોલાવી લાવો.'

સુવર્ણકાંત બેબીના પારણા પાસે ગયો. કેટલાક દિવસથી બેબી માંદી રહેતી. આજે તે મજૂરોના એક વિવાદાસ્પદ પ્રશ્ન ઉપર મળેલી કાર્યકર્તાઓની સભામાં ગયો હતો. પણ પ્રશ્ન ગંભીર રૂપ લેવાથી તેને ધાર્યા કરતાં વધારે મોડું થયું હતું. બાળક તાવથી ફફડતું હતું. રોગ સામે વલખાં મારીમારીને હારેલું બાળક ઢીલું થઈને પડ્યું હતું.

'પણ નોકરને તમે કેમ ના મોકલ્યો?' તેણે શાંતિથી બહેનને પૂછ્યું.

'મૂઆ રે એ નોકર ને ચાકર! મસાણે ગયો છે. આપણી જરૂર હોય ત્યારે જ એમના લોકોને મરવાની નવરાશ આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે!' બહેને કહ્યું અને જગતની કાણ કરતાં હોય તેમ તેમણે નાનકડો ઠૂઠવો મૂકયો. અને તરત જ આંખો લૂછી કાંઈ જ ન બન્યું હોય તેમ ભાભી તરફ ફરી બોલ્યાં :

'ભાભી! લાવો એને શેક કરીએ.'

બચ્ચાની બીમારીમાં જગતનું તમામ ભાન ભૂલી બેઠેલી સૌભાગ્યવતી ચાવી આપેલી પૂતળીની માફક ઊઠીને અંદર ગઈ અને એક બીજા પૂતળાની માફક સુવર્ણકાંત વેગથી નીચે ઊતર્યો.

સુવર્ણકાંત ડૉકટરના દવાખાને દોડ્યો. સરિયામ રસ્તા પર બારણે મોટું પાટિયું લગાવી દવા કરતા ડૉકટરને તેણે ખુરશીમાંથી લગભગ તાણી કાઢ્યા. થોડીક દવાઓ અને સ્ટેથે-સ્કોપને ખિસ્સામાં નાખી ડૉકટર સુવર્ણકાંત પાછળ ઘસડાયા.

'અરે આમ ક્યાં?' ઘોડાપોળમાં પેસવા જતાં સુવર્ણ-કાંતને ડૉકટરે રોકયો. 'એ લત્તામાં.......'

'એ જ ટૂંકામાં ટૂંકો રસ્તો છે.' અને સુવર્ણકાંત ઘોડાપોળમાં ઘોડાવેગે પેઠો.

મનમાં એ પોતાની બેપરવાઈ માટે પોતાને ભાંડતો હતો. સભામાં ન ગયો હોત તો મૂર્ખ! ન ચાલત? ત્યાં 'એ....રાજા લોક....ઓ દયાવંતા....' ભૂતકાળમાંથી ઊઠતા ભૂતના જેવો જાણીતો અવાજ આવ્યો. રેવલીના અવાજમાં આજે કૃત્રિમતા ન હતી. રેવલી પહેલાં હતી તે જ ઠેકાણે દાદર નીચે હતી. તે ઓટલા પાસે થઈને જ તેમનો રસ્તો હતો, સુવર્ણકાંત થોભ્યો. રેવલી આજે વેપારી–ભિખારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે નહોતી બોલતી, તેના અવાજમાં સીધી સાદી માણસને માણસ તરીકેની અરજ હતી.

'ભાઈ! આ બચ્ચા સામું જોશો જરી? સાત દીથી ફફડે છે આમ.'

રેવલીએ ખોળામાં વીંટેલું પોતાનું વાંદરિયું સહેજ ખુલ્લું કરી બતાવ્યું. સુવર્ણકાંત ડૉક્ટરનો હાથ પોતાના હાથમાં રાખીને જ મૂઢ જેવો ઓટલા પાસે ગયો. તે જાણે કંઈ જોતો જ ન હોય અથવા કોઈ અદ્‌ભુત ચીજ જોતો હોય તેમ લાગતું હતું.

'મિ. કાંત! પહેલાં ઘેર જઈએ.' ખેંચાઈ જતા ડૉક્ટરે કહ્યું.

ડૉક્ટરનું સાંભળ્યું જ ન હોય તેમ સુવર્ણકાંત બોલ્યો:

'આને પહેલાં તપાસી લો.'

ડૉક્ટર ખમચ્યા.

'એની ફી તમને મળશે. એને તપાસો.'

'તમારે મોડું નહિ થાય?'

'ઢીલ કરીને તમે જ મોડું કરો છો.' સુવર્ણકાંતના ચહેરા પર એક કઠોર આર્દ્રતા હતી.

ફીની ખાતરી થતાં ડૉક્ટર ઠેકીને ઓટલા ઉપર ચડ્યા. રેવલીના બાળકને તેમણે તપાસ્યું, તેમણે ગંભીર રીતે ચપટી વગાડવા માંડી.

'આને તરત જ દવા આપીએ તો બચે તેમ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'દવા તૈયાર છે?'

'છે, પણ તમારે ત્યાં....'

'એને જ આપો; આપણે બીજી લઈ આવીશું.'

રેવલીના બચ્ચાને દવા પિવાડી બંને પાછા દવાખાના તરફ ફર્યા ત્યારે રેવલી બબડી રહી હતી: 'તમારું ભલું થજો દયાવંતા, તમારી વાડી લીલી રાખે ભગવાન.'

માણસના પગ સભ્યતા ગુમાવ્યા વગર ચાલી શકે તેટલી ઝડપે બંને દવાખાનેથી દવા લઈ સુવર્ણકાંતને ઘેર પહોંચ્યા.

બંને સડસડાટ મેડે ચડ્યા અને સીધા પારણા પાસે ગયા. ઓરડામાં પ્રખર શાંતિ હતી. તેમણે પારણું જોયું અને ભીંતને અઢેલીને નણંદ–ભોજાઈને ગુપચુપ ગીધના જેવાં બેઠેલાં ભાળ્યાં. તે બંને તરફ બંને જણ ફર્યા. બહેનના ખોળામાં કંઈક હતું અને પગ પાસે જમીન ઉપર બાળકના હાથની બંગડીઓ પડી હતી. તેમને જોઈને બંને જણી મોંફાટ રડી પડી.

સુવર્ણકાંતે ડૉક્ટરને કહ્યું: 'તમે જઈ શકો છો.' અને ડૉક્ટરના જવાની વાટ જોયા વિના તે રસ્તા ઉપર પડતી બારીએ જઈ ઊભો.

તેને નીચે કંઈક દેખાયું.

એના નાના વાંદરિયાને કેડમાં લઈ રેવલી જાણે ત્યાં ઉંબરા આગળ ઊભી છે અને આશીર્વાદ બોલી રહી છે:

'તમારી વાડી લીલી રાખે ભગવાન!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરનાં આંદોલનો

લે૦ સોપાન

એ દૃશ્ય જીવનભર ભુલાય એવું નથી. હું પ્રકૃતિથી વ્યવહારબુદ્ધિ ધરાવનારો ન હોત તો સુમંતની પેઠે જ પાગલ બનીને એ આગ-વિસ્તારમાં રઝળતો હોત. અસર તો મારા હૈયા ઉપર પણ થઈ હતી, કારણકે એ પથ્થરનું નહોતું, પરંતુ સુમંતનું હૈયું તો તૂટી જ પડ્યું હતું.

પહેલો ધડાકો થયો ત્યારે અમે બંને પ્રિન્સેસ સ્ટ્રીટના એક બુકસેલરની દુકાનમાં હતા. થોડા વખત પહેલાં મુંબઈના ભરચક લત્તામાં એક મકાન તૂટી પડ્યું હતું એટલે પહેલી કલ્પના તો અમે બેઠેલા હતા તે મકાન તૂટી પડ્યાની જ આવી. બીજી કલ્પના બાજુના મકાનની, ત્રીજી કલ્પના ભયાનક જાપાની બૉમ્બની. કલ્પનાની સાથે કાળજું કંપતું હતું તે કબૂલ કરી લેવું જોઈએ. સુમંત મારા પ્રમાણમાં હિંમતબાજ સાબિત થયો, કારણકે એના મુખ ઉપર ગભરાટને બદલે કંઈક કરવાની તત્પરતા દેખાતી હતી. અમે બંને બહાર દોડી ગયા. હજારો માણસો દોડી આવ્યા હતા. સૌની નજર પૂર્વ બાજુ હતી. પલકવારમાં આંખ ઊંચી થઈ અને આભને છાઈ દેતા ધુમાડાના ગોટા દેખાયા. એની નીચે અને એની પાછળ લાલ લાલ અગનગોળા રચાતા હતા. નજર પડે ન પડે ત્યાં તો વીજળીની પેઠે આગનાં તીર છૂટતાં હોય એમ આસ્માન ભેદાવા લાગ્યું. અમારી કલ્પના કંપી ઊઠી.

લોકો વગર સમજ્યે આગના ગોળા તરફ દોડવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પણ દોડ્યા. થોડે દૂર ગયા ત્યાં ધરતી ધ્રુજાવી મૂકતો બીજો ધડાકો થયો. મકાનો ડોલ્યાં, બારીબારણાં તૂટી પડ્યાં. રસ્તાઓ પર કાચના કટકાઓની પથારી થઈ ગઈ. દોડતા લોકો મુઠ્ઠીઓ વાળીને વળતી દિશામાં નાસવા લાગ્યા.

અમે સ્થિર બની ગયા. સુમંત આગળ વધવા ઇચ્છતો હતો. મેં એને પકડી રાખ્યો. એનું મુખ લાલ બની ગયું હતું. અગ્નિનું જ જાણે પ્રતિબિંબ!

ત્યાં તો મજૂરોનાં ટોળેટોળાં ગોદી વિસ્તારમાંથી દોડી આવતાં દેખાયાં. એ દૃશ્ય જોવાની મારી શક્તિ નહોતી. મેં આંખ મીંચી દીધી. પળવાર પછી બાજુની દુકાનના ઓટલા ઉપર હું બેસી ગયો. સુમંત ચાલ્યો ગયો, મેં ના પાડી તો યે ચાલ્યો ગયો!

×

'તું ન આવ્યો તે સારું કર્યું. તારાથી જોઈ જ ન શકાત.' રાત્રે મારે ઘેર આવીને ઊભા ઊભા જ સુમંતે મને કહ્યું.

'હું તો તુરત જ ગાડી ભાડે કરીને અહીં આવી પહોંચ્યો. આંખ ઉઘાડું ત્યાં લોહીનીગળતા મજૂરો દેખાયા. સાંભળવા ન ઇચ્છું તો યે ભયભીત લોકોનાં મુખમાંથી નીકળતા શબ્દો સંભળાઈ જાય. મારાથી આ સહન ન થયું. અહીં આવ્યા પછી પણ ચિત્તને શાંતિ મળી નથી.' હું બોલ્યો.

'હું ફરીને ત્યાં જ જાઉં છું.' કહેતાં એણે ચાલવા માંડ્યું. એનાં પગલાં તરફ માન અને આશ્ચર્યથી હું જોઈ રહ્યો. પળવાર મારી જાત માટે મને ધિક્કાર પણ છૂટ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તુરત મારી વ્યવહારબુદ્ધિ મદદે આવી પહોંચી. મને થયું:

'કેવળ જવાથી શો ફાયદો? આગ જોવાથી એને થોડી જ બુઝાવી શકાશે? લાગણીઓને નિરર્થક તાણ આપવાથી ન પોતાનું ભલું થાય, ન બીજાનું.' આવું કંઈક વિચારતાં હું ઘેર બેસી રહ્યો.

એકાદ કલાકમાં સુમંત પાછો આવ્યો. એની સાથે એક વૃદ્ધ પુરુષ, એક વીસેક વરસની યુવતી અને ત્રણેક વરસનું બાળક હતાં. બારણું ઉઘાડી આ દૃશ્ય જોતાં જ હું થંભી ગયો. સુમંતના કપાળ ઉપર પરસેવો બાઝેલો હતો. વાળ અસ્તવ્યસ્ત હતા. મેં જોયું તો ઝબ્બાની બાંય જરા ફાટી ગઈ હતી.

'તારે ત્યાં રાખશે?' બારણામાં જ એણે પૂછ્યું. વિચારવાનો સમય જ નહોતો. મેં તુરત માથું હલાવ્યું. એમણે પેલા વૃદ્ધ સામે આંખથી જ વાત કરી ચાલવા માંડ્યું. મેં મારા ઘરમાં એ દઝાયેલાંઓને દાખલ કર્યાં.

સુમંત મારો બાલમિત્ર. અમે રમ્યા સાથે, ભણ્યા સાથે, રખડ્યા સાથે; આજે મુંબઈમાં ચાર વરસથી રહીએ છીએ પણ પાડોશમાં જ. બંનેનો વ્યવસાય ભિન્ન છે, પરંતુ અમારી મૈત્રી ઉત્તરોત્તર દૃઢ જ બનતી રહી છે. મારા કુટુંબમાં વૃદ્ધ માતપિતા અને મારાં પત્ની છે. એના કુટુંબમાં વૃદ્ધ માતા, બે નાની બહેનો, પત્ની અને એક બાળક છે. અમારા કુટુંબના બીજા સભ્યોને પણ પરસ્પર સદ્‌ભાવની જ લાગણી છે.

આવેલાં દુઃખીઓને હું દિલાસો તો શું આપું! એમના દુઃખની વિગતો પૂછવાનું પણ મને યોગ્ય ન લાગ્યું. ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લઈ જઈને મેં એમને નિરાંતે બેસવા કહ્યું અને પેલાં બહેન તરફ મારી પત્નીનું ધ્યાન ખેંચ્યું. એ એમને રસોડા તરફ લઈ ગઈ. વૃદ્ધની સાથે હું એકલો પડ્યો.

થોડી જ વારમાં બારણું ખખડ્યું. મને થયું: સુમંત બીજા કોઈને લાવ્યો હશે. એમ જ હતું. ત્રણ સ્ત્રીઓ અને બે પુરુષો એની પાછળ ઊભાં હતાં. મને જોતાં જ એ બોલ્યો.

'મારે ત્યાં આમને મૂકી જાઉં છું. તું જરા ધ્યાન રાખજે.'

મેં માથું હલાવ્યું. એ બધાંને મેં સુમંતના ઘરમાં બેસાડ્યાં અને એનાં માતુશ્રીને સમજ પાડી.

એકાદ કલાક પસાર થતાં સુમંત પાછો આવ્યો. ઘરનું બારણું મેં ઉઘાડું જ રાખ્યું હતું એટલે સીધો અંદર આવી પહોંચ્યો. એનાં કપડાં પરસેવે તરબોળ બન્યાં હતાં. ખુરશી ઉપર બેસતાં બેસતાં તો એ પડી ગયો. મેં તુરત એને સંભાળી લીધો, થાકનાં અંધારાં આવ્યાં હોય એમ લાગ્યું. બાજુમાં જ પડેલા પલંગ ઉપર સૂવાની મેં સૂચના કરી, પરંતુ એ ધ્યાનમાં ન લેતાં સુમંત ખુરશી ઉપર જ બેઠો.

'કાળજું કંપી ઊઠે છે!' એ બોલ્યો. 'દિલીપ! તું એક વાર એ દૃશ્ય જોવા આવ. જિંદગીભર નહિ ભૂલી શકે.'

મેં કશો જવાબ ન આપ્યો પરંતુ પેલા વૃદ્ધ બોલી ઊઠ્યા:

'પોચા દિલવાળાનું ત્યાં કામ નથી. એમને લઈ જશો મા.'

'મને એમ થાય છે દિલીપ, કે આપણા આંગણામાં જ....'

'હું આવું છું.' મેં વચ્ચે જ કહ્યું, થાકેલો સુમંત એકદમ ઊભો થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે બંને સાથે જ નીચે ઊતર્યાં. રસ્તા ઉપર આવતાં જ અગ્નિની વિકરાળતા દેખાવા લાગી. જાણે પ્રલયકાળ આવ્યો હોય. વરસો પહેલાં 'ઈનફર્નો' બોલપટ જોયું હતું એ દૃશ્ય યાદ આવી ગયું તુરત બીજા એક બોલપટમાં જોયેલું સળગતા રોમનું દૃશ્ય ખડું થયું.

દસેક મિનિટમાં અમે આગ–વિસ્તાર પાસે પહોંચ્યા. પોલીસે રસ્તો રોકી લીધો હતો, સુમંત બેચાર વાર ગયો હતો એટલે એને જવાની રજા મળી. સાથે હું પણ ગયો. આગ તો પૂરવેગથી ભભૂકતી હતી.

એક પછી એક મકાનને ભરખી જતો દાવાનળ નીરખી મારું તો હૈયું જ બેસી ગયું. હું જોઉં છું ત્યાં જ પ્રચંડ જ્વાળાઓએ બાજુના મકાનને ઝડપ્યું. પાણીનો અવિરત માર જાણે કશી અસર ઉપજાવતો જ નહોતો. સત્તાવાળા-ઓની રજા લઈ અમે છેક આગની નજીક પહોંચ્યા. પાંચ પાંચ માળનાં મકાનો ભડભડ બળતાં હતાં. શેરીઓ સૂની પડી હતી. દૂરના ભાગમાં નજર પહોંચી શકતી નહોતી. અવાજો આવતા હતા, પવન અને આગનાં ઝાપટાંના, મકા-નોના પાડવાના અને પાણી માટે ચાલતી મોટરોના. ભયા-નક વાતાવરણ હતું.

સુમંત કશું બોલતો નહોતો. એ કે હું તમાશબીન તો હતા જ નહિ. વર્તમાનપત્રના ખબરપત્રી પણ અમે નહોતા. અમારાં હૈયાં દાઝતાં હતાં આ બધું જોઈને.

અમે પાછા ફર્યા. બીજે રસ્તે ગયા. અનાજનાં ગોદામો સળગતાં હતાં. લાખ લાખ ચિતાઓ જાણે એકસામટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલતી હોય! હજારો માણસો દીન વદને આ પ્રલયને જોઈ રહ્યાં હતાં.

રાતના એક વાગે અમે પાછા ફર્યા. બંનેમાંથી કોઈએ જે જોયું તે વિષે વાત ન કરી. સુમંત વાત કરવાની સ્થિતિમાં જ નહોતો. મને ય એટલી સ્વસ્થતા નહોતી.

ઘેર આવ્યા ત્યારે ઘરનાં સૌ સૂઈ ગયાં હતાં. સુમંત એને ઘેર ગયો. હું મારા ઘરમાં આવ્યો. મારા ઓરડામાં પેલા વૃદ્ધ આદમીની પથારી કરી હતી. મેં ધારી લીધું કે પેલાં બહેન મારાં પત્ની પાસે સૂતાં હશે. વૃદ્ધ ઘસઘસાટ ઊંઘતા હોય એવું લાગતું હતું.

હું સૂવાની તૈયારી કરું ત્યાં પ્રભા આવી પહોંચી. એણે સંજ્ઞાથી મને ઘરની અટારીમાં બોલાવ્યો. હું આવ્યો.

'આ બાઈ ગાંડી થઈ જશે એમ મને લાગે છે.'

'કેમ?' મેં પૂછ્યું.

'આવ્યા પછી એક શબ્દ બોલી નથી. જમવા માટે કેટલો આગ્રહ કર્યો! આંખો ફાડીને સામે જ જોઈ રહે! છોકરો રડે છે તોપણ....'

મારું હૈયું એના દુઃખથી ભરાઈ આવ્યું. હું વચ્ચે જ બોલી ઊઠ્યો: 'તું એની પાસે જ સૂજે.'

'મને તો બીક લાગે છે!'

'બીક!' એટલું બોલતાં મેં પ્રભા સામે જોયું. એના મુખ ઉપર ભય સ્પષ્ટ દેખાતો હતો.

'તો બા પાસે સૂએ?'

'બા તો....' એ વધુ ન બોલી, પણ હું સમજી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ ન ચાલે. હું બાને કહું.' એટલું કહી ચાલવા જતો હતો ત્યાં પ્રભાએ મને રોક્યો.

'અને સુમંતભાઈને ત્યાંથી તો પેલા લોકો જતા રહ્યા.'

'કેમ ?' હું આશ્ચર્યમાં બોલી ઊઠ્યો.

'એમનાં કોઈ સગાંને ટેલિફોન કરેલો, તે એ લોકો આવીને લઈ ગયા....'

પ્રભા વધુ કંઈ બોલે ત્યાં બારણાની ઘંટડી વાગી. સુમંત આવ્યો.

'મારે ત્યાંથી તો બધાં ચાલ્યાં ગયાં.'

'હમણાં જ મેં જાણ્યું. પ્રભા એ જ વાત કરતી હતી.'

'તો પછી આ કાકા અને પેલાં બહેન....'

સુમંતનો ભાવ સમજી જઈ મેં કહ્યું:

'અહીં પણ સરખું જ છે.'

'તારાં બાને કદાચ....'

'એ તો એમ જ ચાલે.'

'પણ મારે ત્યાં કંઈ વાંધો જ નથી. મારાં બા આટલા માટે હજી સુધી જાગતાં બેઠાં છે....પેલાં બહેન સાવ સ્તબ્ધ બની ગયાં છે?' છેલ્લું વાક્ય એ પ્રભા સામે જોઈને બોલ્યો.

'મને તો એવી બીક લાગે છે!' પ્રભાએ જવાબ આપ્યો.

'સૂઈ ગયાં છે અત્યારે?'

'ખબર નથી. કંઈ બોલતાં જ નથી ને?' પ્રભા બોલી.

સુમંત કંઈક બોલવા જતો હતો ત્યાં હું બોલ્યો:

'અત્યારે સૂઈ જઈએ. સવારે વિચારીશું.'

'પણ મને....' પ્રભાએ બોલવાનો પ્રયાસ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આજની રાત ચલાવી લેવું.' મારાથી સહેજ કડક અવાજે બોલી જવાયું. પ્રભા નીચું જોઈ ગઈ. સુમંત કશું બોલ્યા વિના ચાલવા લાગ્યો. બારણાં પાસે આવતાં એણે મને કહ્યું :

'ચંદ્રાને અહીં સૂવા મોકલું ? એને ડર નહિ લાગે.'

'ના, ના, કંઈ જરૂર નથી.' મેં જવાબ આપ્યો.

સુમંતના ગયા પછી હું વિચારમાં ને વિચારમાં અટારીમાં ઊભો રહ્યો. પ્રભા પહેલાં તો પોતાના ઓરડામાં ચાલી ગઈ, પણ દશેક મિનિટમાં જ પાછી આવી, કંઈ બોલી નહિ, બોલી શકી નહિ. મારી સામે જોતી ઊભી રહી.

'ડર લાગતો હોય તો તું અહીં ગેલેરીમાં સૂઈ જા.'

'પછી એમની પાસે ?'

'એ એકલાં સૂઈ રહેશે.'

'કંઈક થાય તો ?'

'કંઈ થવાનું નથી. તું સૂઈ જા. હું વચ્ચે વચ્ચે ધ્યાન રાખીશ.'

પ્રભાને એ ગમ્યું. તુરત એ પોતાનું ગાદલું ઉપાડી આવી. એ જ વખતે મારી નજર વૃદ્ધ આદમી ઉપર પડી. એ જાગતા હતા ! બધું એમણે સાંભળ્યું હશે. મારા મગજમાં આંચકો લાગ્યો. તુરત સ્વસ્થ થઈ મેં એમને પૂછ્યું :

'ઊંઘ નથી આવતી ?'

'આવી જશે.' એમણે ટૂંકો જ જવાબ આપ્યો. મને વધુ બોલવાનું ઠીક ન લાગ્યું. પથારી થઈ જતાં આંખ બંધ કરી હું પણ સૂઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં વિચાર્યું હતું કે રાત્રે બેત્રણ વાર પેલાં બહેનને હું જોઈ આવીશ, પણ સવારે સુમંતે આવીને મને જગાડ્યો ત્યારે જ હું જાગ્યો. મારા પહેલાં ઘરનાં સૌ કોઈ જાગી ગયાં હતાં.

સુમંતે રાતની વાત ફરીને કરી કે તુરત મેં હા જ પાડી. મને સમજાઈ ગયું હતું કે મારે ઘેર આ લોકોને હું વધુ વખત રાખી શકીશ નહિ.

પણ પેલા વૃદ્ધ, જેનું નામ હજી સુધી અમે પૂછ્યું જ નહોતું, એમણે કોઈ રાહતકેંદ્રમાં જવાની જ વાત કરી. સુમંત તુરત બોલી ઊઠ્યો :

'એમ શા માટે કરવું જોઈએ? અમને કશી જ તકલીફ નથી.'

વૃદ્ધે વિનયપૂર્વક જવાબ આપ્યો : 'એટલા માટે નહિ, પણ ત્યાં જ વધુ ફાવશે. અમારા જેવા બીજા પણ ત્યાં છે જ ને?'

'પણ અમને મુદ્દલ અગવડ નથી. હું માનું છું કે તમને પણ અગવડ નહિ પડે.' હું બોલ્યો–મનમાં ડરતો ડરતો. વૃદ્ધે લાક્ષણિક રીતે મારી સામે જોયું. મારાથી આડું જોવાઈ ગયું.

'તમારો આગ્રહ હોય તો સાંજ સુધી અમે રહીશું, રાત્રે તો....'

'ચાલો, એમ કરો. સાંજે ફરીને વિચારીશું.' સુમંતે વચ્ચે જ નિર્ણય આપી દીધો.

એ જ વખતે પેલાં બહેન બાળકને આંગળીએ વળગાડીને ત્યાં આવ્યાં. એમના મુખ ઉપર પ્રભા કહેતી હતી તેવું ગાંડ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણનું એકેય નિશાન નહોતું. દુઃખ ઓગળીને ફરી જામી ગયું હોય એવા એ મુખનું દર્શન દુઃખદ હતું. એમણે મારી સામે નજર કરી. સુક્કી દેખાતી આંખો શું બોલી તે હું સમજ્યો નહિ, પણ મારી શરમ વધી પડી. હું નીચું જોઈ ગયો.

સુમંતને ત્યાં અમે સૌ સાથે જ ગયાં. સુમંતનાં બા અને એની પત્ની ચંદ્રા અનુકમ્પાપૂર્વક આ વૃદ્ધને, યુવતીને અને બાળકને જોઈ રહ્યાં હતાં. એમની આંખ ઉપરથી મને લાગ્યું કે કદાચ વૃદ્ધ પુરુષની રાહતકેંદ્રમાં જવાની ઇચ્છા સાંજ પહેલાં શમી જશે. એમની આંખમાં પ્રેમ નહોતો, પણ દયાભાવ તો હતો જ. મારા ઘર કરતાં જુદું વાતાવરણ અહીં મને દેખાયું.

પણ મને એનો અફસોસ થયો નહિ. મારો સ્વભાવ જ એ પ્રકારનો છે, કે ગમે તે પરિસ્થિતિમાં સમાધાન મેળવી લઉં. મારા મને દલીલ કરી: ' એમાં હું શું કરી શકું? બા ન રાખવા ઇચ્છે અને પ્રભા ડરતી હોય તો બીજું થઈ શું શકે? '

સુમંત તો એમની વ્યવસ્થા કરીને તુરત બહાર ઊપડી ગયો. મને કહેતો ગયો કે પોતે રાહતકેંદ્રોમાં જશે અને એકાદ સ્થળ પસંદ કરી ત્યાં સેવા આપશે. પોતાની ઑફિસ-નું કામ એણે નાના ભાઈને ભળાવી દીધું હતું.

કામ ઉપર જવા જેવી તો આજે મારી યે મનોદશા નહોતી. સુમંતના ગયા પછી મને વિચાર આવ્યો કે ડોસા એકલા બેઠા મૂંઝાતા હશે, મારે એમની પાસે જવું જોઈએ. હું ત્યાં ગયો. પોતાનું જ ઘર હોય એમ એમણે મને આવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાર આપ્યો. એમની બાજુમાં સવારનું છાપું પડ્યું હતું.

'કેટલુંક નુકસાન થયું હશે?' વાત કરવી જોઈએ માટે જ બોલતા હોય એમ ડોસા બોલ્યા.

'કંઈ અંદાજ આવતો નથી. હજી તો બધું સળગ્યા જ કરે છે ને!'

'સરકારમાં તમારી કંઈ લાગવગ....'

'કેમ?'

'એ વિના તો કંઈ જોવા જવા દેશે જ નહિ.'

'તમારે કંઈ તપાસ કરવી છે?' પૂછતાં તો મારા મનમાં ઘણા સવાલ ઊઠી આવ્યા.

ડોસા જવાબમાં ચૂપ રહ્યા. અંતરમાં ઊતરી ગયા હોય એમ એમના વદન ઉપર ગંભીર છાયા ફરી વળી.

મેં પૂછ્યું:

'આપનું નામ શું?'

'વિઠ્ઠલદાસ'

'આપ ત્યાં જ રહેતા હતા?'

'હા.'

'આપના કુટુંબમાં....' વધુ પૂછવાની મારી હિંમત ન ચાલી.

એ જ વખતે ટેલિફોનની ઘંટડી વાગી. સુમંત મારી સાથે વાત કરવા માગતો હતો.

'આપણે ત્યાં જે વૃદ્ધ છે એમનું નામ શું છે?' એણે પૂછ્યું.

'વિઠ્ઠલદાસ.' મેં જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પિતાનું શું નામ છે?'

મેં પૂછીને કહ્યું: 'કરસનદાસ.'

'ત્યારે એ નહિ.' એટલું બોલતાં જ એણે ટેલિફોન મૂકી દીધો. હું જોઉં છું તો પેલા વૃદ્ધની નિર્બળ આંખો ફોન ઉપર ચોંટી રહી હતી. મારી સામે તેઓ જિજ્ઞાસાથી જોઈ રહ્યા, પણ કંઈ બોલ્યા નહિ. હું પણ મૂગો બેસી રહ્યો. થોડી વારે મને વિચાર આવ્યો કે હિંમત કરીને પણ એમની હકીકત તો જાણી લેવી જોઈએ. એ વિષે કંઈ તપાસ થાય તો તે પણ કરવી જોઈએ.

'કોઈ છાપાવાળા સાથે તમારે ઓળખાણ ખરી?' એમણે જ પૂછ્યું.

'કેમ?'

'તો તપાસ કરાવીએ.'

વાત કરી શકશે એમ મને લાગ્યું એટલે મેં કહી દીધું:

'હું એ જ વિચાર કરતો હતો. તમારા વિષે જો બધી માહિતી આપો તો....'

'બીજી કંઈ તપાસ કરવાની નથી.'

'ત્યારે?'

'એટલું જ જાણવું છે કે પ્રભુદાસ વિઠ્ઠલદાસ....' આગળ એમનાથી ન બોલાયું. થોડીવાર મૂગા રહી એમણે ત્રુટક સ્વરે કહ્યું: 'વહુ બિચારી ત્યાં સુધી....'

'હું તપાસ કરાવું છું.' એટલું કહી હું ઊઠવા જતો હતો ત્યાં સુમંતની પત્ની ચંદ્રા આવી પહોંચી. સ્વસ્થતાપૂર્વક મારી સામે આવીને બેઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ ક્યાં ગયા છે, તેની ખબર છે?'

'કેમ!' મેં પૂછ્યું.

'એમને કહેવું છે કે આ બાબતમાં તપાસ કરે....'

'એ માટે જ હું જાઉં છું.'

'અને પ્રમિલાબહેનને ઠીક છે એમ કહેજો.'

'હું ત્યાં તો નથી જતો, પણ મળી લઈશ. એ બોલ્યાં?'

'હા.'

'જમ્યાં?'

'થોડું દૂધ પીધું.'

ડોસા ચંદ્રા સામે જોઈ રહ્યા હતા. એમની આંખ જરા ભીની થતી જતી હતી.

'હું ઊઠ્યો અને ચંદ્રા પણ ત્યાંથી ઊઠી. વર્તમાનપત્રની ઑફિસમાં જઈ 'ગૂમ થયેલા'ની લાંબી યાદીમાં મેં એમનું નામ ઉમેરાવ્યું. પાછા ફરતાં મને રાહતકેંદ્રમાં જવાનો વિચાર આવ્યો અને એ બાજુની મેં 'બસ' પકડી.

સુમંત અનાયાસે મળી ગયો. એને મેં પ્રમિલાના ખબર આપ્યા. સાથે છાપામાં આપેલા સમાચાર પણ જણાવ્યા.

'બહુ ખાનદાન કુટુંબ લાગે છે.' સુમંત બોલ્યો.

'મને પણ એ જ અસર છે.'

'એમનાં સગાંઓ તો હશે જ.'

'સંભવ છે, કદાચ શોધતાં પણ હશે.'

'પણ એ લોકો કેમ એ વિષે બોલતાં જ નહિ હોય?'

'આવી સ્થિતિ બતાવવાથી કદાચ શરમ આવતી હોય!' મેં જવાબ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું ધારું છું કે હવે રાહતકેંદ્રમાં આવવાની વાત નહિ કરે.'

'હું પણ એમ જ ધારું છું. મારે ત્યાં....'

'તેનું કંઈ નહિ, આપણે એક જ છીએ ને!'

વાત કરતાં કરતાં અમે ફરવાનું શરૂ કર્યું. ત્રણેક કેંદ્રોમાં ફરી સાંજના પાંચેક વાગે અમે બંને સાથેજ ઘેર પાછા આવ્યા. સુમંતની સાથે હું એને ત્યાં જ પહેલાં ગયો.

અમે બેઠા કે તુરત વિઠ્ઠલદાસભાઈએ કહ્યું: 'અમને રજા આપો ત્યારે.'

સુમંત તો ચમકી જ ગયો. બોલ્યો: 'શા માટે તમે જવાનો વિચાર કરો છો, તે મારાથી સમજાતું નથી.'

'કંઈ કારણ નથી, પણ સૌની સાથે જ હોઈએ તો ઠીક.'

'મને તો એ સારું નથી લાગતું.' સુમંત બોલ્યો.

'જુઓ, હું ખરી વાત કહું.' ડોસાએ જરા ગળું ખોંખાર્યું: 'આ બેચાર દિવસની વાત નથી, ભગવાન જાણે નવી જિંદગી શરૂ કરતાં કેટલો વખત લાગશે!'

'ગમે તેટલો વખત લાગે, મને ચિંતા નથી. અહીં તમારું ઘર જ છે એમ માનો.' સુમંત બોલી ઊઠ્યો. એના મોં ઉપર ગૃહસ્થાઈની ઝલક દેખાતી હતી.

'સુમંત!' સુમંતનાં મા બોલ્યાં. એ બારણામાં ઊભાં હતાં, તેની અમને ખબર જ નહોતી. 'એમનું મન માનતું હોય એમ કરવા દે.'

'પણ અહીં....'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમનું ઘર જ છે, પણ એમના જીવને અશાંતિ થાય એવું આપણે ન કરવું.'

સુમંત આંખ ફાડીને એની બા સામે જોઈ રહ્યો, હું પણ. બા સ્થિર જ ઊભાં રહ્યાં.

'તમે બેય અહીં આવો જોઈએ.' બા બોલ્યાં અને બાજુના ઓરડામાં ગયાં. અમે એમની પાછળ ગયા.

'કાયમ એમને રખાશે આપણાથી?' બા બોલ્યાં.

'શા માટે નહિ રખાય?' ઉશ્કેરાટમાં સુમંતે જવાબ આપ્યો.

'તારે વાંધો નથી ભાઈ, અમારે....'

'આટલું તમે નહિ કરી શકો? તમને શી હરકત છે?'

'તારી વહુ અત્યારે જ થાકી ગઈ છે.'

'સાચું કહો છો?'

'પૂછી જો.'

'એમ બને નહિ.'

'જા, રસોડામાં એકલી છે. ખાતરી કરી આવ. આઘા જઈને પાછા વળીએ તે સારું નહિ. અત્યારે એ પોતે જ જવાની વાત કરે છે ત્યારે ના ન પાડવી.'

સુમંતે સાંભળ્યું ન સાંભળ્યું ને એ રસોડામાં ગયો. ચંદ્રા ગંભીર હતી. હું સવારે ગયો ત્યારનો ચહેરો અત્યારે હતો જ નહિ. વચ્ચે એક ઓરડો આવ્યો. પ્રમિલા બેઠી હતી એવી જ સ્તબ્ધ!

'તું પણ પ્રભાની પેઠે....' હું પાછળ ઊભો છું તેનો સુમંતને ખ્યાલ નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રા ચૂપ રહી. સુમંત તુરત પાછો ફર્યો. બા પાસે આવ્યો.

'હું સમજતો નથી કે મને ખર્ચનો કે બીજો કશો વાંધો નથી ને તમનેજ....'

'ખર્ચનો અમનેય ક્યાં વાંધો છે?'

'તો પછી?'

'તો પછી કાંઈ નહિ,' બા બોલ્યાં, 'તારે પૈસા આપવા હોય એટલા આપ. મદદ કરવી હોય તેટલી કર, મારી ના નથી, પણ ઘરમાં....'

'પણ વાંધો શો છે?'

'એ તને નહિ ખબર પડે.'

'કેમ?'

'તું ઘરમાં નથી રહેતો એટલે.'

'ત્યારે ક્યાં રહું છું?'

'બહાર.'

'બહાર?' સુમંત રોષમાં મોટેથી બોલી ઊઠ્યો.

'હા, બહાર. આમને લાવ્યા પછી કેટલી વાર ઘેર બેઠો છો? રાહતકેંદ્રમાં દોડ્યો જાય છે, અહીં ઘેર તો તપાસ જ કરતો નથી.'

'ત્યાં કેટલાં માણસો છે તેની ખબર છે?'

'આખા શહેરની તારે શા માટે ચિંતા કરવી જોઈએ? તારું સંભાળ ને?'

'એટલે?'

'એટલે બીજું કાંઈ નહિ,' બા કંટાળીને બોલ્યાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારે માથાઝીક કરવી નથી. તારે રાખવાં હોય તો રાખ; હું તો ના કહું છું.'

સુમંત જરા ઢીલો પડ્યો ને વિચારમાં ડૂબી ગયો. આ ચર્ચાએ મારા મનમાં એક આંદોલન ઊભું કર્યું. હું વિચારવા લાગ્યો કે 'શો ફેર છે રાહતકેંદ્રમાં ને સુમંતના ઘરમાં? જો એ ઘેર ન રહેતો હોય અને ખર્ચ આપીને જ પોતાની જવાબદારી કરતો હોય તો?'

સુમંત ઝબકીને ઊઠતો હોય એમ ઊભો થયો અને વિઠ્ઠલદાસભાઈ પાસે આવ્યો. એણે સીધું જ પૂછ્યું:

'ક્યાં જવાનું તમને ફાવશે?'

'ગમે ત્યાં. બધું સરખું જ છે અમારે.' એમણે જવાબ આપ્યો.

સુમંતનો ઉશ્કેરાટ શમી ગયો. વૃદ્ધની આંખો સાવ ઢીલી પડી ગઈ. લથડતો હોય એમ ઊભો થઈને બાજુના ઓરડામાં આવ્યો. પેલા ડોસા કંઈ સમજ્યા નહિ, આશ્ચર્ય-થી જોઈ રહ્યા.

મારું વ્યવહારજ્ઞાન એકદમ જાગી ઊઠ્યું. મને થયું કે જે મારા ઘરમાં એક ઘડીમાં દેખાયું તે સુમંતના ઘરમાં થોડા કલાકો પછી આવ્યું! સુમંત ખુરશી ઉપર ઢળી પડ્યો. એ કેટલો લાગણીપ્રધાન છે તે હું જાણતો હતો. પાસે બેસીને મેં કહ્યું:

'આમાં કોઈનો દોષ નથી. આપણાં કુટુંબોનું ઘડતર જ આ પ્રકારનું છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુમંતે ઊંચું જોયું. મહામહેનતે બોલ્યો : 'આટલી બધી લાગણીહીનતા આપણામાં કેમ હશે ?'

'લાગણીહીનતા નથી, સ્વભાવધર્મ છે.' ઉપદેશ જેવું વાક્ય હું પૂરું કરું ત્યાં તો વિઠ્ઠલદાસ કોટ પહેરીને હાથ જોડી ઊભા રહ્યા. એમની પાછળ પ્રમિલા અને એમનો છોકરો હતાં. એ બોલ્યાં :

'રજા આપો ત્યારે.'

સુમંત ઊંચું ન જોઈ શક્યો. તેઓ સમજી જ ગયાં હતાં. બા તરફ મોં ફેરવીને જય જય કર્યા. બાએ સામે નમસ્કાર કર્યા ને હાથમાં એક કવર હતું તે એમની સામે ધર્યું.

વૃદ્ધે પૂછ્યું :

'શું છે ?'

'ત્યાં જઈને ખોલજો.'

'પણ છે શું ?'

'કાંઈ બોલો કે આનાકાની કરો તો મારા સુમંતના સોગન છે.' બાની આંખમાં પાણી આવી ગયાં. સુમંતે ચમકીને ઉપર જોયું. એ સમજી ગયો. કવરની આરપાર દસ દસની નોટો દેખાતી હતી. વૃદ્ધ કાંઈ બોલી શક્યો નહિ. કંપતા સ્વરે એણે કવર લઈ લીધું.

સુમંત ઊભો થયો. રોષ ચાલ્યો ગયો પણ ગંભીરતા ગઈ નહિ. તુરત નાના ભાઈને બોલાવ્યો ને વિઠ્ઠલદાસભાઈને ક્યાં લઈ જવા તેની સૂચના આપી દીધી.

એ લોકો ગયાં.

અમે એકલા પડ્યા કે તુરત સુમંત બોલ્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારાથી બાનું વલણ ન સમજાયું.'

'તારા જેવો જ દયાભાવ એમના દિલમાં છે, એની એમણે ખાતરી આપી.'

'તો અહીં શા માટે ન રાખ્યાં?'

'દયાભાવ લાંબો વખત ન ટકે તો?–એવી બીક લાગી હશે.'

×

પંદરેક દિવસ પછી સુમંતને એની ઑફિસમાં હું મળવા ગયો ત્યારે એ કામમાં ડૂબેલો હતો. મેં પૂછ્યું:

'ત્યાં ગયો હતો આજે?'

'ક્યાં?'

'વિઠ્ઠલદાસભાઈ પાસે?'

'ના, બેત્રણ દિવસથી નીકળાતું જ નથી.'

'એમની સ્થિતિ તો હતી તે જ છે ને?'

'એમ જ છે.'

'તો કેમ જવાતું નથી?'

'કામ એટલું બધું છે કે....પણ! બા અવારનવાર જઈ આવે છે.'

'બા જાય છે! અને તને સમય નથી મળતો?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'શું કરું?' એણે લાચારી પ્રદર્શિત કરી.

'ચંદ્રા કે બા એ સ્થિતિમાં હોય તો?' મેં પૂછ્યું.

સુમંત ચમક્યો. પળવારમાં મારો પ્રશ્ન સમજી ગયો ને એના મોં ઉપર લજ્જાના ભાવો પ્રસરી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એંજિનડ્રાઇવર

લે૦ સ્નેહરશ્મિ

આજે હુસેનનો પ્રાણ અશાંત હતો. તેણે નો'તું ધાર્યું કે સાહેબ આવી નિષ્ઠુરતા વાપરશે. અત્યાર સુધીમાં ભાગ્યે જ કોઈ દિવસ તેણે વિનાકારણ રજા માગી હતી; એમ છતાં આજે સાહેબે ચોખ્ખી ના પાડી. પોતાનો એકનો એક પુત્ર મરણપથારીએ છે, તેની સારવાર કરનાર કોઈ નથી, તે છોકરાની મા પણ ગુજરી ગયેલી છે વગેરે અનેક હૃદયભેદક હકીકત તેણે સાહેબને આંસુભરેલી આંખે સંભળાવી, પણ સાહેબનું હૃદય પીગળ્યું નહિ. હુસેનના મનમાં આજ એ ને એ વાત ઘોળાયા કરતી હતી.

હુસેન એક ગરીબ માણસ હતો. વર્ષો ઉપર તે ફાયરમેન તરીકે રેલવેમાં નોકરીએ રહ્યો હતો. છેલ્લા એક વર્ષથી તે પોતાની સતત મહેનત અને કાળજીથી એંજિનડ્રાઇવર બની શક્યો હતો, પણ એ જ અરસામાં પોતાના બે વર્ષના એકના એક પુત્રને મૂકી તેની પત્ની ગુજરી ગઈ. પત્નીના મરણનો ઘા હુસેન માટે અસહ્ય હતો, પણ ખુદાની મરજી માની તેણે મૂગે મોઢે એ ઘા ઝીલી છોકરાની કાળજી રાખવા માંડી. પણ તેના દુ:ખનો એટલેથી અંત ન આવ્યો. આજ પાંચ દિવસથી છોકરાને તાવ ઊતર્યો નથી. હુસેને આશા રાખેલી કે સાહેબ રજા આપશે, પણ રજા મળી નહિ અને આજ છોકરાને મરણપથારી પર એકલો મૂકી તેને નોકરી પર ચડવું પડ્યું હતું.

ગાઢ અંધકારના અંતરમાં કાળના અનંત મુખમાં ધસતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવતાની જેમ આગગાડી જઈ રહી હતી. હુસેન ગવર્નર પર હાથ રાખી સામે નજર નાખતો બેઠો હતો. હમેશ કંઈ ને કંઈ વાતો કરતો હુસેન આજ તદ્દન શાંત છે, એ જોઈ ફાયરમેનોને પણ સહેજ અકળાટ થતો હતો. એકે જરા હિંમત કરી કહ્યું :

'હુસેનભાઈ, સેઈફ્ટી વાલ્વ બોલે છે.'

'હં' કહી હુસેન નિરુત્તર બની ગયો. ક્યારનો તે એ સેઈફ્ટી વાલ્વનો અવાજ જ સાંભળી રહ્યો હતો. જાણે તાવથી ધગી રહેલાં અનેક બાળકો વેદનાની કારમી ચીસ પાડી રહ્યાં હોય એવો તેને એ અવાજમાં ભાસ થતો હતો. મરણપથારી પર તાવમાં ફફડતો પોતાનો પુત્ર તેને યાદ આવ્યો. તેના સ્મરણમાં તે ઊંડો ગરક થઈ જઈ સેઈફ્ટી વાલ્વને ભૂલી ગયો. ફાયરમેનના શબ્દો પણ સાંભળ્યા ન સાંભળ્યા ત્યાં તેનું ધ્યાન પાછું પોતાના છોકરાની પથારી પાસે જઈ પહોંચ્યું. જરા વાર પછી સ્ટીમગેજ તરફ નજર કરતાં ફાયરમેન બોલ્યો :

'સાહેબ સ્ટીમ વધી ગઈ છે.'

હુસેને સ્ટીમગેજ તરફ નજર નાખી. તે તેને કંપી, ધીરે ધીરે મોટું બની શૂન્યમાં જાણે લીન થઈ જતું હોય એમ ભાસ્યું. વૉટરગેજમાં ઊછળતું પાણી જોતાં જાણે દુઃખનાં અનેક આંસુ આવી ભેગાં થઈ ગયાં હોય એમ તેને ભાસ થવા માંડ્યો. સેઈફ્ટી વાલ્વ વધુ ને વધુ જોરમાં બોલવા માંડ્યો.

'હુસેનભાઈ, સ્ટીમ વધી ગઈ છે.' ફાયરમેન ફરીથી હિંમત કરી બોલ્યો, અને વધુમાં તેણે ઉમેર્યું, 'સ્ટીમ છોડું ?'

હુસેનને ભાન આવ્યું કે સ્ટીમ ખૂબ વધી ગઈ છે, અને સેઈફ્ટી વાલ્વ તો ક્યારનોય ભયંકર અવાજ કરી રહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેણે તરત જ ફાયરમેનને સ્ટીમ ઓછી કરવા કહ્યું.

ફરીથી તે વિચારે ચડ્યો. આગગાડી આગળ ધપ્યે જ જતી હતી. ફાયરમેનો વરાળ છોડવામાં અને આગ ઓછી કરવામાં પડ્યા. હુસેન સામે દૂર દૂર સુધી શૂન્ય દૃષ્ટિ નાખતો બેઠો. સિગ્નલની લાલબત્તી તેણે દૂરથી જોઈ. પણ તેને ખ્યાલ રહ્યો હતો નહિ કે તેણે ગાડી અટકાવવી જોઈએ. તેને તો તે લાલબત્તી જોતાં જાણે તાવથી પોતાના બાળકની આંખ લાલ અંગારા જેવી બની ગઈ હોય અને અસહાયતાથી પોતાના પ્રતિ જોઈ રહી હોય એમ લાગ્યું. અપાર વેદના સાથે તે તે બત્તી તરફ જોઈ રહ્યો. અંતર સપાટાભેર કપાતું જતું હતું. એંજિન જાણે નિરંકુશ બની પોતાનો સુકાની ગફલતમાં રહ્યો છે તેથી જાણે ઘોર અટ્ટહાસ્ય કરી ધસ્યે જતું હતું. બે ફર્લોંગ, એક ફર્લોંગ, અડધો ફર્લોંગ–હુસેન એકદમ ચમક્યો. તેને એકાએક ખ્યાલ આવ્યો કે સિગ્નલ આપવામાં નથી આવ્યો. તેની છાતી ધ્રૂજી ઊઠી. પાસેના પાટા પર તેણે એક બીજી ગાડી ઊભેલી જોઈ. પોતાનું બધું જોર વાપરી તેણે બ્રેક દબાવી, પણ ગાડી અટકે તે પહેલાં તો તે બીજા પાટા પર ચડી ગઈ હતી. હુસેનને અંધારાં આવ્યાં. તેણે એ ભયંકર દૃશ્ય નજર સમીપથી ટાળવા આંખ મીંચી દીધી. ક્ષણમાં તો એક મોટા ધડાકા સાથે પોતે હતો ન હતો થઈ જશે એમ તેને ખાતરી હતી. પણ તે આપત્તિમાંથી તે બચ્યો. માત્ર દસ ફૂટ જ જો સામેના પાટા ઉપરથી ગાડી આગળ ઊભી હોત તો અકસ્માત જરૂર થાત. પણ મૂર્છા ખાતા કોઈ માનવીની જેમ હુસેનનું એંજિન સામા પાટા પર ધસી જઈ પેલી ગાડીથી પાંચ ફૂટને અંતરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી થંભી ગયું. અકસ્માત અટકયો પણ હુસેનના માથા પરની વિપત્તિ દૂર ન થઈ. સ્ટેશન પર તેનો જવાબ લેવાયો. તેને કામપરથી ઉતારી તેની જગ્યાએ બીજો ડ્રાઇવર મૂકવામાં આવ્યો અને ફરજમાં આવી બેદરકારીની સજા તેને ખાતા તરફથી કરવી કે અદાલત દ્વારા તેનો ન્યાય કરાવવો, તે માટે ઉપરી અધિકારીનો નિર્ણય ન આવે ત્યાં સુધી તે સ્ટેશનની પોલીસના કબજામાં તેને રાખવાનું ઠર્યું. આ આપત્તિથી હુસેન ગાંડા જેવો થઈ ગયો. તેને ખાતરી થઈ ગઈ કે પોતાના પુત્રનું મોં જોવા તે હવે નહીં પામે. પોતે જો તેની નજીક હોત તો જરૂર કોઈ ને કોઈ ઉપાયે તેને બચાવી શકાત; પણ સાહેબે રજા ન આપી એટલે પોતાના છોકરાને આમ અકાળે મરવાનું આવ્યું. સાહેબનો વિચાર આવતાં તેના મનમાં એક ખ્યાલ આવ્યો: એ સાહેબ જ પોતાના છોકરાનો ખૂની છે! હુસેનનો આખો પ્રાણ સાહેબ પ્રત્યેના વેરથી, તિરસ્કારથી, ઘૃણાથી જાગી ઊઠ્યો, તેણે તેને અનેક શાપ આપ્યા. ખુદા એનો બદલો જરૂર તેને આપશે, એમ તે મનમાં ને મનમાં બોલવા મંડ્યો. સ્ટેશન પાસેના લૉકઅપમાં આમ હુસેનને એક અઠવાડિયું વીતી ગયું. તેમાં એને સમાચાર મળ્યા કે તેનો પુત્ર ગુજરી ગયો. હુસેનને એ ઘા અસહ્ય થઈ પડ્યો. તેને જીવનમાં હવે કોઈ રસ રહ્યો નહિ.

દસ દિવસ પછી ઉપરી અમલદારનો હુકમ આવ્યો કે હુસેનને એની ગફલત બદલ નોકરીમાંથી રજા આપવી એટલી સજા પૂરતી છે. હુસેનના માથા ઉપર એકસાથે અનેક ઘા આવી પડ્યા. જે વડે એને જીવનનો અર્થ લાગતો હતો, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની જીવનદોરીરૂપ હતું તે બધું આજે તૂટી ગયું. હુસેને પોતાના ઉરમાં કોઈ દિવસ કોઈ અસાધારણ મહત્ત્વાકાંક્ષા સેવી ન હતી. તે જ્યારે ફાયરમેન હતો ત્યારે પણ તેને પોતાનું જીવન ભર્યુંભર્યું લાગતું. તેના યૌવનમાં તેની પ્રેરણામૂર્તિઓ બે હતી: એક આંખના નૂર જેવી તેની અયેશા અને બીજું એંજિન. અયેશાની આંખમાં પોતાનું પ્રતિબિંબ જોતાં તે કદી કંટાળતો નહિ. અને પોતાના એ બે પ્રિય જીવનસાથીઓમાં જ્યારે અબ્દુલ્લા આવી મળ્યો ત્યારે તો તેને જગત ઉપર સ્વર્ગ જ ઊતર્યું ભાસ્યું. પણ એક દિવસ અચાનક અયેશા માંદી પડી ગઈ અને ખુદાએ તેને તેની પાસેથી છીનવી લીધી. હુસેનને એ ઘા અસહ્ય હતો, પણ અબ્દુલ્લા અને એન્જિને તેની જિજીવિષાને અખંડિત રાખી. એ બેને લીધે પોતાનું જીવન હેતુપૂર્ણ છે, એમ હુસેનને લાગતું. પણ આજે એકાએક એ બન્નેએ તેને ત્યજી દીધો, હવે એને માટે જીવનમાં શું રહ્યું? હુસેનને પોતાની જિંદગી એક ભારરૂપ લાગી. આજ એ કોઈના ઉપયોગનો રહ્યો ન હતો. તેને માટે સહાનુભૂતિનાં આંસુ સારનાર કોઈ રહ્યું ન હતું, તેમ જેને 'મારું' કહી શકાય, જેને માટે જીવનમાં સર્વ સુખો જતાં કરવાનું મન થાય એવું પણ કોઈ તેને માટે જગતમાં રહ્યું નહિ. આ ભીષણ નીરસ જીવન કરતાં તો મોતની નિર્વિકલ્પ સમાધિ અનેકગણી સારી. હુસેન મોતને કાજે ઝંખવા મંડ્યો. પણ એકાએક તેના મનમાં એક ચમકારો થયો. પોતાના જીવનમાં એક નવો હેતુ આવતો તેને દેખાયો. એ હેતુનું ભાન થતાં તેણે મોતનો વિચાર પડતો મૂક્યો. પોતાની આવી અવદશા કરનાર સાહેબને સુખમાં મહાલતો મૂકી પોતે આ જગતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી સલામ કેમ કરી શકે? પણ આ ભાવ હુસેનના મનમાં તદ્દન નવો હતો. તેણે જીવનભર કોઈનું અકલ્યાણ કર્યું ન હતું, કોઈનું અમંગળ ઇચ્છ્યું ન હતું; એટલે આજે સાહેબનું અમંગળ ઇચ્છતાં તેનું હૃદય ધ્રૂજ્યું. 'હું શા માટે કાજી થઈ બેસું? ખુદાના કરતાં મારામાં વધુ ડહાપણ છે શું?' એમ તેણે પોતાના મનનું મનમાં સમાધાન કરવા માંડ્યું. પણ અબ્દુલ્લાનું અકાળ કરુણ અવસાન તેને યાદ આવ્યું. દૂરથી વિરહની વેદનાની એક કારમી ચીસ જેવી એંજિનની સિસોટી તેના કાન પર પડી. 'એ સાહેબને સજા તો થવી જ જોઈએ'—હુસેનના મને દૃઢ નિશ્ચય કર્યો.

×

સાહેબની મડમે એકબે વખત સાહેબને કહ્યું હતું કે કોઈ એક પાગલ જેવો મુસલમાન વારંવાર તેમના બંગલાની આસપાસ આંટા માર્યા કરે છે. તેને જોતાં તેને બીક લાગતી હતી. એથી મડમસાહેબ ઇચ્છતાં હતાં કે કાં તો તેને ત્યાંથી હાંકી કાઢવો અથવા તો તેને પોલીસને સોંપી દેવો. પણ સાહેબે મેમસાહેબની એ વાતને હસી કાઢી હતી. એ પાગલ હુસેન શું કરી શકવાનો હતો? છોને એ ગમે તેમ આંટા માર્યા કરતો. હુસેન સાચેજ શૂન્યમનસ્કની જેમ સાહેબના બંગલાની આસપાસ વારંવાર આંટા માર્યા કરતો. તેના જીવનમાં હવે બેત્રણ વસ્તુ જ રહી હતી: અબ્દુલ્લાની નાનકડી કબર પાસે જવું, તેના પર દીવો જલાવવો, તે પર આંસુનાં કુસુમ વેરવાં, રેલવે લાઈન સામે બેસી પોતાના ઉરની વાત જાણે કે પોતાના ચિરસાથી એંજિનને સંભળાવવા મથવું અને સાહેબના બંગલાની આસપાસ ફરી પોતાની આગની જ્વાળા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં સાહેબનાં સર્વ સુખ બળીને ભસ્મ થઈ જાય એવી ઇચ્છા સેવવી. અગાઉની તેના મુખ ઉપરની સંતોષ અને શાંતિની રેખાને બદલે વિષાદ, મ્લાનતા અને ઘૃણાની રેખા પ્રગટી હતી. ક્વચિત્ ક્વચિત્ તેની આંખમાંથી તણખા ઝરતા, અને જાણે તે જગતનો પ્રલય કરી દેશે એમ લાગતું.

એક વખત રાત્રે લગભગ નવેક વાગે તે સાહેબના બંગલાની આસપાસ આંટા મારી રહ્યો હતો. તેના પ્રાણમાં આજ ક્રોધની જ્વાળા ભભૂકતી હતી. અબ્દુલ્લાનો ખૂની પોતાનાથી થોડા જ અંતરે આરામથી ઊંઘે છે અને પોતે આમ રસ્તાનો ભિખારી બની રખડે છે, એ વિચારે તેને અશાંત બનાવ્યો. ખુદા ઉપરની તેની શ્રદ્ધા ડગી. ખુદા છે જ નહિ અને જો છે તો તેના દિલમાં દયા નથી; એવા બેરહેમ ખુદા ઉપર શ્રદ્ધા રાખવાથી શું ? હુસેને આજ નિશ્ચય કર્યો કે ખુદા ઉપર ભરોસો રાખીને બેસી રહેવા કરતાં પોતે જ સાહેબનાં કુકૃત્યનો ન્યાય તોળી દેવો. તેણે પોતાનું હૃદય દૃઢ કર્યું. આજ મધરાત પછી તક જોઈ સાહેબને તેનાં કાળાં કર્મોનો બદલો આપવો જ.

એટલામાં તેની આંખ ચમકી. સામે સાહેબના બંગલામાંથી જાણે ક્રોધની લાલ ભયંકર આંખ ઊઘડતી હોય એવો પ્રકાશ દેખાયો. જરાવારમાં તો ધુમાડાનાં ભયંકર વાદળોથી વિંટાયેલી અનેક નાગિણી જેવી પ્રચંડ જ્વાળાઓ સિત્કાર કરતી, હુંહુંકાર કરતી, આકાશમાં પોતાની અનેક ફેણ પ્રસારી તાંડવ કરવા મંડી. પવન પણ ગાંડો બની તોફાને ચડ્યો. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ સર્વ બાજુએ જ્વાળાઓ ફેલાઈ વળી. ઝાડો પણ જાણે સળગી ઊઠ્યાં. હુસેનના મુખમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદના ઉદ્‌ગાર નીકળી ગયા: 'વાહ ખુદા! તું સાચે ન્યાયી છે–રહેમદિલ છે.' એવામાં તેને કાને કારમી ચીસ પડી: 'હાય, મારો જ્યોર્જ!' હુસેનના મુખ ઉપર એક પાશવી આનંદની લહરી ફેલાઈ ગઈ. અબ્દુલ્લાના ખૂનીનો એકનો એક પુત્ર આજ એ પ્રલયવર્ષિણી નાગિણીઓના કોટિ કોટિ ડંખથી બેભાન બની તેના સરજનહાર પાસે જઈ રહ્યો હતો. તેને તેના વેરની તૃપ્તિ થવા લાગી. ફરીથી તેના કાન ઉપર મડમની હૃદયભેદક ચીસ અથડાઈ: 'મારો જ્યોર્જ!' હુસેનના મુખ ઉપરનો ભાવ તરત પાછો બદલાયો: 'સેતાન, શરમાતો નથી? ફૂલ જેવું પેલું બાળક કરમાઈ રહ્યું છે–અને તું અહીં રાજી થાય છે? ઇન્સાનના બેટા હુસેન....' એ ભયંકર જ્વાળાઓને વીંધી તીરની જેમ કડકડાટ કરી તૂટી પડતી, અંગારા ઓકતી એ ભીષણ ઇમારતમાં કોઈ અદૃશ્ય થઈ ગયું. એક કારમી ચીસ નાખી મેમ બેભાન થઈ ગઈ. થોડા જ સમયમાં બેભાન જેવો હુસેન પોતાને ખભે એક ત્રણચાર વર્ષના બાળકને લઈ આવી હાંફતો હાંફતો 'લ્યો તમારો જ્યોર્જ' એમ સાહેબ પાસે તે છોકરાને મૂકતાં બોલ્યો. લોકો બધા છોકરાને વીંટી વળ્યા. મેમને ભાન આવતાં તે છોકરાને બાઝી પડી. આ બધી ધમાલમાં હુસેનનો તો કોઈને ખ્યાલ જ રહ્યો ન હતો. પણ ઉપકારથી ભરાઈ ગયેલું માતૃહૃદય થોડી વારમાં પોકારી ઊઠ્યું: 'ક્યાં છે એ હુસેન–મારા જ્યોર્જનો જીવનદાતા?....એને એની નોકરી પાછી અપાવું તો યે એનું ઋણ ફીટે એમ નથી....'

પણ....પણ હુસેન ક્યાં હતો?

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય’

ગ્રંથોનું સૂચિપત્ર

ધર્મગ્રંથો

વાલ્મીકિ રામાયણ—બે ગ્રંથોમાં, ૩૦ ચિત્રો સાથે	૧૩૬૪	૧૨–૦	૧–૧૨
તુલસીકૃત રામાયણ—બે ગ્રંથોમાં, ૩૬ ચિત્રો સાથે	૧૨૮૨	૧૦–૦	૧–૧૦
ગિરધરકૃત રામાયણ—મોટા અક્ષરોમાં	૭૬૨	૪–૮	૦–૮
શાંતિપર્વ—મહાભારતનું—રાજધર્મ અને મોક્ષ-ધર્મ, જેમાં ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય ધર્મો આપેલા છે. ...	૮૫૬	૮–૮	૧–૨
શ્રીમદ્ ભાગવત—આ. ૧૨મી, ભાષાંતર, બે ગ્રંથોમાં ૨૭ ચિત્રો સાથે ...	૧૨૦૮	૧૦–૦	૧–૧૦
એકાદશ સ્કંધ—મહાત્મા એકનાથની ટીકા સાથે, જેમાં ગીતા કરતાં પણ વધારે વિસ્તૃત એવો શ્રીકૃષ્ણનો છેલ્લો બોધ આપેલો છે.	૬૦૦	૫–૦	૦–૬
મનુષ્યધર્મ—ઈશ્વર, ધર્મ, મુક્તિ અને ઉચ્ચ જીવનના મહાન પ્રશ્નોનો મહાત્માજી, સંતો, કવિવર ટાગોર તથા ગીતા–ઉપનિષદોનાં વચનોમાં ઉકેલ.	૨૪૦	૨–૦	૦–૪
ચંડીપાઠ—ગુજરાતી ભાષાંતર તથા સ્તોત્રો સહિત	૩૫૨	૧–૪	૦–૨
નિત્યપાઠ—રોજ બોલવા માટે રુચે એવાં પ્રાર્થના, સ્તુતિ, સ્તોત્રો અને ભજનોનો સંગ્રહ	૧૬૦	૦–૧૨	૦–૨
વેદાંત-રસબિંદુ—સંત મંગળનાથકૃત વેદાંતબોધ	૯૬	૦–૧૨	૦–૨
શ્રી વેદાંતમાર્ગદર્શિની—વિચારસાગર, પંચીકરણ વગેરે ગ્રંથો ઉપરથી વેદાંતના ફૂટ પ્રશ્નોનો ગુરુ–શિષ્યના સંવાદરૂપે સરળ ઉકેલ.	૩૨૮	૧–૮	૦–૪
સનાતન ધર્મ—મણિલાલ ન. દ્વિવેદીકૃત પંચશતી, જેમાં ૫૦૦ ધર્મસૂત્રો, ભાષાંતર સાથે છે.	૨૦૮	૧–૦	૦–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન્મુક્તિવિવેક–વાસનાક્ષય, મનોનાશ અને જીવન્મુક્તિનું વિવરણ	૨૮૦	૧–૪	૨–૦
વિચારસાગર–નિશ્ચલદાસજીકૃત મૂળ પદ્ય સાથે ભાષાંતર	૪૦૦	૩–૦	૦–૫
મહાવાક્ય–રત્નાવલિ–ઉપનિષદોમાંથી ચૂંટેલાં ધર્મબોધનાં વચનોનો સંગ્રહ, મૂળ સાથે	૧૮૪	૦–૧૨	૦–૨
અષ્ટાવક્રગીતા–મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦–૮	૦–૧
અવધૂતગીતા–	૧૪૪	૧–૪	૦–૨
શ્રી સત્યનારાયણની કથા–મૂળ સાથે સરળ ભાષાંતર તથા વિષ્ણુસહસ્રનામાવલિ સાથે	૧૨૮	૦–૧૦	૦–૨
વિદુરનીતિ–સરળ અનુવાદ સાથે ...	૧૬૮	૧–૦	૦–૨
મનુસ્મૃતિ–આર્યપ્રણાલિકાનો મહાન ન્યાયગ્રંથ	૮૧૬	૪–૮	૦–૫
વૈદિક વિનય–વેદના ૩૬૦ પ્રાર્થનામંત્રો અર્થ, પદચ્છેદ તથા વિસ્તૃત સમજૂતી સાથે	૮૪૦	૩–૧૨	૦–૮
બળવાન બનો !–યજુર્વેદનો ઉપદેશ ...	૧૧૨	૦–૧૨	૦–૨
આત્મસાક્ષાત્કારની કસોટી–સ્વા. સ્વયંજ્યોતિ	૨૦૮	૧–૪	૦–૨
સ્વરૂપવિચાર–ગુરુશિષ્યના સંવાદરૂપે તત્ત્વોપદેશ	૧૦૪	૦–૧૦	૦–૨
પંચીકરણ–આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ, દૃષ્ટાંતો ને યુક્તિઅનુભવવાળી ટીકા સાથે	૨૬૪	૨–૦	૦–૪
સૂર્યકાંત–વેદાંતની સરળ વાતો ...	૨૭૨	૨–૦	૦–૩
સંતની વાતો–ધર્મ, નીતિ વગેરેનાં દૃષ્ટાંતો સાથે	૨૬૪	૧–૮	૦–૩
પ્રભુમય જીવનનું રહસ્ય–સદુપદેશ, ભજનો ૪૦	૧૬૮	૧–૦	૦–૨
પ્રભુમય જીવન–સુખી થવાના સરળ ઉપાયો	૧૯૨	૦–૧૨	૦–૨
પરમાનંદની પ્રાપ્તિ–વૈષ્ણવો માટે ઉપયોગી બોધ	૨૬૪	૧–૮	૦–૪
તુકારામ ગાથા–ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ અભંગોનું સરળ ભાષાંતર બે ગ્રંથોમાં.	૧૮૪૦	૬–૦	૦–૧૫
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ (૨)–રામકૃષ્ણ કથામૃતથી આગળના ભાગમાં આવતા ઉપદેશો	૩૧૨	૨–૦	૦–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી રામતીર્થ (૧)–એમના સદુપદેશ, વ્યાખ્યાનો ઇત્યાદિ	૫૬૪	૩–૦	૦–૬
આખ્યાનમાળા–(૧) } શ્રી અનંતપ્રસાદજીકૃત	૭૦૮	૩–૦	૦–૭
આખ્યાનમાળા–(૨) } બોધક આખ્યાનો	૭૨૦	૩–૦	૦–૬
સંત–ગુરુનો પરિચય–ગુરુ–શિષ્યના જ્ઞાનપ્રદેશની માન્યતાઓ દર્શાવતું પુસ્તક ...	૩૬૮	૨–૦	૦–૩
ઉપદેશસારસંગ્રહ–તિરુવલ્લુવરનો વેદ તુલ્ય બોધ	૩૮૪	૧–૮	૦–૪
સુબોધરત્નાકર–ધર્મનીતિપ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો	૩૦૦	૧–૮	૦–૪
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા	૧૬૪	૦–૪	૦–૨
ધમ્મપદ–બૌદ્ધધર્મનું ગીતા જેવું અમૂલું પુસ્તક	૧૯૨	૧–૦	૦–૨
મોક્ષમાળા–શ્રીમદ્ રાજચંદ્રકૃત	૧૯૨	૧ ૪	૦–૩
સમયસાર નાટક–જૈન તત્ત્વજ્ઞાન સમજાવતું ઉત્તમ પુસ્તક	૩૭૨	૩–૦	૦–૪
સદાચાર અને સુખ–જૈન ધર્મની બોધક વાતો	૨૦૦	૧–૮	૦–૨

શ્રીમત્ શંકરાચાર્યના ગ્રંથો : મૂળ તથા અર્થ સાથે

મોહમુદ્ગર ને બીજાં દશ રત્નો	૧૬૮	૧–૦	૦–૨
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો	૨૦૦	૦–૧૨	૦–૨
સ્તોત્રસંગ્રહ–ભક્તિ ને વેદાંતસ્તોત્રો	૨૨૦	૦–૧૦	૦–૨
સર્વ વેદાંત સિદ્ધાંત–સારસંગ્રહ– ...	૨૨૪	૧–૪	૦–૩
વિવેકચૂડામણિ	૧૬૦	૦–૧૨	૦–૨

ઉપનિષદો (૧૧૨) મૂળ સાથે ત્રણ ગ્રંથોમાં :

એકાદશ ઉપનિષદ–ઈશ, કેન, કઠ ઇત્યાદિ ૧૧ ઉપનિષદો	૪૫૨	૩–૦	૦–૫
બૃહદારણ્યક ઉપનિષદ	૨૪૮	૨–૦	૦–૩
સો ઉપનિષદો–જેમાં પ્રથમનાં ૨૩ ઉપનિષદોનું મૂળ સાથે ભાષાંતર છે અને ૭૭ ઉપનિષદોનું માત્ર ભાષાંતર સારરૂપે છે. ...	૭૪૪	૫–૦	૦–૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદના ઉપદેશો

ભક્તિયોગ-(૮) આવૃત્તિ ૨જી ...	૩૮૪	૨-૦	૦-૪
રાજયોગ, પાતંજલ યોગસૂત્ર અને જ્ઞાનયોગ (ભાગ ૧૦, ૧૧મા રૂપે)	૫૬૦	૨-૦	૦-૫
જ્ઞાનયોગ-વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો	૨૩૬	૦-૧૨	૦-૨
રાજયોગ-પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇ૦	૧૩૬	૦-૧૨	૦-૨
વિવેકાનંદસાર-વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપ, વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી	૨૬૪	૨-૦	૦-૪

શ્રીમદ્ ભગવદ્ગીતાઓ

પુરુષાર્થબોધિની ગીતા-બે ગ્રંથોમાં, મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને પંડિત સાતવલેકરજીની વિસ્તૃત ટીકા સાથે	૧૦૬૮	૧૨-૮	૧-૬
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા-જ્ઞાનેશ્વર મહારાજ વિરચિત 'ભાવાર્થદીપિકા' ટીકા સાથે, નવી આવૃત્તિ	૭૧૨	૪-૮	૦-૧૩
શ્રીમદ્ ભગવદ્ગીતા-શાંકરભાષ્ય-મૂળ શ્લોકો સાથે સરળ ગુજરાતી ભાષાંતર તથા ભાષ્યનો સરળ અનુવાદ	૪૪૮	૪-૦	૦-૫
જ્ઞાનસત્રગીતા-મૂળ શ્લોકો, પદચ્છેદ ને શબ્દાર્થ	૩૬૮	૩-૪	૦-૪
,, ,, -શ્લોકો (ગુજરાતી લિપિમાં)	૩૬૮	૧-૪	૦-૪
શ્રીમદ્ ભગવદ્ગીતા-મોટા અક્ષરોમાં	૨૫૬	૦-૧૨	૦-૨
શ્રીમદ્ ભગવદ્ગીતા-૨૩મી આવૃત્તિ-ગુટકો	૩૫૨	૦-૮	૦-૨

(સંસ્કૃતમાં પાઠ કરનારાઓ માટે ખાસ ઉપયોગી મૂળમૂળ ગીતા)

પંચરત્ન ભગવદ્ગીતા મૂળમૂળ-મધ્યમ અક્ષર	૩૩૨	૦-૮	૦-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પઢિયારકૃત મૌલિક પુસ્તકો

સ્વર્ગનું વિમાન–ભક્તિનો મહિમા સમજાવતા ૩૨૫ દાખલા	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગની કૂંચી–સદ્‌વર્તન રાખતાં શીખવતો બોધ	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગનો ખજાનો–ભક્તિમાર્ગ સમજાવતું પુસ્તક	૩૧૨	૨–૦	૦–૪
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થની વાતો	૩૩૬	૨–૦	૦–૪
સ્વર્ગનો આનંદ–ભક્તિ ને તેના પ્રકારોની સમજ	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાં	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સડક–સ્વર્ગના સરળ રસ્તાનું સૂચન	૪૬૮	૨–૦	૦–૫
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગ બનાવતું પુ.	૩૪૮	૨–૦	૦–૪
સાચું સ્વર્ગ–ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો	૪૯૨	૨–૦	૦–૫

સંતવાણી–ભજનો

મીરાંબાઈનાં ભજનો–૨૨૭ ભજનોનો સંગ્રહ	૮૦	૦–૧૨	૦–૨
નરસિંહ મહેતાનાં ભજનો–૧૮૮ ભજનો	૮૦	૦–૧૨	૦–૨
ભજનસંગ્રહ–જુદાંજુદાં ૩૩૬ ભજનોનો સંગ્રહ	૨૪૦	૧–૦	૦–૩
પરિચિત પદસંગ્રહ–૧૧૨ ભક્તોનાં ૬૯૭ ભજનો	૪૦૦	૧–૧૨	૦–૪
દીવાને સાગર–પ્રેરણાદાયી બોધક ગઝલસંગ્રહ	૪૮૦	૪–૮	૦–૫
અખાની વાણી–નવી આવૃત્તિ, અઘરા શબ્દોના અર્થ સાથે	૪૯૬	૩–૦	૦–૪
પ્રીતમદાસની વાણી–ભજનો, ધોળ ઇત્યાદિ	૫૬૦	૩–૦	૦–૪
તુલસી રામાયણનાં મહાવાક્યો–અર્થ સાથે	૯૬	૦–૮	૦–૧
દલપતરામની કવિતા–કવિશ્રી દલપતરામની ચૂંટેલી ૮૬ બોધદાયક કવિતાઓનો સંગ્રહ	૧૯૨	૦–૧૦	૦–૨
શામળના છપ્પા–(સં. કે. કા. શાસ્ત્રી) શામળ ભટ્ટના છપ્પા તથા કવિતાઓ પ્રશ્નોત્તરી સાથે	૧૭૬	૦–૧૨	૦–૨
કર્મગાથા-કર્મની શ્રેષ્ઠતા સૂચવતો કાવ્યસંગ્રહ	૨૪૦	૧–૦	૦–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનચરિત્રો

સાઈબાબા-ચરિત્ર તથા બોધક પ્રસંગો ...	૪૦૮	૩-૦	૦-૬
શ્રી રમણ મહર્ષિ-ચરિત્ર અને ઉપદેશ ...	૨૧૬	૨-૦	૦-૪
હંસ મહારાજ-વેદાંત જેવા ગહન વિષયને વિવિધ દૃષ્ટાંતો દ્વારા સરળ રીતે સમજાવતું પુસ્તક	૨૮૦	૨-૮	૦-૫
સ્વામી આત્માનંદ સરસ્વતી-ચરિત્ર ને ઉપદેશો	૧૯૨	૧-૮	૦-૩
મહર્ષિ દયાનંદ-નવી આવૃત્તિ	૧૫૨	૧-૮	૦-૨
ભિક્ષુ અખંડાનંદ-(ચરિત્ર) શ્રી. સોપાન અને શ્રી. જ્યોતીન્દ્ર દવે કૃત	૪૭૮	૩-૦	૦-૬
રામકૃષ્ણ પરમહંસ-પ્રેરણાદાયી અદ્દ્ભુત ચરિત્ર	૬૦૮	૨-૮	૦-૫
સ્વામી વિવેકાનંદ-જીવનપ્રસંગો આલેખતું ચરિત્ર	૭૮૪	૪-૦	૦-૭
સ્વામી રામતીર્થ-વિસ્તૃત ચરિત્ર તથા ઉપદેશો	૬૭૨	૩-૮	૦-૭
ચૈતન્ય મહાપ્રભુ-ત્રણ ગ્રંથો, વિસ્તૃત ચરિત્ર	૧૫૯૬	૮-૦	૦-૧૫
જ્ઞાનેશ્વર મહારાજ ને સ. એકનાથ-ચરિત્રો	૫૦૪	૨-૮	૦-૫
સંત તુકારામ-સુપ્રસિદ્ધ સંતનું ચરિત્ર ...	૬૪૮	૩-૦	૦-૬
સ્વામીશ્રી બ્રહ્માનંદ ને શિવાનંદ-ચરિત્રો	૪૨૪	૧-૬	૦-૪
સ્વામીશ્રી નિત્યાનંદ-જીવનચરિત્ર અને ઉપદેશો	૧૨૮	૦-૮	૦-૨
શ્રીરામચંદ્ર દત્ત ને નાગમહાશય-ચરિત્રો	૩૩૬	૧-૦	૦-૩
મહાત્મા સરયૂદાસજી, ભૂધર ભક્ત ને જાનકીદાસજી-ચરિત્રો	૨૫૬	૦-૧૦	૦-૩
ભક્તચરિત્ર-ભક્તમાળમાં નહિ આવેલાં ચરિત્રો	૫૨૮	૨-૮	૦-૫
બૂકર ટી. વૉશિંગ્ટન-આપબળે આગળ વધેલા હબસી વીરની પ્રેરક અને બોધક આત્મકથા	૨૨૪	૧-૮	૦-૪
યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય-યોગીશ્વરનું જીવનચરિત્ર	૮૮	૦-૮	૦-૧
આદર્શ ચરિત્રસંગ્રહ-ભાગ ૨જો, ૭૦ બોધક ટૂંકાં ચરિત્રોનો સંગ્રહ	૬૨૪	૩-૦	૦-૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી તથા બાળોપયોગી સાહિત્ય

પાકશાસ્ત્ર-મિષ્ટાન્ન, ફરસાણ, શાકભાજીઓ, ચટણી, કચુંબરો અને રાયતું, અથાણું તથા પાકો વગેરે બનાવવાની સરળ રીતો	૨૪૦	૨-૮	૦-૬
ભારતની દેવીઓ-*ગ્રંથ રજો : મધ્યયુગનાં ઐતિહાસિક ૨૪૯ ચરિત્રો	૭૩૨	૩-૦	૦-૭
,, ×-ગ્રંથ ૩જો : મધ્ય ને અર્વાચીન યુગનાં ૧૬૬ ચરિત્રો	૮૦૪	૩-૦	૦-૮
નળાખ્યાન-પ્રેમાનંદકૃત **આવા મોટા અક્ષરોમાં**	૧૩૬	૧-૦	૦-૨
ઓખાહરણ-(મહાકવિ પ્રેમાનંદકૃત) મોટા અક્ષરોમાં, અઘરા શબ્દોના અર્થ સાથે. નવી આવૃત્તિ	૧૧૨	૦-૮	૦-૨
શ્રીશારદામણિદેવી-ચરિત્ર	૧૦૪	૦-૮	૦-૨
કમળકુમાર-એક રસિક વાર્તા ...	૧૨૦	૦-૧૨	૦-૨
કાકાનો સંજય-પ્રાચીન મિસરની સંસ્કૃતિનો પરિચય, ૫૧ ચિત્રો સાથે, મોટા અક્ષરોમાં	૩૨૦	૧-૧૨	૦-૩

* આ પુસ્તક નીચે પ્રમાણે ત્રણ છૂટા ભાગોમાં પણ મળે છે :

૧ **કિસા ગોતમી અને બીજાં સ્ત્રીરત્નો** : બૌદ્ધકાલીન ભારતની ૯૩ સન્નારીઓનાં ચરિત્રો ...	૨૦૬	૧-૪	૦-૨
૨ **રૂપસુંદરી અને બીજાં સ્ત્રીરત્નો** : રજપૂતયુગની ૭૪ શ્રેષ્ઠ સન્નારીઓનાં જીવનચરિત્રો ...	૨૪૦	૧-૪	૦-૨
૩ **સુલતાના ચાંદબીબી અને બીજાં સ્ત્રીરત્નો** : મોગલ યુગની ૮૨ સન્નારીઓનાં બોધક ચરિત્રો	૨૯૪	૧-૪	૦-૨

× આ પુસ્તક નીચે પ્રમાણે ત્રણ છૂટા ભાગોમાં પણ મળે છે :

૧ **રાજમાતા જીજાબાઈ અને બીજાં સ્ત્રીરત્નો** : જૈન-મરાઠા યુગની ૬૨ સન્નારીઓનાં ચરિત્રો	૨૭૪	૧-૪	૦-૨
૨ **મહારાણી લક્ષ્મીબાઈ અને બીજાં સ્ત્રીરત્નો** : પ્રાચીન-અર્વાચીન ૬૩ સન્નારીઓનાં ચરિત્રો	૨૭૪	૧-૪	૦-૨
૩ **ભગિની નિવેદિતા અને બીજાં સ્ત્રીરત્નો** : વર્તમાનકાલીન ૪૧ સન્નારીઓનાં ચરિત્રો	૨૬૦	૧-૪	૦-૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિરબલ અને બીજા–બુદ્ધિચાતુર્ય ને સચોટ હાજર-
જવાબીભરી બિરબલ–બાદશાહની ને બીજી વાતો ૨૮૦ ૨–૦ ૦–૪
તંત્રકથા–(સચિત્ર) પંચતંત્રની બોધક વાર્તાઓ ૧૬૮ ૧–૮ ૦–૪
,, –(અચિત્ર) ,, ,, ,, ૧૫૨ ૧–૪ ૦–૪
આદર્શ દૃષ્ટાંતમાળા–(બે ગ્રંથોમાં) મહાપુરુષોના
જીવનપ્રસંગોનાં ૯૧૯ દૃષ્ટાંતો ... ૯૨૮ ૫–૦ ૦–૯
બાલભારત–(સચિત્ર) બાલોપયોગી સંક્ષિપ્ત
મહાભારત મોટા અક્ષરોમાં ... ૨૮૮ ૧–૮ ૦–૪
બાલસદ્બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ૧૨૮ ૦–૮ ૦–૨
વિક્રમની વાર્તાઓ–સિંહાસનબત્રીસીની
વાર્તાઓનો સંગ્રહ ૬૪૮ ૨–૮ ૦–૪
સદ્ગુણી બાળકો–બાળઘડતરમાં ઉપયોગી
૬૯ દૃષ્ટાંતો ૧૫૪ ૦–૧૦ ૦–૨
ઠંડા પહોરની વાતો–રમૂજ સાથે જ્ઞાન આપતી
સચિત્ર પ્રાણીકથાઓ. ૧૦૪ ૦–૧૨ ૦–૨
ટૂંકી વાર્તાઓ÷–ગ્રં. ૧લો–સામાજિક ૬૬ વાર્તાઓ ૫૮૮ ૨–૮ ૦–૪
,, ,, ગ્રંથ ૨જો–ઉપયોગી ૫૭ વાર્તાઓ ૫૭૬ ૨–૮ ૦–૪
,, ,, ગ્રંથ ૬ઠ્ઠો–સર્વ માટે બોધક ૮૬ વાર્તાઓ ૭૨૦ ૨–૮ ૦–૬

÷ આ પુસ્તક નીચે પ્રમાણે ચાર છૂટા ભાગોમાં પણ મળે છે:

૧ **મોહિની અને બીજી વાતો**–સંસારજીવનમાં
ડોકિયું કરાવતી સામાજિક વાર્તાઓ ... ૧૫૬ ૧–૦ ૦–૨
૨ **દેરાણીનો કલહ અને બીજી વાતો**–કુટુંબ-
જીવનની કટુતા અને માધુર્યભર્યા પ્રસંગોનો
હૂબહૂ ચિતાર આપતી વાર્તાઓ ... ૧૨૨ ૧–૦ ૦–૨
૩ **ગરીબાઈનો સંસાર અને બીજી વાતો**–
હિંદુ સમાજના કલેવર ઉપર પ્રકાશ નાખતી
રસભરી નિર્દોષ વાર્તાઓ ૧૫૫ ૧–૦ ૦–૨
૪ **નવ્વાણુંનો ફેર અને બીજી વાતો**–માનવ-
હૃદયના ધબકારાને શબ્દદેહ આપતી વાર્તાઓ ૧૪૮ ૧–૦ ૦–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો

અંતર નિરીક્ષણ–(લે. નરેંદ્ર નટવરસિંહજી) અંતર નિરીક્ષણમાં માર્ગદર્શન આપતું પુસ્તક	૨૨૪	૧–૦	૦-૨
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર : માનસશાસ્ત્રીય પુસ્તક	૪૯૬	૩–૦	૦–૪
ગુલાબસિંહ–અધ્યાત્મ વિચારપ્રેરક નવલકથા : સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત	૪૧૬	૪–૦	૦–૫
વનરાજ ચાવડો–સ્વ. મહીપતરામ નીલકંઠ	૩૨૦	૨–૮	૦–૪
સાહિત્ય પ્રારંભિકા–શ્રી. હિં. ગ. અંજારિયાકૃત	૧૪૪	૧–૦	૦–૨
સાહિત્ય પ્રવેશિકા–લે. હિં. ગ. અંજારિયા : ગુજરાતી ભાષાસાહિત્યના ઇતિહાસમાં પ્રવેશ કરાવતું ઉપયોગી પુસ્તક ...	૪૧૬	૨–૮	૦–૪
સુવર્ણયુગ–લે. કનૈયાલાલ મુનશી ...	૯૨	૦–૮	૦–૨
સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો– ચૂંટેલા ૮૫ બોધક પત્રોનો સંગ્રહ	૨૪૮	૧–૪	૦–૨
આત્મનિરીક્ષણ અને સંકલ્પ–લે૰ રમણલાલ દેસાઈ	૧૬૮	૧–૦	૦–૨
ગુજરાતની ગઝલો–દી. બ. કૃષ્ણલાલ ઝવેરી : જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ	૧૮૦	૧–૦	૦–૨
કહેવતો–ઉપયોગી ૨૫૦૦ કહેવતોનો સંગ્રહ	૧૫૬	૧–૪	૦–૨
અંતરની વ્યથા–લે૰ સોપાન :	૧૯૨	૧–૪	૦–૩
આગળ ધસો–'પુશિંગ ટુ ધી ફ્રંટ'નું ભાષાંતર	૪૬૮	૩–૦	૦–૫
કતલખાનું–શ્રમજીવીઓનાં દુઃખ તથા ધનિકોની નિર્દયતા દર્શાવતી નવલકથા	૬૯૬	૩–૦	૦–૬

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ ને મુંબઈ–૨

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વોપયોગીનું વાર્તા-સાહિત્ય

માટીની મૂર્તિઓ : લે૦ મોહમ્મદ માંકડ : કિં. ૦–૧૨

ગ્રામજીવનના રોજિંદા સામાજિક પ્રશ્નોની રસભરી છણાવટ કરતી ૧૦ વાર્તાઓનો સંગ્રહ.

અક્ષયપાત્ર : લે૦ 'સારંગ' બારોટ : કિં. ૧–૮
ઉત્તમ આવૃત્તિ : કિં. ૨–૮

સમાજ–જીવનના ધબકારાને શબ્દદેહ આપતો ભાવવાહી ૧૭ વાર્તાઓનો સંગ્રહ.

ધર્મકથાઓ : લે૦ વામનરાવ પ્રા. પટેલ : કિં. ૧–૮

ઉપનિષદોનું ગહન તત્ત્વજ્ઞાન સરળ રીતે સમજાવતા ૨૩ જીવનપ્રસંગો.

અંધારી રાતે : લે૦ કેતન મુનશી : કિં. ૦–૧૨
ઉત્તમ આવૃત્તિ : કિં. ૧–૮

સમાજમાં નજરે પડતા પ્રશ્નોને સરળ ને રસભરી ભાષામાં છણતી ૧૦ વાર્તાઓ.

અત્તરના દીવા : લે૦ વેણીભાઈ પુરોહિત : કિં. ૧–૮

હેતુલક્ષી, ભાવનાપ્રધાન અને હૃદયંગમ વાર્તાઓનો સંગ્રહ.

રંગ અને દીવા : લે૦ ચંદુલાલ પટેલ : કિં. ૧–૮

જીવનની ઋજુતા, વિષમતા ને કઠોરતાને શબ્દોના તાણાવાણામાં ગૂંથતો વાસ્તવદર્શી વાર્તાસંગ્રહ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar